# સ્થુલીભદ્રની-
# સંસાર નૌકા.

પ્રકાશક.
જૈન સસ્તી વાંચનમાળા.
ભાવનગર.

શ્રી જૈન સસ્તી વાંચનમાળા નં. ૨૫ વર્ષ ૭ મું. સં. ૧૯૮૫

# સ્થુલીભદ્રની-
# સંસાર-નૌકા.

મોહનલાલ દીપચંદ ચોકશી-[illegible]

પ્રકાશક

જૈન સસ્તી વાંચનમાળા.

ભાવનગર.

વીર સં૦ ૨૪૫૪ વિક્રમ સં૦ ૧૯૮૪

કીંમત રૂ. ૧-૪-૦

# આભાર.

અમદાવાદ નીવાસી શેઠ ભગુભાઇ ચુનીલાલ ખુશાલદાસ સુતરીયા કે જેઓ જૈન કોમમાં જાણીતા અને દરેક ધાર્મિક કાર્યમાં આગળ પડતો ભાગ લઇ, સમાજની બનતી સેવા કરી રહ્યા છે. તેમણે તેમના બંધુ સકરાભાઇની યાદગીરી નિમીત્તે આ પુસ્તકની પ્રથમથી ૨૦૦ નકલના ગ્રાહક થઇ અમારા કાર્યને સહાનુભૂતિ આપી છે તે માટે તેમનો આભારી છું.

લી૦ નમ્રસેવક.

અચરતલાલ.

# સમર્પણ.

સ્વ૦ શેઠશ્રી સકરાભાઇ ચુનીલાલ ખુશાલદાસ

અમદાવાદ.

જેમનું સાદું જીવન, સરળ સ્વભાવ, ભદ્રિકતા, આદિ ગુણો હજી પણ કુટુંબી જનોને અને પરિચયમાં આવેલા સંબંધી વર્ગને યાદ આવ્યા કરે છે. તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની યાત્રાનો લાભ તો દર વરસે લેતા. આવો આપનો ધર્મપ્રેમ-તેમજ વ્યવહારીક કાર્યમાં પણ ધર્મના કાર્યને માંગલીકરૂપે મુખ્ય રાખી દરેક કાર્ય કરવાની ખાસ જીજ્ઞાસા-સ્વામીભાઇ પરત્વેની સહાનુભૂતિ અને સૌની સાથેનું મીલનસાર પણું ઇત્યાદિ ગુણોથી આકર્ષાઇ આ પુસ્તક આપને પ્રેમપૂર્વક સમર્પી આનંદિત થાઉં છું.

લી૦ આપનો

અચરતલાલ.

# સ્વ૦ શેઠ સકરાભાઇ ચુનીલાલ ખુશાલદાસની

# ટુંક જીવન–રેખા.

સ્વ૦ શેઠ સકરાભાઇનો જન્મ અમદાવાદમાં વીશાશ્રીમાળી જ્ઞાતિમાં સુતરીયા કુટુંબમાં શેઠ ચુનીલાલ ખુશાલદાસને ત્યાં થયો હતો. તેમનાં માતુશ્રીનું નામ દીવાળીબાઇ હતું. બાલ્યાવસ્થાથીજ ધાર્મિક સંસ્કારમાં ઉછરેલા હોવાથી તેમનું જીવન ઘણું સાદું, સરળ અને નિરાભીમાની હતું. તેમના હૃદયની સરળતાએ તો તેમના કુટુંબ ઉપર છાપ પાડી હતી. દયા, અને સ્વામીભાઇ પરત્વેનો પ્રેમ તો તેમના થોડા સમાગમથી જણાઇ આવતો હતો. ગુજરાતી સાધારણ કેળવણી મેળવી નાની ઉમરમાંજ તેમના પિતાશ્રી સાથે તેઓ પોતાની સુતરની પેઢીમાં જોડાયા હતા. અને તે કાર્યમાં ખંતથી તેઓ આગળ વધ્યા હતા. તેમનાં લગ્ન સાણંદમાં થયાં હતાં. તેમનો ધર્મપ્રેમ સારો હોઇને પ્રતિ વરસ શ્રી સિદ્ધાચળજીની યાત્રા કરતા હતા અને બીજાં દરેક તીર્થની યાત્રા પણ તેઓએ કરી હતી. પ્રભુ–પ્રેમ ઘણો સારો હોવાથી શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર શ્રી આદીશ્વર ભગવાનની ટુંકમાં શ્રી પુંડરીક સ્વામીજીના દેરાસરની દક્ષિણ તરફની દહેરીના આગલા રંગ મંડપમાં એક સુંદર બાંધ કામ કરાવી પ્રભુ–પ્રતિમાજી પધરાવ્યા હતા. વહેવારીક કાર્યમાં પણ તેમનો ધર્મ–પ્રેમ તરી આવતો હતો. સંવત ૧૯૮૦ માં તેમના સુપુત્ર ભાઇ બુધાલાલના શુભ લગ્ન પ્રસંગે જ્ઞાન પંચમી તપ આરાધન નિમિત્તે પંદર છોડનું ઉજમણું કરી શ્રી શાંતિસ્નાત્ર ભણાવી, સ્વામીવાત્સલ્ય નોકારશી તેમના ભાઇઓની સાથે મળીને કરી હતી. આ રીતે લગ્નાદિ કાર્યમાં ધાર્મીક પ્રસંગોને અગ્રસ્થાન આપી લક્ષ્મીનો સદ્વ્યય તેઓ કરતા હતા. તેમના એક પુત્ર બુધાલાલભાઇ છે. જેઓ બુદ્ધિશાળી અને ધર્મપ્રેમી છે. અમો સ્વર્ગસ્થના આત્માની પરમ શાંતિ ઇચ્છીએ છીએ અને તેમના પુત્ર બુધાલાલભાઇ પણ તેમના પિતાશ્રીને પગલે ચાલી ધર્મના કાર્યમાં પ્રગતી કરે તેમ ઇચ્છીએ છીએ.

લી૦ પ્રકાશક.

સ્વ૦ શેઠ સકરાભાઇ ચુનીલાલ—અમદાવાદ.



જન્મ સં. ૧૯૨૩ માગશર.

સ્વર્ગવાસ સં. ૧૯૮૧ ફાગણ શુદ ૧૫

આનંદ પ્રેસ—ભાવનગર.

# પ્રસ્તાવના.

ઇતિહાસ તરફ આજે દરેક સમાજની અભિલાષા વધતી જાય છે. બધાય ધર્મવાળા પોતપોતાની પ્રાચિનતા અને ઉત્કૃષ્ટતા સિદ્ધ કરવાને પુરાણા ઇતિહાસોની શોધમાં પડી ગયા છે, જ્યારે આપણો સમાજ મંદ મંદ પગલે ઐતિહાસીક સાહિત્ય પ્રગટ કરવા આગળ વધે છે. અને આપણું, ઇતિહાસ પ્રાચિન ગૌરવ તરફ ઓછું લક્ષ હોવાથીજ આજે જૈનેતરોના અસહ્ય પ્રહારો થતા આપણે સહન કરીયે છીએ. તે પ્રહારોથી જાગૃત થવા અને પ્રાચિન ગૌરવનું ભાન થવા માટે આવા ઐતિહાસીક પુસ્તકો ઉપયોગી થયાં છે. તેમ જૈન સસ્તી વાંચનમાળાના ગ્રાહક વર્ગ અને વાચક વર્ગથી જણાઇ આવે છે.

આ નવલકથામાં શકડાળ મંત્રીના પુત્ર સ્થુલીભદ્રના જીવનની સંસાર અવસ્થાની રૂપરેખા દોરી છે, જેમાં પ્રેમના પૂજારી તરીકે તે કેવો ભાગ ભજવે છે એ બતાવ્યું છે. વળી અહિંસાધર્મના ઉપાસક તરિકે પ્રસિદ્ધિને પામેલી જૈન પ્રજા રાજકાજના પ્રશ્નોમાં પ્રાચીન સમયથી રસલેતી આવી છે એ વાતને મંત્રીશ્વરના જીવનથી પુરવાર કરી છે. વેસ્યાની દિકરી વેશ્યાજ નિવડે એ માન્યતા ભ્રમમૂલક છે જે વાત વેશ્યાપુત્રી કોસ્યાના જીવનમાંથી જડી આવે છે. ' પ્રેમ ન જુએ જાત કે ભાત ' એ વાકયમાં રહેલ સત્યની અત્રે ઝાંખી થાય છે. વળી સારા નિયામકને હાથે વેશ્યા જેવા હલકા વ્યવસાયમાં જીવન ગાળવાને સરજાયેલી કોસ્યા સ્થુલીભદ્રજીના પ્રાસંગિક બોધથી કેવો જીવન–પલ્ટો ખાઇ એક શ્રાવિકા તરિકે પારવર્તન પામી જાય છે અને એમાં પણ શુદ્ધતાની કોટિમાં સ્વ જાતને મૂકી દે છે એ ખાસ વિચારવા જેવું છે. વળી લોકવાયકા સાથે સત્યનો મેળ બેસતો નથી; છતાં કર્મ–પ્રપંચનું જ્ઞાન ધરાવનાર કોવિદપુરૂષો એ વેળા ધીરજથી જરાપણ લોકાપવાદનો ભય રાખ્યા સિવાય સત્યને રંચમાત્ર સ્મૃતિપટમાંથી લોપ થવા દેતા નથી એ વાત મંત્રીશ્વરના પ્રસંગમાંથી વારંવાર જણાઇ આવે છે. રાજા નંદના રાજ્યકાળમાં

બનેલ આ બનાવને સત્યતાની કસોટીએ કસવાની કે ઇતિહાસિકતાની છાપ મારવાની ભાગ્યેજ અગત્ય રહે છે. એ સંબંધી સંખ્યાબંધ લખાણો જૈન તેમજ જૈનેતર ગ્રંથોમાં ઉપલબ્ધ થાય છે. પરમાત્મા શ્રી મહાવીર દેવની પાટપરંપરામાં અને ચૌદપૂર્વી શ્રી ભદ્રબાહુ સ્વામીજી પાસે અભ્યાસ કરતા શિષ્યોમાં જેમનું સ્થાન પ્રથમ છે, અને જેમના પછી અન્ય કોઇ ચૌદપૂર્વી થયા નથી એવા સ્થુલીભદ્રજી પરત્વે અન્ય કયા પ્રકારના ઇતિહાસિક પુરાવાની અગત્ય હોઇ શકે ?

મંત્રીશ્વર શકડાળે પાટલીપુત્રના રાજ્યમાં અગત્યનો ભાગ ભજવ્યો છે. સંખ્યાબંધ જૈન પુસ્તકમાંથી તેમનું નામ ઉપલબ્ધ થાય છે છતાં 'ભગવાન કૌટિલ્ય' નામની વાર્તામાં તેમને બ્રાહ્મણ તરિકે ચિતરવામાં આવેલ છે તે માટે વાચકવર્ગ વિચાર કરશે.

આવાં ઇતિહાસીક પુસ્તક પ્રગટ કરવાની જૈનસરતી વાંચનમાળાએ પહેલ કરી પાંચ વર્ષમાં ૨૦ જાતનાં પુસ્તકોને નીયમીતપણે આપી સમાજને વાંચનનો રસિક બનાવ્યો છે. દરેક ગામના બંધુઓએ આવાં પુસ્તકો વાંચવા ગ્રાહક થવાની જરૂર છે જેથી વાંચનમાળા તેજ લવાજમમાં વધુ પૃષ્ઠનાં પુસ્તકો આપી સમાજની યત્કિંચિત સેવા બજાવી શકે. મારો આ પ્રથમ પ્રયાસ હોવાથી કોઇ સ્થળે સ્ખલના રહી હોય તેમજ પ્રભુની આજ્ઞા વિરૂદ્ધ કંઇ પણ લખાયું હોય તે માટે 'મિચ્છામિદુક્કડં' દઇ વિરમું છું.

મુંબઇ.
પોષ શુકલ એકાદશી
સં. ૧૯૮૪

લેખક.
મોહનલાલ દીપચંદ ચોકસી.
ખંભાત.

# અનુક્રમણિકા.


| પ્રકરણ. | | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ,, | ૧ લું | આકર્ષણ. ... ... | ૧ |
| ,, | ૨ જું | સુશિલા–કામદિન્ના. ... ... | ૭ |
| ,, | ૩ જું | રાજા અને મંત્રી. ... ... | ૧૨ |
| ,, | ૪ થું | મંત્રીશ્વરનું કુટુંબ. ... ... | ૧૭ |
| ,, | ૫ મું | પાટલીપુત્રનો પૂર્વ પરિચય. ... | ૨૬ |
| ,, | ૬ ઠું | વેસ્યાના આવાસમાં.... ... | ૩૬ |
| ,, | ૭ મું | દ્વિજ વરરૂચી. ... ... | ૪૩ |
| ,, | ૮ મું | કામદિન્ના અને મંત્રી પુત્રીઓ.... | ૪૮ |
| ,, | ૯ મું | વિદ્વત્તાની કસોટી. ... ... | ૫૫ |
| ,, | ૧૦ મું | પરિચયની પ્રથમ પ્રભાત. ... | ૬૧ |
| ,, | ૧૧ મું | પ્રપંચજાળનું મંગળાચરણ. ... | ૬૯ |
| ,, | ૧૨ મું | ગંગા કિનારે. ... ... | ૭૩ |
| ,, | ૧૩ મું | લગ્ન સમારંભ. ... ... | ૭૭ |
| ,, | ૧૪ મું | માતા અને પુત્ર. ... ... | ૮૮ |
| ,, | ૧૫ મું | સમાગમની પ્રથમ રાત્રિ. ... | ૯૪ |
| ,, | ૧૬ મું | દંપતી જીવનનો લ્હાવો. ... | ૧૦૪ |
| ,, | ૧૭ મું | પિતાની આજ્ઞાનો અનાદર. ... | ૧૦૯ |
| ,, | ૧૮ મું | રાજ્યતંત્રની કપટજાળ. ... | ૧૧૬ |
| ,, | ૧૯ મું | તીર્થક્ષેત્ર–સમેતશિખરજી. ... | ૧૨૧ |
| ,, | ૨૦ મું | મંત્રીશ્વરનું પ્રાણદાન. ... | ૧૨૬ |

| | | | |
|---|---|---|---|
| ,, | ૨૧ મું | પશ્ચાત્તાપ અને મંત્રીપદ. | ... ૧૩૯ |
| ,, | ૨૨ મું | પતિ પત્નિનો ગૃહ સંસાર. | ... ૧૪૩ |
| ,, | ૨૩ મું | વિરહ વ્યથા. ... | ... ૧૪૯ |
| ,, | ૨૪ મું | સિદ્ધાંત–વિનોદ. ... | ... ૧૫૬ |
| ,, | ૨૫ મું | ખોદે તે પડે. ... | ... ૧૬૯ |
| ,, | ૨૬ મું | દેશત્યાગ. ... | ... ૧૭૭ |
| ,, | ૨૭ મું | ચાર્તુમાસ નિર્ણય. ... | ... ૧૮૩ |
| ,, | ૨૮ મું | મોહમંદિરમાં સાધુ.... | ... ૧૯૧ |
| ,, | ૨૯ મું | સુખમય રાત્રિ. ... | ... ૧૯૮ |
| ,, | ૩૦ મું | વિજયી સાધુ સ્થૂલિભદ્ર. | ... ૨૦૫ |
| ,, | ૩૧ મું | સમયની બલીહારી.... | ... ૨૨૦ |
| ,, | ૩૨ મું | આતે પણ્યાંગના કે વીરાંગના. | ... ૨૨૯ |
| ,, | ૩૩ મું | જૈનધર્મના સાહિત્યપર સંકટ.... | ૨૪૨ |
| | | ઉપસંહાર... ... | ... ૨૪૮ |


મુદ્રકઃ—શા. ગુલાબચંદ લલ્લુભાઇ. આનંદ પ્રીન્ટીંગ પ્રેસ–ભાવનગર.

પ્રકાશકે:—સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે.

# સ્થુલીભદ્રની સંસારનૌકા.

## પ્રકરણ ૧ લું.

### આકર્ષણ.

सुभाषितेन गीतेन युवतीनां च लीलया ।
मनो न मुह्यति यस्य स योगी अथवा पशुः ॥

**માનભદ્ર**—મિત્ર ! આજે પણ મને કાકાશ્રીએ તમારા નિર્ણય માટે પૂછયું હતું; છતાં મેં કંઈ ઉત્તર આપ્યો નથી. તેઓએ ખાસ આગ્રહ કર્યો છે કે મારે હવે ટુંક સમયમાં તેમને પ્રત્યુત્તર મેળવી આપવો, કેમકે ભાઈ શ્રીયકની ઉમ્મર પુખ્ત થવા આવી છે, વળી સોભા પ્રમાણે હજુ સુધી તમો અપરિણિત રહો તે પણ ખોટું ગણાય.

**સ્થુલિભદ્ર** ત્હારૂં કથન ખરૂં છે, છતાં હજુ કોની સાથે સંબંધથી જોડાવું, તે હું નક્કી કરી શકયો નથી; પણ એટલું તો ખાતરીપૂર્વક કહું છું કે નિશ્ચય થશે ત્યારે બે–ચાર પળમાંજ થશે.

**માનભદ્ર**—પૂર્ણભદ્ર શેઠની મનોરમા રૂપમાં કંઇ ઉતરે તેમ નથી, મણિભદ્રની અનુપમા તો જેમ ઉપમા રહિત છે તેવીજ ગુણશીલ પણ છે અને ઉદયકાળ નગરશેઠની કન્યા અભયસુંદરી સૌંદર્યમાં સ્વર્ગની અપ્સરાને પણ એકકોરે બેસાડે તેવી છે. વળી બીજી કન્યાઓનો પણ કયાં ટોટો છે! છતાં તમારૂં મન કેમ માનતું નથી ? વળી તમે શાસ્ત્ર તેમજ નૈતિક વિષયના જ્ઞાતા હોવાથી નિર્ણયમાં આટલો બધો વિલંબ કરો એ કંઇ સારૂં ન કહેવાય ! હા, કદાચ સંસારને ત્યાગ કરવો હોય તો જૂદી જ વાત છે.

**સ્થુલિભદ્ર**—ત્હારી વાત જરા પણ ખોટી નથી; પરંતુ મારામાં પ્રભુ નેમનાથ જેટલું દ્રઢ મનોબળ નથી કે અપરિણિત અવસ્થામાં જ સંસારને ત્યાગી વૈરાગી થઉં; કેમકે હૃદયમાં હજુ વાસના ભરી છે. વળી તમે રૂપ માટે કહ્યું પણ મારી તેવી ભાવના જ નથી. હું તો માત્ર ગુણનોજ પૂજારી હોવાથી મને તેની પરવા પણ નથી. ઇંદ્રવારૂણીના ફળ દેખાવામાં અતિ સુંદર હોવા છતાં સ્વાદમાં તો વિષ બરાબર હોય છે. મારી માન્યતા એજ છે કે જેના તરફ મારૂં મન ખેંચાશે

તેજ મારી અર્ધાંગના બનશે. જેમ લોહચુંબક લોહનું આકર્ષણ કરે છે, તેમ સ્નેહમાં પણ પૂર્વભવના સંબંધીઓને અરસપરસ ખેંચી લાવી એકતા કરાવવાની શકિત છે. હું તો માત્ર તેનીજ રાહ જોઇ રહ્યો છું.

**માનભદ્ર**—તમારા કથનથી જેટલું મારૂં મન પ્રસન્ન થાય તેટલુંજ ખિન્ન પણ થાય છે. તમે પરણશો એ આશાથી તમારા માતપિતા જરૂર ખુશ થશે ને મારો શ્રમ કિંચિત્ અંશે ફળિભૂત થયો પણ ગણાશે; છતાં મુદત અને કન્યા વિષેની અચોક્કસતા એ મારી પ્રસન્નતાને લાંબો સમય ટકવા દે તેમ નથી. વળી તમારી ઉકિતમાં તમારૂં મન અન્ય નીચ કુલોત્પન્ના યુવતિ તરફ ખેંચાય તો તમે તેને પણ ગ્રહણ કરો, એ આશય પણ સ્પષ્ટ સૂચન થાય છે. પ્રભુ તમને તેવી મતિ ન સુઝાડે. ન્યાતનાં છોરૂ ન્યાતમાં જ વરે એ કહેવત તમને યાદ જ હશે?

**સ્થુલિભદ્ર**—મિત્ર! તમારી ધારણા કદાચ ખરી હશે; પણ હું તો નીતિકારના કથન મુજબ स्त्रीरत्नं दुष्कुलादपि એટલે સ્ત્રીરત્નને હલકા કૂળમાંથી પણ ગ્રહણ કરવાની દ્રઢ અભિલાષા વાળો છું. માત્ર અરસપરસ હૃદય મળવાં જોઇએ. હું એને જ સાચો-દૈવી પ્રેમ માનું છું.

**માનભદ્ર**—હાલ એ વાત જવા દો. સમય થયો છે. કહો તો ગાડીવાનને બુમ મારૂં. કેમકે હવે ઘર તરફ પાછા

ફરવું જ જોઇએ, નહિ તો સર્વ કોઇ ફિકર કરશે. વળી મારે તો તમારી વધામણી પણ ખાવાની છે.

**સ્થુલિભદ્ર**--હા, બોલાવો; પણ ગાડી આજે રાજમાર્ગે નહીં લેવરાવતાં ગંગાના કિનારા પરથી લેવરાવવી છે એ ધ્યાન રાખજો.

ગાડીવાન કે જેનું નામ પિંગળ હતું તે થોડે દૂર ગાડી ઉભી રાખી એક ઝાડ તળે બેસી ચલમ પીતો હતો. તે બુમ સાંભળી ગાડી લઇ બાગના દરવાજા સમીપ આવતાં બંને મિત્રો અંદર બેઠા એટલે ગાડી ચાલવા લાગી. પવિત્ર સરિતા ગંગાના તટપર શ્રીમંત જનોના બંગલાઓ હારબંધ આવેલા હતા. જેને વિવિધ પ્રકારે શણગારવામાં તેના માલીકોએ કોઇપણ રીતે ખામી રાખી ન હતી. એ બધામાં સરિતાના વાંક આગળ જે એક વિશાળ બંગલો આવેલો હતો તે એટલો બધો ભવ્ય અને મનોહર હતો કે તે રસ્તેથી પસાર થતાં સર્વ કોઈનું લક્ષ્ય તે તરફ ખેંચાયા વિના રહેતું નહીં. તેની ચોતરફ વિશાળ ચોગાન અને પાછલા ભાગમાં બગીચો આવેલો હતો. જેમાં રંગબેરંગી પુષ્પો અને વિધવિધ જાતના ફળવૃક્ષો, લતાઓ અને સુંદર રોપાઓની કમીના ન હતી. વચમાં એક ચાર મજલાનો શ્વેતવર્ણીય પ્રાસાદ શોભી રહ્યો હતો. આ શિવાય ફળીમાં દાખલ થવાના દરવાજા નજદીક બીજો પણ એક તેવો જ બે મજલાનો મહેલ હતો અને તેની

સમીપના ભાગમાં નોકરો માટે વસવાની બેઠા ઘાટની નાની નાની ઓરડીઓ હતી, જ્યારે સામેના ભાગમાં વાહન અને ચતુષ્પદ રાખવાનું સ્થાન હતું. સમય સંધ્યાકાળનો હતો. રસ્તાપર દીપકો પ્રકાશી રહ્યા હતા. તેમજ આ ઘાટ ઉપર આવેલા પ્રાસાદમાં પણ દીપકશ્રેણી થવા લાગી હતી. જેના પ્રતિબિંબ સરિતાના પાણીમાં પડતાં. અને જળના અસ્થિર સ્વભાવને લઇ એકના અનેકરૂપે દેખાતા હતા. બાગમાંથી નિકળેલી ગાડી આ સ્થળે આવી પહોંચી. અશ્વો તેજી અને ઝડપથી ચાલતા હોવાથી ગાડીવાનના હાથમાંથી ચાબુક એકાએક રસ્તામાં પડી ગઇ; તેણે અશ્વોને રોકવાનો બહુએ યત્ન કર્યો પણ એકદમ તે તેજી અશ્વોની ગતિ અટકી નહીં. માંડમાંડ આ વાંક આગળ આવતાં અશ્વો અટક્યા અને ગાડીના અટકવા સાથે અકસ્માત્ સ્થુલિભદ્રની દ્રષ્ટિ શ્વેતવર્ણીય પ્રાસાદના ત્રીજા માળના ઝરૂખે ઉભેલી એક બાળા પર પડી. તેને યૌવનાવસ્થામાં દાખલ થયાને હજુ બહુ લાંબો સમય થયો નથી. તેના દરેક અંગો પુષ્ટ અને ભરાવદાર હતા. અત્યારે તેણે ગુલાબી રંગની કંચુકી ઉપર શ્વેતસાળુ પરિધાન કર્યો હતો. તેની નજર રસ્તાપર તેમજ સરિતાના જળપર રમ્યા કરતી હતી. ગાડીને અચાનક પોતાના બંગલા નજીક ઉભી રહેલી જોઇ તેની દ્રષ્ટિ તેમાં બેઠેલા યુવકોપર પડી અને તરતજ સ્થુલિભદ્ર તથા તે બાળાના નયનો એકમેક થયા. તે આકર્ષણમાં શું ક્રયવિક્રય થયું અગર શા શા ભાવો રમાયા

તે તો જ્ઞાની જાણે; પણ ગાડીવાને જ્યારે અશ્વોની પીઠ થાબડી ગાડી ચલાવવા માંડી તે પહેલાં સ્થુલિભદ્રે ગાડીમાંથી ઉતરી માનભદ્રને ઉદ્દેશી નીચેના શબ્દો કહ્યા. વાચકવર્ગને સ્થુલિભદ્રના હૃદયની સ્હેજ ઝાંખી કરાવવા આ રહ્યા તે શબ્દો:—

"મિત્ર ! વડીલશ્રીને કહેજો કે મેં તેમની માગણીનો નિશ્ચય કર્યો છે. મારી ઈષ્ટવસ્તુ મને જરૂર મળશે એમ ખાત્રી પણ છે. હવે તેઓ મારા પ્રત્યેની ચિંતાથી જરૂર મુકત થાય. તે અર્થે હું સામેના પ્રાસાદમાં જઉં છું". માનભદ્ર એ સાંભળીને કંઈ કહે તે પહેલાં તો ગાડી દૂર નિકળી ગઇ હતી અને સ્થુલિભદ્ર એ પાસેના બંગલામાં જ અદ્રશ્ય થઇ ગયા.

---

## વરસે રૂા. ૩) નો ખર્ચ હરેક જૈન કુટુંબે કરવાની જરૂર છે.

કારણ કે તેથી દર વરસે ૧૦૦૦ પાનાનાં ઇતિહાસીક નવીન ત્રણ ચાર પુસ્તકો નીયમીત મળે છે જ માટે હવે લખવાપણું નથી. કારણકે સૌ કોઇની તે જાણમાં છે. માટે લખો:—

**જૈન સસ્તી વાંચનમાળા.**

ઠે૦ રાધનપુરી બજાર,

**ભાવનગર.**

# પ્રકરણ ૨ જું.

## સુશિલા-કામદિન્ના.

એક ત્રણ માળના ભવ્ય અને રમણીય મકાનના ત્રીજા માળના દિવાનખાનામાં એક રમણી હાથ પર મસ્તક ટેકવી કોઇની રાહ જોતી બારી આગળ ઉભેલી છે. રૂપ-સાૈંદર્યમાં ઉર્વશીથી કોઇપણ રીતે ઉતરે તેમ નથી છતાં તેણીનો ચહેરો વિશાદ્‌પૂર્ણ છે. હાંડીમાં બળતા દીપકોના પ્રકાશથી દિવાનખાનું ઝળકી ઉઠયું છે; એટલુંજ નહિ પણ તેમાં રહેલી વસ્તુઓ પણ તેટલી જ ઝળહળી રહી છે. એક તરફ સીસમના લાકડાનો શ્યામ રંગનો પલંગ છે. જેના ઉપર રૂથી ભરેલા મ્હોટા મ્હોટા ગાદલા સફેદ ચાદરથી આચ્છાદિત કરેલા માલુમ પડે છે. બીજી તરફ એક ગોળો અને તે ઉપર બુઝારા સાથે ચાંદીનો પ્યાલો રાખવામાં આવ્યો છે. બાજુમાં પાણી લેવાનો ડોયો પણ છે. પલંગ સામે જે કાચના બારણાંનો સુશોભિત કબાટ છે તેમાં સંખ્યાબંધ પુસ્તકો નજરે પડે છે. વળી તેની નીચે મખમલની ગાદી અને રેશમના તકીયા શ્વેતગલેપથી ઢાંકીને બિછાવેલા છે. દિવાલો લીલા રંગથી રંગાયેલી છે, જે શૃંગારપૂર્ણ તણા પ્રેમસૂચક હોવાથી સહજ અનુમાન કરી શકાય છે કે આ દિવાનખાનાનો ઉપયોગ પ્રેમી દંપતિ સિવાય બીજાને માટે ન હોઈ શકે. આ બધાં સુખસાધનો છતાં ઉપરોક્ત યુવતિ ખિન્નવદના કેમ દેખાય છે ? જુઓ તેણી કંઇક

ઉચ્ચારે છે. વાચક ! ધીમે રહી ચાલો, આપણે પણ સાંભળીએ કે તે કોને ઉદ્દેશીને એ હૃદયોદ્ગાર કાઢી રહી છે !

"રોજ તો આટલો બધો સમય થતો જ નથી અને આજે આમ કેમ ! કદાચ અન્યત્ર જવું હોય તો પણ મને કહીને જાય છે અગર ગાડીવાન સાથે ખબર પણ કહેવરાવે છે. મને ઉભા પોણો કલાક થવા આવ્યો છતાં હજુ સુધી ગાડી પાછી ફરી નહીં. ઓ પ્રભુ ! મારા મનમાં કેવા તરંગો ચાલી રહ્યા છે ! જે કોઇનું બુંડું ઇચ્છતો સરખો પણ નથી તેનું ભુંડુ કદાપિ થતું નથી. એ નીતિ વચનો મેં સાંભળ્યા છે; છતાં હૃદય શાથી આટલી બધી વ્યાકુળતા કરતું હશે ? કોઇ દિવસ થોડા મોડા આવે તો તેટલી ધીરજ પણ શું હું ન ધરી શકું ? એટલી શકિત તો મારામાં અવશ્ય હોવી જ જોઇએ. સ્નેહ ચીજ જ એવી છે. હવે મને બરાબર સમજાય છે કે રાજમહાલયના સુખોને તિલાંજલી આપી સતીઓ સ્વામીની પાછલ વનમાં કષ્ટો સહન કરવા શા કારણથી જતી હતી. ખરેખર વિરહનું દુઃખ નારી જાતિને માટે અસહ્ય છે. જળ વિનાની માછલીની ગતી તેવી નર વિનાની નારીની ગતિ થાય છે. विनाश्रया न शोभन्ते पण्डिताः वनिता लता કવિની એ ઉકિત અક્ષરશઃ સત્યજ છે." આ વિચાર પૂર્ણ થાય તે પહેલાં ગાડીવાનને નીચેના શબ્દો કહેતાં પોતાના પતિને નિહાળ્યા. "કાકાશ્રી કંઇ પૂછે તો એટલું જ કહેજે કે કાલ સવારે માનભદ્રભાઇ આવી સર્વ જણાવશે." વારૂ, કહી ગાડીવાને ગાડી દોડાવી મૂકી.

ચિરસમયથી ઝંખતી રમણી જેનું નામ કામદિન્ના હતું તે પતિને ઉપર આવતા જોઇ એકદમ સામે જઇ ભેટી પડી. પણ બીજીજ ક્ષણે તે આશ્ચર્યાન્વિત થઇ ગઇ. આજે હંમેશની માફક નાથનું મુખારવિંદ પ્રફુલ્લિત ન હતું. ચ્હેરા ઉપર વિષાદની છાયા સ્પષ્ટ જણાતી હતી જે કંઇક ગંભીર બનાવની આગાહી સુચવતી હતી. આ દેખાવથી તે તો આભીજ બની ગઇ અને કિંકર્તવ્યમૂઢ થઇ ઉભી રહી. માનભદ્રે દ્વાર બંધ કરી મીષ્ટ શબ્દોમાં તેને હ્રુદયગત વાતો સાંભળવાને પોતાની પાસે ગાદી ઉપર બેસવાનું કહ્યું. જો કે દંપતીની ખાનગી વાતો સાંભળવાનો આપણને અધિકાર નહીં હોવા છતાં, માત્ર વિષાદનું કારણ જાણવા ખાતર એ નિયમનું ઉલ્લંઘન કરવું આ પ્રસંગે અઘટિત નહીં જ લેખાય.

**માનભદ્ર**—પ્રિયા, મારી ખીન્નતાનું કારણ એટલું જ છે કે મિત્ર સ્થુલિભદ્રે ગંગાતટપર આવેલા એક વારાંગનાના નિવાસસ્થાનમાં પ્રવેશ કર્યો છતાં હું તેને અટકાવી ન શકયો. મારે મંત્રીશ્વરને શું ઉત્તર આપવો તે કંઇ સમજી શકતો નથી. ઉન્માર્ગે ગમન કરતાં મિત્રને વારે નહીં તો પછી તે મિત્ર શા કામનો ? મારી ફરજમાં આજે હું ચૂકયો તેજ મને વધુ સાલે છે.

**કામદિન્ના**—પ્રિય, તેથી ગભરાવાનું લેશ પણ કારણ નથી. તમારા સખા કંઇ અણસમજુ નથી. મારી સમજ પ્રમાણે તો તે વ્યવહાર અને નીતિધર્મના સારા જ્ઞાતા છે. તેમણે કંઇક ખાસ ઉદ્દેશથી જ આ પગલું ભર્યું હશે.

**માનભદ્ર**—પ્રિયે, ત્હારી સમજફેર થાય છે. જો કે તે વિદ્વાન છે; છતાં આજના અકાર્યે તે ઉપર પાણી ફેરવ્યું છે. એક વખત ગુણીકાને ગૃહે ગયેલી વ્યક્તિ તેના મોહમાં ફસાયા વગર પાછી ફરે એજ માનવું ભૂલ ભરેલું છે. કાજળની કોટડીમાં જનાર કદાપિ ડાઘ વિના પાછો ફર્યો સાંભળ્યો છે ખરો? મહાત્માઓ તેનાથી વેગળા રહેવાનું કહે છે તેનું તાત્પર્ય પણ એજ છે. તેના હાવભાવ ને નખરા ભલભલાના હૃદયને ભેદવા માટે બસ છે.

**કામદિન્ના**—કદાચ માનો કે ત્યાં ફસાઇ જાય તો તેથી ચિંતાનું કારણ તો નથી જ. કેમકે અવિવાહિત હોવાથી તેમના આ કાર્યથી અન્યને રીબાવાનું ઓછુંજ છે? હા, ઘરે સ્ત્રી હોવા છતાં જે આવી રીતે ભટકે છે તે તો કેવળ તિરસ્કારનેજ પાત્ર છે.

**માનભદ્ર**—પ્રીયે ! તમારી ગંભીર ભૂલ થાય છે. કુલીન મનુષ્યોએ તેવી નાયકાઓના ગૃહમાં પગ મૂકવો તે શું આબરૂને ધક્કો લગાડવારૂપ નથી? મારૂં તો મંતવ્ય જ છે કે મિત્રના આ વર્ત્તને તેમની પરાપૂર્વથી ચાલી આવતી કીર્ત્તિને અને માન—મરતબાને એવી સજ્જડ ઝાંખપ આણી છે કે જે કદિ પણ સતેજ ન થઈ શકે. અને મને તો વધુ એજ લાગે છે કે તે વખતે હું કંઇ પણ કરી શકયો નહી.

કામદિન્ના સારી રીતે સમજી ગઇ કે સ્વામિની ચિંતાએ ઉંડી જડ ઘાલી છે. માટે જો વાત ફેરવી તેને સત્વર દૂર

કરવામાં નહીં આવે તો, તેમને નિદ્રા નહીં આવે, કંઇ ચેન પણ નહીં પડે. નકામા આર્તધ્યાનમાં સમય પસાર કરશે અને સ્વાસ્થ્ય પણ બગડશે. સુશીલ સ્ત્રીની ફરજ છે કે ગમે તેવી રીતે પતિની ગ્લાની દૂર કરી તેમને શાંતિ મળે તેમ કરવું. બહારની પીડાઓ ગૃહમાં આવ્યા છતાં જો ચાલુ રહે અને સ્ત્રીથી જો તેનો પ્રતિકાર ન થાય તો પછી એને ઘર કહીજ કેમ શકાય? તમ પુરૂષને માટે ગૃહ એ વિશ્રાન્તિનું સ્થાન કહેવાય છે અને ગૃહીણી જ મધુર અને મીઠા શબ્દોવડે પતિની અશાંતિને દૂર કરી શકે છે, એમાં જેટલી ખામી તેટલી જ ગૃહિણી પદમાં ઉણપ ગણાય. આ વિચારોએ તેનાં હૃદયમાં નૂતન રસ રેડયો, જેથી તે પ્રસન્નતા પૂર્વક મ્હોં મલકાવી બોલી કે નાથ! તમે કાંઇ ઓછા જ તેમને ખુશીથી જવા દીધા છે! અને તે પણ બિચારા શું કરે કર્મે જ તેમને ભૂલ ખવરાવી છે નહીં તો ઘણીએ વખત એ માર્ગે ફરવા જાઓ છો પણ કંઈ બન્યું છે? કયાં તમારૂં તે માર્ગે આગમન! કયાં તે ગુણિકાના સ્થાન આગળ ગાડીનું થોભવું! વળી તેનું ઝરૂખામાં હોવું, એક બીજાની નજર મળવી અને મોહપાશમાં ફસાવું, એ બધામાં મને તો ભાવીનો સજ્જડ હાથ માલુમ પડે છે. માટે કાલે મંત્રીશ્વર સાથે મસલત કરી તેનો પ્રતિકાર શોધશો. અત્યારે ચિંતા કરવાનું કંઇજ કારણ નથી. गतं न शोच्यं એ સૂત્ર સ્મરણ કરી નિદ્રાનું સેવન કરો અને તમારા પગ ચાંપવારૂપ મને મારો ધર્મ બજાવવા દો.

# પ્રકરણ ૩ જું.

## રાજા અને મંત્રી.

ચોતરફ નિશાદેવીનું સામ્રાજ્ય પથરાઇ ગયું છે. પ્રહર પહેલાં જે નદી અને તેની ઉપરના રમણીય આવાસો સૃષ્ટિસૌન્દર્યમાં વધારો કરી લોકોના હૃદયમાં અપૂર્વ આનંદ ઉછાળતા, તેજ સરિતા અને તેજ પ્રાસાદો અત્યારે રાત્રિની ભીષણતામાં વધારો કરતાં નજરે પડે છે. સરિતાના જળનો ઘુ ઘુ અવાજ, શિયાળવાનું બોલવું અને તેના પ્રત્યુત્તર રૂપે નગરમાંના કુતરાઓનો ભસવાનો અવાજ એ આ રાત્રિની શાંતિમાં ખલેલ કરતાં હતાં. જુદે જુદે અંતરે સળગતાં ફાનસો અને થોડે થોડે અંતરે આવેલા આરામ-ગૃહોના દીપકો, ચોમેર વ્યાપી રહેલા તિમિરગણ સામે બાથ ભીડી તેનો પરાજય કરવા તત્પર થતા હોય તેમ લાગતું; પણ બીજીજ પળે તેમના વિજય માટે સજ્જડ શંકા ઉત્પન્ન થતી; કેમકે તેલ ખુટવાથી અને પવનના ઝપાટાથી તેમની સંખ્યા ઓછી થતી અનુભવાતી હતી. નીશાદેવીનો પક્ષ તો સમયના વધવા સાથે વધુ બળવાન બનતો ગયો અને જ્યારે રાજ્યઘટિકામાં અગીઆરના ટકોરા સંભળાયા તે વખતે આ તરફના પ્રદેશમાં તેણીનું રાજ્ય સર્વાંશે દાખલ થયું. નગરને

છેડે અને નદીના તીરપર આવેલો આ ભાગ રાજ્ય મહેલ તરીકે ઓળખાતો હતો. તેની આગળની ત્રણે બાજુઓ તો ઉંચી કાંગરાવાળી દિવાલોથી વેષ્ટિત હતી. માત્ર પાછળની બાજુએ તેવી ખાસ દિવાલ તો ન હતી. છતાં નદીની રેતીમાં ઉભા રહીને નિરખતાં લગભગ ત્રણ મજલા જેટલી ઉંચાઇએ તેના પહેલા માળના બારી બારણા નજરે પડતાં હતાં, ઉપરોક્ત ગઢની અંદર નાના મોટા મહેલો, અટારીઓ, ફુવારાઓ અને પુષ્પોદ્યાનો આવેલાં હતાં. દીપકનો પ્રકાશ અત્રે સારા પ્રમાણમાં હતો, અને દ્વારપરના પહેરેગીરો પણ જાગતા હતા. એક ઉંચા પ્રાસાદના ત્રીજા મજલાના ઝરૂખામાં એક પ્રૌઢ વયનો મનુષ્ય નદીના જળ સામે એકી ટસે જોઇ રહેલો છે. તેના શરીરપરના પોષાકમાં માત્ર સાદું ધોતીયું અને એક લાંબું પહેરણ દેખાય છે. માથું ઉઘાડું હોવાથી તે પરના કેશો હવામાં આમતેમ ઉડી રહ્યા છે. અંદરના ખંડમાં હાંડીઓમાં બળતા દીવાના અજવાળાથી તેમાં શું શું આવેલું છે તેનું સ્પષ્ટ ભાન થાય છે. સામાન્ય જરૂરી ચીજો અને બિછાવેલી એક વિસ્તૃત ગાદી અને તે પર સફેદ ગ્લેપથી ઢંકાયલા તકીયા સિવાય બીજી કોઇ વસ્તુનું અસ્તિત્વ ત્યાં ન હોવાથી શયનગૃહ તો નજ હતું એવા અનુમાન પર સહજ આવી શકાય છે. આતો રાજા નંદનું ખાનગી મસલત કરવાનું આવાસગૃહ હતું અને ઝરૂખામાં ઉભેલો પુરૂષ બીજો કોઇ નહીં પણ પાટલીપુત્રનો પ્રખ્યાત નરાધીપ નંદરાજા પોતેજ હતો. તેના મનમાં અત્યારે

વિવિધ પ્રકારના વિચારો ગડમથલ કરી રહ્યા હતા. તેનું મુખ ચિંતાથી વ્યાપ્ત થયું હતું. જો કે તેની દૃષ્ટિ નદીના જળ ઉપર હતી છતાં મન તો કેટલાએ માઇલ દૂર પહોંચ્યું હતું. એકાએક તેણે ગોવિંદ, કહીને જોરથી બુમ પાડી અને તેના જવાબરૂપે અલ્પકાળમાંજ પાસેના ઓરડામાંથી એક હજુરીયો મસ્તકનમાવી રાજા સન્મુખ ખડો થયો "ગોવિંદ! જલ્દી જઇ મંત્રીને બોલાવી લાવ તો" ગંભીરતા પૂર્વક અને ધીમા શબ્દોમાં નૃપતિએ કહ્યું અને તરતજ પાછા ઝરૂખામાં કંઇક અસ્પષ્ટ ઉદ્દગારો કાઢવા માંડ્યા. "તે ખબર ખોટી તો નજ હોય, શામાટે તે આવી રીતે ખબર લાવે? હા, કદાચ કોઇ શત્રુ તરફથી લાંચ અપાઇ હોય તો તેમ પણ બને. ના, પણ મારૂં મન તો કબુલ કરે છે કે વિશ્વાસુ ચર પુરૂષમાં તે વાત સંભવેજ નહીં. મેરૂપર્વત જો ચલાયમાન થાય અને સૂર્યોદય પશ્ચિમમાં સંભવે તો તેનામાં પણ વિશ્વાસઘાત સંભવે! તે કંઇ આજકાલનો અનુચર નથી; તેમજ તેને માટે અદ્યાપિ પર્યંત તેવા શક માટેનું એક પણ કારણ બન્યું નથી. જરૂર તેણે આપેલા સમાચાર ખરાજ હોવા જોઇએ. શું મનુષ્યની સ્થિતિ છે! નગરવાસી લોકોમાં જેઓ રંક હશે તેઓ તવંગરને સુખી માનતા હશે, જ્યારે તવંગરો પોતાના કરતાં વધારે દોલત-મંદોને સુખી ગણતા હશે. તે દોલતમંદો ન્યાયાધીશ, નગરશેઠ, મંત્રી આદિ પદવીધરોને સુખી ધારતા હશે અને તેઓ મને પૂર્ણ સુખી માનતા હશે; પણ મારૂં અંતર તેમ કબુલ કરવાની

ચોકખી ના પાડે છે મારા હૃદયમાં અત્યારે એ ગડમથલ ચાલી રહી છે તે જોતાં હું પણ સુખી નથીજ. ધન વૈભવના વધવા સાથે સુખનું વધવાપણું માનવું એજ મોટી ભૂલ છે. તેની પ્રાપ્તમાં પીડા, રક્ષણમાં પણ ચિંતા અને નાશમાં પણ તેટલુંજ દુઃખ. આમ છતાં તેને સુખનું કારણ માની લેવાથી સુખ કહેવાય બાકી ખરેખરૂં સુખ ત્યાં તો નથીજ. જો કે તે માટેજ સંસારત્યક્ત એવા રિદ્ધિસિદ્ધ અને રાજ્યલક્ષ્મીસંપન્ન તીર્થંકર–ચક્રવર્તી અને બીજા ઘણાએ આત્માઓના ઉદાહરણો મોજુદ છે; છતાં મારૂંજ દ્રષ્ટાંત મારે માટે બસ છે. અત્યારે મારી અખુટ લક્ષ્મી અને મનોહર રમણીઓથી વસાયલા આ મહેલો વિગેરે વિવિધ સામગ્રી હોવા છતાં તેથી મારી ચિંતામાં લેશ પણ ઘટાડો થાય છે ખરો ? ' સંતોષી નર સદા સુખી ' એ કહેવત અક્ષરશઃ ખરી લાગે છે, પણ હવે તેનો પ્રતિકાર કયાં? ભોગોપભોગમાં ફસાયા પછી તેમાંથી એકદમ છુટવું એ તો ધન્ના–શાલીભદ્ર જેવા વીરલા પુરૂષોનુંજ કાર્ય છે. મારામાં તો રાજ્યવૈભવ માટે એટલો બધો નિબિડ મોહ વ્યાપેલો છે કે નથી આવતી નિદ્રા કે નથી ગમતો સુંદરીઓ સાથેનો વાર્તાલાપ. માત્ર રાજ્યનીજ ચિંતા. એક ગ્રન્થકારે કહેલું છે કે ' જેના ઘરમાં અતિશય સર્પો વસતા હોય, ઘણી કન્યાઓ હોય, દ્રવ્યનો સંચય હોય છતાં જાતે કૃપણ હોય અગર તો ચિંતા ડાકિનીથી ઘેરાયલો હોય તેને નિદ્રા કે શાંત પોતાની સોડમાં લઈજ શી રીતે શકે? એ મારી જાતને

યથાર્થ લાગુ પડે છે. દરમ્યાન મંત્રીના પ્રણામ પૂર્વક બોલાયેલા ' મહારાજ ! શી આજ્ઞા છે ? એવા કયા વિકટ કાર્યે રાત્રીના આટલા મોડા સમયે આપને તસ્દી આપી ? ' એ શબ્દોએ રાજાની વિચારમાળાને અટકાવી. ગાદીયે અઢેલીને બેસતાંજ મંત્રીને ઉદ્દેશીને કહ્યું કે--" આપણો વિશ્વાસુ ચર પુરૂષ એવી ખબર લાવ્યો છે કે થોડાજ સમયમાં યુનાન દેશનો રાજા મોટા લશ્કર સાથે આ તરફ કુચ કરી આવી પહોંચશે અને તેમ કરવામાં આ ભારતવર્ષના એક-બે નાના રાજાઓનો હાથ પણ છે. કદાચ તેની પ્રથમ દૃષ્ટિ આપણા રાજ્યપર પડે તો તે શંકાસ્પદ નથી. કેમકે મગધદેશની કીર્તિ અત્યારે ચોતરફ પ્રસરેલી છે એટલે તે તરફ સૌના ડોળા હોય એ સંભવિત છે." મંત્રીએ ધીરજથી કહ્યું " તેમાં આપને લેશપણ ચિંતા કરવાની જરૂર નથી. હું આપણા રાજ્યને ધક્કો પહોંચે તેવું કદાપિ બનવાજ નહી દઉં. છતાં આ વાતની ચોક્કસ બાતમી મેળવવા કાલથીજ યત્ન શરૂ કરીશ." રાજાનું મન શાંત પડયું તો પણ તેઓની ગોષ્ટી તો લાંબા સમય સુધી ચાલુ રહી.

# પ્રકરણ ૪ થું.

## મંત્રીશ્વરનું કુટુંબ.

પ્રાત:કાળ થઇ ગયાને દોઢ ઘટિકા વીતી ગઇ હતી. રસ્તાઓ મનુષ્યોના ગમનાગમનથી જડ હોવા છતાં અત્યારે સચેતન દેખાતા હતા. ધંધાદારીઓ પોતપોતાની દુકાનો ખોલી કુંકુમના સ્વસ્તિક કરી રહ્યા હતા. કારીગર અને મજુર વર્ગ પંથે પડી રહ્યો હતો. દેવાલયોમાં લોકોના મધુર આલાપો અને કર્ણપ્રિય ઘંટાનાદો સંભળાતા હતા. આ સમયે રાજમહાલયથી થોડે દૂર આવેલા માણેકચોક નામના વિશાળ ચોક આગળ એક ચાર મજલાના વિશિષ્ટ રંગોથી રંગાએલા આલ્હાદજનક મકાનના પ્રવેશદ્વારમાં એક તરૂણ યુવકે પ્રવેશ કર્યો. તેની આકૃતિ પરથી અને સ્ખલિત ગતિથી સ્પષ્ટ સૂચન થાય છે કે મકાનમાં દાખલ થતાં તે ગભરાય છે. વદન ઉપર વારંવાર પરિવર્તન પામતા ભાવો પણ તેની નિર્બળતા સૂચવી રહ્યા છે. જો કે દરવાને તો તેને જોતાંજ સલામ કરી માર્ગ આપ્યો હતો; છતાં તેના પગ કેમ અચકાય છે તે કહી શકાતું નથી. આ વખતે રસોડાના ઓરડા તરફ આવતા મંત્રીશ્વરની નજર અચાનક તેના ઉપર પડી અને તેને માનભદ્ર કહી બુમ પાડી ત્યારેજ એ યુવકને ભાન થયું

કે તે પોતે અત્યાર સુધી માત્ર વિચારસૃષ્ટિમાંજ વિચરી રહ્યો છે. તરતજ મંત્રીશ્વર નીચે આવ્યા અને બંને જણ રસોઇગૃહ તરફ રવાના થયા. આવેલો યુવક તે બીજો કોઇ નહિ પણ સ્થુલિભદ્રનો મિત્ર માનભદ્ર હતો. તે સવારમાં પ્રાત:કાલીન કર્મોથી નિવૃત્ત થઇ મંત્રીશ્વરને ગત રાત્રીએ આપેલાં સ્થુલિભદ્રના સંદેશથી વાકેફ કરવા આવ્યો છે. મંત્રીશ્વરનું નામ શકડાલ છે. તેઓ નંદરાજાના પરંપરાથી ચાલતા આવેલા મંત્રીઓના વંશજ છે. સ્ત્રીનું નામ લક્ષ્મીવતી છે. તેમને બે પુત્રો છે અને સાત પુત્રીઓ છે. જ્યેષ્ટ પુત્ર કે જેની ઉમ્મર હાલ સત્તાવીશ વર્ષની છે તેનું નામ સ્થુલિભદ્ર અને લઘુ પુત્ર કે જેની વય ઓગણીશની છે તેનું નામ શ્રીયક છે. પુત્રીઓના નામ અનુક્રમે જક્ષા, જક્ષદિન્ના, ભૂતા, ભૂતદિન્ના, સેણા, વેણા, અને રેણા છે. જેમાંની સૌથી નાની રેણાની ઉમ્મર સાત વરસની છે. જ્યારે બીજી બધી એક બીજાથી બબ્બે વર્ષે મોટી છે. એટલે જક્ષદિન્નાની ઉમ્મર સત્તર વર્ષની અને જક્ષાની ઉમ્મર એકવીશ વર્ષની છે. એટલે કે તેણી શ્રીયક કરતાં પણ બે વર્ષે મોટી છે. આ સિવાય ઘરમાં નોકર-ચાકર, દાસીઓ, દરવાન વિગેરે સમુદાય બ્હોળો હતો. સ્થુલિભદ્ર વ્યવહારદક્ષ તેમજ ચતુર હોવાથી તેની ઇચ્છાને માન આપી મંત્રીશ્વરે આજ પર્યંત તેનો વિવાહસંબંધ કર્યો નથી. તેથીજ પુત્ર શ્રીયકનો પણ તેજ નગરના ધનાઢ્ય નગરશેઠ ઉદયકાળની બીજી પુત્રી પ્રિયંવદા સાથે સંબંધ બાંધવાનો યોગ પ્રાપ્ત થયા

છતાં હજુ બાંધ્યો નથી. મંત્રીશ્વરની ઇચ્છા સ્થૂલિભદ્ર અને શ્રીયકના લગ્ન સાથે કરવાની છે અને તેથી તેઓએ અત્યાર આગમચ સ્થુલિભદ્રના અંતરના મિત્ર માનભદ્રને કોઇ પણ રસ્તે થોડા દિવસમાં સ્થુલિભદ્રનું મન મનાવી સંસાર ધુરામાં જોડવા માટેની ચેતવણી આપી દીધી છે અર્થાત્ તેનું મન પલટાવવા માટે તાકીદ કરી છે. તે પ્રયાસમાં માનભદ્રને કેટલે અંશે સફળતા મળી છે તે આપણે અગાઉ જોઇ ગયા છીએ.

ચોગાનમાં પ્રવેશતાં ડાબી બાજુ પર આવેલું એક ઢાળીયું અને છાપરાથી ઢંકાયલું જે મકાન દેખાય છે તેજ આ કુટુંબનું રસોડું છે. એક બાજુ સ્ત્રી સમુદાયને માટે બેઠક છે જ્યારે બીજી બાજુ પુરૂષ વર્ગ માટે બેઠક રાખવામાં આવી છે. ચાંદીના વાટકામાં બદામ, પીસ્તા વિગેરે વસ્તુઓ નાંખી ગરમ કરેલું દુધ અને સુંદર રકાબીઓમાં થોડી થોડી પૂરીઓ મૂકી પ્રાતઃકાલીન નાસ્તાની તૈયારી કરવામાં આવી છે. આ ઘરમાં રસવતીનું કાર્ય લક્ષ્મીવતી અગર તો ઉમ્મર લાયક પુત્રીઓમાંથી કોઇ પણ કરી લેતું. આજનો નાસ્તો લક્ષ્મીવતીએ જાતેજ તૈયાર કર્યો છે એટલે તેમાં ખામી તો હોય જ શાની ? વળી મંત્રીશ્વરને ઉજાગરો હોવાથી દુધમાં મશાલો સારા પ્રમાણ નાંખી શરીર આલસ્યરહિત બને તેવું બનાવવામાં આવ્યું છે. અરસપરસ વાર્તા વિનોદ ચાલી રહ્યો છે એટલામાં કામદિન્ના પણ આવી પહોંચી. તેને જોતાંજ

મંત્રીપત્નિએ પ્રશ્ન કર્યો કે—' સ્થૂલિભદ્ર હજી તારે ત્યાં છે કે ઉઠીને ફરવા ગયો છે ? ' કામદિન્નાએ શું જવાબ આપવો તેની થોડોક સમય ભાંજગડ થઇ. પણ પછી ધૈર્ય ધરી ધીમા સાદે એટલો જ જવાબ દીધો કે—તે સઘળું વૃતાંત કહેવાને તેમના મિત્ર અત્રે અગાઉથી આવેલા છે. લક્ષ્મીવતીના મનમાં ' સઘળું વૃતાંત ' એ શબ્દોએ ભારે પરિવર્તન કર્યું. જુદા જુદા કેટલીએ જાતના તર્કો થયા અને વિલય પણ પામ્યા. વેણાએ હાસ્યવિનોદ માટે કામદિન્નાને ઉદ્દેશી કહ્યું કે—' તેમના મિત્ર ' એટલે તમારા તો કાંઇ સગા નહીંજને ? નહિ તો તમે ' મારા ' એ શબ્દને બદલે ' તેમના ' એ શબ્દનો પ્રયોગ કરો ખરા કે ? કામદિન્નાના મુખપર શરમના શેરડા જણાયા અને તે પ્રત્યુત્તર આપવાની કોશિષ કરે તે પહેલાં તો ભૂતદિન્નાએ કહી પણ દીધું કે ' મારા ' અને તે સાથે ' પતિ ' એવા શબ્દોનો પ્રયોગ તો તેમને ઘણોએ ગમે છે પણ આ તો દિવાકરનું રાજ્ય છે અને વડીલની હાજરી છે એટલે તેવો ઉચ્ચાર કરી પણ શી રીતે શકે ? એટલામાં જો મંત્રી અને માનભદ્રનું આગમન ન થયું હોત તો વિચિત્ર પ્રકારનો વાર્તાલાપ સાંભળી શકાત પણ હાલ તો એ વિનોદ બંધ રહ્યો અને લક્ષ્મીવતી જાતે ઉઠી અને તે ઉભયને માટે નાસ્તો લાવી તેમની સમક્ષ મૂકયો. મંત્રીશ્વરે અને માનભદ્રે તેને ન્યાય આપતાં જે વાર્ત્તાલાપ થયો તેનો સાર નીચે મુજબ છે.

"ભાઇ! ત્હારા કહેવા પ્રમાણે સ્થુલિભદ્ર વેશ્યાને ત્યાં જઇ રહ્યો છે અને સમજાવ્યા છતાં તેણે લગ્ન કરવા ના પાડી છે; છતાં જતી વખતે જે શબ્દો કહ્યા છે તે ઉપરથી મને તો ચોકખું સમજાય છે કે એણે પસંદગી કરી લીધી છે–અર્થાત તે વેશ્યાપુત્રીને સ્વસ્ત્રી તરિકે અંગીકાર કરશે. ત્હારો વિચાર આથી જુદો હોય તો ખુશીથી જણાવ." મંત્રીએ શાંત ચિત્તે વાતની શરૂઆત કરી.

"કાકાશ્રી! મને તો લાગે છે કે વેશ્યાના રૂપ તથા હાવભાવથીજ તેનું મન તે તરફ આકર્ષાયું છે, પણ જો મહેનત કરીએ તો તેને પાછું વાળી શકીએ ખરા." માનભદ્રે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો.

"હાય, શું સ્થૂલિભદ્ર વેશ્યાને ત્યાં જઇ રહ્યો છે? કેટલું બધું અઘટિત! કયાં ગયું તેનું ભણતર અને કયાં ગઇ તેની નીતિ? હવે મારે ન્યાત જાતમાં અને નગરમાં શું મ્હોં લઇ ફરવું? પુત્ર, ત્હને અમારા ઘડપણ વખતે આવી બુદ્ધિ કયાંથી સૂઝી? શહેરમાં કયાં રૂપવતી કન્યાઓની ખોટ હતી કે આ કુતરાની ચાટ સમાન વેશ્યામાં મુગ્ધ થયો! સમજુ હોવા છતાં આ કુળને કલંક લાગે તેવું કાર્ય કયાં આદર્યું?" લક્ષ્મીવતીએ ઉભરો બહાર કાઢ્યો.

લક્ષ્મીવતી અત્યાર સુધી આ વાતથી અજાણ હતી; પણ

જ્યારે તેણે વાત સાંભળી ત્યારે સ્ત્રી સ્વભાવ મુજબ તેણી ચૂપ રહી શકી નહીં. વળી તેણે પતિને તથા માનભદ્રને તરત જ તે વેશ્યાના આવાસે પહોંચી જઇ સ્થુલિભદ્રને સમજાવી પાછો ઘેર તેડી લાવવા માટે આગ્રહ કર્યો અને ઉમેર્યું કે સંમતિ હોય તો હું પણ સાથે આવું કે જેથી મારી આજ્ઞા હજુ સુધી કોઈ વાર ભંગ કરી નથી તેમ આ વખતે પણ તે ફરશે નહીં અને જરૂર આપણને દેખીનેજ પાછો ફરશે.

આ દરમ્યાન મંત્રીશ્વર ઉંડા વિચારમાં ગરકાવ થયા હોય એમ સર્વને લાગ્યું. અને તે સત્યજ હતું. સર્વ તેમના મુખ તરફ દૃષ્ટિ રાખી જોઇ રહ્યા હતા કે શું પ્રત્યુત્તર આપે છે. ધારવા મુજબ આ ચુપકીદી પંદર પળ સુધી ચાલુ રહી. તે સમયે ત્યાંનો દેખાવ એવો ભાસતો હતો કે જાણે આ બધા પાષાણના બિંબોજ ન હોય અથવા તો ચેતન આત્માઓ કંઇ અપૂર્વ ધ્યાનમાં લીન થઈ ગયા ન હોય ! છેવટે મૌનતાનો ભંગ થયો. મંત્રીશ્વરે શાંતિપૂર્વક પત્નિને ઉદ્દેશી કહેવા માંડયું.

“ ત્હારે, તેમજ સર્વ કોઇએ, આ બધી ચિંતાઓ કરવાનું કંઇજ કારણ નથી. મેં પૂર્ણ વિચાર કરી જોયો છે અને એવા અનુમાન ઉપર આવ્યો છું કે આમાં જરા પણ ખોટું થયું નથી. તેની ઇચ્છા પ્રમાણેની કન્યા સાથે પરણાવવાનો આપણો પણ વિચાર હતો અને હજુ પણ છે; ત્યારે તેણે તે

મુજબ પસંદગી કરી એમાં દીલગીર થવાનું કારણ જ શું છે ? પ્રેમ ચીજ જ એવી છે કે તે નથી જોતી પૈસા કે નથી જોતી જાત ? માત્ર એકબીજાના ગુણો અને સ્વભાવના સમાનપણા સિવાય તેનો પ્રાદુર્ભાવ થઇ શકતો નથી. એમાં પૂર્વ ભવના સંબંધની પરોક્ષ રીતે સંકલના રહેલી છે અને તેથી જ માત્ર નહિં જેવા સમયના આકર્ષણે વા દર્શને હૃદયો અરસપરસ ચ્હાવા મંડી જાય છે અને જો વિયોગ ચિરકાળ પર્યંત લંબાય તો મૃત્યુદશા પર્યંત પહોંચતાં વાર લાગતી નથી. જેઓ માત્ર ઇંદ્રિયસુખની લાલસાથે અથવા તો રૂપની જ્વાળામાં ફસાયા હોય છે તે કાંઇ ખરા પ્રેમી નથી હોતા. એમને તો કામી તરીકે ઓળખવા યોગ્ય છે. કેમકે ઇષ્ટને અંતે તેઓને ભિન્ન થતાં વાર લાગતી નથી. પણ પ્રેમની બાબતમાં તેમ નથી. તેઓ ઉભય એકબીજાના સુખદુઃખમાં સાથે રહી પ્રાણ અર્પવા પણ તૈયાર રહે છે. તેમની બાબતમાં વિષયનું સુખ પણ ગૌણપણે જ હોય છે. તેથીજ લોકમાં પણ કહેવાય છે કે પ્રીતિની રીતિ વિચિત્ર જ છે. મને આ કાર્યમાં એજ સંભવે છે. નહીં તો આટલા સમય સુધી નહીં ને અચાનક દૃષ્ટિનું મળવું, અને સ્નેહી જનનો સ્નેહ છોડી જવું એ શું સુચવે છે ? અત્યાર લગીના એક પણ કાર્યમાં સ્થુલિભદ્ર માટે કોઇને જરા પણ કહેવાનું બન્યું નથી. કારણ કે તેની ધર્મપ્રિયતા, નીતિપરાયણતા અને આજ્ઞાપાલકતા માટે બે મત છેજ નહીં. તેણે વિચાર્યા વગર આ પગલું ભરેલુંજ

નથી. તેથીજ મને તો આમાં પૂર્વકર્મનો સંકેત સ્પષ્ટ દેખાય છે. વળી વેશ્યાના નામ માત્રથી કંઇ હલકાઇ આવી જતી નથી; કેમકે વારંવાર વ્યાખ્યાનમાં સાંભળીએ છીએ કે અમુક શેઠીઆના છોકરાઓ કળા શિખવા માટે વેશ્યાને ઘેર જતા અને લાંબો સમય ત્યાં રહેતા.

નંદીષેણ મુનિ પણ વેશ્યાને ત્યાં અમુક કાળ પર્યંત વસ્યા તો હતાજ. કહેવાનું તાત્પર્ય એજ છે કે તે જાતિમાં પણ એકવચનીપણું, પવિત્રતા, કાર્યદક્ષતા, કુલીનતા વિગેરે ગુણો અને પ્રેમભાવનાનો સદ્ભાવ તો છે. આ વેશ્યાને જે કોશ્યા નામની પુત્રી છે. તેની પવિત્રતા અને સૌન્દર્ય સર્વત્ર વખણાય છે અને એક વખતે રાજાધિરાજે પણ તેના એકવચનીપણા માટે વખાણ કરેલા મારા જાણવામાં છે. કદાચ તેણીના તરફ પુત્રનું મન આકર્ષાયું હોય તો તેમાં અસંભવિત કંઇ નથી. વળી લોકનિંદાથી ડરવાનું કશું કારણ નથી; કેમકે એતો ગાડરિયા પ્રવાહની માફક એક નિંદે એટલે બધાએ નિંદવાના. હા, સમજુ અને વિદ્વાન પુરૂષો યાતો વિચારશીલ અને ગુણીયલ સન્નારિઓ વાત કરે તો નીચું જોવા જેવું ખરૂં; પણ મને સંપૂર્ણ ખાત્રી છે કે તેઓ કર્મોનું સ્વરૂપ અને મોહનીય કર્મની પ્રબળતા સારી રીતે સમજતા હોવાથી તેમજ સ્થુલીભદ્રના પરિચય અને વર્તનથી વાકેફ હોવાથી વગર વિચાર્યું બોલે જ નહિં. માટે નથી જરૂર ત્યાં જવાની કે નથી જરૂર

દિલગીર થવાની. જાતે સ્ત્રી મેળવી લેવાથી આપણને તો ઉલટી એ ચિંતામાંથી રાહત મળી. દરેક સંતાનો સ્વાશ્રયી હોય તો માતા પિતાને એટલો કર્મબંધ ઓછો અને ભાઇ માનભદ્ર ! ત્હેં પણ ત્હારી ફરજ યથાર્થ બજાવેલી હોવાથી જરા પણ નાખુશ થવાનું કારણ નથી. કચેરીનો સમય થવાથી હું તો હવે જઉં છું ” સર્વ કોઇનાં મન આવો સંતોષકારક ઉત્તર સાંભળી પ્રફુલ્લિત બન્યા છતાં લક્ષ્મીવતી અને માનભદ્રના વદનપર કંઈક વિષાદની છાયા હજુ પણ જણાતી હતી. ખરે-ખર માતાનો અને મિત્રનો સંબંધજ એવો છે.

---


## અમને યાદ રાખજો.

ઉદ્યાપન અને તેવાજ ધાર્મીક માંગલીક પ્રસંગોમાં અમારૂં નામ જરૂર યાદ લાવશો, કારણકે તેવા પ્રસંગો માટે અમારાં પુસ્તકો ઘણી ઓછી કીંમતે આપવામાં આવે છે. જે પુસ્તકો ખાસ રાખવા અને વહેંચવા લાયક છે.

### જરૂર છે—

દર વરસે રૂા. ૩) માં મળતાં ૧૦૦૦ પાનાનાં ત્રણ ચાર ઇતિહાસીક નવીન પુસ્તકો વાંચવા નહિ ચુકતા અને તે માટે વાંચનમાળાના ગ્રાહક તુરત થવાની જરૂર છે.

**લખો—જૈન સસ્તી વાંચનમાળા.**

રાધનપુરી બજાર ભાવનગર.

# પ્રકરણ ૫ મું.

## પાટલીપુત્રનો પૂર્વપરિચય.

**जननी जन्मभूमिश्च स्वर्गादपि गरियसी ।**

માતા અને માતૃભૂમિ સર્વ કોઇને પ્રિય હોય છે. તેનો સહવાસ અને તેના આશ્રયમાં વસવાનું સૌ કોઇને ઇષ્ટ હોય છે તો આ હિંદ દેશ કે જે અત્યારે તેત્રીશ કરોડ મનુષ્યની જન્મભૂમિ છે તેની પૂર્વાવસ્થા નિહાળવી અને તેમાં રહેલી અપૂર્વ દિવ્યતા માટે મગરૂર થવું તે અયુક્ત શી રીતે હોઇ શકે. અત્યારનો હિંદ દેશ ઘણા ઘણા સમય પહેલાં એટલે કે ચાલુ અવસર્પિણી કાળના લગભગ ચોથા આરા સુધી 'ભરત' અગર 'જંબુદ્વિપના ભરત' તરીકે ઓળખાતો હતો. તેમાં યુગલીયા જેવા ભોળા અને ભદ્રિક મનુષ્યોને વ્યવહારનીતિનું જ્ઞાન આપનાર તથા સર્વજ્ઞ પ્રણીત તત્વોને પુનર્જીવન કરનાર નાભિનરેશના પુત્ર રૂષભદેવ થયા. તેમના રાજ્યાભિષેક વખતે શક્રેંદ્રના આદેશથી વિનિતા-અયોધ્યાનગરીની સ્થાપના થઇ. તેમના પુત્ર અને પૌત્રોના વારસામાં આવેલા સ્થાનોના તેઓના નામ ઉપરથીજ નામો પાડયા અને વખતના વહેવા સાથે કેટલાક અપભ્રંશ થયા, કેટલાકે નવીન રૂપ ધર્યા અને કેટલાક નામશેષ પણ થઇ ગયાં. આ સ્થિતિ બીજા તીર્થંકર અજિતનાથથી લઇ

ત્રેવીશમા તિર્થંકર પાર્શ્વનાથ પ્રભુ પર્યંત ચાલુ રહી. તે દરમીયાન રૂષભદેવ પ્રભુના પૌત્ર મરીચીના ત્રિદંડીપણાથી સાધુ માર્ગમાં સંન્યાસી વગેરેના ભેદ પડયા અને નવમા પ્રભુ પછીના સમયમાં થયેલા અસલ ભરતચક્રી સ્થાપિત વ્રતધારી શ્રાદ્ધો કે જેઓ ' માહણ ' ના નામથી ઓળખાતા-તેમના વંશજો એવા અસંયતિ બ્રાહ્મણોએ પોતાના શિથિલાચારથી અને તે છુપાવવા તેઓએ ઉભા કરેલા ગોદાન, કન્યાદાન, મોક્ષ અને સ્વર્ગ નર્ક આપવાના પરવાના યુકત નવિન વેદોએ બળતામાં ઘી માફક સ્હાય કરી. આ અરસામાં જૈન ધર્મના પ્રતિસ્પર્ધી અને બ્રાહ્મણાદિ ચાર્વાકાદિ તથા સાંખ્યમતની શરૂઆતો થઈ. દિવસાનુદિવસ જનસમૂહની અજ્ઞાનતાનો લાભ લઇ ઉપરોકત નવીન વેદોમાં યજ્ઞમાં પશુ હોમવારૂપ હિંસાઓ દાખલ થઇ. એ મુજબની સ્થિતિ ચોવિશમાં તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીરના સમયમાં પણ પ્રવર્તતી હતી. સ્થળે સ્થળે બ્રાહ્મણોના બોધથી રાજાઓ પશુવધયુકત યજ્ઞો કરતા હતા. આ વખતે દેશની પ્રજા એટલી બધી વાસનામાં રકત થયેલી હતી કે કષ્ટ સહીને આત્મિક શકિત ખીલવવાને બદલે બ્રાહ્મણાદિને દાન આપીને તેમના રજીસ્ટર્ડ કરેલા સ્વર્ગાદિકના પરવાના લેવાની ગંભીર ભૂલ કરી રહી હતી. પ્રભુ મહાવીરને આ પ્રવર્તેલા મિથ્યાત્વને દૂર કરવાને સજજડ હાથે કામ લેવાનું હતું. એટલું યાદ રાખવાનું છે કે તીર્થંકર પરમાત્માઓ પ્રેમના માર્ગેજ આત્મકલ્યાણ અને લોકકલ્યાણ કરે છે. ક્ષત્રિયોના વંશજ હોવા

છતાં અને રાજ્યાદિક સામગ્રી પામ્યા છતાં શસ્ત્રબળથી તેઓ કદાપિ કામ લેતા નથી. તેમણે સૌથી પહેલું કાર્ય એ કર્યું કે સંસારી માયાજાળને ત્યાગી અપૂર્વ જ્ઞાનની સિદ્ધિને અર્થે તીવ્રતપ કરવા માંડયું અને જનતા તરફથી થતાં એકે એક ઉપસર્ગને શાંતિથી સહન કરવા લાગ્યા. બારવર્ષથી અધિક સમય થઇ ગયા બાદ ભુત, ભવિષ્ય અને વર્ત્તમાન ત્રણે કાળનું વસ્તુસ્વરૂપ એકજ સમયમાં જાણવારૂપ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું એટલે કે પ્રથમ પોતાની જાતને બોધ આપવા અર્થે અધિકારી કરી. તે પછી આયુષ્યના અંત પર્યંત એટલે લગભગ ત્રીશ વર્ષ પર્યંત સમગ્ર ભારત વર્ષમાં પરિભ્રમણ કરી ‘ અહિંસા ધર્મ ’ નો વિજય વાવટો પુનઃ ફરકાવ્યો. તેમના ઉપદેશથી હિંસામય યજ્ઞો ઘટવા લાગ્યા અને લોકોનો વિશ્વાસ બ્રાહ્મણાદિના રજીસ્ટર્ડ પરવાનામાંથી નિર્મૂળ થવા લાગ્યો. પરમાત્મા મહાવીરનો ખુલ્લે ખુલ્લા શબ્દોમાં એજ ઉપદેશ હતો કે “ આત્મામાં અનંત શકિત છે અને દરેક આત્મા સ્વાવલંબનથીજ મોક્ષ મેળવી શકે છે. અને દરેકને તે પ્રાપ્ત કરવાનો હક્ક છે. નથી તેમાં પરવાના મેળવવાની જરૂર કે નથી તેમાં અમુક જાતિને માટે બંધ. ” આ અપૂર્વ અને સત્ય પ્રરૂપણાએ થોડાજ સમયમાં દેશની સ્થિતિમાં મોટું પરિવર્ત્તન કરી નાખ્યું. ઘણા દેશના રાજ્યકર્ત્તાઓ હિંસામાં ડુબી જઇ મિથ્યાત્વી થઇ ગયા હતા તેઓ પુનઃ દયાને માન આપવા લાગ્યા અને જૈન ધર્માનુયાયી બન્યા. પ્રભુ મહા-

વીરના સમયમાં અને તેની લગભગના વર્ષોમાં તેમનાથી પ્રતિબોધિત થયેલા ભૂપતિઓમાં રાજગૃહના શ્રેણિક, ચંપાનગરીના અશોકચંદ્ર, વૈશાલીના ચેટક, કાશી અને કોશળ દેશના મળી અઢાર રાજાઓ, પોલાસપુરનો વિજયરાજ, અમલકલ્યાનો શ્વેતરાજ, વીતભયપત્તનનો ઉદાયન. કૌશાંબીનો વત્સ ઉદાયન, ક્ષત્રીકુંડનો નંદીવર્ધન, ઉજ્જેનનો ચંડપ્રદ્યોત, પૃષ્ટચંપાનો શાલનૃપ, પોતનપુરનો પ્રસન્નચંદ્ર, હસ્તિશીર્ષનો અદિન્નશત્રુ, રૂષભપુરનો ધનાવહ, વીરપુરનો વીરકૃષ્ણમીત્ર, વિજયપુરનો વાસવદત્ત, સૌગંધિકનો પ્રતિહત રાજા, કનકપુરનો પ્રિયચંદ્ર, મહાપુરનો બળ, સુઘોષનગરનો અર્જુનરાજ, દશાર્ણપુરનો દશાર્ણભદ્ર, સાકેતપુરનો પ્રિયનંદી અને ચંપાનો દત્તરાજા મુખ્ય હતા. આ સિવાય તે જ્યાં જ્યાં વિચર્યા હતા ત્યાં ત્યાં તેમના ઉપદેશને સફળતાજ મળી હતી. તેનું કારણ સૂર્યસદશ સ્પષ્ટ છે કે **सत्यमेव जयते** જય સત્યનોજ થાય છે. આ ઉપરથી સ્હેજે કલ્પના થઇ શકે છે કે પ્રજાના ઘણા મોટા ભાગમાં જૈન ધર્મજ પ્રવર્તી રહ્યો હતો. આ સમયે ભારતવર્ષનું મુખ્ય કેન્દ્રસ્થળ કહીએ અગર તો સકળ દેશનું નાક કહીયે તો તે મગધદેશજ હતો. તેની રિદ્ધિ અને સંપત્તિ ઘણીજ વિપુલ હતી. તેમજ ધન, ધાન્ય અને સુંદર ઉપવનો, આહ્લાદકારી આરામગૃહો અને પુષ્કળ પાકને દેનારા ક્ષેત્રોથી ભરેલો હોવાથી નૃપતિઓમાં જેમ ચક્રવર્તી, રૂપવંતીઓમાં જેમ ઉર્વશી, ગ્રહોમાં જેમ સહસ્રરશ્મિ અને તિર્યંચોને

વિશે જેમ હાથી શોભનીક ગણાય છે તેમ આ હિંદ દેશમાં તેની પ્રતિષ્ઠા સર્વોચ્ચ સ્થાને હતી. તેની રાજધાની રાજગ્રહી નગરી વિશાળતામાં, વિપુલતામાં અને વિલાસતામાં સર્વાતિશાયી હતી. તે સમયમાં તેની સ્પર્ધામાં બીજી એક પણ નગરી ઉભી રહી શકે તેમ સંભવતું પણ નહીં. ટુંકમાં તે વખતે હિંદ દેશ કીર્તિ અને સમૃદ્ધિની પરાકાષ્ટાએ પહોંચ્યો હતો. ખરેખર તે કાળ અહિંસાના ઉત્કર્ષ માટે મધ્યાહ્ન સમોજ હતો. અત્યારે તેજ મગધદેશ અને તેમાં આવેલી રાજગ્રહીને નિહાળતાં કયા સ્વદેશપ્રેમીની આંખમાંથા અશ્રુ નહીં ટપકે ? કયાં તે સમયની અડતાળીશ ગાઉના વિસ્તારવાળી સમૃદ્ધિશાલિની રાજગ્રહી ? અને કયાં અત્યારે બસો ઘરના સામાન્ય વસ્તી ધરાવતી તેજ નામથી ઓળખાતી રાજગૃહી ? કાળચક્રના ઘસારા સૌ કોઇને લાગ્યા છે તો તેમાંથી રાજગૃહી કેમ બચી જાય ? અસ્તુ. એવા શ્રેષ્ટ કીર્તિશાળી મગધદેશની મુખ્ય નગરી રાજગૃહીમાં ભગવાન શ્રી વર્ધમાન સ્વામીના સમયમાં પ્રસેનજીત્ રાજાનો પુત્ર શ્રેણિક અગર જેનું બીજું નામ ભંભસાર કે બિંબસાર પણ હતું તે રાજ્ય કરતો હતો. તે ક્ષત્રિય વંશમાં થયેલો એક પ્રભાવિક રાજા હતો, તેની કીર્ત્તિ દશે દિશામાં પ્રસરાયલી હતી. વળી તેના પુત્ર અને મંત્રી અભયકુમારની બુદ્ધિ વિષયક ચાતુરી એટલી બધી હતી કે જેનાથી દેશે દેશમાં અને ગામે ગામમાં રાજા મંત્રીના યશોગાન ગવાતા હતા. જૈન ધર્મના ગ્રંથોમાં શ્રેણીક ભૂપાળનો રાજ્યકાળ અતિ

મહત્વનો ધર્મના પૂર્ણ ઉદ્યોતનો સમય ગણાયો છે; તેનું મુખ્ય કારણ તે [1]નરપતિની જૈન ધર્મમાં અડગ શ્રદ્ધા અને પ્રભુ મહાવીર પ્રત્યેની અંતરંગ પ્રીતીને લઇને ધાર્મિક કાર્યોમાં સદા તત્પરતાને આભારી હતી. તેની ગાદીપર તેનો કુપુત્ર કુણિક આવ્યો, જે ઘણા માઠા સ્વભાવનો અને દુષ્ટ વિચારનો પણ બળવાન પુરૂષ હતો. રાજ્યલોભથી તેણે પિતાને કેદમાં નાંખી ગાદી પ્રાપ્ત કરી હતી, એટલુંજ નહાં પણ રોજ પિતાને કોરડાના માર પણ મારતો. એકદા તેની માતા ચેલણાએ-તેના પિતા શ્રેણિકનો તેના ઉપર કેટલો બધો અપૂર્વ સ્નેહ હતો કે જેથી તેને ઉપવનમાં જન્મતાંજ મુકાવી દીધેલો હોવા છતાં અને ત્યાં એક આંગળી કોઇ પક્ષી કરડી જવાથી પરૂવાળા સ્થિતિમાં જોવા છતાં ત્હારા પિતાએ લાવી તેવી આંગળીને લાંબા સમય સુધી મુખમાં રાખી ખરાબ લોહી ચુસી લઇ પીડામાં ઘટાડો કર્યાની અને પાળીપોષીને લાડપૂર્વક મોટો કર્યાની વાર્તા કરૂણ હૃદયે કહી-ઠપકો આપ્યો કે 'તેવા સ્નેહી પિતાને ઉપકારના બદલામાં ત્હેં કેદમાં નાંખી જે દુઃખ દીધું છે તેથી ત્હારી કૃતઘ્નતા અને દુષ્ટતા પુરવાર થાય છે. ધિક્કાર છે તારા જેવા કુલાંગાર કુપુત્રને. આ વૃતાંતથી કુણિકનું હૃદય પલળા ગયું અને બેડીઓ તોડી પિતાને મુકત કરવા માટે

---

[1] પ્રથમ બૌધધર્મી હતો પણ ચેલણાના યત્નવડે જૈન ધર્મી થયો હતો.

હાથમાં જાતે કુહાડો લઇ દોડતો આવ્યો. પણ ભાવિમાં કંઈ જુદું જ તેને માટે નિર્માએલું હશે ! શ્રેણિકે તેને હંમેશના રીવાજ મુજબ ચાબકાને બદલે કુહાડા સાથે આવતો દેખી પોતાને મારી નાંખવા માટેજ આવે છે, એમ ધારી અંગુલી પરનો હીરો ચૂસી આપઘાત કર્યો. આવા અકસ્માત મરણથી અને પોતે આવા પુત્રવત્સલ પિતાને અત્યાર સુધી દીધેલા દુઃખોથી કુણીકનું હૃદય નિરંતર બળવા લાગ્યું, મંત્રીઓએ એના પ્રતિકાર અર્થે રાજધાના રાજગૃહીમાંથી ફેરવી નવી વસાવેલી ચંપા નામની નગરીમાં લઇ ગયા. દિવસોના વીતવાથી અને સ્થાનના બદલાથી કુણિકના મનમાંથી પિતૃશોક દુર થયો. તે ઘણો બળવાન અને પરાક્રમી હોવાથી તેણે ઘણા યુદ્ધ કરી ઘણા રાજાઓને જીતી લઇ વિશાળ પ્રદેશ પર પોતાની સત્તા ફેલાવી હતી. આજ કારણથી તેને અજાતશત્રુ નામથી પણ ઓળખવામાં આવે છે. તેને પોતાના માતામહ ચેટક રાજા સાથે મહા ભયંકર યુદ્ધ કરવું પડયું; જેમાં બાર વર્ષના લાંબા સમય પછી અને લાખો મનુષ્યોના લડાઈમાં પ્રાણ ગયા પછી તેણે કપટનીતિથી વિજય મેળવ્યો. એક તો તે નાસ્તિક વિચારનો હતો અને તેમાં ચેટક નૃપ જેવા પ્રખર અને પ્રતાપી રાજાને જીતવાનો પ્રસંગ પ્રાપ્ત થયો એટલે તેનો ગર્વ બાંધ્યો ન રહ્યો. ચક્રવર્ત્તી થવાની લાલસા તેના હૃદયમાં જન્મ પામી અને તેથી કૃત્રિમ ચૌદ રત્નો ઉપજાવી તમિસ્રા ગુહા સાધવા ગયો, પણ 'કોલસાના નસિબમાં બળવાનું જ હોય' તેમ

તેના અધિષ્ઠાયક દેવના કોપથી દગ્ધ થઇ તે મૃત્યુ પામ્યો. પછી તેનો પ્રિય પુત્ર ઉદાયી ગાદીએ આવ્યો, પણ પિતાના મરણથી થયેલા શોકે તેને લેશ પણ શાંતિ પ્રાપ્ત થવા ન દીધી. નિરંતર તે ઉદાસીન રહેવા લાગ્યો. રાજ્યના કાર્યોમાં તેને જરાપણ ધ્યાન આપવાની ઇચ્છા થઇ નહીં. જો કે તેના બાપના જેવા દુર્ગુણોથી તે દૂરજ રહેલો હતો; છતાં પિતા પ્રત્યેના કુદરતી પ્રેમથીજ તેનું ચિત્ત બીજા વિષયમાં પરોવાતું નહીં. પ્રધાનોએ વિચાર કરી રાજધાની ફેરવવાનો નિશ્ચય કર્યો અને એક પ્રવીણ જ્યોતિષીને જગ્યાની પસંદગી માટે રવાના પણ કરી દીધો.

ગંગાના કિનારા ઉપર એક મોટું પાટલનું વૃક્ષ ઉગેલું જોઇ તે નિમિત્તજ્ઞે આજુબાજુમાં ઝાઝી વૃક્ષરાજી ન હોવા છતાં તે પૂર્ણ રીતે વિસ્તાર પામી ટકી રહેલું દેખી તેની આસપાસના સ્થળમાં તપાસ કરવા માંડી તો થોડાજ વખતમાં એક ચમત્કાર તેના જોવામાં આવ્યો. તે વૃક્ષ ઉપર બેઠેલા બગલાઓના મુખમાં પક્ષીઓ આપોઆપ આવીને પડતા હતા. આથી તેણે નિશ્ચય કર્યો કે જો અત્રે રાજધાની રાખવામાં આવે તો શત્રુ રાજાઓની લક્ષ્મી સ્વયમેવ આવી કોષાગારની વૃદ્ધિ કરશે અને તેઓના મસ્તકો પણ ભુપતિ ઉદાયીના ચરણમાં નમેલાજ રહેશે.

હર્ષિત હૃદયે આ ચમત્કાર તેણે મંત્રીઓ સમક્ષ વિદિત કર્યો. મંત્રીઓએ પણ નજરે જોઇ ખાત્રી કર્યા પછી આ સ્થાને પાટલીપુત્ર નામે એક રમણિક નગર વસાવી ઉદાયીરાજાને પુન: તખ્તનશીન કર્યો. આજ પાટલીપુત્ર આપણી ચાલુ કથાનું સ્થળ છે. વાચકવૃંદ ! આ વિસ્તૃત બીના ઉપરથી તેની મહત્તા તથા તેના રાજ્યકર્ત્તાની વિશિષ્ઠતા સારી રીતે કળી શકયો હશે. ઉદાયી પછી નંદ અગર વર્ધન નામે રાજા થયો અને ત્યાર પછી નંદ નામથી ઓળખાતા આઠ રાજાઓ થયા. તેમાં અત્યારે રાજ્ય કરતો રાજા છેલ્લો હતો. તે નવમા નંદ તરિકે પ્રસિદ્ધિ પામેલો હતો. ભારતવર્ષની અને તેને અંગે મગધદેશની આંતરિક કલેશને લઇને દિન પ્રતિદિન પડતી દશા આવતી હતી અને પરદેશોથી પણ મુસલમાન વિગેરે પર રાજ્યકર્ત્તાઓના હુમલા પણ ચાલુ થઇ ચૂકયા હતા; એટલે દેશનો મામલો ગંભીર બનતો જતો હતો; છતાં નંદ રાજાનું રાજ્ય તથા તેની વિશાળ કીર્તિ મંત્રીશ્વર શકડાળની કાર્યદક્ષતા અને અગમબુદ્ધિના પ્રભાવે હજુ જેવીને તેવીજ ટકી રહી હતી. પ્રજાની સ્થિતિ પણ આરોગ્ય અને પૈસે ટકે સમૃદ્ધ હતી. લોકોને રાજ્ય તરફથી કરનો બોજો નામ માત્રજ હતો જ્યારે જાનમાલના રક્ષણ પરત્વેનું સુખ સંપૂર્ણ હતું. રાજા નંદ પ્રજાને પુત્રવત્ સમજી તેનું યોગ્ય પ્રકારે પાલન કરતો અને તેની દરેકે દરેક ફરિયાદ દૂર કરવાને સદા તત્પર રહેતો. ન્યાય તોળવામાં તે પોતાની જાતનો પણ પક્ષ કરતો નહીં.

પરાક્રમમાં અને વીરતામાં તે સમયના ભૂપતિઓમાં તે અગ્રપદે ગણાતો હતો, જો તેનામાં કંઇ પણ દોષ જેવું ગણીએ તો તે માત્ર એટલુંજ હતું કે તે કંઇક વહેમી પ્રકૃતિનો હતો. છતાં પ્રજામાં તેનું માન ઘણા સારા પ્રમાણમાં હતું. પાટલીપુત્રની અત્યારની શોભા નવિન કારીગરીથી પૂર્ણ હતી. રમણિક હવેલીઓ, વિવિધ પ્રકારના ઉપવનો, આરામ સ્થાનો અને તેમાં વસતા સમૃદ્ધિશાળી અને પ્રભાવશાળી મનુષ્યો; તેમજ વચ્ચે વચ્ચે શોભતા ઉંચા મંદિરો પરની ફરકતી ધ્વજાઓના શ્રેણા અને વિદ્યાપીઠોમાં નિરંતર થતા ધ્વનીઓથી એવી તો દીપી રહી હતી કે દુનિઆ પરના સર્વ દેશોને તે એક અદેખાઇ કરવાનું સ્થાન થઇ પડયું હતું.

---

## ખાસ લ્હાણી કરવા જેવાં

### સસ્તાં અને ઉપયોગી પુસ્તકો.

૧ રત્નાકર પચ્ચીશી નેમનાથના શલોકા સાથે ૦–૦–૯
સો નકલના રૂા. ૩)
૨ શ્રી ગૌતમસ્વામીનો રાસ–તથા ભક્તામર અને કલ્યાણમંદિર સ્તોત્ર ગુજરાતી કાવ્ય ૦–૧–૦ સો નકલના રૂા. ૫)
૩ શ્રી પુણ્ય પ્રકાશનું સ્તવન. જીવરાશી તથા ચાર શરણા સાથે. ૦–૦–૯ સો નકલના રૂા. ૪)
૪ આત્મવીરની કથાઓ (આવૃત્તિ બીજી સચિત્ર) ૦–૪–૦ રૂા. ૨૦)

લખો:—**જૈન સસ્તી વાંચનમાળા.**
રાધનપુરી બજાર–ભાવનગર.

# પ્રકરણ ૬ ઠું.

## વેશ્યાના આવાસમાં.

**तावन्महत्वं पाण्डित्यं, कुलिनत्वं विवेकता;**
**यावज्ज्वलति नांगेषु, स्वतः पंचेषु पावकः ॥ १ ॥**

સંસારમાં દૃષ્ટિ ફેંકતાં તરતજ માલુમ પડી આવશે કે મનુષ્યોનો મોટો ભાગ રમા અને રામા તણા રાગને વિષેજ લીન થઇ ગયેલો છે. નારી જાતિની શારીરિક રચનાજ કંઇ વિચિત્ર પ્રકારની છે કે તેના તરફ પુરૂષનું મન સ્હેજે આકર્ષાય છે. એટલે જ્યાં રૂપ, લાવણ્ય અને યૌવન રૂપી બાગ વિકસ્વર થયેલો હોય ત્યાં પ્રતિદિન ભ્રમરરૂપી માનવ ગણ અટન કર્યા કરે તો તેમાં રંચમાત્ર વિલક્ષણતા ન ગણી શકાય. એવા બહુ વિરલ આત્માઓ બહાર આવ્યા છે કે જેઓએ આ મદનરાજની મુખ્ય શક્તિને પરાસ્ત કરી હમેશને માટે જય પ્રાપ્ત કરેલો છે. અસ્તુ. આપણો વાર્તાનાયક મંત્રીપુત્ર સ્થુલિભદ્ર જો કે ધર્મવાસિત ચિત્તવાળો અને નીતિકુશળ હતો છતાં કામદેવના બાણથી અભેદ્ય તો નજ હતો. ચોગાનમાં દાખલ થઇ પ્રાસાદના પ્રથમ મજલે પહોંચતાં તેને કંઇ ઝાઝો વિલંબ થયો નહીં. વૃદ્ધ વેશ્યાએ રાજ્ય મંદીરમાં ઘણી વખત તેને જોયેલો હોવાથી આ વખતે પિછાનતા વાર લાગી નહીં. તુરતજ ઉભા

થઇ આવકાર આપતાં મિષ્ટ અને મોહક સ્વરે બોલી કે— "પધારો મહાશય મંત્રીશ્વરના ચીરંજીવી! આજે તમારા ચરણથી મારૂં મંદિર પાવન થયું છે. આ વૃદ્ધ દાસી પ્રતિ શી આજ્ઞા છે?" સ્થુલીભદ્રે ટુંકમાંજ કોશ્યાની મુલાકાત માટે ઈચ્છા પ્રદર્શીત કરી એટલે ત્રીજે મજલે કોશ્યાને ખબર આપવા એક દાસીને વૃદ્ધાએ હુકમ કર્યો.

ત્રીજે માળે એક વિશાળ ખંડમાં કોશ્યાની સુંદર બેઠક રાખવામાં આવી હતી. તેની રમણિકતા કંઇ અજબ પ્રકારનીજ હતી. નિશાદેવીનું આગમન થઇ ચુકેલું હોવાથી હાંડીઓમાં તેમજ તે સર્વની મધ્યમાં આવેલા ઝુમરમાં દીપકો બળી રહ્યા હતા. દિવાલોપર કામદશાને ઉત્તેજતી જાતજાતની તસવીરો તેના પ્રકાશમાં દીપી રહી હતી. પલંગ પર પડેલી આ યોવનાની મુખમુદ્રા અત્યંત સુંદર દેખાતી હતી. તેના મોહક મુખ કમળને જોવાથી કોઇ પણ પુરૂષનું ચિત્ત ચળાયમાન થાય એ સ્વાભાવિક હતું. તેણીનું શરીર જોતાં પ્રેક્ષકોના મનમાં એમજ ભાસ થતો કે આ લાવણ્યમયી રંભાને ઘડતાં વિધિએ ઘણોજ સમય લીધો હશે. તેના નાજુક કરમાં માત્ર એક એક કંકણ તથા કોટમાં એક મોતીની માળા હતી. તેણીએ શ્વેત રંગનો ઝીણો શાળુ પહેરેલો હતો. તેણી એક સુંદર મખમલના પલંગપર આડે પડખે પડી કંઇક વિચાર કરી રહી હતી એટલામાં દાસીએ આવી કહ્યું કે 'નીચે કોઇ તરૂણ યુવક

આપને મળવા ઇચ્છે છે ' તે સાંભળી કોશ્યા સત્વર પોતાનાં વસ્ત્ર બદલી નીચે આવી.

કોશ્યાની દૃષ્ટિ મંત્રીપુત્રના વદનપર પડતાંજ તેનું હૃદય ધબકવા લાગ્યું અને શરીર રોમાંચિત થયું. તેણીએ સ્મિતપૂર્વક આવકાર આપી બિછાવેલી ગાદીપર બેસવાની પ્રાર્થના કરતાં હસ્તદ્વય જોડી સામે ઊભી રહી. કહેવાની જરૂર નથી કે તે મંત્રીપુત્રના રૂપથી કેટલાક સમય પૂર્વે મોહિત થયેલી હતી, પણ જ્યારથી ગવાક્ષમાં ઉભા ઉભા મંત્રીપુત્રને નિહાળ્યો ત્યારથી તેના અંતરમાં કામદેવની તીવ્ર આગ ભભુકી ઉઠી અને તેથીજ તે વ્યથા સમાવવા પલંગપર પડી હતી. તેના મનમાં મંત્રીપુત્રના આગમન વિષે જરા માત્ર સંભવ ન હતો. તેનું સાક્ષાત્ દર્શન અને તે પણ આટલા જ અલ્પ સમયમાં જોઇ તેના આનંદની સીમા ન રહી. લાંબા સમયથી ક્ષુધાના દુઃખથી પીડાતા મનુષ્યને અચાનક જેમ ક્ષીર ભોજન મળે અગર અટવીમાં ચાલવાથી લાગેલા શ્રમથી જેનું શરીર કલાન્ત બની ગયું છે અને તૃષાથી ગળું સુકાવા લાગ્યું છે, તવા પથિકને નિર્મળ જળનું ભરેલું સરોવર પ્રાપ્ત થાય અને તેથી તેને જે સુખ મળે તેની કલ્પના કરવી જેમ અશક્ય છે તેમ અત્યારે કોશ્યાના સુખની પણ કલ્પના કરવી અશક્ય હતી.

સ્થુલીભદ્રે કોશ્યાના કોમળ હાથમાંથી મશાલાદાર પાનની પટ્ટી પોતાના હાથમાં લઇ મુખમાં મુકતાં શરૂઆત

ફરી "સુભ્રુ ! મારા કુળનો આબરૂને નહિ ગણકારતાં—નીતિકારોના વચનો તરફ દરકાર ન કરતાં, અંતરના મિત્રની હિતશિક્ષા સાંભળવા જેટલો વિલંબ પણ ન લગાડતાં અને મારી વિદ્યા પર હાલ તો પાણી ફેરવીને માત્ર ત્હારા સુંદર મુખારવિંદના દર્શને આકર્ષાઇ અત્રે દોડી આવ્યો છું, મારી એક માગણી ત્હારા પ્રત્યે છે જે તું સ્વીકૃત કરશે કે કેમ એ જાણવા મારૂં મન અત્યંત આતુર છે. મારે માટે સુંદર અને રૂપસંપન્ન કન્યાઓના માંગા આવવા છતાં મારૂં મન તેમના પ્રત્યે લેશ માત્ર ન દોરાવાથી મેં તેમની દરકાર કરી નથી. પણ આજે મારૂં હૃદય આકસ્મિક રીતે ત્હારા પ્રત્યે ખેંચાયું છે. હવે હું જાણવા માગુ છું કે ત્હારા કુળની પરંપરાને તિલાંજલી આપી તું મારી સાથે દાંપત્યભાવથી જોડાઇ શકે તેમ છે કે નહીં તે મને પ્રથમ જણાવ. મારો દેહ ત્હારા સમાગમ સુખનો સ્વાદ લેવા તલપી રહ્યો છે છતાં પરદારાના પાપમાં હું એક જૈન થઇ ઝીંપલાવી શકતો નથી. હવે માત્ર ત્હારા નિર્ણય ઉપરજ મારા જીવનસુખનો દીપક બળી રહ્યો છે. કાંતો તે તેલ પ્રાપ્તિથી તેજસ્વી બનશે અથવા તેના અભાવે બુઝાઈ જશે."

કોશ્યા સ્મિતવદને બોલી: મંત્રીપુત્ર ! શું તમે મને એક હલકા પ્રકારની અને પૈસા ખાતર સ્વપવિત્રતાને વેચનારી નારી સમજો છો ? જો કે લોકો અમને વેશ્યાના નામથીજ સંબોધે છે; છતાં વેશ્યા વેશ્યામાં પણ ફેર છે. જેમ ઉજળું

તેટલું દુધ નહીં અને પીળું તેટલું સુવર્ણ નહીં :તેમ વેશ્યા કહેવાતી બધી સ્ત્રીયો નીચ હોતી નથી. રાજાધિરાજના દરબારમાં માત્ર નૃત્ય કરવા રૂપ વ્યવસાય સિવાય અન્ય કોઈ પણ જાતનો વ્યવસાય હજુ પર્યંત મેં ગ્રહણ કર્યો નથી. વળી જ્યારથી મેં મંત્રીશ્વરની બાજુમાં તમને પ્રથમ નીરખ્યા હતા ત્યારથીજ મારૂં મન તમારા પ્રત્યે ખેંચાયું હતું. ત્યારથીજ મારી દશા જળવિનાની માછલી :સદશ વિહ્વળ બની હતી. નિશદિન હું તમારૂંજ રટણ કરતી; છતાં આપણા ઉભયનો સંયોગ :અસંભવિત ધારી સંતાપાગ્નિમાં નિરંતર ઝુર્યા કરતી. તમારા વિના મનથી ન તો મેં અન્ય કોઇ નર ચિંતવ્યો છે કે વચનથી ઉચ્ચાર્યો છે અથવા તો કાયાથી તેનો સંગ કર્યો છે. આજે મારા અતૃપ્ત હૃદયને શાંત કરવા અર્થે જરા ઝરૂખામાં ઉભી હતી; તેવામાં અચાનક જેનું અહર્નિશ ચિંતવન કરતી હતી તેનાં દર્શન થયાં. આનંદ અનુભવ્યો પણ સંગમ દુર્લભ જાણી ખિન્નહૃદયે પલંગ પર પડી.

તમારા શબ્દો શ્રવણ કરતાં મને ખાત્રી થાય છે કે ચીરસમયની મારી પ્રાર્થના કરૂણાનિધિ ભગવાને સાંભળી છે અને સ્વપ્નમાં પણ અશકય વાતને નજરોનજર સત્યરૂપે કરી દેખાડી છે, તે માટે પ્રભુનો આભાર માનું છું. પ્રિયવર ! તમારા પ્રશ્નનો જવાબ હું શું દઉં ? લક્ષ્મીને વિષ્ણુનો, પાર્વતીને શંકરનો અગર તો ચક્રવાકીને ચક્રવાકનો સમાગમ

જેમ ઈષ્ટજ હોય તેમ આપનો સમાગમ મને તો પૂર્ણ રીતે ઇષ્ટજ છે. મારા જેવી રંક રામાને આપ સમા વલ્લભનો યોગ પ્રાપ્ત થાય એ તો ભૂખ્યા ભિખારીને ઘેબર અને તરસ્યા પથિકને શીતળ જળ મળવા બરોબર છે. છતાં મારી આપ પ્રત્યે એક પ્રાર્થના પણ છે અને તે એ કે દુનિયાની દૃષ્ટિમાં હું એક વેશ્યા તરિકે જ સંબોધાઉં છું. જો તેથી આપના મનમાં કંઇ પણ વસવસો હોય તો હજુ પણ વિચારવાની વેળા વહી ગઇ નથી; કેમકે પાણી પીધા પછી ઘર પૂછવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તેમાં ડહાપણ નથી. પ્રીતિની રીતિ એવી અટપટી છે કે જે બાંધતા પહેલાં સારી રીતે વિચાર કરવો પણ બાંધ્યા પછી તો નિભાવવામાં જ બુદ્ધિમતા છે. ઉતાવળથી પ્રીતિ બાંધી મનને સંતોષી લેવું અને પાછળથી તેમાં આવતાં વિઘ્નોથી ગભરાઈ જઈ તેનો છેહ અનુભવવો એ કરતાં તો પ્રીતિ બાંધ્યા વિના દૂર રહી માત્ર આપના દર્શનથી મન વાળવું મને વધારે ઉચિત લાગે છે. આપ સારી રીતે જાણો છો કે એ પ્રીતિના નિભાવ અર્થે ભ્રમર કમલીનીમાં બીડાઈને અને પતંગો દીપક ઉપર ઝંપલાવીને મૃત્યુ પામવારૂપ સાહસ ખેડે છે.

વલ્લભા ! આ સમયે ત્હારી પાસેથી પ્રીતિના પાઠ શિખવા હું નથી આવ્યો. ત્હારે એટલું તો ચોક્કસ સમજી લેવું કે આ પ્રેમયાચક બીજો કોઇ નહીં પણ મંત્રીશ્વર શકડાળ તનય સ્થૂળિભદ્ર પોતે જ છે. ક્ષત્રિય બચ્ચો જેમ પ્રીતિ બાંધતાં જાણે છે તેમ નિભાવતાં પણ સારી રીતે જાણે છે. આ પગલું

ભરતાં પહેલાં મ્હેં પુખ્ત વિચાર કર્યો છે. ત્હારી એક સ્ત્રી તરીકે જોડાવાની ચીરસંચિત અભિલાષા શ્રવણ કરી મારૂં મન આહ્લાદિત થાય છે. આપણા ઉભયનો સમાગમ સોના અને સુગંધ જેવો લાભદાયી થાઓ એવી પ્રભુ પ્રત્યે મારી પ્રાર્થના છે.

પશ્ચાત્ કોશ્યાની આજ્ઞાથી તેણીના દાસી સમૂહે મંત્રીપુત્ર સ્થુળિભદ્રને તેલનું મર્દન કરી સ્નાન કરાવ્યું અને સુગંધિ દ્રવ્યોથી તેનું શરીર સુવાસિત બનાવ્યું, ઉભયે સાથે ભોજન કર્યું અને બાકીનો કાળ વાર્તાલાપ તથા હાસ્ય વિનોદમાં વ્યતિત કરતાં સમસ્ત રાત્રિ અપૂર્વ સુખમાં પસાર કરી. જ્યાં સમાન વય, સમાન શારીરિક સંપત્તિ અને સમાન રૂપનો કુદરતી યોગ હોય ત્યાં પછી સુખને માટે શંકા જ કેમ ઉદ્ભવે ?

---


## કોણ અજાણ્યું છે ! ! !

શેઠશ્રી નગીનદાસ કરમચંદભાઇએ પાટણથી શ્રી કચ્છ ભદ્રેશ્વરનો મહાન્ સંઘ કાઢયો તેનાથી કોણ અજાણ્યું છે. શેઠશ્રીની ઉદારતાની અવધી, સંઘની સર્વ પ્રકારની સામગ્રી, ચારસો લગભગ સાધુ-સાધ્વીના ઠાણાં સાથે. પાંચ હજાર માનવ સમૂહ જ્યાં જાય ત્યાં નવું ગામજ વસતું. કચ્છના એક અપૂર્વ ઇતિહાસ સાથે-રાજા-મહારાજાઓએ સંઘને આપેલી સગવડ. ઔદાર્યતા-તિર્થોના અને રાજા મહારાજાઓના લગભગ ૨૫ ફોટા સાથેના આ પુસ્તક માટે શું લખવાનું હોય ! સાધારણ માણસે પણ આ પુસ્તક જરૂર વાંચી જવું. અને સાચવી રાખવું. કિં રૂા. ૨-૮-૦

લખો.—**જૈન સસ્તી વાંચનમાળા.**

રાધનપુરી બજાર—ભાવનગર.

# પ્રકરણ ૭ મું.

## દ્વિજ વરરૂચી.

“રાજવંશીઓમાં ક્રોધ, પંડિતગણમાં માન, સ્ત્રી જાતિમાં માયા અને બ્રાહ્મણ જાતિમાં લોભ એ ચાર વસ્તુઓ સ્વભાવથી જ રહેલી હોય છે. ધર્મના કથાનુયોગમાં અથવા તો ઇતિહાસના પાના ઉપર તેની સાબિતી માટે દૃષ્ટાંત શોધવા જવા પડે તેમ નથી.”

પાટલીપુત્ર નગરમાં વરરૂચી નામે એક બ્રાહ્મણ નવમા નંદનૃપના વખતમાં આવી વસ્યો હતો. તેનામાં વાદવિવાદ કરવાનો જુસ્સો સવિશેષ પ્રમાણમાં હતો. આ ઉપરાંત વ્યાકરણનું જ્ઞાન અને થોડી કવિત્વશક્તિ પણ હતી. પાસે સાધારણ રીતે ધન હોવા છતાં તેને અધિક દ્રવ્ય સંપાદન કરવાની પિપાસા હંમેશ થયા જ કરતી. તે માટે કેટકેલાય નવા માર્ગો તે યોજી ચુકયો હતો; છતાં અદ્યાપિ તેની ધારણા સફળ થવાનો સુઅવસર પ્રાપ્ત નહોતો થયો. કેટલાક દિવસથી તેનું ચિત્ત એકાદ વખત રાજાનું મનરંજન કરી લઇ દ્રવ્ય સંચય કરવા તરફ વળ્યું. તે પોતાની જાતને સરસ્વતી લબ્ધ પ્રાસાદ તરીકે ઓળખાવી રોજ સંસ્કૃત ભાષામાં ૧૦૮ કાવ્યો બનાવી નિત્ય રાજદરબારમાં જતો; પણ મંત્રીની પ્રશંસા વિના રાજા પાસેથી કંઇ પણ મેળવવા શક્તિમાન થતો નહીં.

તેથી તેણે મંત્રીની પ્રશંસા મેળવવા ખાતર તેમને ઘરે જવાનું શરૂ કર્યું અને ઘણા યત્નથી મંત્રીપત્નિનું મનરંજન કર્યું અને પોતાના શ્લોકની મંત્રીશ્વર માત્ર એકજ વાર પ્રશંસા કરે તો પોતાનું દારિદ્ર દૂર થાય એમ સમજાવવા વિનંતિ કરી. મંત્રીશ્વરની પત્નિએ તેની આ વિનંતી માન્ય રાખી અને કહ્યું કે જરૂર હું તને લાભ થાય તેમ કરીશ.

એકદા સમય જોઇ લક્ષ્મીવતીએ દ્વિજ વરરૂચીના કાવ્યોની પ્રશંસા કરવાનો પ્રસ્તાવ મંત્રીશ્વર સન્મુખ રજુ કર્યો. તેની સાથે તેની દરિદ્રતાનો એવો ચિતાર ખડો કર્યો કે જેથી ગમે તેવા કઠણ હૃદયને પણ પીગળવું પડે.

મંત્રીશ્વરે હંમેશ મુજબ પોતાની શાંત પ્રકૃતિથી જવાબ દેતાં જણાવ્યું કે " તમારી આ વાત મને રૂચતી નથી. રાજકાજમાં આવી લાગવગ પહોંચાડવાની વાત મને પસંદ નથી. તમારા સ્ત્રીગણ સમક્ષ ગમે તેવો કપટી મનુષ્ય પોતાની જાતને રંકમાં રંક દર્શાવી પોતાનું ઇચ્છિત કાર્ય પાર પાડી જાય છતાં તમારી બુદ્ધિ તે વાત સમજવા જેટલી તીવ્ર નથી હોતી. એ દ્વિજ ભલે દરિદ્રપણાનો સ્વાંગ ધરે છતાં તેની પાસે ધન અને કાપટય બંને રહ્યાં છે, વળી તેના કાવ્યોમાં મિથ્યાત્વ સમાયલું હોવાથી મારા જેવા એક શુદ્ધ સમ્યકત્વ ધારીથી શી રીતે પ્રશંસા કરી શકાય ? વધા-રામાં એક મંત્રી તરીકે મારે રાજ્યના જમા ઉધાર પાસા

તરફ અર્થાત્ તેની આવક અને ખરચ તરફ પણ દૃષ્ટિ પહોંચાડવાની રહી. શું ત્હમને ખબર નથી કે મારી એક પ્રશંસા માત્રથી નૃપતિના ભંડારમાંથી ૧૦૮ સોના મ્હોરો ઓછી થાય છે? કેમકે રાજાની દૃષ્ટિ મારા પ્રત્યે થાય અને મારી તેમાં સંમતિ મળતાં જ તે પારિતોષિક આપવાનો હુકમ કરે. આથી જ મારે માથે કોઇ યોગ્ય અને નિપુણ પંડિતની અલૌકિકતા માટે પ્રશંસા કરવાની જવાબદારી રહી છે. વળી એક વખત જેના માટે પ્રશંસા કરી તેને માટે જ્યાં સુધી વિપરિત દર્શાવવામાં ન આવે ત્યાં લગી તેને મળતી રકમ બંધ થાય નહીં. એવો દસ્તુર છે. અલબત હું વિદ્વાનની પ્રશંસા કરવાના મનવાળો છું; છતાં આ બ્રાહ્મણભાઈને એક દિવસ સોના મ્હોરો મળશે તો તેને એટલાથી સંતોષ નહીં વળે અને તે હમેશાં લોભમાં પડવાનો. છેવટે સોનાના ઈંડા મૂકનાર પેલા હંસ જેવી જ દશા થવાની. કેમકે મારે તેમે ના પાડવી પડશે. અને તેથી તેના શત્રુ બનવું પડશે. અગર તો પ્રજા પાસેથી કર તરિકે લેવાયલાં ધનનો યથોચિત ઉપયોગ ન કરવામાં હું પણ એક દોષિત ગણાઈશ. માટે જ મારૂં કહેવું એમ છે કે તમારે રાજની આવી અટપટી બાબતોમાં પડવાની જરૂર નથી. તમારૂં વચન રાખવા માટે આપણા ઘરમાંથી જ સોના મ્હોરો તેને આપીને સંતુષ્ટ કરો. તેમ કરવામાં મારી તમને પૂર્ણ સ્હાનુભૂતિ છે.

નાથ ! આપના કહેવાનું તાત્પર્ય અને તેમાં રહેલી જવાબદારી મારા સમજવામાં આવી છે. મેં હા પાડી દેવામાં ગંભીર ભૂલ કરી છે તે પણ મને જણાય છે છતાં મોટા મનુષ્યનું વચન મેરૂપર્વત જેમ સ્થિરજ હોવું જોઇએ. એમ મારૂં નમ્ર મંતવ્ય હોવાથી જો એક વખત પણ આપનાથી તે કાર્ય બની શકે તેમ હોય તો તે કરવા મારી વિનંતી છે. મંત્રીશ્વર જો કે ઘણા જ મક્કમ વિચારના અને દૃઢ નિશ્ચયી પુરૂષ હતા. તેઓ દરેક કાર્ય વિચારપૂર્વક કરતા, તેમ છતાં આજે લક્ષ્મીવતીના અતિ નમ્ર અને ગૌરવપૂર્ણ વચનોથી દ્રવીભૂત થયા. અને પ્રશંસા કરવાની હા પાડી. તેમના સુખમાં ભંગાણ પાડનાર કાંટાનું આજથી બીજારોપણ થયું. ભાવી જ્યાં ભુલાવે ત્યાં કયા વિચક્ષણની બુદ્ધિપ્રગલ્ભતા કામ આપી શકે ? જો યદુવંશી વસુદેવને ખબર હોત કે જેને હું બચાવું છું–અરે જેને ઉછેરી–મોટો કરી યુદ્ધ વિશારદ બનાવું છું તે કંસના હાથે જ મારા સંતાનોનો વિયોગ થવાનો છે, તો કદાપિ તે તેને બચાવત ખરા ? શ્રેણિકરાજને કુણિકને ઉછેરવામાં રોજના સો ચાબકા ખાવા પડવાનો ખ્યાલ હોત તો તેમ કરત ખરા ? ખરેખર ભવિતવ્યતાની વિચિત્રતાનો પાર પામવા હજુ સુધી કોઇ શક્તિવાન થયું નથી; તેથીજ તેને માટે **अघटित घटितानि घटयति सुघटित घटितानि जर्जरी कुरुते** જેવા વચનો ઉચ્ચારાયા છે.

બીજે દિને શકડાળ મંત્રીશ્વરના મુખેથી પ્રશંસા થતાં

તે વરરૂચી દ્વિજને ૧૦૮ સોના મહોર મળવાનો આદેશ ખજાનચીને અપાયો. નીતિકારનું કથન છે કે સર્વ પાપનો બાપ લોભ છે. તે વાત ખોટી નથી. બ્રહ્મદેવની દ્રવ્ય લાલસાના પરીણામે શાસ્ત્રોમાં લોકરૂચિને પણ અગ્રસ્થાન મળ્યું છે અને એથી વાસ્તવિક સત્યધર્મમાં પણ વિવિધ ભેદો અને બખેડાઓ આપણે અનુભવી રહ્યા છીએ. લોભે લક્ષણ જાય એ કહેવત વરરૂચિના સંબંધમાં પણ સત્ય નિવડી. હવેથી તે બીજી આજીવિકાને તિલાંજલી આપી નિત્યશ: રાજ દરબારે જવા લાગ્યો. કાવ્યોમાં પણ નવિનતા અને બોધપ્રદતાને બદલે મિશ્રણતા વધવા લાગ્યા. પ્રથમનો રંક અને નમ્ર વરરૂચિ હવે પૃથ્વીતલ ઉપર ઘમંડથી ફરવા લાગ્યો. જ્યાં મંત્રીપત્નિ જેવાને તેમના દર્શન દુર્લભ થઇ પડ્યા ત્યાં બીજાની તે શી વાત કરવી !

નિધાનરૂપ કહેવાતા પણ ખરી રીતે નિર્ધન સમા અર્થના પાસમાં દ્વિજ વરરૂચી ફસાયો છે. એનાથી કેવી કેવી અનર્થોની પરંપરા ચાલે છે એ તો હવે પછી જોવાશે છતાં એટલું તો કહી દેવું જોઇયે કે પ્રારંભમાં મહત્વ વિનાની મામુલી વાતોમાંથી ભવિષ્યમાં ભયંકર પરિણામ આવે છે. ‘રજનું ગજ’ એ ઉક્તિ તરફ જરાપણ દુર્લક્ષ્ય કરવા જેવું નથી. તેથી જ નાનું કે મોટું દરેક કામ કરતાં પહેલાં તેનું ભવિષ્ય વિચારી જોવાની જરૂર છે.

# પ્રકરણ ૮ મું

## કામદિન્ના અને મંત્રીપુત્રીઓ.

ધીમેધીમે સહસ્રરશ્મિ મહારાજનું રાજ્ય પૃથ્વીતલ ઉપર પથરાઈ રહ્યું હતું. પ્રારંભમાં તેમના આનંદ આપતા કિરણો મનુષ્યના મસ્તિષ્કોને તૃપ્ત કરી રહ્યાં હતાં, ઉદ્યાનમાં પ્રાત:કાળમાં થઇ રહેલો પક્ષીગણનો કલ્લોલ અધુના લુપ્ત થઇ ગયો હતો. બરાબર નવનો સમય હતો. આ વખતે એક ઉદ્યાનની વચમાં આવેલા દેવાલયોમાંથી આરતિનો ધ્વનિ અને તે સાથે ઘંટાનાદનો મિશ્રણ રવ, ઉપરાંત વચમાં વચમાં કોઈ ભાવિકના મોટે સ્વરે ગવાતાં સ્તવનનો મધુર આલાપ કર્ણપર અથડાઈ આનંદ આપી રહ્યો હતો. આજ ઉદ્યાનના એક લતાકુંજમાં વિવિધ રંગી વસ્ત્રોથી અને કીંમતી આભૂષણોથી અલંકૃત થયેલા ગાત્રોવાળી અને રૂપમાં સ્વર્ગની અપ્સરાને પણ લજ્જા ધારણ કરાવે તેવી કેટલીક યુવતીઓ પરસ્પર વાર્તાલાપ કરી રહી હતી.

મોટી બ્હેન ! આજે આપણે પ્રભુનું પૂજન કર્યું તેમાં એક પછી એક વિધિ તમોએ કરી, તે પ્રમાણે મેં પણ કરી; છતાં મને તેનું રહસ્ય બરાબર સમજાયું નથી. તો હવે સમજાવશો ? એક સૌથી નાની દેખાતી રેણુ નામની બાળાએ પ્રશ્ન કર્યો.

બ્હેન રેણુ ! જીનપૂજનનું રહસ્ય ઘણુંજ અદ્‌ભૂત છે. જૈન ધર્મના પાળનાર દરેક આત્માએ તે જાણવું જરૂરી છે. અન્ય મતાવલંબીઓના માફક આપણા વીતરાગદેવનું જીવન ચરિત્ર રાગ–દ્વેષની પ્રવૃત્તિઓથી ભરેલું નથી; અને તેથીજ તેમની મૂર્તિ વીતરાગ દશાને સૂચવતી પદ્માસને વિરાજીત દશામાં સર્વત્ર દૃષ્ટિગોચર થાય છે. તેમનામાં અઢાર દૂષણમાંનું એક પણ દૂષણ નહીં હોવાથી અન્ય લૌકિક દેવો માફક નથી તો તેમના હસ્તમાં કોઇ પણ પ્રકારનું શસ્ત્ર કે નથી જપમાલા અથવા તો નથી તેમની બાજુમાં કોઈપણ શ્યામાનું પ્રતિબંબ. કેમકે તે સર્વ સાધનો ભય અને રાગદશા સૂચક છે. અરિહંત પ્રભુ તો સર્વથા દોષ રહિત હોવાથી તેમાં તેવા પ્રકારની કોઇ જાતની લીલાની કલ્પના હોતી નથી, તેમની મૂર્તિ એકાંત શાંતભાવને જાગ્રત કરનારી છે. શાસ્ત્રકાર મહારાજાઓએ તેમની પૂજા કરવાના ઘણા ઘણા માર્ગો જૂદી જૂદી અપેક્ષાએ દર્શાવ્યા છે; પણ તેમાં આઠ પ્રકાર મુખ્ય છે.

નિર્મળ જળથી પ્રક્ષાલન કરવું ૧, સુગંધી ચંદનથી વિલેપન, ૩ પુષ્પ ચડાવવા. એ ત્રણ પ્રકાર પ્રભુના શરીરને સ્પર્શીને કરવાના છે. પછી તેમની સન્મુખ ઉભા રહી ઉભય હસ્તે ધુપધાણામાં ધુપ ઉખેવવારૂપ ૪, અને દીપક ધરવારૂપ ૫ મો પ્રકાર છે. પશ્ચાત્ રંગમંડપમાં પાટલા ઊપર અક્ષતનો સ્વસ્તિક રચવાનો ૬ ઠ્ઠો અને તે ઉપર ઉત્તમોત્તમ ફળ મુકવાનો

૭ મો તેમજ નૈવેદ્ય ધરવા રૂપ છેલ્લો ૮ મો પ્રકાર છે. જોકે આ સર્વ ક્રિયા કરતી વખતે પ્રભુની જૂદી જૂદી અવસ્થાનું ચિંતવન કરવાનું છે. તેમજ તે વખતે તે તે ચીજો પ્રત્યેનો મોહ ઉતારવાનો છે. આ ઉપરાંત જીનભુવનમાં દાખલ થતાં ૮૪ આશાતનાઓ ટાળવાની તેમજ અમુક પ્રકારની જયણા રાખવાની છે. આ સર્વ દ્રવ્યપૂજનમાં ગણાય છે. અને ત્યારબાદ સુંદર રાગણીમાં પ્રભુની સ્તુતિ કરવી, તેમના ગુણગાન કરવા ઇત્યાદિ ભાવપૂજન છે. ત્હને યાદ હશે કે આપણે સર્વેએ સાથે બેસીને જે સ્તવન કર્યું તે આ ભાવપૂજામાં ગણાય છે. મારા સમજવા પ્રમાણે બ્હેન રેણા ! હવે તને જીનપૂજન સ્વરૂપ સમજાયું હશે. ત્હારા આ પ્રશ્નથી આપણા સખીવૃંદને પણ લાભ થયો. અવાર નવાર જો આવા પ્રશ્નો પર વિચારણા થતી રહે તો ઘણું જાણવાનું મળે.

કામદિન્ના બોલી, યક્ષાબ્હેન ! તમે પ્રભુ પૂજા વિષે જે વાત કહી તે અવશ્ય જાણવા જેવી છે; છતાં આપણે સર્વ હજુ યૌવનના ખીલતા કાળમાં પસાર થતાં હોવાથી તેમજ આપણા માથે ગૃહ સંસાર ચલાવવાનો જોખમદાર બોજો પડેલો હોવાથી અગર પડવાનો હોવાથી જો એ વિષે કંઈ વાત ચલાવી હોત તો વધારે અનુકુળ થાત. આપણે આજે તો ચતુર્દશીનો પર્વ દિન હોવાથી અત્રે ઉદ્યાનમાં પ્રભુપૂજન અર્થે આવ્યા છીએ; પણ હંમેશાં ગૃહકાર્યને વશ હોઇ આપણે તેવો અમૂલ્ય લાભ નિરંતર લઇ શકતા નથી. આ વાતને ટેકો આપતાં સેણા

નામની પાંચમી મંત્રીપુત્રીએ દર્શાવ્યું કે આવા મનોરમ ઉદ્યાનમાં રંગ બેરંગી ખીલેલાં કુસુમોના અને લીલા કુંજાર જેવા વૃક્ષોની મધ્યમાં, જ્યાં પક્ષીઓના કલરવથી સૃષ્ટિ સૌંદર્યનો કંઇ ચમત્કૃત પડઘો પડી રહ્યો છે તેવા સ્થાનમાં જો કંઇ શૃંગારિક ગરબો ગાયો હોત તો આનંદની અવધિ થઈ હોત ! આપણા સરખી નાની વયવાળી યુવતિઓને માટે હજુ ધર્મ સાધનનો અને તત્વ ગવેષણાનો પુષ્કળ સમય છે. તો પછી શા માટે યુવાવસ્થાના આ પ્રારંભકાળનો સમય વિનોદ અને શૃંગારરસપૂર્ણ આલાપ સંલાપમાં વ્યતિત કરવામાં ન આવે ?

સેણાની વાકચાતુર્યતાથી અને તેની વાત સર્વને પ્રીતિકર લાગવાથી યક્ષદિન્ના અને ભૂતા સિવાય સર્વ કોઇએ વધાવી લીધી. કુંદનબાળા નામની એક બોલકણી સખી બોલી ઉઠી કે–સાહેલીઓ ! હું જ્યારે જ્યારે યક્ષા બ્હેનને બોલતાં જોઉં છું ત્યારે ત્યારે તેમના મુખમાંથી માત્ર ધર્મ, અને ધર્મને લગતી બાબતો જ નિકળે છે. કદાચ તેમને ખોટું લાગે તો ભલે લાગે, પણ મારે કહેવુંજ જોઇએ કે હજુ પરણ્યા નથી ત્યાંસુધી તો તે ઠીક છે, પણ જ્યારે પરણીને સાસરે સિધાવશે ત્યારેજ ખબર પડશે કે બોલવા પ્રમાણે કેટલું પાળે છે ?

યક્ષા ઘણી જ શાંતિપૂર્વક પણ દ્રઢતા સાથે પ્રત્યુત્તર આપતાં બોલી કે ભગિનીઓ ! મને તમારી વાતો તદ્દન અજ્ઞાનતા ભરીજ ભાસે છે. શું ધર્મ વિષે સામાન્ય વાત કરવામાં

પણુ તમારો ગૃહસ્થાશ્રમ ના પાડે છે ? જીન પૂજનની વાત તો એક સામાન્ય બાબત છે. તે સિવાય જૈનધર્મમાં એવી તો કેટલીયે અપૂર્વ અને રહસ્યમય વસ્તુઓ કહેલી છે કે જે જાણુવા માટે જીંદગી પુરી કરીએ તો તે પણુ ઓછી જ ગણુાય. આજના આવા અપૂર્વ સમયમાં જો આ વાત સાનુકુળ ન હોય તો પછી આવી વાતો કરવાનો બીજો કયો ઉચિત સમય મેળવશો ? બ્હેન સેણુા કુદરતના આ આહ્લાદજનક કાળનો લાભ માત્ર શૃંગારિક વાર્તાલાપ કે ગીતથી લેવા આગ્રહ કરે છે પણુ તેમાં ગંભીર ભૂલ થાય છે. આ જ સમય પ્રભુની અપૂર્વતાનું ભાન કરાવનાર છે. તો કાચના કકડા માટે ચિંતામણી રત્નનો લાભ ગુમાવી દેવો તે યોગ્ય કેમ કહી શકાય ? કુંદનબાળા તો એમજ સમજતી લાગે છે કે પરણ્યા એટલે કેદમાં પૂરાયા. અલબત, ધણીની ભકિત સાચવવી એ સન્નારીઓનો આવશ્યક ધર્મ છે; પણુ તેથી એવો અર્થ તો નથીજ નીકળતો કે ધર્મ વિષે નારી જાતે કંઇ વિચારવું કે કરવું જ નહીં. માનભદ્રભાઇ તો કોઇ દિને તેમ કરતાં કામદિન્ના ભાભીને વારે તેમ નથી. બાકી હરિભદ્રભાઇ-ની મને ખબર નથી. કેમ કુંદનબાળા ! ખરી વાત શી છે ?

યક્ષદિન્નાએ એક નવીજ દલીલ કરી કે જો તમારા કહેવા મુજબ લગ્ન કર્યા પછી સ્ત્રીજાતિ આવા પ્રકારના બંધનમાંજ ગુંચવાઇ રહે તો પછી તેવા લગ્નજ શા માટે કરવાં જોઇએ ?

કુંદનબાળા અદ્યાપિ સુધી યક્ષાના પ્રશ્નનો જવાબ દઇ શકી ન હતી તે લાગ જોઇ બોલી ઉઠી. ત્યારે ચોકખું એમજ

કહોને કે—' અમારે લગ્ન જ કરવાં નથી અને કુંવારા રહેવું છે. ' તમારા અને યક્ષા બ્હેનના વિચાર તો એવાજ લાગે છે. પણ મારી ચેતવણી ધ્યાનમાં રાખજો કે—પુરૂષ કુંવારો રહ્યો જોયો છે, પણ સ્ત્રી કુંવારી રહી જોઇ નથી. "

અત્યારે વાત રસપર ચઢી હતી, સૌની નજર શું રદ્દીયો અપાય છે તે તરફ હતી. પણ યક્ષાની બુદ્ધિ સર્વના કરતાં તીક્ષ્ણ હોવાથી આ પ્રશ્ન માટે તેને પ્રત્યુત્તર આપતાં લાંબો સમય ન લાગ્યો. અતિ શાંતપણે ચોતરફ દૃષ્ટિ ફેંકતાં તે બોલી:—બ્હેનો ! તમે ભૂલી કેમ જાવ છો ? ભગવાન રૂષભ-દેવની પુત્રીઓ બ્રાહ્મી અને સુંદરી પરણેલી હતી કે કુંવારી ? મલ્લીકુંવરીની સ્થિતિ કેવા પ્રકારની હતી ? શા માટે રાજીમતિ-ના ઉદાહરણને સ્મૃતિપથમાં લાવતાં નથી ? જો તમને આટલા દાખલાથી પણ સંતોષ ન વળતો હોય તો હજુ વધારે દર્શાવું. શ્રીમાન વીરપ્રભુની પ્રથમ સાધ્વી ચંદનબાળા કોને પરણ્યા હતા ? કુંવારા હતા તેથીજ બાળા કહેવાયા. બાકી તેમનું મુળ નામ તો વસુમતિ હતું. આ સિવાય તો બીજા ઘણા દ્રષ્ટાન્તો છે, પણ અતિ વિસ્તારથી સર્યું. નારી કુંવારી નજ રહી શકે એવો કંઇ નિશ્ચયાત્મક નિયમ નથી. કુંવારા રહી જીવન સન્માર્ગે ગાળવું કે સંસારમાં રહી ગૃહસ્થી બનવું એ પોતપોતાના વિચાર ઉપર આધાર રાખે છે. એવી બાબતોમાં એકાંતિક નિયમ પકડી રાખવો એ ભુલ ભરેલું છે. વળી મને કાંઇ શૃંગારિક વિષય તદ્દન નાપસંદ છે

એમ કંઇ નથી; કેમકે હું ઘણાં કાવ્યના પુસ્તકો વાંચુ છું અને તેમાંથી મધુર અને કર્ણપ્રિય શ્લોકોને કંઠે પણ કરૂં છું; છતાં આટલું નિ:સંદેહ કહી દઉં છું કે મને ધાર્મિક વિષયમાં જેટલો રસ પડે છે તેટલો બીજા કશામાં નથી પડતો. ખરેખર આમ્ર-વૃક્ષના સુંદર ફળનું આસ્વાદન કરી કટુ ફળની આશા કોણ કરે ?

એ સાંભળી કામદિન્ના હર્ષિત વદને બોલી:—" સાહેલીઓ ! ઘરે જવાનો સમય થવા આવ્યો છે તો આપણે ચાલીશું ? આટલી લંબાણ કથનીથી એક વાત સ્પષ્ટ સમજાય છે કે યક્ષા બ્હેન તો સંસારમાં પડવાના જ નથી. તેમની વાણીમાંથી એ ભાવ કળી શકાય છે. બાકી યક્ષદિન્ના અને ભૂતાબ્હેન વિષે તો કંઇ કહી શકાય નહીં. સેણાબ્હેન ! તમે તો શૃંગાર રસમાં કુશળતા ધરાવતા હોવાથી તમને સંસાર તેમના જેટલો કડવો તો નહીં લાગતો હોય ! એમ કહી સર્વે ઉદ્યાનના દરવાજા તરફ ચાલવા લાગ્યા. સેણાબ્હેને માર્ગમાં પરખાવી દીધું કે મોટી ભાભી ! તેમ માનવામાં તમારી ભૂલ થાય છે, વાણીમાં અને વર્તનમાં અથવા તો અભ્યાસમાં અને ક્રિયામાં અમો સર્વે બ્હેનો મ્હોટી બ્હેનનું અનુકરણ કરવાના. ગાય તે ગાવાના અને તે ગમન કરે તે માર્ગે જવાના તેમાં તલભાર પણ શંકા ન ધરવી.

# પ્રકરણ ૯ મું.

---

## વિદ્વત્તાની કસોટી.

**यथा चतुर्भिः कनकं परीक्ष्यते, निघर्षणच्छेदनतापताडनैः ।**
**तथा चतुर्भिः पुरूषः परीक्ष्य ते, त्यागेन शीलेन गुणेन कर्मणा ॥**

પ્રાત:કાળનો સમય સૌ કોઈને ઘણોજ આનંદદાયક લાગે છે, તેનું મુખ્ય કારણ તો એજ છે કે નિશા દેવીના સંગમાં પડયા પછી દિવસનાં કામોમાં લાગેલો પરિશ્રમ ઉતરી જવાથી મગજ શાંત અને નિર્મળ બને છે. નીતિકારોએ તેથીજ તે સમયને કળા શિખવા માટે અગર તો અધ્યયન કરવા માટે અતિ શ્રેષ્ઠ ગણ્યો છે. નવનો સમય થયો છે. આજ વખતે પોતાના દરબારમાં રાજાધિરાજ નંદરાજ એક ઉચ્ચ આસન ઉપર વિરાજમાન થયા છે. બાજુમાં કંઇક નીચા આસને મંત્રીશ્વર શકડાળ અને ત્યારબાદ બીજા અમાત્ય, નગરરક્ષક કોટવાળ, રાજના કોશાધ્યક્ષ અને નગરશેઠ આદિ મોહોદાર અધિકારી અને મહાજન વર્ગ યથોચિત સ્થાને ગોઠવાઈ ગયેલો દ્રષ્ટિગોચર થાય છે. નૃપતિની મુખમુદ્રા પરથી જોનારને એમજ ભાસ થતો કે આજે તે કંઇ મહાન્ વિચાર વમળમાં ગોથા ખાય છે. અચાનક તેની નજર પ્રથમ મંત્રીશ્વર શકડાળ ઉપર પડી; અને બોલ્યા. " હજી દ્વિજ વરરૂચી નથી પધાર્યા. ?"

મંત્રીએ અંજલી જોડી પ્રત્યુત્તર આપ્યો " મહારાજ ! હજુ તે આવ્યા નથી.

' આવ્યા નથી ' એ વાક્ય કર્ણપર અથડાતાંજ ભૂપતિની ભ્રકુટી ગંભીર બની અને પ્રતિહારીને હુકમ કર્યો કે " બ્રાહ્મણ વરરૂચીને તાકીદે બોલાવી લાવો. "

સભ્યગણ આજનો આ દેખાવ નિરખી આશ્ચર્યમાં ગરકાવ થયો અને આજે જરૂર કંઇ નવી ઘટના બનશે એવી ધારણા સૌ કોઇના મનમાં જન્મ પામી. અલ્પ સમયમાંજ દ્વિજ વરરૂચી સભાસ્થાનમાં પ્રવેશ કરી નમસ્કાર કરવા પૂર્વક હંમેશની માફક શ્લોક ભણવા લાગ્યો; છતાં તેના હૃદયમાં પણ રાજાધિરાજની ગંભીર પ્રકૃતિથી કહો કે પ્રતિહારીના તેડાથી કહો, ગમે તે કારણથી કુરકુરીઆ રમવા લાગ્યા હતાં. આજે ન તો રોજની માફક તેનો કંઠ નિકળતો કે ન તો શ્લોકમાં નવિનતા અને ચમત્કૃતિ જન્મતી. કેટલીયે વાર વચમાં સ્ખલના થઇ ગઇ. આ રીતે ૧૦૮ શ્લોકોનો અંત આવ્યો પણ ન તો રાજા સાહેબે પોતાના વિચાર વમળમાંથી તેમની પ્રશંસા કરી કે ન તો મહા અમાત્યે તેમાં હા ભણી. અલ્પકાળને માટે ત્યાં એવી તો નિરવતા પથરાઇ ગઇ કે એક ટાંકણી પડે તો તેનો અવાજ પણ સંભળાયા વિના ન રહે

થોડીવાર પછી મહારાજા નંદરાજે જાતેજ પ્રશ્ન કર્યો. ' મહાશય ! તમે બ્રહ્મપુત્ર ઉષા કાળમાં વહેલા ઉઠનારા હોઇ

તેમજ સંધ્યા વંદનપૂર્વક પ્રભુસેવા કરી પવિત્ર થઈ હરેક કામ કરનારા હોવા છતાં આજે તમને આટલો વિલંબ શાથી થયો ? અમારા સરખા સંસારાસક્ત આત્માઓ માટે તેવો પ્રમાદ લેખી શકાય; પણ આપ સરખા વિદ્વાનને એ વાત ઘટે શી રીતે ? વળી તમારા ભાલપ્રદેશ પર તિલક પણ દૃશ્યમાન થતું નથી તેનું શું કારણ ?

પંડીતજી તો આ પ્રશ્નની પરંપરાથી ગભરાઇ ગયા. વળી સ્નાન કરેલું હોવા છતાં તિલક કરવું શાથી ચુકી ગયા તે વિચારવા લાગ્યા. જવાબ પણ શું દેવો તેની મનમાં ભાંજગડ થવા લાગી. આખરે ધ્રુજતા દેહે ઉત્તર આપ્યો કે ' મહારાજ, સંધ્યા સેવા તો કરી છે; છતાં તિલક વિસરી જવાયું છે. ' જ્યારે વિલંબનું કારણ ઉચ્ચારવાની તસ્દી તો લીધીજ નહીં.

' મહાશય ! તમારા આજના શ્લોકો શું નવિન છે. ? અને તે તમારાજ રચેલા છે કે ? રોજના જેવી તેમાં ચમત્કૃતિ કેમ નથી જણાતી ? ' રાજાએ ઠંડા દીલે પ્રશ્ન કર્યો.

' મહારાજ ! શ્લોકો તો નવીન છે, પણ કૃતિ મારા એકલાની નથી.' બ્રાહ્મણ વરરૂચિએ શંકિત હૃદયે પ્રત્યુત્તર આપ્યો.

' ભૂદેવ ! હજુ પણ વિચારીને બોલો. આ શ્લોક નવિન નથી. તેની ખાતરી તમારી સમક્ષ કરવામાં આવશે. માટે હજુ પણ સત્ય કહો, ' રાજાધિરાજે આવેશયુક્ત સ્વરે ભય દર્શાવ્યો.

'મહારાજ ! હું અસત્ય નહીં વદું. ખાતરીપૂર્વક જણાવું છું કે તે સર્વે નવીનજ છે; છતાં તેની પુરાણુતા સાબિત કરવા મારી આપને વિનંતિ છે.' ભૂદેવે વિશ્વાસ બેસારવા પણ કંપિત હૃદયે કહ્યું.

તુરત રાજેશ્વરની દૃષ્ટિ અમાત્ય તરફ વળી; અને પ્રશ્ન કર્યો 'કેમ મંત્રીશ્વર ! તમારી શી માન્યતા છે ?'

'મને પણ નવિન તો નથી લાગતા. આપની આજ્ઞા હોય તો મારી પુત્રીઓ દ્વારા તેનું પુનરાવર્તન કરાવું જેથી આપને ખાત્રી થશે કે નવા છે કે જુના ! શકડાળ મંત્રીએ ઉચિત જવાબ દીધો.

મહારાજાએ તુરતજ કોટવાળ સાથે રથ મોકલી મંત્રી સુતાઓને બોલાવી લાવવાની આજ્ઞા કરી અને તે સાથેજ તેઓને બેસવા માટે સભામંડપમાં પડદો નાંખવા કંચુકીને હુકમ ફરમાવ્યો.

થોડાજ સમયમાં યક્ષા, યક્ષદિન્નાદિ મંત્રીશ્વરની પુત્રીઓ આવી સીધી પડદામાં જઇ બેઠી અને મહારાજાને નમ્રતાપૂર્વક પ્રણામ કર્યા.

રાજાધિરાજે ભૂદેવને તેમના શ્લોકો ફરીથી બોલી જવાની સૂચના કરી; જેનો અમલ તરત થયો. જેવી તેમની વાણી પૂર્ણ થવા આવી કે મંત્રીએ મ્હોટી પુત્રી યક્ષાને તે સર્વ કહી જવાનું સુચવ્યું.

યક્ષાએ પણ પિતૃવાક્ય માથે ચડાવી પદડામાં રહી શ્લોકો બોલવાની શરૂઆત કરી. એક તો સ્ત્રીજાત અને મધુર કંઠ. પછી પુછવુંજ શું ? વળી તેમાં યક્ષાની વિદ્વત્તા માટે તો અવધિનો આંકજ ગણાય. આટલુંજ વરરૂચિના પરાભવ માટે અને શ્લોકોની પુરાણુતા સાબિત કરવા માટે બસ હતું; પણ એક પછી એક જ્યાં યક્ષદિન્ના ભૂતા વિગેરેએ તેના તેજ શ્લોકોનું મંજુલ સ્વરે પુનરાવર્તન કર્યું એટલે સભાસ્થાન હર્ષનાદોથી ગાજી રહ્યું. તે સાથે વરરૂચિના ધૃષ્ટતાની પણ હદ આવી રહી. તેનું મુખ મ્લાન બની ગયું. તેના મનમાં પણ શંકાનો આવિર્ભાવ થયો કે પ્રમાદથી નવિનને બદલે અગાઉ બોલાયેલા શ્લોકો પુનઃતો નહીં બોલાઇ ગયા હોય !

બીજી બાજુ સભાજનો પણ વરરૂચિના તરફ શંકિત હૃદયે જોવા લાગ્યા. કેટલાકને તેની આવા કફોડી દશાથી દુઃખ થયું. કેટલાકના મનમાં થયું કે આમ થવુંજ જોઇતું હતું કેમકે તે વિના તેનો વધી ગયેલો ગર્વ ઉતરત નહીં. કેટલાક રાજ્યહિતચિંતકોને તો રાજખજાનામાંથી રોજ દિનારનો સ્વાહા થતો વ્યય બંધ થશે એ વિચારથી ખુશાલી ઉપજી જ્યારે કેટલાક તો શોકસાગરમાં ગોથાં ખાવા લાગ્યા કે આવા વિદ્વાન્ પંડિતથી આજે આમ કેમ થયું ?

આવી રીતે ભૂદેવ પ્રત્યેની ભિન્ન ભિન્ન પ્રકારની લાગણી સભાજનના મુખ ઉપરથી તરી આવતી હતી; છતાં સૌ

કોઇ મંત્રીપુત્રીઓની તો એકમુખે પ્રશંસા કરતા હતાં, તે બાળાઓએ આટલી ન્હાની વયે પ્રાપ્ત કરેલી આવી અપૂર્વ શક્તિ માટે તેમને વારંવાર ધન્યવાદ આપતા નંદરાજ પણ મંત્રીપુત્રીઓના કાર્યથી ઘણો ખુશી થયો. એકદમ તેણે કોશાધ્યક્ષને આજ્ઞા ફરમાવી કે 'આજથી આ કપટી દ્વિજનું ઇનામ બંધ કરો; અને હવે પછીથી પુન: તેને દરબારમાં આવવાની મનાઇ કરો; તે મારી સમક્ષ પણ મૃષાવાદનું સેવન કરતાં અચકાયો નહીં. બ્રાહ્મણ જાણી હું તેને છોડી દઉં છું. નહિં તો તેને આજે જરૂર કારાગ્રહનો અતિથી બનાવત' કોષાધ્યક્ષે અંજલી જોડી આજ્ઞા માથે ચડાવી.

પશ્ચાત્ નરેન્દ્રે સુંદર વસ્ત્રાભૂષણોથી તેમજ કિંમતી અલંકારોથી યક્ષાદિ મંત્રી તનયાઓને સત્કારી, કોટવાળને તેણીને માનપૂર્વક ઘરે પંહોંચાડવાની આજ્ઞા ફરમાવી. મંત્રીકન્યાઓની વિદ્વત્તા નિરખી તેનું હૃદય આશ્ચર્યમય બન્યું હતું. સમય થઇ ગયેલો જાણી સભા બરખાસ્ત કરી મહારાજા અંત:પુરમાં ચાલ્યા ગયા.

---

## —: સ્ત્રીઓનાં આભૂષણરૂપ :—

### —: આ બે પુસ્તક જરૂર વાંચજો :—

જેના વાંચનથી, ગમે તેવી સ્ત્રી આદર્શ જીવન બનાવી શકશે.

| | | |
|---|---|---|
| પ્રતિભાસુંદરી યાને પૂર્વ કર્મનું પ્રાબલ્ય | ... ... | ૧-૮-૦ |
| સદ્ગુણી સુશીલા. | ... ... ... ... | ૧-૦-૦ |

લખો:—જૈન સસ્તી વાંચનમાળા—રાધનપુરી બજાર—ભાવનગર.

# પ્રકરણ ૧૦ મું.

## પરિચયની પ્રથમ પ્રભાત,

માલતી, આજે ત્હને પરવારતાં આટલી બધી વાર કેમ લાગે છે? શું ત્હને યાદ નથી કે આજે શનિવાર હોવાથી મારે ગુલજાર બાગમાં આવેલા શ્રી શાંતિનાથ પ્રભુના દેવાલયમાં પૂજન અર્થે જવું છે. એક સર્વાંગ સુંદર બાળાએ પોતાની દાસી પ્રત્યે પ્રશ્ન કર્યો.

સ્વામિની! મને ને વાત યાદ હોવા છતાં આજે મને ઉઠતાં વાર લાગી છે; છતાં હવે તૈયાર થઇ જવા આવી છું. માટે જેવી આજ્ઞા હોય તે ફરમાવો. કહો તો માધવાનંદને ગાડી લાવવાનું કહું. માલતીએ શેઠાણીના પ્રશ્નનું નમ્રતાથી નિરાકરણ કર્યું.

'સત્વર ગાડી લાવવાની ખબર આપ' એમ કહી તે બાળા ઉપરના ભાગમાં ચાલી ગઇ અને અલ્પ સમયમાં યોગ્ય વસ્ત્રાભુષણથી અલંકૃત થઇ નીચે આવી જ્યાં પોતાની માતુશ્રી બેઠેલા હતાં ત્યાં જઇ તેમને પ્રણામ કરી ગુલજાર બાગમાં જવાની આજ્ઞા માગી. તે તેના નિયમથી વાકેફગાર હોવાથી તેમજ દર શનિવારે તે તથા માલતી ગાડી લઇને જાય છે એ વાત જાણતી હોવાથી તરતજ રજા આપી; છતાં સંભાળપૂર્વક

વિના વિલંબે પાછા ફરવાનું પણ સૂચવ્યું. થોડીવારે ગાડી આવતાં તેઓ ઉભય બાગ તરફ રવાના થઇ ગઇ.

જે સમયની વાત થાય છે તે સમયે પાટલીપુત્ર નગરની સ્થિતિ જૂદા પ્રકારની હતી. રાજધાનીનું શહેર હોવાથી તેમ વેપાર ઉદ્યોગનું મોટું મથક હોવાથી પ્રાતઃકાળના સમયથીજ ત્યાં મનુષ્યોના ગમનાગમનની અને ગાડીઘોડાની દોડધામ શરૂ થઇ ગઇ હતી. તેના દરેક રસ્તા પંચરંગી પ્રજાના વસવાટથી અને જવર અવરથી ભરચક દેખાતા હતા. અતિશયોક્તિ કર્યા સિવાય કહીએ તો તે નગરને હાલના મુંબઈની તુલનામાં ઉતારી શકાય તેવું હતું. અલબત કેટલીક સરખામણીમાં તે જુદું પડતું; છતાં વેપારવણજ અને ધમાલ તો બન્નેના સરખાંજ હતાં.

માધવાનંદ એક હુશિયાર ગાડી હાંકનાર હતો; છતાં અભણ જાતમાં જન્મેલો હોવાથી કેટલીકવાર સોબતીયાઓની સંગતે ચડી જઈ મદીરાનું પાન કરતો. જો નિશો પૂરેપૂરો ઉતર્યો ન હોય એવા સમયમાં જો તેના હાથમાં ગાડી ચલાવવાનું કામ આવતું તો ઘણી વખત અથડામણ થઇ જતી. આજે પણ તેવુંજ બન્યું. આગલી રાત્રે તેના સગા સાથે તેણે મદિરાનું પાન કર્યું હતું અને મોડી રાતે સુતો હતો. એટલે અત્યારે તેના મગજની અસ્થિર દશા હતી. ગાડી પૂરપાટ ચાલી જતી હતી. તેના મસ્તિષ્કમાં એટલો પણ ખ્યાલ ન

હતો કે આ બજારનો સરિયામ માર્ગ છે. સામેથી એક બીજી ગાડી ઝડપથી આવતી હતી તેનો ખ્યાલ રાખ્યા વીના માધવનંદે પોતાના ઘોડા માર્ગની એક બાજુ ઓળંગી બીજી બાજુ વાળ્યા એટલે સામેથી આવતી ગાડીના સજ્જડ ધક્કાથી પોતાની ગાડીનું બારણું એકાએક ઉઘડી ગયું અને તેમાં બેઠેલી માલતી તથા બાળા એકદમ ઉછળીને નીચે પડી. સામેથી આવેલી ગાડીના ઘોડા પુર જડપથી ગમન કરતા હોવાથી આ ઉભય સ્ત્રીનો કાળ પૂર્ણ થવાનો સમય આવી પહોંચે તે પહેલાં ત્યાંથી પસાર થતા એક ચાલાક ઘોડેસ્વારે ઘોડા પરથી એકદમ કૂદી પડી સામેથી આવતી ગાડીના ઘોડાની લગામ જોરથી પકડી તેને તેજ ક્ષણે ત્યાંજ અટકાવી દીધા.

આ બનાવ એટલો બધો જલ્દીથી બન્યો હતો કે જો તેને બીજી પળ લાગી હોત તો આ દુનિયા પર માલતી અને તેની શેઠાણીનું અસ્તિત્વ કદાચ નહોત. તેઓ અત્યારે મૂર્છિત દશામાં ભૂમિ પર પડેલા હતા. વળી નવીન ઘોડેસ્વારને પણ ઘોડાને થોભાવતાં હાથે સખ્ત ઇજા થઇ હતી. માધવાનંદનો નિશો એકાએક આ બનાવથી ઉતરી ગયો અને પોતે કેવા જોખમમાં ગાડી હાંકયે જાય છે તેનું ભાન થયું. આગંતુક ઘોડેસ્વારે અને માધવાનંદે પવન નાંખીને માલતી તથા બાળાને શુદ્ધિમાં લાવવાને પ્રયત્નો કરવા માંડ્યા અને એકઠા થયેલા લોકોને બાજુ પર ખસેડી માધવાનંદે પોતાની ગાડીને

એક બાજુ કરી સામી ગાડીને જવાનો માર્ગ કરી આપ્યો. માલતીને શુદ્ધિમાં આવતાં ઝાઝી વાર ન લાગી. પણ બાળાની સ્થિતિમાં હજુ કંઇપણ ફેરફાર થયો નહોતો. માલતીની સ્હાયથી બાળાને ગાડીમાં સુવાડી આગંતુકે પણ પોતાના ઘોડાને તે ટોળામાંના એક માણસને કે જેનું નામ રાઘવ હતું તેના હાથમાં સોંપી પોતાને ઘેર લઇ જવાની આજ્ઞા ફરમાવી અને પોતે માલતી સાથે ગાડીમાં ચઢી બેસતાં માધવાનંદને ગાડીને ગંગા કીનારે થઇ ગુલજાર બાગ લઇ જવા જણાવ્યું. હજુસુધી બાળાની મૂર્ચ્છા ન વળવાથી માલતી બિચારી તદ્દન ગભરાઇ ગઇ હતી–તેનો જીવ ચકડોળે ચડયો હતો. શેઠને શું જવાબ દેવો એ વિચારે તેને કિંકર્તવ્ય મૂઢ બનાવી દીધી હતી. નવિન મનુષ્ય હજુ પણ તે નિશ્ચેષ્ટ બાળાને પોતાના રૂમાલવતી પવન નાંખતો હતો. વળી નદી તટની ઠંડી હવા પણ આવતી હતી જેથી બાળાની મુર્ચ્છા ધીરે ધીરે ઉતરતી જણાઇ અને પોતાના શરીરને હલાવવા લાગી. ગુલજાર બાગની સમીપમાં આવતાં તેનામાં સંપૂર્ણ શુદ્ધિ આવી અને આંખો ઉઘાડતાં પોતાની સામે એક નવિન મનુષ્યને નિહાળી પાછી આંખો મીંચી દીધી. તેના મનમાં આશ્ચર્ય થયું કે ' આ નવિન યુવક પોતાની ગાડીમાં શી રીતે અને શા માટે આવ્યો ? આ સ્થિતિ લાંબો સમય ચાલી નહીં. કેમકે ઘોડાગાડી નદી કિનારે ચક્કર લઇ ગુલજાર બાગના દરવાજા આગળ આવી ખડી થતાં યુવક તરતજ નીચે ઉતરી પડયો. માલતીએ ધીમેથી

તે બાળાને નીચે ઉતારી. જો કે અત્યારે તે પૂર્વની અવસ્થામાં આવી ચુકી હતી. છતાં નવિન યુવકના દર્શને તેના હૃદયમાં કંઈ વિચિત્ર ઝણઝણાટ પેદા કરેલો હોવાથી અદ્યાપિ સુધી તેણે એક શબ્દમાત્રનો પણ ઉચ્ચાર કર્યો નહોતો. નવિન યુવકે ગાડીમાં માલતી દ્વારા આ બાળાના નામ અને કુટુંબ સંબંધી થોડી હકીકત જાણી લીધી હતી. એટલે 'પ્રિયંવદા!' એ નામે સંબોધતાં તે યુવકે બાળાને જણાવ્યું કે 'તમારે પૂજનના કાર્યની શરૂઆત કરતાં પહેલાં અર્ધો કલાક આ બગીચામાં વિશ્રાન્તી લેવાની જરૂર છે; કેમકે એકદમ ન્હાવાથી કદાચ તમારી પ્રકૃતિ બગડી આવે.' એટલું બોલી તે દેવાલય તરફ ચાલવા લાગ્યો. પણ પ્રિયંવદાની ચક્ષુઓથી તે યુવક વેગળો જાય એ તેનાથી સહન થઈ શકયું નહિં. તેથી તેણે લજ્જાસ્પદ ચહેરે ધીમેથી કહ્યું–'જો તમને કંઈ હરકત ન હોય તો તેટલો સમય અહીંજ વ્યતિત કરવાની મ્હારી આપને પ્રાર્થના છે. અને આશા રાખું છું કે મારી પ્રાર્થના વ્યર્થ તો નહિંજ થાય. આપે મને પ્રાણદાન આપી મ્હારા ઉપર જે એક મ્હોટો ઉપકાર કર્યો છે, તે માટે આપનો હું અન્તઃકરણ પૂર્વક આભાર માનું છું.'

યુવક પણ ઝાઝો આગ્રહ ન કરતાં રંગબેરંગી સુગંધીદાર પુષ્પોથી છવાઇ રહેલા લતાકુંજમાં પ્રિયવંદા સાથે એક આરામસ્થાન ઉપર બેઠો. માલતી પણ સમય જોઇ ફુલ વિણ-

વા માટે બાગમાં આમ તેમ ફરવા લાગી, થોડીવાર સુધી બંને શરમથી કંઇ પણ બોલ્યા નહીં. છેવટે મૌનતાનો ભંગ કરતાં યુવકે પ્રશ્ન કર્યો "તમારી પ્રકૃતિ હવે કેમ લાગે છે ?"

પ્રિયવંદાએ પણ શરમનો પડદો ખસેડીને જણાવ્યું. "મારી હાલત હવે તો તદ્દન સારી-છે બાકી તે વખતે શું બન્યું તેનું મને જરાપણ ભાન નથી. છતાં માલતીની આપની સાથેની વાતપરથી હું જાણી શકી છું કે આપ જો મારી વ્હારે ન ધાયા હોત તો આજે અમો ઉભય આ દુનિયાને છેલ્લી સલામ કરી ગયા હોત ! પણ હવે ભુતકાળની વાત જવા દઈ તમારો તે માટે ઉપકાર માનું છું અને આપનું શુભ નામ જાણવા આતુર છું. શું મારી એ ઇચ્છા તૃપ્ત નહીં થાય ?"

યુવકે કેટલીકવાર પર્યંત મૂકવૃત્તિનું અવલંબન કર્યું, પણ છેવટે ઘણો આગ્રહ થવાથી કહ્યું મારૂં નામ 'શ્રીયક' છે. અને શકડાળ મંત્રીનો હું પુત્ર છું.

એ સાંભળી પ્રિયવંદાના મુખ પર સ્મિત ફરકયું અને હર્ષથી ઉભરાઈ જતું હોય તેમ તેનું અંતર–હૃદય ઉછળવા લાગ્યું. તેનો ચહેરો લાલીમાથી વ્યાપ્ત થઇ ગયો. શરીરે પણ રોમાંચ અનુભવ્યો. તેના મનમાં એવી ધારણા હતી કે પોતાને બચાવનાર વ્યકિતને પિતા પાસે લઇ જઇ યથાયોગ્ય પારિતોષિક અપાવીશ. પણ જ્યારથી મંત્રીપુત્રનું નામ કર્ણગોચર થયું ત્યારથી તેના મનમાં અનેક તર્ક–વિતર્ક થવા લાગ્યા. એમને ત્યાં કઇ વસ્તુની ઉણપ હોય કે જેથી તે મારૂં પારિતોષિક સ્વી-

કારે ? અને વળી તેમના યોગ્ય વસ્તુ પણ કઇ યોજવી ! એમ વિધવિધ વિચારના તરંગોમાંથી અનેક વસ્તુઓ પસાર થઇ ગઇ છતાં તેમને આપવા યોગ્ય એક પણ વસ્તુ ન જડી. છેવટે એક વસ્તુ યોગ્ય જણાઇ. પણ તે આપવામાં પોતે કંઇ ઉતાવળુ પગલું ભરે છે એવો ખ્યાલ આવતાં જરા સંકોચ પામી. છતાં હિમ્મત લાવી પ્રધાનપુત્ર પ્રત્યે કટાક્ષ ફેંકતાં સ્મિતવદને પૂછયું "મહાશય! આપ ત્યાં અચાનક શી રીતે આવી ચડયા ? વળી આપ પગપાળા હતા કે શું ? ઇત્યાદિ વૃત્તાંત કહી સંભળાવવા આ દાસી પર મહેર કરશો. સાથે એ પણ જણાવશો કે આપ કઇ સૌભાગ્યવતીના મુગુટમણી છો ? આપના દેખાવ પરથી જોકે કંઇક સ્હેજે કલ્પના થઇ શકે છે; છતાં સ્પષ્ટ જાણુવાને ખાતર આપને પૂછવાની ધૃષ્ટતા કરૂં છું તે માટે ક્ષમા કરશો.

શ્રીયકની દશા પણ જુદાજ પ્રકારની હતી. જ્યારથી આ બાળાના ચહેરાને તેણે અવલોકયો હતો ત્યારથી તેનો સંગ છોડવો તેને ગમતો નહતો. તેમાં વળી તેનાજ તરફથી ઉપરોકત પ્રશ્નો રજુ કરાયા એટલે તેનું મન વધારે પ્રફુલ્લ બન્યું. તેણે પ્રિયવંદાને અથેતિ વૃત્તાંત કહી સંભળાવ્યું અને અંતમાં જણાવ્યું કે હજુ હું કુમારવસ્થામાં છું તેમજ અઠવાડીયામાં એકાદ દિવસ શ્રીશાંતિનાથના દર્શન કરવા આવવાનો નિયમ હોવાથી આજે આ તરફ ચાલી નિકળ્યો હતો.

'હું કુમારાવસ્થામાં છું' એ શબ્દો સાંભળતાં પ્રીયંવદાના અંતરમાં આનંદની ઉર્મિઓ ઉછળવા લાગી. તરતજ

તેણીએ અંજલી જોડી શ્રીયકકુમાર પ્રત્યે પ્રાર્થના કરતાં જણાવ્યું કે-મારા પ્રાણનું રક્ષણ કરી આપે મને જીવિતદાન આપ્યું છે, તેના બદલામાં મારી પાસે આપવાનું કંઇ પણ નથી. માટે મારી આ કાયા જ મન વચન વડે કરી આપની સેવામાં અર્પી કૃતાર્થ થવા ઇચ્છું છું. જો કે કાયાનું દાન દેવાનો અધિકાર પિતાનો હોવાથી તે કાર્ય તેમની મારફતે જ થશે. એમાં શંકાને જન્મ આપવાનું કારણ નથી.

એવામાં માલતી હસ્તમાં એક સફેદ પુષ્પની માળા લઇ આવી પહોંચી. તેના હસ્તમાંથી માળા લઇ પ્રિયવંદાએ તે માળા કુમારના કંઠમાં સ્થાપન કરી અને તે સાથે પોતાનું હૃદય અર્પણ કરી ગાંધર્વલગ્નની ઝાંખી કરાવી. કુમારે પણ માંતે સ્વસમ્મતિ દેખાડી. બન્નેએ એકબીજા સામે સ્નેહપૂર્ણ નજરે સ્મિત કર્યું. આવી રીતે સુખાનુભવ કરતાં સમય ઘણો વ્યતિત થઇ જવાથી તેઓ દેવાલય તરફ જવાને ઉઠયાં.

પ્રિયવંદાને પૂજા કરતાં આજે અતિશય ઉલ્લાસ થયો. આગળ તેણી દ્રવ્ય પૂજનમાં સવિશેષ સમય ગાળતી પણ આજે તેથી ઉલટું જ કર્યું. ભાવપૂજનમાં તેને કંઈ જુદી જ લગની લાગી હતી. કેટલોક કાળ પ્રભુ સન્મુખ એકાગ્રતા કરી ધ્યાનમગ્ન દશામાં પસાર કર્યા બાદ મંજુલ અને કર્ણપ્રિય સુરથી પ્રભુનું સ્તવન લલકારવું શરૂ કર્યું, કે જેના સરોદે દેવાલયમાંના સર્વ કોઇનું ચિત્ત આકર્ષી લીધું; એટલુંજ નહીં પણ મધ્યાહ્નકાળ થયો તેની સ્મૃતિ પણ ન રહી.

# પ્રકરણ ૧૧ મું.

## પ્રપંચજાળનું મંગળાચરણ !

પાપી સ્વારથ સાધવા, કરે પ્રપંચ અપાર;
ધાર્યું તેનું થાય નહિં, ધાર્યું થાય કિરતાર.

"હું કોણ ? મારા જેવા વિદ્વદ્‌શિરોમણીનું ભરસભામાં અપમાન ! અને તે પણ રાજાધિરાજના હસ્તે ! તે સહન થાયજ કેમ ? ખરેખર કળિયુગ ! ત્હારી કપટકળાથીજ અમારા વિપ્ર સમાજને ભિક્ષા માટે રાજદરબારે જવું પડે છે અને આવા હડહડતા અપમાન સહેવા પડે છે. એક કાળ એવો પણ હતો કે તે વખતે અમારા પૂર્વ પુરૂષોના પગ આગળ આ નંદરાજ જેવા કેટલાયે નૃપતિઓ શીર ઝુકાવી હસ્તદ્વય જોડી આજ્ઞા માટે રાહ જોતાં; એટલું જ નહીં પણ તે કાળે બ્રાહ્મણ સિવાય અન્ય વર્ણોને સ્વર્ગમાં મોકલવા કે નર્ક તરફ વિદાય કરવા તે તેમની ઇચ્છા ઉપરજ અવલંબી રહેતું. તેઓના કોપાગ્નિ સામે ગમે તેવા ચક્રવર્ત્તી ભુપાળનો પણ ગર્વ ગળિત થઇ જતો. તેમના શ્રાપના નામ શ્રવણ માત્રથીજ ગમે તેવા ભડવીર અને મહાબળી નરનાથોના અંગ થરથર ધ્રૂજતાં. તેમની સત્તા એટલી હદે પહોંચી હતી કે ગમે તેવા ગુન્હેગાર દ્વિજને સખ્તમાં સખ્ત શિક્ષા કાયદેસર થયેલી હોવા છતાં પળવારમાં તેને તેમાંથી મુકત કરાવતા. અરે ! એટલુંજ નહીં પણ છચોક કહેતાં કે રાજાઓને કે તેમના

ન્યાયરક્ષકોને ભુદેવોના ગુન્હા માટે કંઈ પણ પ્રકારની શિક્ષા ફરમાવવાનો અધિકાર છેજ નહીં. એ સાથે તેમનો પ્રભાવ પણ એટલો બધો હતો કે જેના ઉપર તેઓની ખફગી ઉતરતી તે ગમે તેવો નિર્દોષ હોવા છતાં ઘડીના છઠ્ઠાભાગમાં રામ રમાડી દેતા અને તે સામે ભૂપતિથી કે બીજી કોઇ પણ વ્યકિત વા સમષ્ટિથી હોઠ સરખો પણ ફફડાવી શકાતો નહીં. પણ આજે તેમાંનું કંઇ પણ છે ? તે દિવસો ગયા તે ગયાજ ! જેમના ચરણકમલમાં લક્ષ્મીનો વાસ હતો તેમનાજ સંતાનોને આજે તે અર્થે રાજદરબારમાં ભ્રમણ કરવું પડે છે. આજે તો નથી તેમનું અગાઉ જેટલું માન કે નથી તેમનામાં તેવો પ્રભાવ. જો મારામાં તેવી શકિત હોત તો આ અપમાન મુંગે મ્હોડે સહન કરતે પણ ખરો ? કયારનુંયે આ રાજ અને તેનો તાજ એ બધુંયે જમીનદોસ્ત કર્યું હોત ! પણ 'જોર નહીં અને ગુસ્સા બ્હોત' જેવા મારા આ તરંગ શા કામના ? હવે મારે શું કરવું એજ વિચારણીય સવાલ થઈ પડયો છે. વળી હું બ્રહ્મપુત્ર છું. મારાથી આવી માનહાનિ સહી જાય તેમ નથીજ. કાંતો કળથી અગર તો બળથી અને છેવટે છળથી પણ વેર લેવું એ મારો નિર્ધાર છે. તેમાં તલભાર પણ શંકા નથી. પ્રથમ તો પેલા નાસ્તિક શ્રાવક મંત્રીનોજ ઘાટ ઘડવો જોઇએ. તેણેજ મારી ચાલતી રોજી પર પગ મૂકયો છે, તેની છોકરીઓ દ્વારા મારા શ્લોકોનું પુનરાવર્તન કરાવવામાં જ મારૂં ઉંધું વળી ગયું; બસ કોઇ પણ માર્ગે પહેલાં

તેનો જ ઘાટ ઘડવો. વળી જ્યાં સુધી છળથી બને ત્યાં સુધી કળ શોધવા કે બળ ગોતવા જવું એ ભુલજ છે. માટે કોઇ પણ પ્રયોગ અજમાવવો તેજ ઠીક છે. ”

ઉપર મુજબ અસ્ફુટ સ્વરે બડબડ કરતો અને વચમાં વચમાં આવેશમાં આવતો એક બ્રાહ્મણ ગંગા નદીના એક દૂરના તીરપ્રાંત પર એક વૃક્ષના છાંયડામાં બેઠેલો દૃષ્ટિગોચર થતો હતો. ચોતરફ ગ્રીષ્મઋતુનું સામ્રાજ્ય વર્તી રહેલું હોવાથી તેમજ આ પ્રદેશ પણ એકાંત હોવાથી તે ટુંકી પોતડીવાળા અને ઉઘાડા શીરવાળા ભૂદેવ વિના બીજું કોઈ નજરે પડતું નથી. તેના ચહેરા ઉપરની નસો લોહીથી ફુલી જઈ રકતવર્ણી દેખાય છે. અને ક્રોધની છાયા પણ સ્પષ્ટ દેખાઇ આવે છે. ઉપરના વિચારનો અંત આવતાંજ તે એકદમ ઉઠયો અને ગંગા નદીના કિનારે ચાલવા લાગ્યો. તે એક એવે સ્થળે આવીને અટકયો કે જ્યાં પ્રાત:કાળમાં હજારો મનુષ્યો સ્નાન કરવા આવતાં. તુરતજ તેણે એક જગ્યાએ કંઇ નિશાન કર્યું ત્યાંથી તુરતજ નગર તરફ ફર્યો અને થોડાજ સમયમાં હાથમાં કેટલાક ખોદવાના સાધન સાથે પાછો આવી આગળ નિશાની કરેલી જગ્યા ખોદી તે ઉપર એક ઢાંકણુ ગોઠવ્યું. વળી કંઇક બીજી પણ ગોઠવણ કરી. આ કામ પૂર્ણ કરી હસ્તે મુખે તે પાછો ફર્યો.

પ્રાત:કાલનો સમય છે. ગંગાના કિનારા ઉપર સંખ્યાબંધ શ્રદ્ધાળુ સ્ત્રીપુરૂષો સ્નાન કરી ગંગા મૈયાના પવિત્ર

નામોચ્ચાર કરી રહ્યા છે. કોઇ બ્રાહ્મણ પાસે તિલક કરાવે છે, કોઇ દક્ષિણા મૂકે છે, તો કોઇ ધર્મની ચર્ચા કરી રહ્યા છે. આ સમયે તટના મધ્યભાગ આગળ લોકોનું એક ટોળું ભેગું મળેલું દ્રષ્ટિગોચર થતું હતું. કે જ્યાં ઘણા મનુષ્યો છતાં ઘોંઘાટનું નામ ન હતું. તેનું કારણ એ હતું કે તે સર્વેની દ્રષ્ટિને એક આત્મા પોતા તરફ આકર્ષી રહ્યો હતો. સર્વ કોઇ એકી ટસે તેના મુખપ્રતિ અવલોકી રહ્યાં હતાં. તેના મુખારવિંદમાંથી ગંગાદેવીના સ્તોત્રોની અવિરલ ધારા ચાલી રહી હતી. એ પ્રમાણે નરનારીના સમૂહની અજાયબી વચ્ચે જ્યાં તે બ્રાહ્મણના છેલ્લા સ્તોત્રની સમાપ્તિ થઇ કે તરત તેના કર કમળમાં સોનામહોરથી આકંઠ ભરેલી કોથળી આવીને પડી. સર્વત્ર અજાયબી ભરેલા આહ્લાદજનક અવાજો થઇ રહ્યા. ગંગાદેવીની પ્રસન્નતાના અને ભૂદેવની ભકિતના સૌ કોઈ વખાણ કરવા લાગ્યા. ધીરેધીરે ટોળું વિખરાવા લાગ્યું અને તે બ્રાહ્મણની ચમત્કૃતિની વાર્ત્તા પણ નગરમાં વાયુવેગે પથરાઇ ગઈ. વાચકના ખ્યાલ બહાર નહીં હોય કે આ દ્વિજ બીજો કોઈ નહી પણ રાજદરબારમાંથી અપમાનિત થયેલો વરરૂચિ પોતે હતો. તેણે કોઇપણ રસ્તે પોતાના અપમાનનો બદલો લેવાનો નિશ્ચય કર્યો હતો અને તેમાં પણ મંત્રીને પ્રથમ ખરાબ કરવાનો નિશ્ચય કરી તેને કોઈપણ રીતે શરમીંદો બનાવી પોતામાં કોઈ અજબ શક્તિ છે એ વાત ઠસાવવા માટે તેણે આ એક પ્રપંચ રચ્યો હતો.

# પ્રકરણ ૧૨ મું

## ગંગા કિનારે.

પ્રાતઃકાળ થયાને હજુ અલ્પ સમયજ થયો છે. વનરાજી પર નિશાકાળે વરસેલાં ઝાકળના બિંદુઓ જોનારને મુક્તાફળ-નો ભાસ કરાવે છે. વિવિધ જાતના પુષ્પોની મીઠી સુરભિ ગમે તેવા તપ્ત અને કલાન્ત મગજને પણ શિતળમય કરી રહી છે. જૂદા જૂદા સ્થળે સવારની મોજ મેળવવા અને ઠંઠી હવા ખાવાને વિલાસી પુરૂષો બગીચામાં આમ તેમ ફરી રહ્યા છે. એક તરફ મસ્જીદોમાં મુલ્લાંઓની બાંગના પોકાર સંભળાતાં તો બીજી બાજુ દેવમંદિરોમાં થતો ઘંટાનાદ કર્ણપટપર અથડાતો. એક તરફ ઘંટીયે બેસી દળતી સ્ત્રીયોના ગીતોનું મિશ્રણ થતું. તો બીજી તરફ બ્રાહ્મણજનો સ્નાન કરતાં મોટેથી વેદના મંત્રોના કે સવારની સંધ્યાના પાઠ કરતાં માલુમ પડ-તાં હતાં. કેટલેક સ્થળે ગૃહના ઓટલા ઉપર બેસી વિદ્યાર્થી-ઓ પાઠને કંઠાગ્ર કરી રહ્યા હતા, જયારે શ્રદ્ધાળુવર્ગ પોતાના ઇષ્ટદેવના ગુણકીર્તનમાં તલ્લીન થઇ ગયો હતો. માત્ર કેટલેક સ્થળે અફીણ આદિ માદક પદાર્થોના વ્યસનોવાળા એદી લોકો ખાટલાપર હજુ પણ નિદ્રાદેવીના પાશમાં જકડાયલા હતા. એવામાં ઢોલનો અવાજ થયો. સર્વ કોઇનું ચિત્ત તે તરફ ખેંચાયું. ઢોલીઆનો નાદ ફરીથી થયો. તેનો સારાંશ

એ હતો કે–"આજે દ્વિજવર વરરૂચી ગંગા કિનારે રાજાધિરાજની હાજરીમાં ગંગા મૈયાની અતિ વિસ્તાર પૂર્વક સ્તુતિ કરશે." લોકોના મુખારવિંદ ઉપર જો કે કોઇપણ જાતના આશ્ચર્યના ચિન્હો દેખાતા ન હતાં છતાં રાજાજીનું આગમન થશે એમ સાંભળી આજે કઇંક નવિન દ્રશ્ય નિહાળશું. એ આશાથી તેઓ જોવા જવાને આતુર થવા લાગ્યા. ગંગાદેવી એ બ્રહ્મપુત્ર પર પ્રસન્ન થઇ નિત્ય તેને સોનામહોરની થેલી અર્પણ કરે છે એ વાત તો આખા નગરમાં પ્રચલિત થયાને કેટલાયે દિન થઇ ગયા હતા. એ વાત ઉડતી ઉડતી પ્રધાનના કાન ઉપર પણ પહોંચી હતી. તે બુદ્ધિશાળી અને વિચક્ષણ હોવાથી આ વાતમાં તેને તે સમયે જ કંઇ દંભ લાગ્યો. પાછળથી તેનો નિશ્ચય કરવાને તેણે એક છુપા જાસુસદ્વારા તપાસ કરાવી તો માલુમ પડયું કે ખરી રીતે ગંગાદેવી તેને કંઈ આપતી નથી, પણ તે બ્રાહ્મણ રાત્રિના જઇ મહોરની થેલી છુપાવી આવે છે જે પ્રાતઃકાળમાં લોકોના દેખતાં પગથી ગોઠવેલા યંત્રને દબાવતાં તેના ખોળામાં આવીને પડે છે. પ્રધાને આ દંભનો સ્ફોટ કરવા ખાતરજ આજે રાજા સાથે જવાનું નકી કર્યું હતું. આગલી રાત્રિના એ બ્રાહ્મણ થેલી ગોઠવીને ગયા પછી મોડેથી પોતાના ચર પુરૂષ પાસે તે થેલી ત્યાંથી કઢાવી પોતાની પાસે મંગાવી લીધી હતી. અને આ વખતે સાથે પણ લીધી હતી. રાજાધિરાજની સ્વારી રસાલા સાથે સરિતા તટ પર આવી પહોંચી. નૃપતિની આજ્ઞાથી

ભૂદેવે ગંગામૈયાની સ્તુતિ મધુર આલાપથી લલકારવા માંડી અને તેની પૂર્ણાહૂતિ પણ તેટલાજ આનંદથી કરી. તેના મનમાં તો એજ રમી રહ્યું હતું કે મારી યુકિતથી રાજા રંજિત થઇ ફરી મને સ્વદરબારમાં હંમેશને માટે આદરથી નોતરશે અને પંડિત શેખર બનાવશે તેમજ અગાઉ માફક ઇનામ પણ આપશે. મનુષ્ય ધારે છે કંઇ અને વિધિ બનાવે છે કંઈ તે અક્ષરશઃ સત્યજ છે. નહીં તો વશિષ્ઠ જેવા ગુરૂએ રાજ્યાસન પર વિરાજવાના આપેલ મુહૂર્તમાંજ રામ જેવા ગુણવાન નરને વનવાસ જવું પડત ખરૂં ! રાવણ જેવાને મંદોદરી જેવી સતી નારી અને બીજી સંખ્યાબંધ સ્વરૂપવતીઓ હોવા છતાં તે સીતાનું હરણ કરત ખરો! પણ વિધિ ભલ ભલાને ભુલાવે છે. ઇતિહાસજ આ વાતની સાક્ષી પૂરી રહ્યો છે. વરરૂચિ મહાશય તો ભવિષ્યના સુંદર સ્વપ્નોમાં સ્નાન કરી રહ્યા હતા. ઘણીવાર પગથી યંત્રનો સ્પર્શ કર્યો પણ થેલી ન આવી. લોકસમૂહ પણ જેમ ચાતક મેઘની રાહ જોઇ રહે તેવીજ આતુરતાથી બ્રાહ્મણના ખોળામાં થેલી પડવાની રાહ જોઇ રહ્યો હતો. દ્વિજના મનમાં સંશય પડયો કે આજે આ થયું શું ! તે બારિકાઇથી નજર કરતો ગોઠવેલ યંત્ર તરફ જોતો જાય અને મુખમાંથી મંત્રો વદતો જાય. મંત્રીની દૃષ્ટિબહાર આ બનાવ જઇ શકયો નહીં. વધુ વખત દ્વિજને તલસાવવાનું તેણે ઉચિત ન માન્યું એટલે તુરતજ આગળ આવી તેને ઉદ્દેશી કહ્યું કે–" હે ભોળા ! ત્યાં તું શું નજર ફેંકે છે. ત્હારી થેલી તો

આ મારા હાથમાં રહી. લે, ગંગાદેવી તો આજે રીસાયા પણ હું આપું છું તે લઈને ઠેકાણે મુકજે. આવો ખોટો દંભ કરતાં આ પણ ગુમાવીશ. માટે હવે આવું વગર વિચાર્યું કાર્ય ફરીથી કરીશ નહીં. ત્હારી જેવા દાંભિક ઉપર જો ગંગાજી પ્રસન્ન થઇ જાય તો સૌ કોઈ એજ ધંધો કરત." એ સાંભળી તેનું મુખ એકદમ શરમીંદુ પડી ગયું. રાજાએ તેની નિર્ભર્ત્સના કરી બ્રહ્મપુત્ર સમજી જવા દીધો અને લોકો પણ તેને ધીટ્કાર આપવા લાગ્યા. ધાર્યું ધુળ મળવાથી તેને એટલી બધી શરમ લાગી કે જો તે વખતે ધરતીએ માર્ગ આપ્યો હોત તો ત્યાંજ સમાઈ જાત. એકદમ ત્યાંથી તે રસ્તો માપી ગયો; અને સ્વગૃહે આવી, અંદરથી સાંકળ ચડાવી એક બિછાના ઉપર લાંબો થઇ આજની બેઆબરૂ બાબત વિચાર કરવા લાગ્યો. મનુષ્યને પોતાની ભૂલ દેખાતીજ નથી. જો પોતાની ભૂલ દેખાય તો આટલા ઝેરવેર કેળવાય જ નહીં. એકતો બ્રાહ્મણ જાત એટલે ગુસ્સો તો ખરો અને તે એકદમ પ્રધાન ઉપર ઉતરી પડયો, તેનેજ પોતાનો પક્કો શત્રુ ગણવા લાગ્યો. તેના માટે હવે બીજી શી બાજી રચાય છે તે આગળ ઉપર જોવાશે.

# પ્રકરણ ૧૩ મું

## લગ્ન સમારંભ.

સૃષ્ટિમાં જ્યાં જુઓ ત્યાં લગ્ન અથવા વિવાહ સંબંધનું અસ્તિત્વ તો સર્વત્ર જણાશે. વિવાહ સંબંધ, લગ્ન સંબંધ, સાદી, આદિ શબ્દપ્રયોગો જૂદા જૂદા દેશની ભાષાની દૃષ્ટિએ જૂદા જૂદા હોય છે તે સાથે તેની રીત પણ જુદી જુદી જોવાય છે. કોઇ કોમમાં જૂદાજ ગોત્રની કન્યા ખપતી હશે તો કોઇમાં પિત્રાઇની પણ ખપતી હશે. જ્યારે કોઇમાં વળી પ્રેમલગ્નનીજ પ્રથા હશે કે જ્યાં કુળ કે જાત જોવાપણું હોયજ નહીં. આમ છતાં આ લગ્નની પ્રથા કેટલાયે પૂર્વ સમયથી ચાલી આવે છે એમાં લેશભાર પણ સંદેહ નથી. આ પ્રથામાં સમય જતાં કેટલાયે સુધારા વધારા, ભિન્ન ભિન્ન જાતિ અને દેશને અંગે થયા છે અને થાય છે, તેમ ભવિષ્ય માં પણ થતા રહેવાના. વળી તેમાટે શાસ્ત્રકારો અને નીતિ-કારોએ પણ સ્વઅભિપ્રાય પ્રસિદ્ધ કરી કઇ રીતના લગ્ન હિત-કારી છે તે દર્શાવ્યું છે. તેઓ લગ્નના આઠ પ્રકાર બતાવે છે. ૧ બ્રહ્મવિવાહ ( અલંકારથી ભૂષિત કન્યા વરને આપવામાં આવે છે તે. ) ૨. પ્રાજાપત્ય ( પિતા શકિત અનુસાર પહેરા-મણીપૂર્વક કન્યા આપે છે તે. ) ૩. આર્ષવિવાહ ( વરને ગાય તથા વાછરછો આપી કન્યા અપાયછે તે ). ૪. દેવવિવાહ

( દેવપૂજા સ્ત્રી વિના થઇ શકે નહીં તેથી તે અર્થે કન્યા અપાય છે તે. ) ૫. ગાંધર્વ વિવાહ ( સ્ત્રી પુરૂષ પરસ્પર પ્રીતિથી જાતે સંબંધ કરી લે તે. ) ૬ આસુર વિવાહ ( કોઇ પ્રકારની પ્રતિજ્ઞા કરી કન્યા આપવી તે. ) ૭ રાક્ષસ વિવાહ ( બળાત્કારથી કન્યાનું ગ્રહણ કરવું તે ) ૮. પૈશાચ વિવાહ ( સુતેલી વા પ્રમાદમાં પડેલી કન્યાને તેના માબાપ ન જાણે તેમ હરણ કરવું તે. ) તેમાં પ્રથમના પાંચ ધર્મવિવાહ કહેવાય છે. બાકીના અધર્મ વિવાહ છે. વળો તે સાથે તેઓ વૈદક ગ્રંથના અભિપ્રાય સાથે સુચવે છે કે કન્યાને રૂતુકાળની પ્રાપ્તિ થવી તે તેની ભોગાવસ્થાની યોગ્યતાની નિશાની છે. એક સ્થળે તેઓ એ વચનું પ્રમાણ બાંધતાં જણાવે છે કે કન્યાની વય સોળ વર્ષની અને વરની વય પચીશની હોય તો તે સંબંધ સર્વોત્તમ પ્રકારનો મનાય છે. આ ઉપરાંત બીજી ઘણી ઘણી બાબતો લગ્ન અને સંસારને લગતી દેખાડવામાં આવી છે. અને તે જૂદા જૂદા પુસ્તકોમાં પ્રગટ પણ થઇ ચૂકી છે. અત્રે આ વસ્તુનો ઉલ્લેખ કરવાનો એકજ ઇરાદો છે કે આજકાલ ઘણી એવી જાતિઓ છે કે જ્યાં પાંચ સાત વર્ષ જેટલી તદ્દન અલ્પ વયમાં લગ્ન જેવી ક્રિયા કરી નાખવામાં આવે છે, જ્યારે કેટલેક સ્થળે સુધારાની એક બાજુને જોનારા કન્યાને વીશ વીશ વર્ષની કરે છે. આ બંને રીતિઓ હિંદદેશના માટે અનુચિત છે. એટલું જ નહીં પણ શરીર સુખાકારીને અને સતીત્ત્વપણાને હાનિકર્તા છે. મધ્યમ રસ્તો એકજ છે કે કાંતો

સોળ-પચ્ચીશની ગણુત્રીએ કાર્ય લેવું અથવા તો અત્યારના સમયનું સરાસરી આયુષ્ય ૭૨ થી ૮૦ વર્ષનું ગણુતાં તેના ચોથા ભાગે ૧૮ થી ૨૦ વર્ષ આવે એટલે તેટલી વય પુરૂષની કલ્પી અસલ જેમ વર કન્યા વચ્ચે નવ વર્ષનું અંતર રહેતું તેના બદલે હાલ ૪-૫ વર્ષનું અગર તેથી પણ એકાદ વર્ષ ઓછાનું રાખવું. એટલે કન્યાની વય ૧૫ કે ૧૬ વર્ષની વધુમાં વધુ થાય. તેથી આગળ જવામાં લાભ નથી. અસ્તુ. હવે આપણે મંત્રીશ્વર શકડાળના ગૃહ તરફ વળીએ. આજે લાંબા સમયે તેમની મનોકામના સફળ થતી દૃષ્ટિગોચર થાય છે. શ્રીયક માટે વારંવાર લગ્ન સંબંધ સાંધવાની માગણી થતી હોવા છતાં સ્થુલીભદ્રનો નિશ્ચય નહીં થયેલો હોવાથી એ વાત અદ્ધર લટકી રહી હતી પણ સ્થુલીભદ્રે સ્વમાર્ગ શોધી લેવાથી હવે તેમાં કોઇપણ જાતનો પ્રત્યવાદ નહોતો રહ્યા. શ્રીયકે જે પ્રિયંવદાનો જીવ અકસ્માત બચાવ્યો હતો, તે કન્યાના પિતા ઉદયકાળ શ્રેષ્ઠીએ માલતીના મુખદ્વારા સર્વ વૃત્તાંત સાંભળી પુન: એકવાર વધુ આગ્રહથી મંત્રીશ્વર પાસે આવી પોતાની સુતાનો વિવાહ સંબંધ તેમના પુત્ર શ્રીયક સાથે જોડયો હતો. થોડાસમયમાં તે ઉભયના લગ્ન થવાના હોવાથી જૂદા જૂદા પ્રકારના સમારંભની તૈયારીઓ ચાલી રહી હતી.

એક બાજુ શકડાળ મંત્રીને ઘરે સ્વજન સંબંધીની આવ–જા શરૂ થઇ ચુકી હતી, જ્યારે બીજી તરફ રાજેશ્વરને ભેટ આપવાનાં જુદી જુદી જાતનાં શસ્ત્રાસ્ત્રો તૈયાર થઇ રહ્યાં હતાં. જે સમયની વાત ચાલે છે તે સમયે એવી પ્રથા હતી કે જ્યારે લગ્ન જેવો પ્રસંગ ઉપસ્થિત થતો ત્યારે પોતપોતાના રીવાજ મુજબ ભેટ આપવામાં આવતી. ક્ષત્રિયવર્ણને ક્ષત્રિયોચિત ખડ્ગ કે ધનુષ્ય આદિની ભેટ અપાતી જ્યારે બ્રાહ્મણ અગર પઠન પાઠન કરનાર વર્ગને તેમના જ્ઞાન મેળવવામાં ઉપયોગી નિવડે તેવાં ઉત્તમ પુસ્તકોની અને વૈશ્યને શાલ પાઘડી વિગેરેની ભેટ અપાતી. આજે મંત્રીશ્વરને ત્યાં પ્રથમ પ્રસંગ હોવાથી ઘણીજ ઉમદા અને ઉંચા પ્રકારની તેમજ પાણીદાર હથીયારોની ભેટ માટે તૈયારી ચાલી રહી હતી. વળી એક તરફ મંત્રીપત્નિ લક્ષ્મીવતી સ્થુલીભદ્રને બંધુના લગ્ન ઉપર પધારવા માટે વારંવાર સંદેશા મોકલાવ્યા કરતી અને ચાતકી નયનથી પ્રત્યુત્તરની સહ જોઇ રહી હતી. માતાનો સ્નેહ અદ્દભુત પ્રકારનો અને નિષ્કારણિક કહેવાય છે તે વાત સત્યજ છે.

હજુ પર્યંત સ્થુલીભદ્રના આગમન વિષેનો કંઇ ચોક્કસ ઉત્તર આવ્યો ન હતો. પુત્રવત્સલા લક્ષ્મીવતીથી આ શી રીતે સહ્યું જાય. કેટલાયે કાળથી પુત્રનું મુખ નહીં જોયેલું તેમાં વળી ઘેર આવો પ્રસંગ આવ્યો; છતાં તેવે પ્રસંગે પણ

પુત્ર વિના તેનાથી એ આનંદમાં શી રીતે મ્હલાય. છેવટે તે એ નિશ્ચય ઉપર આવી કે એક વેળા જાતે ઉઠીને કોશ્યાને ત્યાં જવું અને પુત્રને સમજાવી આ પ્રસંગે તેડી લાવવો.

આ તરફ રાત્રિ દિવસ મંત્રીશ્વર લગ્ન સમારંભની તૈયારીઓમાં જ ગુંચવાયેલા રહેતા હતા. તેમના મકાન આગળ પ્રતિદિવસ એક મેળા જેવી ઠઠ જામેલી રહેતી. એ આનંદદાયક પ્રસંગમાં પણ માત્ર એક વ્યકિતના મુખારવિંદ ઉપર કંઇક શ્યામતાની છાયા ફરતી અને વળી અદ્રશ્ય થઇ જતી. તેની મુખાકૃતિ ચળવિચળ પ્રકૃતિવાળી ભાસમાન થતી તે વ્યકિત બીજી કોઈ નહીં પણ જેના લગ્ન માટે આ બધી તૈયારીઓ થઇ રહી હતી તે પ્રેમમૂર્તિ શ્રીયકજ હતો. જેનું વદન સદૈવ પ્રફુલ્લિત રહેતું તે આવા મરજી મુજબના પ્રેમ-પાત્ર સાથેના યોગ વખતે નિસ્તેજ કેમ હોય ! જો કે આમાં કંઈક રહસ્ય છુપાયેલું હોવું જોઇએ એમ ખ્યાલ થતો પણ છેવટ સુધી કંઇપણ સમાધાન થતું નહીં. કેટલીકવાર તે સમા-રંભના મંડપ આગળ અને શસ્ત્રાગાર આગળ આંટા મારતો અને અસ્ફુટ સ્વરે બબડતો–'હું તેને કેટલીયેવાર ફરતો અહીં જોઉં છું. આકૃતિ તો તેજ છે; છતાં વેશ તો ભિન્ન ભિન્ન માલુમ પડે છે. એકસરખી આકૃતિવાળા પુરૂષો જવલ્લેજ દ્રષ્ટિ-ગોચર થાય છે ત્યારે આને હું ઘણીવેળા આંટા મારતો જોઉં

છું. શું પેલો દ્વિજ તો નહીં હોય ! તેને અહીં આવવાનું શું કારણ ? કંઇ પ્રપંચ તો નહીં રચતો હોય ? પુરો પ્રપંચી છે. નહિં તો વળી બહુરૂપી બને ? આજે બરાબર તેને તપાસી રાખું ઇત્યાદિ વિવિધ કલ્પનાઓ કરતો તે આમતેમ ફરતો હતો એટલામાં પિતાશ્રી તરફથી આજ્ઞા થઇ કે–સત્વર સજ્જ થઇને તમારી માતુશ્રી સાથે વડીલ બંધુ સ્થુલિભદ્રને બોલાવવા માટે જવાનું છે. માટે તેમને બેઠકના ઓરડામાં મળો. મંત્રી-પુત્ર જરા વિમાસણમાં પડયો; પણ આજ્ઞા થઇ એટલે ગયા વિના ચાલે તેમ નહોતું. જ્યારે બીજી તરફ એક ગૂઢ પ્રશ્નનો ઉકેલ કરવાનો હતો. આખરે પોતાના એક વિશ્વાસુ નોકરને ત્યાં આગળ જે કોઇ આવે અને બોલે તેની બરોબર છુપી રીતે સંભાળ રાખવાનું કહી પોતાના ઓરડામાં જઇ પોશાક સજી માતુશ્રી સન્મુખ ખડો થયો. લક્ષ્મીવતી તૈયાર થઇ પુત્રની રાહ જોતી બેઠી હતી એટલે તુરત જ તેઓ રથમાં બેસી કોશ્યાના આવાસ તરફ વિદાય થયા. આ તરફ મંત્રીશ્વર પણ કેટલાએક જરૂરી કામમાં ગુંથાયેલા રહેવાથી આજે કેટલાક સમયથી તે રાજ્ય દરબારમાં જઇ શકયા નહોતા; તેમજ શ્રીયકના પોતાનાં લગ્ન હોવાથી તે પણ રાજા પાસે કેટલાક દિવસથી જતો અટકી ગયો હતો અને તેમ થવામાં રાજા સાહેબની જો કે પૂર્ણ સંમતિ હતી; છતાં કહેવત છે કે 'રાજાને કાન હોય પણ સાન ન હોય' એ વાત ખરી જ છે,

તે ઉભયની ગેરહાજરીમાં જે એક કાર્ય ઉત્પન્ન થયું તેનાથી ઘણુંજ ગંભીર પરિણામ આવ્યું.

આ તરફ સમસ્ત મંત્રીકુટુંબને લગ્નસમારંભમાં મગ્ન-ગુલ બનેલું જોઇ કેટલાયે દિવસથી રાહ જોઇ બેઠેલો-વેર લેવાને તલપી રહેલો અને નગર જનોથી અપમાન પામેલો દ્વિજવરરૂચી ખુશી થયો. તેણે મંત્રીને ખરાબ કરવા માટે એક નવી યુક્તિ શોધી કાઢી. આજ કેટલાક દિવસથી તે એક નિશાળ માંડીને છોકરાંને ભણાવતો હતો. તેમાંના કેટલાકને તેણે એવું શીખવાડયું કે-તમારે ઘરે જતી વખતે 'રાજા મારી મંત્રી આવશે.' એ પ્રમાણે જોરથી બૂમો પાડતા જવું. એક દિવસ એ વાકયો રાજાના સાંભળવામાં આવતાં સિપાઇદ્વારા ટોળા માંહેના કેટલાક છોકરાઓને બોલાવી પૂછયું કે-તમે આ શું બોલો છો? એટલે તેણે સત્ય ઘટના કહી બતાવી. તુરતજ એક વિશ્વાસુ માણસને મહેતાજીને બોલાવવા મોકલ્યો. મહેતાજી તો આપણા વરરૂચિ જ હતા તેણે રાજા તરફ આ એક પ્રકારની જાળ રચી હતી. આજે તેમની આશા ફળી. ઝટપટ વસ્ત્ર પહેરી શાંતવૃત્તિ ધરી રાજા સમીપે આવી નમસ્કાર કર્યાં અને આશિર્વાદ દઇ હાથ જોડી ઉભા રહ્યા. રાજાએ દમામથી પૂછયું કે તમે શા ઉપરથી કહી શકો છો કે મંત્રી મારો નાશ કરી ગાદીપર આવશે?

અન્નદાતાર! હું તો નજરે જોઇને આ વાત કહું છું.

આજ કેટલાયે દિવસથી મારૂં તે તરફ જવું–આવવું થતાં રોજને રોજ નવા નવા સંખ્યાબંધ શસ્ત્રો તૈયાર થતાં અને ઘસીને ધારો તેજ બનાવતાં જોઉં છું. વળી તે ખાસ સાવચેતી પૂર્વક એક ઓરડામાં મુકવામાં આવે છે અને આખો દિવસ તેના ઉપર આપના ખાસ વિશ્વાસુ દેહરક્ષક શ્રીયક કુંવર નજર રાખે છે. નહિં તો વળી મંત્રીને ત્યાં એટલા બધા હથિયારોની પ્રથમ તો જરૂરજ શી ? કયાં આપના આયુધાગારમાં તેની ખોટ છે ? વળી આપની પાસેથી તેમને જરૂર પડે તો જોઈએ તેટલા મળી શકે તેમ છે. વળી મારી શંકાને પુષ્ટિ કરનાર બીના તો એ છે કે તે બધાઓની ધારો ઘસાવીને તૈયાર રાખવાનું પણ શું કારણ ? ભેટ અપાતા શસ્ત્રોના ઢાંકણ જ સુશોભિત કરેલા હોય તો ચાલે. છતાં જરૂર પડે તો લુહારનાં ઘર કયાં વેગળા છે કે ઘસાવી લેતાં વાર લાગે ? મને તો ગળાસુધીની ખાત્રી છે કે એ વણિકે આ લગ્નના નિમિત્તે એ કાર્યથી આપ સાહેબને અજાણમાં રાખ્યા છે. જ્યાં બરાબર તૈયારી થઇ જશે કે આપની પાસેથી ઘડીના છઠ્ઠા ભાગમાં રાજ્ય ખુંચવી લેતાં તેને વાર લાગવાની નથી. ગમે તેમ તો પણ બુદ્ધિશાળી અને વંશજ તો બૃહસ્પતિનો ને ! અત્યાર સુધી રાજવી મૌનપણે આ બધું સાભળી રહેલો હતો. દ્વિજે ગોઠવી રાખેલી આ સોગઠીથી દાવ સાધ્યો. રાજાના મનમાં શંકાના વમળો ઉદ્‌ભવવા લાગ્યા. મંત્રીના કાર્ય ઉપર વહેમ ગયો. પોતાના એક ખાનગી જાસુસને કાનમાં કંઇક સમજાવી

તેને બ્રાહ્મણની સાથે જવા આજ્ઞા ફરમાવી. વળી ભૂદેવ પોતે જે બોલ્યો હતો તે સર્વની ખાનગી રીતે પણ બરાબર સાબિત કરી બતાવવાની આજ્ઞા કરી.

વાચક સમજી શકશે કે શ્રીયક થોડા વખત પહેલાં જે એક મનુષ્ય માટે શંકા ધરતો હતો તે બીજો કોઇ નહિં પણ આપણો ચીર પરિચિત દ્વિજ વરરૂચી હતો. તે ઝેરીલો નાગ હતો, શરૂઆતમાં માત્ર લક્ષ્મીવતીએ મંત્રીશ્વરને કહી તેને પારિતોષક અપાવવારૂપ દુધપાનથી તે ઉછર્યો હતો અને અત્યારે તેને જ દંશ દેવા તત્પર થયો હતો. તે તથા રાજાનો જાસુસ ઉભય કોઇ ન જાણે તેવી રીતે મંત્રીના ગૃહાંગણમાં થતી ચેષ્ટાઓ નિરખવા લાગ્યા. દ્વિજે રસ્તામાંથીજ લાલચ આપી જાસુસને સ્વવશવર્તી કરી દીધો હતો. અને દશેક સોના મહોરો આપી પણ દીધી હતી. વળી આ રીતે જો પોતે રાજાનો વહાલો થઇ જશે તો તેને જરૂર સારો બદલો આપશે એવી એવી ભવિષ્યકાળની આશામાં ઝુલતો કર્યો હતો અને વધુમાં થતી ક્રિયા નજરે બતાવી ઉંધુંચતું સમજાવવાના પાઠ પણ ભણાવી દીધા હતા. વળી વસ્તુસ્થિતિ પણ વિચિત્ર પ્રકારની હતી. જે જાસુસ આજે જોવા આવ્યો હતો તે ઘણે ભાગે બહાર ફરતો રહેતો હોવાથી નગરની સ્થિતિથી ઝાઝો વાકેફગાર ન હતો જેથી તેણે તો માત્ર બ્રાહ્મણનું કથન સાંભળ્યાજ કર્યું. જો જરાપણ પુછપરછ કરી હોત તો બધું પોગળ ઉઘાડું

થઈ જાત. પણ ભવિતવ્યતા આગળ કોઇ ડાહ્યું નથી. એ ભાવતવ્યતાએ મોટા મોટા મહારાજાઓને અને મહારથીઓને દુઃખ દીધાં છે, આવા અણીના સમયેજ શ્રીયકને બીજા કામપર મોકલવામાં પણ પ્રચ્છન્નપણે તેનોજ હાથ હતો. જો તેમ ન થયું હોત. તો પાછળથી જે ભયંકર પરિણામ આવ્યું તે ન આવ્યું હોત. જાસુસે જઇને નૃપતિને સર્વ વૃત્તાંત નિવેદન કર્યો અને પોતાને મળેલા યત્કિંચિત્ લાભના બદલામાં તેમાં મીઠું, મરચું ભભરાવવામાં કચાશ ન રાખી. જો આ વખતે રાજાએ મંત્રીને બોલાવી આ વાતનું સ્પષ્ટીકરણ કીધું હોત. તો જરૂર તેનો વહેમ નિકળી જાત. પણ એટલી બુદ્ધિ દોડાવે તો પછી કાચા કાનના કહેવાયજ શી રીતે! જાસુસની વાતથી મંત્રી વિષે ઉદ્‌ભવેલા વહેમમાં વૃદ્ધ થઇ. તે ઉભયને વિદાય કરી રાજા કંઇ ગહન વિચારમાં પડયો. આ તરફ લગ્નની ધામધુમમાં મંત્રીશ્વર લયલીન બની વિવિધ પ્રકારની સામગ્રીઓ રાજેશ્વર તથા અન્ય અધિકારી, ગૃહસ્થો અને મહેમાનોને માટે તૈયાર કરાવી રહ્યા છે. લક્ષ્મીવતી તથા શ્રીયક વડીલ બંધુ સ્થુલીભદ્રને સમજાવવા માટે કોશ્યાના આવાસે ગયા છે જે હજુ લગી પાછા નથી ફર્યા, ત્યારે ત્રીજી તરફ વરરૂચી, મંત્રીનો ઘાટ ઘડવા માટે એક ષડયંત્ર ઉભું કરી ચૂકયો છે અને તેના મુખ્ય સૂત્રધાર તરીકે ખુદ રાજાધિરાજ નંદને જ બનાવ્યો છે. રાજાના મનમાં પણ તેણે જે ભુત ભરાવી દીધું

છે તેનાથી તે નિરંતર વિચારગ્રસ્ત દશામાંજ દેખાય છે. એકેક દિવસ જાય છે તે લગ્ન ઘટિકાને નજદિક લાવે છે. જ્ઞાની વિના બીજું કોણ જાણી શકે છે કે તે જેમ લગ્ન ઘટિકાને નજદિક લાવે છે તેમ મંત્રી માટે મૃત્યુ ઘટિકાને પણ તેટલુંજ પાસે લાવે છે. અત્રે જે એક રહસ્ય સ્ફોટ થાય છે તે એજ છે કે મનુષ્યની ધારણા કદી પણ ખર આવતી જ નથી. કેમકે નીતિકારનું એ વચન છે કે સારી રીતે નક્કી કરેલા કાર્યને વિધિ પલક માત્રમાં વિખેરી નાંખે છે અને જેની સ્વપ્નામાં પણ આશા ન રાખી હોય તે કાર્યને નજર સમીપ લાવી ખડું કરે છે." માટેજ મનુષ્યે પોતાના જન્મના સાફલ્યરૂપ આત્મસુખની પ્રાપ્તિ માટે તત્પર રહેવું અને કોઇને શત્રુ બનાવતા પહેલાં વિચાર કરવો. વળી અધિકારી પદનો ઝાઝો વિશ્વાસ કરવો નહીં. તે તો ચાર દિવસનું ચાંદરણું અને ઘોર અંધારી રાત જેવું જ છે. તે સમયે જે કંઇ સુકૃત્ય કર્યું હોય તેજ ખરૂં છે.

---


## દરેક જૈન કુટુંબે ઘરમાં રાખવા લાયક પુસ્તકો.

| | | |
|---|---|---|
| ૧ | **વિધિ યુકત પંચ પ્રતિક્રમણ**—વાંચી જવાથી દરેક પ્રતિક્રમણ થઇ શકે છે. કિ. ... ... | ૧–૦–૦ |
| ૨ | **વિધિયુકત દેવસીરાઇ**—ઉપર પ્રમાણે કિ. ... | ૦–૮–૦ |
| ૩ | **પંચપ્રતિક્રમણ પોકેટ સાઇઝ**—આવૃતિ ત્રીજી તેજ તેની ઉપયોગીતા અને સુંદરતા કિ. ... ... | ૦–૮–૦ |
| ૪ | **જૈન નિત્ય પાઠ સંગ્રહ** કિં.— ... ... | ૦–૮–૦ |

લખો—**જૈન સસ્તી વાંચનમાળા—ભાવનગર.**

# પ્રકરણ ૧૪ મું.

## માતા અને પુત્ર.

એક સુશોભિત મહેલના ત્રીજા મજલાના આગલા ખંડ-માં પાંચ વ્યકિતઓ કંઇક ખાનગી વાતચિતમાં મશગુલ બની રહી હતી. સમય મધ્યાન્હ પછીનો હતો. વાતાયન દ્વાર મંદા મંદ પવનની લહેરો આવી રહી હતી. ખંડમાં નજર ફેરવતાંજ અનુમાન થઈ શકતું હતું કે એમાં વસનાર વ્યકિત કોઇ ઉંચા ખવાસની હોવી જોઇએ; કેમકે દિવાલોપર લટકાવેલી રાજકુટુંબની વંશપરંપરાની તથા વર્તમાન રાજાઓની તસ્વીરો તે વાતની સાક્ષી પૂરી રહી હતી. આગળ કહેલી પાંચ વ્યકિતઓમાં બે પુરૂષો અને ત્રણ સ્ત્રીઓ હતી. ગાદી ઉપર બેઠેલાં બે પુરૂષોમાં એક તરૂણાવસ્થામાં પ્રવેશ કરી ચૂકયો હતો જ્યારે બીજાએ હજુ તેમાં પ્રવેશ કરવાની તૈયારી કરેલ હતી, એમ તેમના ચહેરા ઉપરથી સ્હેજે અનુમાન થઇ શકતું હતું. સ્ત્રી વ્યકિતમાં એક તો તદ્દન પ્રૌઢાવસ્થાને વટાવી વૃદ્ધાવસ્થામાં દાખલ થઇ ચૂકી હતી. બીજી તેની સમીપમાં બેઠેલી તરૂણાવસ્થામાં વિહાર કરી રહેલ હતી, જ્યારે તેની પાસે બેઠેલી ત્રીજી યુવતિ બીજી-ની ભગિની હતી જે બાલ્યાવસ્થામાંથી હમણાંજ મુકત થયેલી હોય તેમ જણાતું હતું. તે સર્વે પુરૂષવર્ગની સન્મુખ થોડે

દૂર બિછાવેલા એક સુંદર ગાલીચા ઉપર બેઠી હતી, આ વખતે નિચે મુજબ માતા–પુત્ર વચ્ચે સંવાદ થઈ રહ્યો હતો.

માતાઃ—પુત્ર, ત્હને આટલા સંદેશા મોકલ્યા છતાં ત્હારાથી એકવાર પણ મળવા માટે ન આવી શકાયું ? શું ત્હારૂં હૃદય એટલું બધું કઠોર બની ગયું છે કે તેમાં માતૃ-સ્નેહનું એક બીંદુ પણ પ્રવેશ ન કરી શક્યું ? ક્યાં ગયો અગાઉનો ત્હારો મારી પ્રત્યેનો અનુપમ ભક્તિરાગ. અને ક્યાં ગયું તારૂં પ્રશંસનીય બહુમાન ? એકવાર આવ્યો હોત તો અહીં સુધી મારે આવવાની જરૂર પણ શી હતી ?

પુત્રઃ—પૂજ્ય માતુશ્રી ! તમારી વાત સત્ય છે. મારેજ આવવું જોઈતું હતું એ મારી ફરજ હું વિસરી નથી ગયો. મારામાં આપ પ્રત્યેના ભક્તિભાવ અને બહુમાન બારે માસ લીલા રહેતા વૃક્ષ સદૃશ હજુ પણ લીલાંજ છે; છતાં માત્ર એક લોકાપવાદના કારણે આપની પાસે આવવા જેટલી હિંમત નથી કરી શક્યો.

માતાઃ—પુત્ર ! મને ત્હારો આ જવાબ જરાપણ ઉચિત નથી લાગતો. કદાચ તું લોકાપવાદને માનતો હોય તો પ્રથમ-થીજ આ કાર્ય કરવું નહોતું. કર્યા પછી લોકાપવાદને વિચારવા બેસવું એતો પાણી પીને ઘર પૂછવા બરાબર અથવા તો શીર મુંડાવીને વાર પૂછવા બરાબર નિરર્થકજ છે; કેમકે કર્યું અકર્યું થનારજ નથી તેથી તે વાતમાં લજ્જા ધરવાનું કારણ નથી. શું મારા કહેવાથી તું કોશ્યાનો સ્નેહ છોડી શકશે ?

પુત્રઃ—માતુશ્રી ! તમેજ મને શિખવ્યું હતું કે સકળ વિશ્વમ જે જે કાર્યો જૂદી જૂદી વ્યકિતઓ દ્વારા થઈ રહ્યાં છે તે સર્વમાં છુપી રીતે તેમના પૂર્વકૃત કર્મોનોજ હાથ છે. વ્યકિત તો નિમિત્ત માત્રજ છે. વળી તમારી આ વાત વિચારતાં મને બરાબર બંધબેસતી જણાઈ; કેમકે મેં વિશ્વમાં નજર ફેરવતાં જોયું કે કેટલાયને રાત્રિદિન તનતોડ મહેનત કરવા છતાં તેમને પેટ પુરતું અન્ન પણ મળતું નથી, જ્યારે કેટલાક તો શય્યામાં સુતાં સુતાં કોટિ દ્રવ્યના સ્વામી બની જાય છે. મને એમ પણ સમજાયું છે કે દરેક વ્યકિત પૂર્વકૃત કર્મના બળથી યંત્રની માફક આ ભવમાં કાર્યો કર્યે જાય છે. અલબત, તે ધારે તો આ ભવમાં એવાં કર્મો ઉપાર્જન કરી શકે છે કે જેથી ભવિષ્યકાળ કોઇ જૂદાજ પ્રકારનો બનાવી શકે. વળી તમો મને વારંવાર પરણવા માટે આગ્રહ પણ કરતાં હતાં પરન્તુ નૈસર્ગિક પ્રેમનું આકર્ષણ થયા વિના કોઇપણ વ્યકિત સાથે પ્રેમ કેવી રીતે જોડી શકાય ? એક દિવસ અચાનક એક પ્રસંગ બન્યો અને જેનો યોગ લખાયો હતો તેનો મેળાપ થયો. હું પોતે પણ સમજતો હતો કે મારૂં કાર્ય જનતાને રંજીત નહીં કરી શકે; છતાં સ્નેહની સાંકળ અતિ મજબુત છે. તેમાં બંધાયા પછી તે નથી તો તોડાતી કે છોડાતી. જો કે તેને નભાવવામાં કષ્ટોનો પાર નથી તેમ છતાં નભાવનાર વીરલાજ છે. છતાં એટલું તો કહી શકું છું કે વેશ્યાપુત્રી વેશ્યાજ નિવડે એ વાત સર્વદા ખરી નથીજ હોતી. કર્મવશાત્ નીચા કુળમાં જન્મ ધરવો પડે

છે છતાં પવિત્રતાને કાયમ પણ રાખી શકાય છે. આ વાતના સમર્થનમાં દુર્ગંધા રાણી અને કૃતપુણ્ય શેઠનું એક ઉદાહરણ બસ થઇ પડશે. હું પણ જનતાને એ વાતની સાબીતી કરી આપીશ કે વેશ્યા જેવા હલકા કુળમાં જન્મ લીધા છતાં કોશ્યા એક પતિવ્રતા અને પવિત્ર સ્ત્રી છે અને સમય આવે તેને હું પવિત્ર શ્રાવિકા બનાવી દઉં તોજ મારૂં નામ સ્થૂલિભદ્ર સત્ય!

માતાઃ—પુત્ર ! ત્હારી વાત આટલી બધી સત્યપૂર્ણ અને ગંભીર હશે તે સંબંધે અમે કંઇપણ જાણતા નથી. છતાં અમે પોતેજ એટલે હું અને ત્હારા પિતાશ્રી આમાં જરા પણ નાખુશ નથી. કેમકે આગળ આવા ઘણાએ દાખલા બન્યા હોય તેમ વ્યાખ્યાનમાં સાંભળ્યું છે. વળી નીતિકારનું કથન છે કે '**स्त्रीरत्नं दुष्कुलादपि** ઉત્તમ સ્ત્રી નીચા કુળમાંથી પણ ગ્રહણ કરવી.' વળી અમો પ્રભુ મહાવીર દેવના પરમ ઉપાસક હોવાથી કર્મની બાજીને સારી પેઠે સમજી ચુકેલા છીએ એટલે અમને તો ત્હારા આ સંબંધમાં જરાપણ આશ્ચર્ય કે અણઘટતું લાગતું નથી. અમને એક વધુ આનંદ તો એજ થાય છે કે ત્હેં જાતે સંબંધ સાંધી અમોને એક ચિંતાથી મુકત કર્યા છે. વળી હું કાંઇ કોશ્યાને અપવિત્ર કહેતીજ નથી. લોકવાયકા ગમે તેવી હોય અગર તો તેમના કુળનો આચાર ગમે તે પ્રકારનો હોય, તેમ છતાં આજે મારા અહીં આવ્યા પછી જે તેનો શિષ્ટાચાર મારી ચક્ષુથી જોયો છે તેથી હું તો તેને એક પવિત્ર

સ્ત્રી માની શકું. એટલું જ નહીં પણ પતિવ્રતાની કોટીમાં પણ મૂકી શકું છું. તેની બોલવા–ચાલવાની રીતભાત, બેસવા ઉઠવાની મર્યાદા અને આજ્ઞા ઉઠાવવાની તત્પરતા જ કહી આપે છે કે એ એક આદર્શ લલના છે. ત્હારી પસંદગીમાં તું લેશ પણ ઠગાયો નથી એમ હું વગર શંકાયે કહું છું. તમારો પ્રેમ ચીરસ્થાયી બનો અને તમો ઉભય સાથે રહી આ મનુષ્ય જીવનનું ઐહિક સુખ ભોગવી જન્મ સાર્થકય કરો એજ મારો આશિર્વાદ છે. હું હવે મુદ્દાની વાત પૂછું છું કે–ત્હારા લઘુ બંધવના લગ્નમાં તું આવી શકીશ કે નહીં ? તે ચોકખે ચોકખું જણાવી દે. કદાચ અત્યાર સુધી જન અપવાદથી તું અચકાતો હશે તો આજે એ વાતનો સ્ફોટ થઇ ગયો છે. માટે ઝટ જવાબ આપ. અમને આવ્યા અતિ વિલંબ થયો છે અને ત્હારા પિતાશ્રી અમારી વાટ જોઈ રહ્યા હશે. વળી ઘેર આવેલા અતિથિ અને મહેમાનોની સ્વાગતામાં પણ અડચણ પડતા હશે એટલે મારે હવે સત્વર જવું જોઇએ.

પુત્રઃ—માતુશ્રી ! આપની ઇચ્છાથી વિરૂદ્ધ મારાથી ના કેમ પાડી શકાય ? જ્યારે મારા પિતાશ્રીની અને તમારી સમંતિ છે ત્યારે જરૂર હું લગ્નના બે દિવસ આવી જઇશ. તેમજ કોશ્યાને આવવાની વાતમાં તેનીજ સમ્મતિ હયો એમાં હું આગ્રહ ન કરી શકું.

માતાઃ—ભલે ત્હારી એવીજ ઇચ્છા છે તો હુંજ તેને

આગ્રહ કરીશ. એટલામાં પાન સોપારી આદિ મુખવાસની ચીજોથી ભરેલો સુંદર થાળ લઇ કોશ્યા આવી પહોંચી. એટલે લક્ષ્મીવતીએ સુશીલા અને લજ્જાવનમ્રા કોશ્યા પ્રતિ ઉદ્દેશીને પૂછ્યું કે—પ્રિયવધુ ! ત્હારો શો વિચાર છે ! ત્હારા લઘુ દિયરના લગ્ન પ્રસંગે આવવાનું ત્હારાથી બની શકશે કે કેમ ?

કોશ્યા:—પૂજ્ય સાસુજી! મને તમારી વાણી અતિ મધુર લાગે છે. મારૂં હૃદય અત્યારે આપની ચરણ સેવા કરવા ઉછળી રહ્યું છે; છતાં પગ ઉપડતો નથી. મારા અંતરમાં મારા પ્રિયતમની ભગિનીઓને જોવાનું, મળવાનું અને કંઇ કંઇ પ્રકારની વાતો કરવાનું કેટલીએ વાર થઇ આવે છે; છતાં ઉપાય ન હોવાથી તે ઉદ્ભવેલી લાગણીઓને પાછીજ શમાવી દેવી પડે છે. આજે દિયરના મેળાપથી મને ઘણો આલ્હાદ થયો છે. આપની આજ્ઞા હોય તો આપની આ પુત્રવધુને આવવામાં કશો બાધ નથી, પણ મારા આવવાથી આપને લોકાપવાદ સહન કરવા પડશે અને એથી કદાચ આપના શુભ કાર્યમાં નિષ્કારણ વિઘ્નભુત થવાનું નિમિત્ત મારે થવું પડશે. જો એમજ હોય તો આપને મુશ્કેલીમાં મૂકવાને મારૂં અંતઃકરણ કબુલ નથી કરતું.

લક્ષ્મીવતી—વ્હાલી પુત્રવધુ ! ત્હારે જરાપણ તે માટે ચિંતા ન કરવી અને સુખેથી આવવું. પતિની પાછળ પત્નિએ આવવું એ તો નીતિ–નિયમ છે માટે જરૂર આવજે. એમ કહી સૌ પરસ્પર ભેટી વિદાય થયા.

# પ્રકરણ ૧૫ મું.

## સમાગમની પ્રથમ રાત્રિ.

જેના માટે ઘણી જહેમતો ઉઠાવી ઘણા ઘણા પ્રકારની તૈયારીઓ કરી, સુંદર અને ભવ્ય મંડપ ઉભા કર્યા, મનહર અને કર્ણપ્રિય સરોદામાં વાજીંત્રોના નાદ કરાવ્યા, સગા સંબંધી, વગ વસીલા અને મહોબતવાળા મિત્રો અને ખુદ રાજેશ્વરને પણ આમંત્રી, યથાશકિત સેવા બજાવી માન અકરામ જાળવ્યા એવો શ્રીયક કુમારનો લગ્નદિન આજે ઘણાજ આનંદ પૂર્વક વ્યતિત થઇ રહ્યો છે.

માતુશ્રી લક્ષ્મીવતીને મુખે કહ્યુલ્યા પ્રમાણે સ્થૂલીભદ્ર તથા કોશ્યા આજે પ્રાતઃકાળમાં આવી ગયા હતા. વળી કોશ્યા પોતાની સાથે પોતાની નાની બ્હેન ઉપકોશાને પણ લાવી હતી. કેટલાક લાંબા સમયે આજે મંત્રીશ્વરે પોતાના જ્યેષ્ટ પુત્રનું મુખ જોયું એટલે તેના આનંદની અવધિ જ નહોતી. મંત્રીશ્વરના દેશાવરીના કામકાજથી પરવારી માનભદ્ર પણ ગતરાત્રિએ આવી પહોંચ્યો હતો અને પ્રાતઃકાળ થતાંજ પ્રીય મીત્ર સ્થુલીભદ્રનો મેળાપ થવાથી તેનો હર્ષ સમાતો ન હતો બાલ્યકાળના સખા અને તેમાં પણ ક્ષીરનીર જેવી દ્રઢ પ્રીતિ વાળા અને ચીરકાળે મળેલા ઉભય મિત્રોના આનંદને વર્ણવવા

કઈ કલમ શકિતવાન થઇ શકે ? માનભદ્ર માત્ર કુશળ વાર્તા પૂછીને અટકે તેમ નહતું. તેનો સ્વભાવ રમુજી હતો. આજે બરાબર દાવ મળ્યો જોઇ મીઠા મજાક કરતાં કહ્યું. “ ભાઇ ! તમે તો ભારે કરી. ‘ જઈને આવું છું ’ કહીને ગયા તે ગયાજ. ન તો સ્વજન-સંબંધી સાંભર્યા કે ન તો આ બાગસખાને યાદ કર્યો. સ્ત્રીજાતિના પાશમાં અમે પણ બંધાયા છીએ; છતાં તમારા જેટલી ગુલામી દશામાં તો નથીજ. અરે ભુલ્યો ! કદાચ એમ પણ હોય કે તમારી રૂપવતી રંભા સદૃશ કાંતિવાળી રામા આગળ અમારી લલનાઓ ગણનામાં પણ ક્યાંથી આવે ! ક્યાં શશી અને ક્યાં તારા ! અને જો આમજ હોય તો પછી તમારા જેવા સર્વ વિદ્યા પારગામી તેમાંજ નિરંતર આસક્ત રહે તે કાંઇ નવીન તો નજ ગણાય. ”

સ્થુલિભદ્ર—“ મિત્ર ! આજે ત્હેં પણ દાવ જોઇ સોગઠી ઠીક મારી લીધી. જો કે હું ત્હને અને મારો કુટુંબ વર્ગને છોડીને ગયો તેમાં મારી ભુલ તો ખરીજ; છતાં તું એ વાત કેમ ભુલી જાય છે કે પ્રીતિની રીતિ તો કોઇ અનેરીજ હોય છે અને એના પાશથી જે બંધાયા હોય તે સ્વજાતને જ ભુલી જાય ત્યાં અન્ય આત્મીય જનને વિસરે તેમાં નવાઈ શી ! વળી મેં જે કાર્યનો આરંભ કર્યો છે તે જનતાના પ્રચલિત પંથથી કંઇક અંશે વિપરીત ગણાતું હોવાથી મારાથી તેને સાથે લઇ તમારામાં કેમજ ભળી શકાય ? છતાં પણ લોકાપવાદનો ત્યાગ

કરી કદાચ આવ્યો હોત તો તારા તરફથી નહી તો મારાં ભાભીશ્રી તરફથી મારા ઉપર જરૂર ઉપાલંભનો વરસાદ વરસત અને જનતા વેશ્યાગામીના ઉપનામથી નિરંતર વાક્પ્રહારરૂપ પુષ્પોની ભેટ ધરતં તે જૂદી. આજે તો પ્રસંગને લઈને અને માતુશ્રીના આગ્રહથી આવવું પડયું છે. મારો તો પ્રથમથીજ એ મુદ્રાલેખ હતો અને હજુ પણ છે કે—પ્રીત કરી જાણવી તો તેને નિભાવી જાણવી જોઇએ. વળી ઉચ્ચ કુળની હોય તે બધી સર્વગુણ સંપન્ન હોય તેમ માની લેનારામાંનો હું નથી. હું તો એટલે સુધી માનનાર છું કે નીચ કુળની સ્ત્રીને પણ જો જાતે ઉત્તમ હોઇએ તો તેને ઉંચી કક્ષામાં કેમ લાવી ન શકીએ ? શું કુસુમોની સાથે જોડાયેલા એવા સૂત્રના દોરાને સર્વ મનુષ્યો માથે નથી ચડાવતા ? વળી કહ્યું છે કે મહાન પુરૂષના સંગથી નીચ પણ ઉચ્ચ બને છે. જુઓને ગંગામાં ભળેલું એવું અપવિત્ર જળ પણ દેવી–દેવોનાં શીર ઉપર ચડે છે. મિત્ર ! હું ત્હને બતાવી આપીશ કે તે વેશ્યાપુત્રી મારી સોબતથી પવિત્ર શ્રાવિકા બને છે કે નહીં અને આત્માને ઉંચી કક્ષામાં મુકે છે કે નહીં ?

આ ઉભય મિત્રોની વાર્તાનો અંત કદાચ આથી પણ મોડો આવ્યો હોત, પણ એટલામાં મંત્રીશ્વર તરફના આહ્વાહનથી તે અહીંથીજ અટકી પડયો. હવે જરા નારી વૃંદમાં ડોકીયું કરી લઈએ. સ્ત્રી સમૂહમાં અત્યારે એકજ વાત ચર્ચાગ્રસ્ત બની હતી અને તે એ કે પ્રીયવંદાએ કોશ્યાને–પોતાની

જેઠાણીને પાદપ્રણામ કરવા કે કેમ ! કામદિન્નાનું કહેવું છે કે વેશ્યાપુત્રી કોશ્યામાં ભલે સ્થુલીભદ્રભાઇએ સ્નેહ કરી તેણીને પ્રેમનું પાત્ર બનાવ્યું પણ તેથી પ્રિયવંદા પાસે પાદપ્રણામ તો નજ કરાવી શકાય. કેમકે ગમે તેમ તો પણ તે વેશ્યાપુત્રી અને પ્રીયવંદા તો નગરશેઠની તનુજા ! ક્યાં મેરૂ અને ક્યાં સર્ષવ ! એમની સરખામણીજ કરવી એ મુર્ખાઇ ભરેલું છે; કેમકે સરખામણી પણ સમાન વસ્તુની જ થઇ શકે.

કામાદિન્ના ભાભીનું આ લાંબુ ભાષણ શ્રવણ કરીને રેણા નામની નાની ભગિની બોલી કે જો તમારા કહેવા મુજબ આ બધું ઉલ્ટુંજ થતું હોય તો અમો તેને ભાભી પણ શા માટે કહીએ ? શું બાને આટલી પણ સમજ નહીં પડતી હોય ? ભાભી ! તમે માતુશ્રીને આ વાત સમજાવો તો શું ખોટું ? આતો 'નેત્રનાં પાણી મોભે' જવા રૂપ કિસ્સો જરૂર અટકવો જોઇએ.

રેણા પોતાનું વાક્ય પુરૂં કરે તે પહેલાં ભૂતા બ્હેન જરા કરડાકીથી બોલી ઉઠી. બેસ બેસ, ત્હારૂં ડહાપણ જાણ્યું, ત્હારે હજુ તે બધું સમજવાની વાર છે. અને કામદિન્ના ભાભી તો માત્ર વાતો કરી જાણે છે. આમજ થવું જોઇએ અને તેમ ન થવું જોઇએ એવો કંઇ નિશ્ચયાત્મક કાયદો થોડો જ છે ? શું તમે નથી સાંભળ્યું કે–" રાજાને

ગમી તે રાણી અને છાણા વીણતી આણી ". અર્થાત્ ભાઈને ગમી તેજ તેની અર્ધાંગના અને તેજ આપણી ભાભી. આપણે તો ભાઇના સગપણે બધું સગપણ છે ને !

સેણા હાસ્ય કરતાં બોલી. મોટી બ્હેન ! મેં તો એ ભાભીને જોયાં છે અને મને તો તેમનામાં ઘણીજ કાર્યકુશળતા નજરે પડે છે. તેમની વાણીની મધુરતા, બોલીચાલીમાં હાવ-ભાવ અને સ્ફુરતું હાસ્ય, કેશકલાપની મનોહર રચના, શણુ-ગાર સજવામાં નિપુણતા અને ગમનમાં રાજહંસી સદૃશ ગૌરવતા જોતાં મને લાગે છે કે કોશ્યા ભાભી અને આ કામ-દિન્ના ભાભી એ ઉભયને સાથે બેસાડવામાં આવે તો નવિન આગંતુકને તો એમજ ખ્યાલ થાય કે કોશ્યા ભાભી કોઇ રાજકુંવરી હોય અને કામદિન્ના ભાભી તેમની દાસી !

સેણાની આ મીઠી મજાકથી કામદિન્ના એકદમ શરમાઇ ગઈ. તેની તરફથી બચાવ કરવા વેણા બ્હેન વાતની શરૂઆત કરે તે પહેલાં યક્ષા બ્હેન ત્યાં આવી લાગ્યા અને સર્વને સુશો-ભિત વસ્ત્રાલંકાર ધારણ કરી સત્વર તૈયાર થઇ જવા જણાવ્યું. કેમકે તે સર્વને કોશ્યા ભાભીની સરદારી હેઠળ ઉદયકાળ શેઠને ઘેર જઈ ગૌરવપૂર્વક નવિન દંપતિને સ્વગૃહે તેડી લાવવાના હતા. અલ્પ સમયમાં પુરૂષવૃંદ તૈયાર થઇ દ્વાર સમીપ ખડો થઇ ગયો; પરંતુ નારી વૃંદને સોળે શણગાર સજતાં વિલંબ થાય એ સ્વાભાવિક છે. છતાં અર્ધ ઘટિકામાં સર્વ સજ્જિત

થઇ ગયાં એટલે મંત્રીશ્વરની આજ્ઞાથી વાજીંત્રોના સુંદર નાદ સાથે સર્વ મંડળ ઉદયકાળ શેઠના ગૃહ પ્રતિ ચાલ્યું.

આ તરફ ઉદયકાળ શેઠે પણ મંત્રીશ્વર જેવા વેવાઇનું સ્વાગત કરવા માટે કોઇ વાતની ન્યૂનતા નહોતી રાખી. સફેદ ચાંદનીથી આચ્છાદન કરાયેલા અને જાતજાતના તોરણો લટકાવેલા વિશાળ મંડપમાં શ્રેણીબંધ ગાદી–તકીયા બીછાવી દીધા હતા. જ્યારે બીજી બાજુ નારી વર્ગ માટે વિવિધરંગી મુલાયમ ગાલીચા પાથરી દીધા હતા; અને પતિ–પત્નિ ઉભય વેવાઇનું સ્વાગત કરવા હસ્તમાં રહેલી સુવર્ણની રકાબીમાં અક્ષત કુંકુમ–પુષ્પ આદિ સામગ્રી લઇ મુખ્ય પ્રતોલી આગળ ખડા થઇ ગયા હતા. સાજન–માજન ઉદયકાળ શેઠના આંગણે આવી પહોંચતાં પ્રિયવંદાની માતાએ કોશ્યાના પાદનું પ્રક્ષાલન કર્યું અને પ્રિયવંદા તેણીને વડીલ જેઠાણી ગણી નમી પડી. તેણીએ પણ તેના માથે હાથ સ્થાપી ‘ અખંડ સૌભાગ્ય ’ નો આશીર્વાદ આપ્યો. અને સૌ ઘરમાં ગયા એટલે ભોજન માટે આમંત્રણ થતાં સૌએ આનંદપૂર્વક વિવિધ પકવાન અને અતિ રસાળ શાક પ્રમુખાદિથી સ્વાદિષ્ટ થયેલી રસવતીનો ઉપભોગ કર્યો. અહીં એક વાત ખાસ સ્મરણપટમાં કોતરી રાખવા જેવી છે કે તે સમયનાં મનુષ્યો જેમ શ્રદ્ધામાં દ્રઢતા ધરાવતા હતા, તેમ ફરજ બજાવવામાં પણ નમ્ર હતાં. તે કાળે વેશ્યાગમન અલબત પાપ જ મનાતું; છતાં વેશ્યાગૃહે કળા શીખવા

પોતાના સંતાનોને મોકલવાનો રિવાજ હતો. વળી વેશ્યાઓ બધી કાંઇ નીચ પંક્તિની હોય તેમ તેઓ નહોતા માનતા. તેઓ ગુણદોષની પરિક્ષા કરતા અને ગુણ માલુમ પડતાં કુળનો ભેદ ગણ્યા વિના યથાર્થ માન આપતા. એવી જ રીતે કન્યાના પિતા તરીકેની ફરજનું ભાન ઉદયકાળ શેઠને સારી રીતે હોવાથી તેણે સ્વપત્નિને પ્રથમથી જ સૂચના કરી દીધી હતી કે કોશ્યાના પાદપ્રક્ષાલનમાં તેણીને જરાપણ અજુગતું ન લાગવું જોઈએ; કેમકે જમાઇના સંબંધીઓનું ગૌરવ કરવું એ આપણી ફરજ છે. તે પછી તાંબુલ ભક્ષણ આદિ ક્રિયાની સમાપ્તિ થયે સર્વ સાજન–માજન વાજતે–ગાજતે નવદંપતિ સાથે પાછું ફર્યું અને અલ્પકાળમાં મંત્રીગૃહ સમીપ આવી પહોંચ્યું. લક્ષ્મીવતીએ અક્ષતાદિથી વધાવી લઈ તે દંપતીનો ઘરમાં પ્રવેશ કરાવ્યો. નવીન પુત્રવધુને જેમ જેમ નાની નણંદે સ્વજનનું ઓળખાણ કરાવ્યું તેમ તેમ તેણે તે સર્વને નમન કર્યું અને સર્વના આશિર્વાદ મેળવ્યા. આ સમયે સંધ્યાકાળ થઇ ગયો હતો. શ્રીયક તો સત્વર કપડાં બદલી એકાકી ફરવા ચાલ્યો ગયો હતો. ઘરમાં કોઇને ખબર નહતી કે તે કઇ તરફ ફરવા ગયો છે. આજે તેની સંસારપ્રવેશની પ્રથમ નિશા હોવાથી કેટલાક મિત્રો તેને મળવા અને વિવિધ પ્રકારનો આનંદ–વાર્તાલાપ કરવા તેને ઘેર એકઠા થયા હતા: છતાં તે ભાઇ તો કોઇ બીજી તરફ જ વિહરી રહ્યા હતા.

સરિતાના એકાંત ભાગ તરફ એક વ્યક્તિ બેઠેલી અને જળ-પ્રવાહ તરફ દ્રષ્ટિ નાંખતી નજરે પડતી હતી. મુખ ઉપરની ક્રિયાથી એ વાત સહજ કળી શકાય છે કે તેના અંતરમાં વિચારપ્રવાહ પ્રબળ વેગથી ચાલી રહ્યો હતો. તે વ્યકિત બીજી કોઈ નહીં પણ શ્રીયક પોતે જ હતો. તેના ઓષ્ઠદ્વય ઉપરથી જણાતું હતું કે તે કંઇ મંદ મંદ હૃદયોદ્‌ગાર કાઢી રહ્યો છે.

"આજથી હું સંસારશકટનો વાહક બન્યો, બાળ મટી યુવક થયો, બ્રહ્મચારી અવસ્થા ત્યાગી ગ્રહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો, આથી મારે રાજી થવું કે દિલગીર ? જેને સંસાર ઉપર નિર્વેદ આવ્યો છે તેને માટે મારા જેવી સ્થિતિ દિલગીરીકર્ત્તા હોય તેમાં લેશમાત્ર શંકા નથી; છતાં જેને સંસારમાં રહી અભિલાષાઓ સંતોષવી છે-માની લીધેલી મોજ ભોગવવી છે તેને માટે તે આનંદદાયક કહી શકાય. આજે તે અવસ્થાની પ્રથમ રાત્રિ હોવાથી મારૂં કર્તવ્ય એવા પ્રકારનું હોવું જોઇએ કે જે આ જીવનભર નિરંતર સ્મરણપટમાં અંકિત થઇ રહે અને આત્મહિત કરવામાં કારણભૂત પણ નિવડે. પણ એવું તે ઉચિત કાર્ય અત્યારે શું હોઈ શકે ?

ઉપરના છેવટનાં પ્રશ્નનો નિકાલ ન સંભળાયો. થોડીવાર પછી શ્રીયક ત્યાંથી ઉઠી ગૃહ તરફ વળ્યો અને જ્યાં મિત્રો આતુર નયને બેડા હતા ત્યાં તે આવી પહોંચ્યો. અરસપરસ વાર્તાલાપ કર્યો. થોડો સમય હાસ્યવિનોદ થયો અને સર્વ કોઇ દિવસના પરિશ્રમથી કલાન્ત થયેલા હોવાથી તેમ જ મિષ્ટ

ભોજનના આસ્વાદથી નિદ્રાદેવીએ જલ્દી કૃપા કરેલી હોવાથી પોતપોતાને સ્થાને જવાને છુટા પડયા. શ્રીચક પણ પોતાના શયનગૃહ તરફ વળ્યો.

વાચક ! આપણને ત્યાં જવાની છુટ જ છે; કેમકે કવિ, લેખકને તેમની પાછળ તેમના વાંચકને માટે કોઇ પણ સ્થળે No admisson without permisson અગર તો રજા વગર અંદર આવવું નહીં. એવા બોર્ડો ટાંગેલા હોતા નથી. ખંડમાં દાખલ થતાંજ શ્રીચકે શું જોયું ? પ્રિયવંદા સામાન્ય પોશાક ધારણ કરી શયનગૃહને બરાબર શણગારવામાં મશગુલ બની ગઇ છે. શ્રીમંતોને ત્યાં દાસ દાસીઓ હોવાથી ગોઠવણ–સાફસુફ અને પથારી સુધીની પણ વ્યવસ્થા તેમના શિરે લદાયલી હોય છે; છતાં પ્રિયવંદા જાતે કેમ કરવા બેઠી હશે ? આ પ્રશ્ન શ્રીચકના મનમાં ભ્રમણ કરી બહાર આવે તે પહેલાંજ પ્રિયવંદા કામને છોડી સામે આવી, અને પતિના કપડા સ્વહસ્તમાં લઇ યોગ્ય સ્થાને ટાંગી દઇ હસ્તમાં નિર્મળ જળથી પુર્ણ કળશ આપતાં તે બોલી કે—' પ્રાણાધાર ! દાસી કે નોકરવર્ગ ગમે તેટલું સુંદર કાર્ય કરે છતાં તેની ભાવનામાં ફેર હોવાથી જેટલી કુશળતાથી પતિ માટે એક પત્નિ કામ કરવામાં સાવચેતી રાખી સુઘડતા આણી શકે તેટલી તો તે નજ લાવી શકે. હું આપણા ઉભય માટે જેટલી કાળજીપૂર્વક શય્યા બિછાવું તેટલી કાળજી તેઓને કયાંથી હોઇ શકે ? કેમકે મારી ભાવના અંતરના પ્રેમમાંથી જન્મેલી હોય છે,

જ્યારે નોકરવર્ગની માત્ર શેઠને ખુશ કરી ધન મેળવવાની હોય છે અને તેથીજ મેં મારી જાતેજ બધું ફરીથી વ્યવસ્થાસર ગોઠવવા નિશ્ચય કર્યો છે. તમે આ ગાદીપર બીરાજો; અગર શય્યામાં સુખે આરામ લ્યો, હું આ કાર્યથી પરવારી સત્વર આપની સેવામાં હાજર થઇ જઇશ." મીઠાં અને મધુરાં આ વચનો સાંભળીને શ્રીયકને સરિતા તટ પર ઉપસ્થિત થયેલો 'ઉચિત કાર્ય શું ?' એ પ્રશ્ન પાછો મગજમાં તાજો થયો. હવે તેના નિર્ણયમાં બહુ વિલંબ ન થયો. તેને લાગ્યું કે જેમની કૃપાથી આવી ઉત્તમ પ્રિયાનો અને આવી વિશિષ્ટ પ્રકારની સામગ્રીઓનો યોગ થયો છે તેમનાજ સ્મરણાર્થે આજની રાત્રિ બ્રહ્મચર્યવ્રત પાળીને ગાળવી અને એ રીતે સંજોગો અનુકુળ મળ્યા છતાં ખુશીથી તેનો ત્યાગ કરી આત્માની શકિત કેળવી જોવી. વળી શુભ કાર્યનું મંગલાચરણ તપથીજ કરાય છે તો આ પણ એક પ્રકારનો ઇચ્છાનિરોધરૂપ તપ છે. તેના કરતાં વધુ સુંદર શરૂઆત બીજી ન હોઇ શકે. સંસારના અન્ય જીવો ભલે આજની રાત્રિ અન્ય પ્રકારે ગાળે પણ અમારા ઉભય માટે તો ઉપરનોજ માર્ગ શ્રેયસ્કર છે. આ વાર્તા પ્રિયવંદાને જણાવતાં તેણીએ સહર્ષ સંમતિ આપી અને ઉમેર્યું કે—પ્રભાતે ઉદ્યાનમાં જઈ પ્રભુના પૂજન આદિ કરીનેજ દાંપત્યભાવમાં જોડાવું, એવી મારી નમ્ર પ્રાર્થના છે.

## પ્રકરણ ૧૬ મું

---

### દંપતી જીવનનો લ્હાવો.

પૂર્ણિમાનો દિવસ પ્રેમીયુગલના હૃદયમાં કોઈ અલૌકિક સુખનો અનુભવ કરાવે છે. આજે પાટલીપુત્રના એક મનોહર આવાસની ખુલ્લી અગાશીમાં હાસ્યરસમાં નિમગ્ન એવા એક નવતરૂણ દંપતિ દૃષ્ટિગોચર થતા હતા. વાચક એ તરૂણ દંપતિથી અજ્ઞાત નથી. કારણ કે હમણાંજ લગ્નગ્રંથીથી જોડાયેલ શ્રીયકકુમાર અને પ્રીયંવદાનું સ્મરણ તમારા હૃદયમાં તાજુંજ છે.

થોડીવાર પછી શ્રીયકે વિનોદપૂર્ણ ભાવે કહ્યું. વ્હાલી! પૂર્વપુણ્યના યોગે આપણી મનઃકામના પૂર્ણ થઈ છે. અને તે સાથે ત્હારા જેવી સુલક્ષણા, ચતુર અને ગૃહકાર્યમાં નિષ્ણાત અર્ધાંગના મેળવવા માટે હું પોતાને ભાગ્યશાળી માનું છું.

પતિના મુખે પોતાની પ્રશંસા સાંભળી પ્રીયંવદા વચમાંજ બોલી ઉઠી–સ્વામી, આપના ચરણની દાસી એવી આ રંક બાળાની આટલી બધી પ્રશંસા કરવી ન ઘટે! હું તમારી જેટલી સેવા કરૂં એટલી ઓછીજ છે. અથવા તો એટલું મારૂં કમભાગ્ય જ ગણાય. કેમકે તમે મારા મસ્તિષ્કના મુગટ છો એટલું જ નહીં પણ પ્રાણ બચાવનાર જીવનદાતા

પણ છો. મારાથી તેનો બદલો શી રીતે વાળી શકાવાનો હતો? જે નારી પોતાના પતિની આજ્ઞા ઉઠાવતી નથી તે વાસ્તવિક રીતે અર્ધાંગનાના પદને લાયક નથી. ગૃહસ્વસ્થતા અને રસવતીમાં નિપુણતા વિગેરે લલના જાતિને ઉચ્ચ પંકિતએ લઈ જનારા આવશ્યકીય કાર્યો છે. તે સિવાય પણ એક કુળદ્યોતક કાન્તા નિવડવાને બહુ બહુ કાર્યો કરવાની જરૂર છે તે સમય આવે કરી બતાવ્યા પછી જ હું આપની પ્રશંસાને લાયક બની શકું અને તેવા કાર્યોની એક સંક્ષિપ્ત નોંધ મેં મારી પાસે રાખી છે, જે સમય આવે આપશ્રીને દેખાડીશ.

શ્રીયક કે જે અત્યારસુધી શાંતચિત્તે સ્વપ્રિયાની વાણી સાંભળી રહ્યો હતો તે મનમાં ને મનમાં તેણીની બોલવાની છટા, મધુરતા અને ધનાઢ્ય કુળમાં ઉછરેલી છતાં નિરભિમાનતા અને કાર્ય–કુશળતા આદિ ગુણોની પ્રશંસા કરતાં બોલ્યો:–' વ્હાલી, ત્હારૂં કથન સત્ય છે, અને હું ઇચ્છું છું કે, આ પ્રમાણે જો તું વર્ત્તન રાખીશ તો એક કુળદ્યોતક કાન્તા નિવડવાને જરૂર સાભાગ્ય પ્રાપ્ત કરીશ. પણ એક વાત મારા હૃદયમાં ઘણો વખત થયાં મુંઝવી રહી છે અને તે એ કે જ્યારે આપણા લગ્ન થયાં ત્યારે તને વળાવતી વખતે ત્હારી માતુશ્રીએ ' વડીલોનો વિનય કરવાની, પતિની આજ્ઞામાં તત્પર રહેવાની ' વિગેરે ઘણા પ્રકારની શિક્ષા આપી હતી; તેમજ મને પણ ત્હારો દોષ આવે તો પણ અજ્ઞાન જાણી સહી લઇ

ત્હારૂં રક્ષણ કરવારૂપ પ્રાર્થના કરી હતી અને પછી એક સુંદર ભરેલા રૂમાલમાં પોથી જેવું કંઇક બાંધી આપ્યું હતું તે શું હતું ? મારા મનમાં તેજ વેળાએ તે વસ્તુ વિષે જાણવાની જીજ્ઞાસા થઇ હતી પણ બીજા કાર્યોમાં ચિત્ત પરોવાયાથી તે વાતનું વિસ્મરણ થયેલું હતું. અત્યારે તે એકાએક સ્મૃતિપટમાં પુનઃ તાજુ થયું છે, તો તું તેનો મર્મ સમજાવશે કે ?

પ્રાણનાથ ! એ હકીકત એક વખત તો હું આપને કહેવાની જ હતી; પણ જ્યારે આપની હમણાંજ સાંભળવાની તીવ્ર ઇચ્છા છે તો સાંભળો—મારી માતુશ્રીએ ઘણા વખતના અનુભવ ઉપરથી કુલીન સ્ત્રીઓને છાજે તેવા ઉત્તમોત્તમ વાક્યોનો કરેલો સંગ્રહ મને અર્પણ કર્યો છે અને તેનું યથાવકાશે મનન કરવા મને ખાસ આજ્ઞા ફરમાવી છે.

વ્હાલી ! ત્હારી માતુશ્રીની ત્હારા પ્રત્યે આવી જ્ઞાનદૃષ્ટિ જોઇ મને અત્યાનંદ થાય છે. કહે, ત્યારે એમાંની કંઈક વાનગી મને ચખાડીશ કે ?

નાથ ! જો આપ મને આપની મધુર વાણીદ્વારા કંઇક જ્ઞાનામૃતનું પાન કરાવો તો હું જરૂર આપને પાછળથી એ સંગ્રહમાંની થોડી વાનગી ચખાડીશ.

પ્રિયા ! ત્હારી એવી જ ઇચ્છા છે તો સાંભળ ! એક ત્રણ અક્ષરની વસ્તુ છે. જેના સેવનથી દરેક મનુષ્ય પ્રાણી દિનપ્રતિદિન ખવાતું જાય છે અને દ્રરિદ્ર બનતું જાય છે, તેનો જો

પહેલો અક્ષર બાદ કરીએ તો બારાખડીના બે નજીકના અક્ષરો રહે છે. વચલો અક્ષર બાદ કરીએ તો જગત જંતુના હૃદયમાં સદૈવ વસતી ચીજનું નામ બને છે અને છેલ્લો અક્ષર બાદ કરીએ તો એવું નામ બને છે કે જેનાથી હરકોઇ નાસતું ફરે છે અને તેને સંઘરવા ના પાડે છે અને કોઈ જોરજુલમથી માથે ચઢાવી જાય તો મરવા તત્પર થાય છે. વ્હાલી ! આ વસ્તુ તે કઇ હશે ?

વ્હાલા પ્રાણનાથ, તમારા પ્રશ્નનો જવાબ તો મારા મુખમાં રમીજ રહ્યો છે; કેમકે તે ચીજને મારે હાંકી કાઢવી એવી મારી માતુશ્રી તરફથી મને સખ્ત આજ્ઞા છે અને તેથી નિરંતર તેને મારાથી સો ડગલા દૂર રાખવા પ્રયત્ન કરૂં છું. તેનું નામ ' આળસ ' છે.

બરાબર ! બરાબર ! હવે આપણી સરત પ્રમાણે તું કહી સંભળાવ જોઉં ! શ્રીચકે ખુશી થતાં કહ્યું.

" એક સુંદરાકૃતિ પુરૂષને શૂળી ઉપર ચઢાવ્યો હતો. જ્યાં આગળ એક સ્ત્રી ઉભી ઉભી રૂદન કરતી હતી; તેણીને ત્યાં ઉભેલા સુભટે પૂછયું કે હે બાઇ ! તું શા માટે રૂદન કરે છે ? શું આ પુરૂષ ત્હારો સગો થાય છે ? તેના જવાબમાં બાઇ નીચેનું પદ બોલી, તો હે સ્વામિન્ ! તે બાઈ અને પેલા પુરૂષ વચ્ચે શુ સંબંધ હશે

" નથી નથી સાળવો, રૂડો દેખી રોઈ;

એના બાપનો બનેવી, સગો મારો નણદોઇ. ”

વ્હાલી ! એનો જવાબ મનનીય હોવા છતાં ઘણોજ સ્પષ્ટ છે. જો હું ન ભુલતો હોઉં તો એ બન્નેનો સંબંધ મા-દીકરાનો હોવો જોઇએ. કેમ ખરૂંને ?

એ સાંભળી પ્રીયવંદા એકદમ હસી પડી અને પતિની આવી જવાબ આપવાની ચાલાકી જોઇ મનમાં મલકાવા લાગી.

એ રીતે બન્ને જણા પૂર્ણીમાની રઢીઆળી રાત્રીને વિષે વિવિધ વાતો કરતાં મોડી રાત્રે શયનાધિન થઇ ગયા.

---


## વાંચો ! જરુર વાંચો !

### વરસે ત્રણ રૂપીયા તો તમને નવું ચૈતન્ય આપશે.

નૈતિક અને ધાર્મીક ઉચ્ચ સંસ્કાર આપનારાં ઇતિહાસીક પુસ્તકો વાંચવા વાંચનમાળાના ગ્રાહક થવા તુરત લખો. લીસ્ટ મંગાવી ખાત્રી કરો. કોઇ પણ જાતનાં પુસ્તકની જરૂર પડે તો લખોઃ—

**જૈન સસ્તી વાંચનમાળા.**

**રાધનપુરી બજાર—ભાવનગર.**

# પ્રકરણ ૧૭ મું.

## પિતાની અજ્ઞાનો અનાદર.

વિશ્વના પૂર્વથી પશ્ચિમ અને દક્ષિણથી ઉત્તર છેડા સુધી જોતાં એ વાત અનુભવ સિદ્ધ છે કે નારીજાતિમાં ભલભલા પ્રખર યોદ્ધાઓ અને મહારથીઓ પણ મુગ્ધ થઈ સારાસારનો વિવેક ચુકી ગયા છે. માત્ર બચ્યા હોય તો અરિહંત પરમાત્માઓ અને નિર્ગ્રંથ સાધુ મહાત્માઓ !

કોશ્યા વેશ્યા કે જેને રૂપનો રાશિ અથવા સારંગલોચના કહીએ તો જરાપણ અતિશયોક્તિ ન ગણાય. કારણ કે એના નયનકટાક્ષ પાસે ગમે તેવો પુરૂષ પણ કામદેવનો ગુલામ બન્યા વિના ન રહે ! સ્થુલિભદ્ર જેવો નીતિજ્ઞ અને ધર્મજ્ઞ પુરૂષ પણ કોશ્યાના પ્રલોભન યુકત વચનોથી સ્વકર્તવ્યથી ચળિત થયો ત્યાં સામાન્ય મનુષ્યની શી દશા ! માટે જ એક કવિએ કહ્યું છે કે--

**નારી કહું કે નાહરી, નખ મખ સુધી ખાય;**
**જળ ડુબ્યા તરી નિકળે, ભગ બુડયા વહી જાય.**

શ્રીયકના લગ્ન થયા બાદ મંત્રીશ્વરનો શ્રી સમેતશિખરજીની યાત્રાએ જવાનો વિચાર થયો. એ વાત તેમણે સ્થુલિભદ્રને પણ જણાવી હતી. પણ તે વખતે તેણે માત્ર એટલો

જ ઉત્તર આપ્યો હતો કે ત્રણ ચાર દિવસમાં નિશ્ચય કરી જવાબ આપીશ. ત્યારબાદ ઉભય પતિપત્નિ પોતાને આવાસે ચાલી આવ્યા હતો અને રંગરાગમાં એટલા તો મશગુલ થઇ ગયા હતા કે સ્થુલિભદ્રને ઉપરની વાતનું સંપૂર્ણપણે વિસ્મરણ થઇ ગયું હતું. જો કે આ વાતની કોશ્યાને સ્મૃતિ હતી, પણ તેમાં તેને લેશમાત્ર આનંદ ન દેખાવાથી તેણીએ જાણી જોઇને એ વાત ભુલાવવા ખાતર યાદ કરી નહોતી; પરંતુ જ્યારે મંત્રીશ્વર તરફથી અનુચર પ્રત્યુત્તર લેવાને આવ્યો ત્યારે તે ઉપર આજ રાત્રિના વિચારણા કરવાની જરૂર જણાઇ જેથી "કાંતો કાલે આવીશું અથવા જરૂર જવાબ મોકલીશું." એવો જવાબ દઇ તે અનુચરને વિદાય કર્યો.

રાત્રિના બન્ને પ્રેમી યુગલ અગાસીમાં બેસી વિનોદ કરી રહ્યા છે. એ વખતે સ્થુલિભદ્રે વાતની શરૂઆત કરતાં કહ્યું.

"પ્રિયા! જો તું સાથે આવે તોજ મને જવું ગમે માટે એકવાર યાત્રાનો આનંદ તો જો."

"પ્રીયતમ! મારાથી તો મુસાફરીના કષ્ટ સહ્યાં જાય તેમ નથી. મેં ન્હાનપણથી જરાપણ દુઃખ વેઠયું નથી. એટલે જ મારી નગર બહાર જવાની ઇચ્છા થતી નથી. કોશ્યાએ કહ્યું."

"પણ આપણે એકલાંને ક્યાં જવાનું છે. સાથે પુષ્કળ દાસ-દાસીઓ હાજર રહેશે એટલે રસ્તામાં તકલીફ પડવાની સંભાવના જ ક્યાં રહી ?" સ્થુલિભદ્રે ખુલાસો કરતાં કહ્યું.

" જીવનાધાર ! તમારી એ વાત ખરી છે; છતાં મુસાફરીમાં ટાઢ, તડકાના દુઃખ તો વેઠવા ખરાને ! અહીં ઘર આંગણે આ છત્રપલંગઆદિના, ન્હાવાના, શણગારના, ખાવા પીવાના, બેસવા ઉઠવાના અને તેલ, અત્તર, વાજીંત્ર આદિ પંચરંગી સાધનોની જે અનુકુળતા છે તે ત્યાં કયાંથી મળે ? " કોશ્યાએ પોતાની વાતની જ પુષ્ટિ કરી.

" વ્હાલી ! બધું સુખ તે સાથે મળતું હશે ! મુસાફરીમાં જુદા જુદા દેશનું અવલોકન થશે અને નવિન નવિન નગરો નિહાળાશે. તેમજ પુષ્પભરથી લચી ગયેલાં ઉપવનો અને બગીચાઓમાં ફરવાનું મળશે. તે સુખમાં અહીંનું સુખ સાંભરશે પણ નહીં." સ્થુલીભદ્રે મુસાફરીના સુખનું વર્ણન કરતાં કહ્યું.

" કાન્ત ! એ સુખ લેવા જતાં આ સામગ્રીના અભાવે મારી તો કાયા કરમાઈ જ જાયં. મળેલી વસ્તુને છોડી અન્યની આશા કરવી એ ઠીક નથી. " કોશ્યાએ પોતાનો કક્કો જ શરૂ રાખ્યો.

સ્થુલીભદ્રને લાગ્યું કે કોશ્યાને લઇ જવાનો પ્રયત્ન કરવો એ શ્વાનપુચ્છને સીધું કરવા બરાબર છે. તેમજ દરેક વાતમાં વડીલ વાકયની અવગણના કરવી તે પણ યોગ્ય નથી. માટે આ વખતે મારે એકલાએ જવું તો ખરૂં, એમ વિચારી કોશ્યા પ્રત્યે કહ્યું.

" પ્રિય ચંદ્રાનના, ભલે ત્હારાથી ન આવી શકાય તો ન આવીશ. પણ મને તો જવાની રજા ત્હારે આપવીજ પડશે; કેમકે આ કાર્યમાં તો ધર્મ અને વિનય બન્ને રહેલાં છે. એ ઉપરાંત નવીન અનુભવોનો લાભ મળે તે તો જુદો ! માટે મારાથી તો ગયા વિના નહીં ચાલે." સ્થુલીભદ્રે પોતાનો નિશ્ચય વ્યકત કર્યો.

અલ્પકાળ સુધી જાણે વિચારમાં તલ્લીન થઇ ગઇ હોય એવો દેખાવ કરી આખરે કોશ્યાએ અતિ નમ્રવચને, કરમાયલા મુખે ને ગળગળા સાદે પ્રત્યુત્તર આપ્યો:--

નીર વિના મીન, અને ચક્વાક વિના ચક્વાકીની જે દશા થાય છે તેવી નાથ ! મારી ગતિ સમજી લેશો. મારાથી ઘડી માત્ર તમારા વિરહનું દુઃખ સહન નહીં થાય એ નક્કી માનજો મારા સરખી દાસીથી તમોને શુભ કાર્ય કરતાં રોકી તો શી રીતે શકાય; છતાં મારૂં અંતર મને ખુલ્લું જણાવે છે કે, આપની ગેરહાજરીમાં વિરહરૂપ દાવાગ્નિ નિશ્ચય મારો જીવ લેશે અથવા તો કાયાને શોષી શોષીને માત્ર અસ્થિરૂપ હાડ-પિંજર બનાવી દેશે. આપના ગમનની વાતમાત્રથી જ મારૂં શરીર શોષાવા લાગ્યું છે અને મન વિહ્વળ બન્યું છે તો પછી આપના ગયાથી તો શું શું નહીં બને ? પ્રાણદેવતા ! તેમાં આપનો લેશમાત્ર વાંક નથી. એનો ગુન્હેગાર વિધાતા છે કે જેણે અમારી નારીજાતિની આવી કોમળ દેહની ગોઠવણ કરી

અને અમને આવું રૂપ અને પુષ્પ કરતાં કોમળ હૃદય આપ્યુ. કમલિની પ્રફુલ્લિત ત્યાંજ સુધી રહે છે કે જ્યાંસુધી નભોમણિ સ્વકીરણોદ્વારા તેને બળ આપી રહ્યો હોય છે, તેવી જ રીતે કુમુદિનીની પ્રેમગ્રંથી ચંદ્રમા સાથે જ બંધાયેલી હોય છે. પણ એ સ્નેહીઓના અભાવમાં જેમ એ કમળોને ખીલવાનું તો દૂર રહ્યું પણ કરમાઇ જતાં આખરે મૃત્યુને શરણ થવું પડે છે; તેવીજ મારી ગતિ પણ સમજી લેજો. જુઓ, કવિઓએ પણ એજ ગાયું છે કે:—

"ચંદ્રકો ચાહી ચકોર મરે, નિશિ દીપક દેખી જલેજ પતંગા;
મોર મરે ઘનઘોરકી શોરસેં, મીન મરે બિછુડે જલ સંગા.
સ્વાતિકે બુંદ બપૈયા મરે, ફુનિ કેતકી કારણ ભૌર ભુજંગા;
એક ચાહે અરૂ એક ન ચાહે તો, યારો જલોવાકો પ્રેમ અઠંગા."

સ્થુલીભદ્ર તો ઉપર પ્રમાણેની મોહમયી વાણી સાંભળી ઠંડોગાર બની ગયો, તેને મનમાં પુનઃ પુનઃ એમજ થવા લાગ્યું કે ખચિત મારા વિરહે કોશ્યાની દેહ કાંતિ વિશીર્ણ થાય અને કદાચ મૃત્યુ પણ થઈ જાય તો તે વેળા મારી શી સ્થિતિ થાય! માટે ઊભયને કલેશ થાય એવું કામ કરતાં પહેલાં વિચાર કરવો એજ ઉચિત છે. કહ્યું છે કે 'अनारंभो हि कार्याणां प्रथमं बुद्धि लक्षणम्' માટે અત્યારે તો પિતાશ્રીને ના કહેવડાવવામાં જ શ્રેય સમાયેલું છે. એ પ્રમાણે નિશ્ચય કરી કોશ્યા પ્રત્યે કહ્યું.

૮

હે સુભ્રુ ! જે ત્હારો નિશ્ચય એજ મ્હારો નિશ્ચય. જ્યાં તું ત્યાં હું. પ્રેમરસનું પાન કરનારા અને સદૈવ તેમાંજ મગ્ન રહેનારા પ્રેમયુગલોની આથી અન્ય કઇ ગતિ હોય ! એમ કહી તુરત પોતાના એક ખાસ અનુચર જોડે પોતાના પિતા-શ્રીને કહાવી મોકલ્યું કે કેટલાક કારણોને લઈને હાલમાં યાત્રાર્થે આવવાનું મારાથી બની શકશે નહીં; પરંતુ આપની યાત્રા સફળ થાઓ એમ અંતઃકરણપૂર્વક ઇચ્છું છું.

ખરેખર અનંગ અંગ વિનાનો હોવા છતાં વિજય તો તેનોજ થયો. તેના અસ્ત્રોમાં અતિ તેજસ્વી ગણાતા અને અચુક નિશાનવાળા એવા મોહનીરૂપ બાણથી કોનું મર્મસ્થાન નથી ભેદાયું ? લૌકિકમાં દેવ ગણાતા એવા શંકર, વિષ્ણુ અને બ્રહ્મા જેવાને પણ જેના કટાક્ષ બાણોએ ઘાયલ કરી મોહપા-શમાં બદ્ધ બનાવી દીધા ત્યાં કાચા પોચાની તો વાત જ કયાં રહી ? ઇતિહાસના પાના ઉપર દ્રષ્ટિ ફેરવો તો તરતજ જણાઇ આવશે કે એ અબળા જાતિએ કેટલાએ પ્રબળોને નિર્બળ બનાવી, રાજ્યપાટ મૂકાવી જંગલમાં ભમતા કરી દીધા છે. એક કામદેવના ગૃહ સમાન કવિદ્વારા કહેવાતી ચંદ્રવદનીએ સંયમ રસનું પાન કરતા એવા અર્હન્નક ( અરણિક ) મુનિને મદનબાણથી વીંધી ચારિત્રથી પતિત કરી દીધા હતા. ધર્મ-રૂચિ શિષ્ય અષાડભૂતિ સાધુને તેમના પવિત્ર ચારિત્રથી ચુકાવી નાટ્યકાર બનાવનાર એ ઉભય નટિયો કે અન્ય કોઇ ?

શ્રેષ્ટિપુત્ર એલાયચીકુમારને સ્વકુળનો ત્યાગ કરાવી ત્રણ ત્રણ વખત વાંસ ઉપર ચઢી નાટક કરવું પડયું તેનું નિમિત્ત કારણ કોણ હતું ? કહેવાનું તાત્પર્ય એટલુંજ કે લલના જાતિમાં એવી તો વિષમ પ્રકારની કિંપાક વૃક્ષના ફળ સરખી મીઠાશ રહેલી છે કે—જેનું સેવન દૈવત નષ્ટ કરે છે. કૌવત હરે છે અને ભવભ્રમણ વધારે છે. જાતે બુડી અન્યને બુડાડે છે; છતાં પણ સમજુ, ડાહ્યા અને વિદ્વાનો સુદ્ધાં તેમાં ભ્રમિત થયા છે તો સ્થુલીભદ્ર જેવા યુવકની શી મગદૂર ?

મંત્રીશ્વરને સંદેશો મળતાં જ તેમણે તો સ્વગમનની તૈયારીનો દિવસ નક્કી કરી દીધો. કેમકે તેઓશ્રીને આવા પ્રત્યુત્તરની બારઆની તો ખાત્રી જ હતી. તેઓ પ્રાજ્ઞ હોવાથી તેમજ કર્મનો મર્મ સમ્યક્ પ્રકારે સમજતા હોવાથી આ પ્રત્યુત્તરમાં ન તો તેમને આશ્ચર્ય લાગ્યું કે ન તો સ્થુલીભદ્ર ઉપર ગુસ્સો ઉત્પન્ન થયો. માત્ર એજ વિચાર આવ્યો કે હે કર્મરાજા, ત્હારી મોહિનીવડે તું અમારી પાસે કેવા કેવા વેશ ભજવી રહ્યો છે ? એક વખતના સુશીલ, સમજુ અને વિનયી પુત્રનું આટલી હદે પતન! આટલું ધર્મકાર્ય પ્રત્યે દુર્લક્ષ્ય! એ બધા ત્હારા પ્રતાપ નહીં તો કોના ? પણ મારૂં મન સાક્ષી પૂરે છે કે તેજ સ્થુલીભદ્ર વડે ત્હારો સજ્જડ પરાજય થશે; કેમકે ગમે તેવો પણ તે સિંહસુત છે. માત્ર સિંહ પદની ઓળખાણ થાય તેટલીજ વાર છે.

# પ્રકરણ ૧૮ મું

## રાજ્યતંત્રની કપટજાળ.

રાજ્યતંત્ર વસ્તુ જ એવા પ્રકારની છે કે જેમાં કપટ-નીતિનું મોટા ભાગે મીશ્રણ થયેલ હોય છે; છતાં પૂર્વ સમયમાં ન્યાય–નીતિથી જ વહીવટ ચલાવનારા ઘણા રાજાઓ થઈ ગયા છે અને તેવા રાજાઓના રાજ્યને રામરાજ્યની ઉપમા અપાયેલ છે; છતાં એ સાથે એટલું પણ ચોક્કસ છે કે રાજાઓ બહુધા કાચા કાનના જ હોય છે. તેઓની એ રીતિને લઈને કેટલાયે નીતિપરાયણ અને કળાવિશારદ અમાત્યોને અથવા તો કર્મચારીઓને અકાળે કૃતાન્તના ધામમાં જવાની ફરજ પડે છે. ઇતિહાસના પાના આ વાતની સાક્ષી પૂરે છે.

ભૂપતિ નંદરાજા પોતાના એકાંત ભુવનમાં આમતેમ આંટા મારતો કંઇક અસ્ફુટ ઉદ્‌ગાર કાઢી રહ્યો છે. " અહા ? આટલાબધા વિનયી અને વિચારવાન મંત્રીશ્વરને કાવગા-ખોરની પંકિતમાં મૂકવાની તે દ્વિજ હજુ પણ ધૃષ્ટતા કરી રહ્યો છે. શ્રીયકના લગ્નમાં મંત્રીશ્વર શકડાળે મારૂં કેટલું બધું સ્વાગત કર્યું ! પોતાના સાંસારિક કેટલાયે કાર્યોમાં નિમગ્ન હોવા છતાં તેણે મારા આદરસત્કારમાં જરાપણ ઉણપ આવવા દીધી નથી. તેના અખિલ કુટુંબની સભ્યતા અને વિનયે મારા હૃદયમાં સદ્‌ભાવ ઉત્પન્ન કર્યો છે. અને તે દ્વિજ વરરૂચીએ

કરેલા પ્રપંચ ઉપર તિરસ્કાર ઉત્પન્ન કર્યો છે. માટે આજેજ તે પાપીની ખબર લેવી જોઇએ. જાતે બ્રાહ્મણ હોવાથી વધુ આકરી શિક્ષા કરતાં મારૂં હૃદય ખંચાય છે, નહિં તો તેને ક્યારનોએ યમશરણ કરી દીધો હોત ! જેટલા અમાત્યના વખાણ કરૂં તેટલાજ સ્થુલીભદ્ર અને શ્રીયક પણ લાયક છે. કોઇમાં તલભાર પણ ન્યુનતા જણાતી નથી. સ્ત્રી વૃંદમાં પણ તેજ ખૂબી અને તેજ પ્રકારની કુશળતા દેખાય છે. લક્ષ્મીવતીના શબ્દો એતો જાણે અમૃતની ધારા! તેની પુત્રીઓમાં પણ મુગ્ધ અવસ્થા હોવા છતાં સભ્યતા અને કાર્યદક્ષતાનો ખજાનો જ ભર્યો છે. કોશ્યા પણ જાણે તે કુટુંબની ખરેખરી કુળવધુ ન હોય તેમ લજ્જાવતી અને મર્યાદશીળ થઇ ગઇ છે. કોણ કહી શકે તેમ છે કે તે વેશ્યાપુત્રી છે! વળી વિદ્વત્તાની બાબતમાં તો એમ કહ્યા સિવાય ચાલે તેમજ નથી કે તેના સમસ્ત કુટુંબ ઉપર સરસ્વતી દેવી સંપૂર્ણપણે તુષ્ટમાન થઇ સ્વયં પોતેજ આવી વાસ કરી રહી છે.

આહા ! જે વખતે મંત્રીશ્વરે લગ્નકાર્યની પૂર્ણાહૂતિ પછી સ્વપરિવાર સહિત શ્રી પાર્શ્વનાથની યાત્રાએ જવા માટે થોડા દિવસ સેવામાંથી ગેરહાજર રહેવાની મારી પાસે અનુજ્ઞા માગી તે સમયે તેની મુખકાંતિમાં નમ્રતા અને આજ્ઞાપરાયણતાના ભાવો કેવા સ્પષ્ટ દીપી રહ્યા હતા ! હું તે કેમ ભૂલી શકું ? જેમ અમારા કુળમાં રાજ્યગાદીની પરંપરા ચાલી છે તેમ તેના કુળમાં અમાત્યપદની પરંપરા ચાલી છે. એ વંશપરંપરાની પ્રીતિમાં

કલંક કેમ સંભવે ! મારૂં મન તો સ્પષ્ટ કહે છે કે તેની વફાદારીમાં શંકા કરવી એ ઉદ્યોતમાં તિમિરનો પ્રાદુર્ભાવ થવારૂપ બેહુંદાપણું છે. હાલ એ અહીં નથી એ પણ ઠીક છે. જો તેને આ વાતની ખબર પડે તો તે દ્રઢ મનોબળી શું માર્ગ ગ્રહણ કરે તે કળી ન શકાય ! પરંતુ પેલા ભૂદેવ પોતાની વાતની ચોક્કસ ખાત્રી માટે મંત્રીશ્વરના ઘરનું માણસ લાવવાને કહી ગયો છે તો આજેજ ખબર પડી આવશે કે સત્ય શું છે ? એટલામાં પ્રતિહારે આવી વિદિત કર્યું કે મહારાજ ! એક દ્વિજ અને બીજી એક બાઇ આપની પાસે આવવાની અનુજ્ઞા માગે છે. માટે ફરમાવો શી આજ્ઞા છે ?

જા, અને તેમને મારી સન્મુખ હાજર કર. અને એ મારી પાસે હોય ત્યાં સુધી અન્યને આવવાની સખ્ત મનાઈ છે. નંદરાજે પ્રતિહારીને એકસાથે બે આજ્ઞા કરી.

અલ્પ સમયમાં દ્વિજ વરરૂચી અને એક પ્રૌઢવયની સ્ત્રી ઉભય દંડવત કરી રાજેશ્વર સન્મુખ ઉભા રહ્યા. એટલે મહારાજાએ વરરૂચીને પોતાનું વૃત્તાંત કહેવાની આજ્ઞા કરી. મહારાજ ! આ બાઇનું નામ મંથરા છે. તેણી અમાત્યના ગૃહમાં આજ લાંબા સમયથી એક વિશ્વાસપાત્ર સેવીકા તરીકે કામ કરે છે. તેણી સ્વમુખે આપને જે કાંઈ કહે તે ઉપર આપસાહેબ વિચાર બાંધી સત્યાસત્યનો નિર્ણય સ્વયમેવ કરી શકશો. ” વરરૂચીએ કહ્યું.

" મંથરા ! યાદ રાખજે કે આ સ્થાનમાં જરાપણ અસત્ય ચાલતું નથી. જો તું અસત્ય બોલવાની ધૃષ્ટતા કરીશ તો વિના કારણ સખ્તમાં સખ્ત સજાનો ભોગ બનીશ. માટેજ સત્ય હકીકત હોય તે સુખેથી કહી દે. " મહારાજાએ ધમકી આપતાં કહ્યું.

મહારાજા ! આપની પાસે ખોટું બોલવું એ પ્રભુને ઠગવા બરાબર છે. વળી આપ જુઓ છો તેમ હું વૃદ્ધ છું. એટલે આ છેલ્લી ઉમ્મરે ખોટું બોલી મારા ધોળામાં કલંક નહીં લગાડું એ આપ ખાત્રીથી માનજો. એમ કહી દાસીએ વાતની શરૂઆત કરી:—" મંત્રીશ્વર આજ વરસ દહાડાથી પોતાની પત્ની સાથે મસલ્લત કરી રહ્યા છે કે:—રાજાજીમાં પાટલીપુત્રનું રાજ્ય સંભાળવાની જોઇએ તેવી તાકાત—આવડત નથી. એ સ્થિતિમાં તેનાથી રાજ્યભાગમાં વધારો કોઇપણ રીતે થઇ શકે તેમ મને લાગતું નથી. માટે મારો વિચાર તેમને બદલે શ્રીયકને રાજગાદી ઉપર બેસાડી રાજ્યની બધી લગામ મારા હાથમાં રાખી રાજ્યની આબાદી વધારવાનો છે. તે માટે ઘણી ખરી તૈયારી કરી રહ્યો છું. અને કેટલીક તો થઇ પણ ચુકી છે. આ બાબતમાં ત્હારો શો અભિપ્રાય છે ? વિગેરે આ બધી વાત મેં ગુપ્ત રહી સાંભળી છે. લક્ષ્મીબાએ તો તે વિષયમાં સાફ ના કહી અને ઘણું સમજાવ્યું પણ મંત્રીના લોભે લક્ષણ બદલાયા હોવાથી તેમણે પોતાનો વિચાર ન ફેર-

ષ્યો. વળી આ વાતમાં શ્રીયક તથા સ્થુલિભદ્રની પણ નામરજી હતી અને તેથીજ લગ્નના દિવસ સુધી સ્થુલીભદ્ર કુમાર આવેલ પણ નહીં. આ પછી મેં જોયું કે લગ્નના નિમિત્તે મંત્રીજીએ ઘરમાં ઘણા હથિયારો ઘડાવી તૈયાર રાખ્યા છે તેમજ કેટલાએ અપરિચિત મનુષ્યો અવાર નવાર ઘરમાં આવતા અને ખાનગીમાં તેમની સાથે લાંબા કાળ સુધી મસલતો ચલાવતા. આ જાત્રાએ જવામાં પણ ભેદ તો કંઇ જુદોજ લાગે છે, જે આપ થોડાજ સમયમાં જોઇ શકશો. ”

ભુપતિને આ બુદ્ધીદાસીની વાતમાં કંઇક ખરાનો ભાસ થયો. કારણકે શસ્ત્રાસ્ત્રો તૈયાર થવાની વાત પોતાના એક વિશ્વાસુ અનુચરે કરી હતી પણ તે વખતે એ વાત ઉપર બહુ વજન આપવામાં આવ્યું નહોતું, પણ જો દાસીની આ વાત સાચી હોય તો લગ્નકાર્યમાં એટલા બધા શસ્ત્રોની શી આવશ્યકતા હોય ! માટે નિશ્ચે કંઇક છળ લાગે છે; છતાં એટલું તો મારા નશીબે ઠીક દેખાય છે કે તેનો મોટો પુત્ર સ્થુલીભદ્ર તથા અંગરક્ષક સરદાર શ્રીયક તેમાં નામરજી ધરાવે છે, ઠીક છે જોઇએ છીએ આગળ શું બને છે; છતાં તે આવે કે તુરતજ ખાત્રી તો કરવી. એટલે ઝટ વસ્તુસ્થિતિ સમજાઇ જાય અને ઉપાય કરવાની સમજણ પડે. એમ નિશ્ચય કરી તે ઉભયને આ વાત તદ્દન ગુપ્ત રાખવાની સખ્ત આજ્ઞા કરી બન્નેને વિદાય કર્યા અને મહારાજા પોતાના અંતઃપુર તરફ રવાના થયા.

# પ્રકરણ ૧૯ મું.

## તીર્થક્ષેત્ર સમેતશિખરજી.

અન્ય સ્થાનો તરફ ગમે તેટલા દૃષ્ટિપાત કરો છતાં તીર્થસ્થાનોના મહાત્મ્ય આગળ તેઓનો કંઇજ કિંમત નથી. તેના મહાત્મ્યની તો અનુભવેજ ખાત્રી થાય. "તીર્થ એટલા માટે તારક છે કે તીર્થંકર મહારાજો ત્યાં સમવસર્યા હોય-વિચર્યા હોય, આત્મકલ્યાણને સાધી મોક્ષે ગયા હોય છે. અનેક ગણધરો, મુનિવરો ઇત્યાદિ પુણ્ય ચરિતોની અનેક શુભ પ્રવૃત્તિથી ત્યાંના શુદ્ધ પુદ્ગળોથી, શુદ્ધ વાતાવરણથી એ ભૂમિ પાવન બની રહેલી હોય છે અને તેથી પોતાની સમીપમાં આવનારના આત્માના મનની શુદ્ધિકર્ત્તા બને છે. ત્યાંના શુદ્ધ વાતાવરણના સ્પર્શથી જે જે મહાનુભાવોએ ત્યાં રહી આત્મકલ્યાણ સાધ્યું હોય છે, તેમના સ્મરણથી તેઓમાં શુભ પ્રવૃત્તિનો પ્રવેશ થાય છે. આવી તદ્રુપતામાં આનંદ આવી ગયો તો પછી સંસારના ઉપાધિવાળા આનંદો જીવને નિઃસાર ભાસે છે. ઉદાસીનતા પ્રગટ થાય છે અને આત્મા સ્વકલ્યાણનો ઐચ્છક બની જાય છે અને પૂર્ણ મહાનુભાવના પંથે વિચરતાં પરિણામે તરી જાય છે. અર્થાત્ મુક્ત બને છે. ત્યાં નિરવ શાંતિ સદૈવ વ્યાપેલીજ હોય છે. ત્યાંજ ખરી વસ્તુનો વિચાર આવે છે. વાસ્તવમાં આત્મા

શી વસ્તુ છે, એનું ભાન ત્યાંજ થાય છે ને આ મનુષ્યજીવન પામ્યાનો ઉદ્દેશ શું હોઇ શકે એનો ખ્યાલ પણ ત્યાંજ આવે છે. જે ભાવો સંસારના નિબીડ વાતાવરણમાં કોટિ યત્ને પણ આવવા દુર્લભ હોય છે. તેનો ત્યાં નિમેષમાત્રમાં સાક્ષાત્કાર થાય છે. તેથીજ ગમે તેવા પ્રખર પાપી અને અધમ મનુષ્યોનો પણ ત્યાં ઉદ્ધાર થઇ જાય છે. એમ શાસ્ત્રોમાં પણ કહેલ છે.

મંત્રીશ્વર શકડાળને આ પર્વતાધિરાજની તળાટીમાં આવ્યાને બે દિવસ થયા છે. માર્ગનો શ્રમ તો સર્વ કોઇને લાગેલોજ એટલે બે દિવસ વિશ્રાન્તિ લઇને ત્રીજે દિવસે પર્વતાધિરાજ ઉપર ચઢવાનો નિશ્ચય કરવામાં આવેલો. એકાએક આ યાત્રાએ નિકળવાનું બનેલ હોવાથી દેશોદેશના મનોહર સ્થાનોએ અને કુદરતી દેખાવોએ મંત્રીશ્વરના હૃદયમાં આનંદની ઊર્મિઓ ઉછાળવા માંડી હતી. વાત વાતમાં તે રજુવાળીકા નદીનું દૃશ્ય યાદ કરતા; અને જણાવતા કે ખુદ પરમાત્મા શ્રી મહાવીરદેવે જ્યારે તેના તટ ઉપર આવેલા ક્ષેત્રમાં ગોદોહાસને વિરાજી શુકલ ધ્યાનમાં નિમગ્ન થઇ કૈવલ્યની પ્રાપ્તિ કરી હશે ત્યારે ત્યાંનું વાતાવરણ કેવું નિરૂપમ બન્યું હશે ! કેવી મજેની અલૌકિકતા ચોતરફ પથરાઇ હશે ! દેવોએ સમવસરણ રચ્યું હશે અને દેવદેવીઓનો સમૂહ તથા ભિલ્લ તિર્યંચ પ્રમુખ સર્વ કોઇ ત્યાં એકત્ર થઇ પ્રભુના શ્રીમુખે તેમનો પ્રથમ દેશના એકચિત્તે સાંભળી રહ્યા હશે ત્યારે ત્યાં આનંદની કેવી છોળો ઉડી રહી હશે. તે ભૂમિએ પોતાના

ઉપર થઇ રહેલા જીવંત પ્રાણીઓનાં ગમનાગમન વડે જાતે જ ચેતન સ્વરૂપ ધારણ કર્યાં હશે ! આજે પણ દહેરીઓમાંની પાદુકાઓ એ વાતની સાક્ષી પુરી રહી છે.

આ તીર્થાધિરાજનું મહાત્મ્ય સવિશેષ તો એટલા માટે છે કે ચાલુ અવસર્પીણી કાળમાં આ ભરતક્ષેત્રને વિષે થયેલા ચોવીશ તીર્થંકરો પૈકી વીશ તીર્થંકરોના મોક્ષગમન આજ ગિરિ ઉપર થયાં છે. માત્ર પ્રથમ શ્રી રૂષભદેવ, બારમા શ્રી વાસુપૂજ્ય-સ્વામી, બાવીશમા શ્રી અરિષ્ટનેમી અને ચોવીશમા શ્રી વર્ધ-માન સ્વામીના મોક્ષ કલ્યાણક અનુક્રમે શ્રી અષ્ટાપદજી, શ્રી ચંપાપુરી, શ્રી ગિરનારગિરિ અને શ્રી પાવાપુરીમાં થયેલાં છે તે છતાં આ તીર્થ ઉપર તે ચારે જીનની અને એક શ્રી ગૌતમ-સ્વામી ગણધરની મળી પાંચ દહેરીઓ પણ છે એટલે વચલા મુખ્ય મંદિર સાથે સંખ્યા છવીશની થાય છે. દરેક દહેરી મોટા ભાગે જુદી જુદી ટેકરીઓ ઉપર આવેલી છે. જેથી ટુંક તરિકે ઓળખાય છે. તેમાં પ્રભુના ચરણની પાદુકાઓ છે. એ એ રીતે છવ્વીશમી ટુંકમાં ત્રેવીશમા પ્રભુ શ્રી પાર્શ્વનાથની અસલ ચરણ પાદુકા છે, અને દેરાસર નવું બંધાયું છે જેને મેઘાડંબરની ટુંક કહેવાય છે. ટુંકોમાં દર્શન કરવા જતાં વચમાં ૧૬ મી ટુંકે શ્રી પુરૂષાદાની પાર્શ્વનાથ ભગવાનનું ઘણું વિશાળ દેરાસર આવી રહેલ છે અને તેમાં ભવ્ય, કાંતિવાન અને તેજસ્વીતાથી પરિપૂર્ણ એવી શ્યામળા પાર્શ્વનાથની મૂર્ત્તિ વિરાજમાન છે. આ સ્થાનનો દેખાવ અતિ મનોહર અને

રમણીય છે, અહીંથી સીધે રસ્તે શ્રી અધિષ્ટાતાના સ્થાનક તરફ અવાય છે જે સ્થાનકથી પૂર્વ દિશાએ ઉપરના રસ્તે જતાં નીચે લખ્યા પ્રમાણે અનુક્રમથી સર્વ દહેરીઓના દર્શન કરી શકાય છે.

૧ શ્રી કુંથુનાથજી, ૨ શ્રી નમીનાથજી, ૩ શ્રી અરનાથજી, ૪ શ્રી મલ્લીનાથજી, ૫ શ્રી શ્રેયાંસનાથજી, ૬ શ્રી સુવિધિનાથજી, ૭ શ્રી પદ્મપ્રભુજી, ૮ શ્રી મુનિસુવ્રત સ્વામીજી અહીંથી નીચેના રસ્તે ઉતરી પાછું અડધો ગાઉ ડુંગર ઉપરના ચઢાણમાં જતાં ૯ શ્રી ચંદ્રપ્રભુજી અહીંથી થોડું નીચે ઉતરી ઉપરના વચલી બાજુના રસ્તે જતાં ૧૦ શ્રી આદિનાથજી; ૧૧ શ્રી શિતળનાથજી, ૧૨ શ્રી અનંતનાથજી, ૧૩ શ્રી સંભવનાથજી, ૧૪ શ્રી વાસુપૂજ્યસ્વામીજી, ૧૫ શ્રી અભિનંદન સ્વામીજી ૧૬ શ્રી શ્યામળીઆ પાર્શ્વનાથજીનું મોટું દેરાસર કે જેમાં પ્રાચિન પ્રતિમાઓ બિરાજમાન છે. અને બહારના ભાગમાં એક નાની ધર્મશાળા છે. ન્હાવા માટે પાણી વિગેરેની સગવડ છે. ૧૭ શ્રી ગૌતમ ગણધર, ૧૮ શ્રી ધર્મનાથજી, ૧૯ શ્રી સુમતિનાથજી, ૨૦ શ્રી શાન્તિનાથજી, ૨૧ શ્રી મહાવીર સ્વામીજી ૨૨ શ્રી સુપાર્શ્વનાથજી, ૨૩ શ્રી વીમળનાથજી અહીંથી નીચે થઈ એકવીશમી દહેરી આગળ થઇ ઉપરના રસ્તે જતાં ૨૪ શ્રી અજીતનાથજી, ૨૫ શ્રી નેમીનાથજી, ૨૬ શ્રી પાર્શ્વનાથજી કે જ્યાં હાલ મોટું દેરાસર બંધાવેલ છે અને તેમાં પાર્શ્વનાથની મૂર્ત્તિ તેમજ પાદુકા વિરાજમાન છે.

મંત્રીશ્વરે પ્રાત:કાલીન ધર્મકૃત્યથી પરવારી શૈલાધિરાજ

ઉપર ચઢવાનું શરૂ કરવા સંમતિ દર્શાવતાં સાએ તૈયાર થઇ ચાલવા માંડયું. રસ્તામાં અનેકવિધ વાર્ત્તાવિનોદ કરતાં મંત્રીશ્વર સ્વકુટુંબ અને પરિજન સહિત આ રમણીય અને પવિત્રગિરિરાજના કેટલાયે વાંકા-ચુંકા માર્ગો વટાવી ત્રણ કલાકથી વધુ સમયના અંતે પર્વતના મધ્ય અને ઉંચા ગણાતા ભાગમાં જઇ પહોંચ્યા. જ્યાંથી વીશેક કદમને અંતરે શ્રી ગૌતમ ગણુધરની દહેરી દૃષ્ટિયે પડતાં સૌ કોઇ દર્શન કરી જન્મને સફળ માનવા લાગ્યા. અને ત્યાંથી મુખ્ય મંદિરના માર્ગે વળતાં થોડાજ સમયમાં ત્યાં આવી પહોંચ્યા. સર્વ કોઈ ભક્તિભાવે દાદાને ભેટ્યા અને ભક્તિપૂર્ણ અંતરો ખાલી કર્યાં. વિધવિધ પ્રકારના મનોહર રાગ-રાગણીઓથી પ્રભુસ્તવન કરતાં તે સ્થાનનું વાતાવરણ ભરી દીધું અને સાથે સાથે આત્મામાં રહેલા નિબીડ કર્મસમૂહને દૂર ફેંકી પવિત્રતાનો ઓઘ ગ્રહણ કરી લીધો. એ રીતે ચૈત્યવંદન કરી ચૈત્યની બહાર આવી નજીકમાં આવી રહેલી ધર્મશાળાના ઓટલા ઉપર બેસી થોડી વિશ્રાન્તિ લીધા પછી પ્રભુ પૂજન અર્થે તૈયારી કરવા લાગ્યા અને સૌ સ્નાનાદિક વિધિથી પરવારી સુવર્ણથાળમાં કેસર-ચંદન ધૂપ-પુષ્પ આદિ વિવિધ સામગ્રીઓવડે પ્રભુપૂજન કરી પોતાના આત્માને નિર્મળ કરી પાવન થયા. કહેવાની જરૂર નથી કે તિર્થસ્થળની યાત્રાના ઉજમણા રૂપે મંત્રીશ્વરે રાજ-કાર્યથી મુકત થઇ અવશેષ જીવન ધાર્મિક કાર્યોમાં ગાળવાનો નિશ્ચય કર્યો હતો.

# પ્રકરણ ૨૦ મું

## મંત્રીશ્વરનું પ્રાણદાન.

ભાઇ દયાળજી ! ઘીનો ચઢાવો ઘણોજ સારો થયો અને તે પણ સામે પ્રતિસ્પર્ધિ વિના. ગોઠીએ ભૈયાજીને જવાબ આપ્યો અને વધુમાં દર્શાવ્યું કે ભાઇ ! એ કોઇ સામાન્ય મનુષ્ય નથી. પાટલીપુત્રના મહારાજા નંદરાજના મંત્રીશ્વર શકડાળ છે. વળી તેમની બાજુમાં ઉભો રહી મધુર સ્વરે આરાત્રિક લલકારતો હતો તે તેમનો પુત્ર શ્રીયકકુમાર હતો. તે રાજેશ્વરનો અંગરક્ષક અને સૈન્યનો અધિપતિ છે. એક રીતે જોતાં નંદરાજનું રાજય તેમનાં બુદ્ધિકૌશલ્ય ઉપરજ અવલંબી રહેલું છે. તે ઉભય તેના સ્તંભરૂપ છે. જેમણે મંગળદીપક ઉતાર્યો તે મંત્રીશ્વરના પત્નિ લક્ષ્મીવતી પોતે અને બીજું બધું તેમનું કુટુંબ હતું.

ગોઠીજી, આજે ઠીક અવસર મળ્યો કે લક્ષ્મીવતી જેવી સાક્ષાત્ દયાની મૂર્તિનાં દર્શન થયાં. મેં તેમની ખ્યાતિ ઘણી સાંભળી છે. તે તો નિરાધારના આધાર અને મુસાફર કે પથિકના તો આશ્રયસ્થાન જેવાં છે.

આ સંવાદ શીખરજી પાસેના ગીરડી શહેરના એક દેરાસરમાં થઇ રહેલો છે. મંત્રીશ્વરે કુટુંબ સહ શીખરજીની યાત્રા કરી પાછા વળતાં આ શહેરમાં આવી પહોંચતાં સંધ્યાકાળે

મંદિરમાં આરતી ઉતારી અપૂર્વ લાભ મેળવ્યો છે. શુકલ પૂર્ણિમાની પવિત્ર રાત્રિ હોવાથી નિશાદેવીએ સફેદ દુધ જેવી સાડી ધારણ કરી હતી. નભોમંડળમાંથી સુધા વર્ષાવતા સુધાકર દેવ પોતાના પરમ આશ્રિતોને આનંદસાગરમાં હિંચોળી રહ્યા હતા. આવા રમણીય સમયે કુદરતનો આનંદ અનુભવવાને મંત્રીશ્વરની સાત પુત્રીઓ તથા આઠમી પુત્રવધુ પ્રિયંવદા તેમના પડાવથી થોડે છેટે ધર્મશાળાના ચોગાનમાં એક ગાલીચા ઉપર બેસી વાર્ત્તા-વિનોદ કરી મોડી રાત્રે સૂઇ જવા પછી પ્રાત:કાળ થતાં સર્વ સમુદાય પાટલીપુત્ર તરફ રવાને થઇ ગયો જે અલ્પ દિનોમાં પાટલીપુત્ર આવી પહોંચ્યો હતો.

વિધિની ગતિનું વૈચિત્ર્ય જાણવું એ અતિ દુર્લભ કાર્ય છે. તેથીજ મોટા મોટા નીતિકારોને કહેવું પડયું છે કે ' कर्मणां विचित्रा गतिः ' કે જેને ઉથાપવાને મહાન્‌માં મહાન નર પણ સમર્થ નથી થઇ શકયા ત્યાં પામર જનની શી કથા ? એજ વિધિએ આજે પોતાનો વિકાળ પંજો મંત્રીશ્વર શકડાળ પર ફેંકયો છે.

યાત્રાબાદ મંત્રીશ્વરે પોતાની જીંદગી નિવૃત્તિમાં શાંત રીતે ગાળવાનો વિચાર રાખેલો પણ માણસ ધારે છે શું અને કર્મ કરે છે શું ? તેથીજ કહ્યું છે કે लिखितमपि ललाटे प्रोज्झितुं कः समर्थः ? મંત્રીશ્વરની નિવૃત્તિપરાયણ થવાની ભાવના મનમાંજ રહી ગઇ અને કંઇ બીજોજ પ્રકાર બન્યો. તે હવે જોઇએ.

મંત્રીશ્વર પોતાના ગૃહની ત્રીજી ભૂમિકાએ આવેલ એક એકાંત ખંડમાં ચિંતાતુર મુખે આંટા મારતાં આ પ્રમાણે અસ્ફૂટ ઉદ્દગારો કાઢી રહ્યા છે.—"નક્કી કપટતંત્ર રચાયું. ધારવા મુજબ તે પેલા વરરૂચિ ભૂદેવનું જ કાર્ય. પ્રથમ ભૂલ લક્ષ્મીવતીએ કરી અને આજે ભૂલ રાજાએ કરી. એકની મૂર્ખાઈ અને બીજાનો વહેમ. એ બન્નેનો ભોગ આજે હું થયો. તેમાંથી બચવું મુશ્કેલ છે. રાજાની અપ્રીતિ એટલે સર્વસ્વનું ખેદાન મેદાન અને જીવતાં મોત! પ્રભુ! પ્રભુ! ભાવિભાવ–હોનહાર મિથ્યા થાયજ શી રીતે? હજારોને ન્યાય આપનાર એવી મારીજ બુદ્ધિ દયાના ભાવમાં પરિણમતાં આજે એ ઝેરીનાગ વૃદ્ધિ પામ્યો અને અવસર પામીને કાતીલ ડંશ દીધો. એમાંથી હવે જીવનઆશા તો કયાંથી જ સંભવે; છતાં કુટુંબ અને કીર્તિનું સંરક્ષણ થાય તો બસ છે." તરત જ એક અનુચરને આજ્ઞા કરી કે શ્રીયકને બોલાવી લાવ. સેવક શ્રીયકના ખાનગી આવાસ તરફ રવાના થયો અને અલ્પ સમયમાંજ શ્રીયક મંત્રીશ્વર પાસે હાજર થયો. મંત્રીશ્વરે ધીમેથી કહ્યું પુત્ર શ્રીયક! હું કહું તે ધ્યાનપૂર્વક સાંભળ, આજે હું કેટલાક સમય પછી પહેલીજવાર રાજદરબારમાં ગયો તે તું જાણે છે; પણ ત્યાં દાખલ થતાંજ જે રંગઢંગ જોયા તે ઉપરથી મને લાગે છે કે આપણી ગેરહાજરીમાં કંઇ ભયંકર કારસ્થાન રચાયું છે. વળી રાજાધિરાજ આવતાં તેમણે મ્હારી સલામ

ન ઝીલતા મારા તરફ મુંહ ફેરવી એ ઉપરથી મારી શંકા મજબૂત થાય છે. મારૂં મન તરતજ વિહ્વળ બન્યું અને આગામી મહાન્ ભયના સ્વપ્નાં આવવા લાગ્યાં. તરતજ હું ત્યાંથી પાછો ફર્યો અને અહીં આવી એકાંતમાં વિચાર કરવા લાગ્યો, અંતે મને એમ જ પ્રતિત થાય છે કે આ કારસ્થાન અન્ય કોઇનું નહીં પણ પેલા ભૂદેવ વરરૂચિનું જ હોવું જોઇએ. જેને આપણે નહિ જેવો ધારતા હતા તેણે આજે એવી ભયંકર સ્થિતિ ઉપસ્થિત કરી છે કે તેમાંથી મરણ વિના બચવાનો એક પણ ઉપાય નથી. ઉગતા શત્રુ અને વધતા રોગ પ્રત્યે દુર્લક્ષ્ય કરવાનું આ પરિણામ છે. વળી રાજા કોઇના થયા નથી ને થવાના પણ નહીં. પૂર્વે આ રાજવીના પૂર્વજો દ્વારા આપણા પૂર્વજોને આવા પ્રસંગો આવેલા છે અને ઘણું ઘણું સહન કરવું પડયું છે. પણ અંતમાં સત્ય જણાતાં તેઓની કીર્ત્તિ વધેલી તેથીજ આપણા કુળમાં રાજ્યની આ સેવા ટકી રહી છે. આમાં પણ જરૂર એ સત્ય કાળે કરીને પ્રગટ તો થશે, પણ એનું મૂલ્ય આ વેળાએ વધારે આપવું પડશે. મારા પ્રત્યે રાજાના અપમાનથી હું એમ અનુમાન કરી શકું છું કે મારામાં તેને અવિશ્વાસ આવ્યો છે—નહિં કે ત્હારામાં.. નહિં તો કયારનોયે કુટુંબનો ઉચ્છેદ કરી દીધો હોત. માટે કુટુંબ અને આબરૂના રક્ષણ માટે મને એક ઉપાય સુઝે છે. અને તે એજ કે—આવતી કાલે જ્યારે

હું રાજસભામાં જઉં ત્યારે પાછળથી આવી તરતજ ત્હારા હસ્તે મારો શિરચ્છેદ કરવો અને રાજા પૂછે તો તરતજ કહેવું કે "જેના ઉપર આપશ્રીને વહેમ આવ્યો તે ભલેને પિતા હોય કે પુત્ર હોય પણ તેનો નાશ કરવો એ અંગરક્ષકના સરદાર તરીકે મારૂં કર્તવ્ય છે." આથી મને પાકી ખાત્રી છે કે તમારા ઉપર ઘેરાયેલું ભયનું વાદળ તરતજ વિખરાઈ જશે. બોલ, ત્હારાથી આ કાર્ય બનશે કે નહી ? આ બધું વૃતાન્ત સાંભળીને શ્રીયક તો સ્તબ્ધ થઇ ગયો. તેને લગ્ન સમયની પેલી-કોઇ જાસુસ નિશદીન આવી અહીં ફરે છે એ-વાત યાદ આવી અને તે ઉપર તે દિને દુલક્ષ્ય કર્યું તેનું આ ભયંકર પરિણામ આવ્યું જાણી તે તો કિંકર્તવ્યમૂઢ બની ઉભો રહ્યો. મંત્રીશ્વર શ્રીયકના હૃદયની વાત સમજી ગયા. તરતજ તેમણે અનુચરને લક્ષ્મીવતી દેવીને બોલાવી લાવવાની આજ્ઞા આપી. ટુંક સમયમાં જ લક્ષ્મીવતી ત્યાં આવી પહોંચ્યા. મંત્રીશ્વરે તેમને અથથી ઇતિ પર્યંતની કથા સંભળાવીને અંતમાં પોતે શો ઉપાય શોધ્યો છે તે પણ નિર્દિષ્ટ કર્યો. આ સાંભળી સ્ત્રી જાતના કોમળ અંતરને જે આઘાત પહોંચે તેવો આઘાત તેમને પહોંચ્યો. વળી શરૂઆતમાં તે દ્વિજ માટે પોતે પોતાના સ્વામીને કરેલ આગ્રહ વિષે પોતાની ભૂલ જોઇ પણ હવે તેનો ઉપાય ન હતો. ગઇ વાતનો શોક કરવો મીથ્યા હતો એટલે તેમણે હિમ્મતપૂર્વક જણાવ્યું કે-આપણે સહકુટુંબ અહીંથી કોઇ દૂર દેશ ચાલ્યા જઇએ તો ન ચાલી શકે? મને આ

વૈભવ અને કીર્તિ તથા દાસ-દાસી જવાથી જશ પણ દુઃખ નહીં થાય. હું ઝુપડામાં અને તે પણ ગમે તેવી સ્થિતિમાં આપણા કુટુંબનું ભરણ પોષણ કરીશ. મને જાતે રસવતી કરતાં કે અન્ય ગૃહકામ કરતાં જરાપણ મુશ્કેલી નહીં પડે. એટલે આપણને કોઈ જાતનો વાંધો નહીં આવે. તો પછી શા માટે આપે મૃત્યુને આમંત્રણ કરવું જોઇએ !

ગૃહદેવીનો ઉપરોક્ત વૃતાન્ત શાંત ચિત્તે સાંભળીને મંત્રીશ્વરે જણાવ્યું કે તમારી વાતથી મને સંતોષ થાય છે. ગમે તેવા વિકટ સંજોગોમાં પણ તમે યોગ્ય રીતે ઘરનો કારભાર ચલાવી કુટુંબનો નિર્વાહ કરી શકો તેમ છો એ વાતની મને સંપૂર્ણ ખાત્રી છે; છતાં આ બાબત બહુ જુદા પ્રકારની છે. આ પ્રસંગે નોકરી છોડી દેવાથી વહેમની વૃદ્ધિ સિવાય અન્ય કાંઇ ફળ ન આવે. વળી રાજાનો ગુસ્સો માત્ર આપણા ધનમાલ લઇને તૃપ્ત નહીં થાય. એતો જીવન મરણનો સવાલ છે. વળી માથે કલંક રહે કે આટલા દિવસનું લુણ ખાઈ મંત્રીએ નિમકહરામી કરી. એથી આટલા સમય પર્યંત કરવામાં આવેલી મારા પૂર્વજોની સેવા અને એકનિષ્ટ સ્વામીભક્તિ ઉપર પાણી ફરે એ મારા જીવતાં સહન નજ થઇ શકે. માટે એવા અપયશ સાથે જીવવું એના કરતાં કીર્ત્તિ સાથે મરવું વધારે પસંદ કરૂં છું.

આ ઉપરાંત બીજો ખાસ હેતુ એ પણ છે કે સેવકે

પોતાની ફરજ અદા કરવામાં લેશ માત્ર પણ પાછી પાની ન કરવી જોઈએ. આજે મારા હાથમાં રાજ્યની લગામ છે અને તેથી હું માત્ર એકલા રાજાનો જ સેવક નથી, પણ સાથે સાથે તેટલેજ અંશે પ્રજાનો પણ સેવક છું, એ ઉભયની સેવામાં મારા પ્રાણનું પણ બળીદાન દેતાં મારે પાછું વાળીને જોવાપણું ન હોય. જે ભૂદેવે આવા ભયંકર પ્રપંચને જન્મ આપ્યો છે તેને ઉઘાડો પાડી રાજા–પ્રજા ઉભયનું હિત સાધવું એ મારી ફરજ છે. મારા મરણ સિવાય વસ્તુસ્થિતિના સત્ય સ્વરૂપનો સ્ફોટ રાજાની ચક્ષુએ ચડે તેવો સંભવ નથીજ. માટે મારે જાતે મરણ વહોરીને પણ એ ફરજ બજાવવી ઉચિત છે. જે જીવન દેવ ગુરૂ, ધર્મ કે સેવાના કાર્યમાં કામ ન લાગે તેનો બીજો શું ઉપયોગ ? એક દહાડો તો એ બળીને ખાખ થવાનુંજ છે. તો આવા અણીના સમયે તેનો સદુપયોગ કેમ ન કરી લેવો ?

પ્રીયે ! આ વખતે સમય વર્ત્તી આ પુત્રને તેની યથાર્થ ફરજ બજાવવાને આજ્ઞા કર ! આ સંબંધી સંપૂર્ણ વિચાર થઇ ચૂકયો છે. તમારી અનુજ્ઞાની જ વાર છે. જે સમય જાય છે તેમાં સંકટનું વાદળ વધુ ને વધુ ઘેરાતું જાય છે. વધારે શું કહેવું ? ક્ષત્રિયના લોહીમાંથી પેદા થયેલાને વીરતા શીખવવી ન પડે અને સત્ય કે ટેકને ખાતર તેઓ સર્વસ્વનું બલીદાન આપતાં પણ ન ડરે ! શું તમે એ વાત પણ ભૂલી ગયા કે પૂર્વકાળમાં હજારો નહિં પણ લાખો વીરાં-

ગનાઓ પોતાના સ્વામીને કુંકુંમ અક્ષતોથી વધાવી કુસુમો-ની માળાઓ પહેરાવી સ્વહસ્તે રણાંગણમાં વિદાય કરતી હતી; અને સમય આવતાં શિયળરક્ષણ અર્થે આત્મવિસર્જન કર-વામાં પણ વાર ન લગાડતી. તે ગૌરવશાળી નારી જાતિમાં તમો જન્મ્યા છો. માટે હું તમારા મુખમાંથી ગૌરવપૂર્ણ જવાબની આશા રાખું છું. બોલો શું ઉત્તર આપો છો ?

નાથ ! મારો જવાબ બીજો શું હોઈ શકે ! આપને ગમ્યું તે મને ગમવુંજ જોઇએ. છતાં મારા મનમાં શંકા રહે છે કે આ કાર્યમાં આપઘાતનો દોષ તો નથી લાગતો ને ? આપણે દયાધર્મના પ્રતિપાળ હોવાથી ધર્મના મુખ્ય મુદ્દાને આપણાથી વિસરી ન જવાય.

ના, ના, એવું કંઇજ નથી. જૈન ધર્મ એ શૂરાનો ધર્મ છે. બાયલાનો નથી. ખુદ ચેટકરાજ અને તેનો સારથી નાગ ચુસ્ત જૈન હોવા છતાં ક્ષત્રિયત્વને છાજે તેવા ગુણો સમરાંગણમાં તેમણે દર્શાવ્યા હતા. વળી ચેટકરાજ સ્વમાન સાચવવા ખાતર કુણિકની વિનંતી હોવા છતાં ગળે લોખંડની પુતળી બાંધી વાવમાં પડયા હતા. જો કે પછી તો ધરણેંદ્રે તેમને બચાવી લીધા હતા, નહિંતો તે પણ આવાજ પ્રકારનો દાખલો હતો. સતિ ધારિણીએ સ્વશિયળ રક્ષણાર્થે સુભટ સમક્ષ પોતાના ઉદરમાં કટારી ભોંકી પોતાના પ્રાણનું બળિદાન આપ્યું હતું.

મંત્રીશ્વરના કથનથી લક્ષ્મીવતી તો મૌન રહ્યાં, પણ

શ્રીયકે હાથ જોડી વિનંતિ કરી કે–મારા હાથથી આપને ખડ્‌ગ-વતી હણવાનું કાર્ય તો નંહીંજ બને. મારે તો આપની સેવા ચાકરી ઉઠાવવાની હોય ! કે આવું ઘોર કર્મ કરી પિતૃઘાતક બનવાનું હોય !

પુત્ર ! સમય વિચાર. ક્ષત્રિયધર્મ જુદી જ વસ્તુ છે: ફરજ બજાવતી વખતે પિતા–પુત્ર કે તેવો બીજો કોઇ પણ સંબંધ જોવાતો નથી. ત્હારે તો રાજાના વફાદાર અને સંરક્ષક ટુકડીના નાયકને છાજે તેવું કાર્ય કરવાનું છે. વળી તે વેળાએ હું મારા મુખમાં તાલપુટ વિષ રાખીશ એટલે ત્હને દોષ નહીં લાગે. આખરે કર્મને આધીન થઈ શ્રીયકને એ વાત મૂકપણે અન્ય સર્વના શ્રેય માટે કબુલ કરવી જ પડી.

આ વાત ખાનગી રાખવાની મંત્રીશ્વરે ખાસ સૂચના કરી હતી અને તે મુજબ લક્ષ્મીવતીએ અને શ્રીયકે કોઇને પણ તેનો એક અક્ષરમાત્ર પણ કહ્યો નહતો. છતાં આમ એકાએક તેમના ચહેરા ઉપર પથરાઇ ગયેલી ગ્લાનિ અને શોકની કાલિમાથી ગૃહમાંના સૌ કોઇને શંકા પડી ચૂકી હતી. અને સૌ કોઇ નિસ્તેજ દેખાતા હતા. આમ છતાં મંત્રીશ્વર શકડાળનું મુખ તો હસતુંજ જણાતું હતું. સંધ્યાસમયે પોતાની સમીપ દરેક પુત્રીઓને બોલાવી કુશળવાર્તા પૂછી તેમના મસ્તકે હાથ મૂકી આકાશ સન્મુખ જોઈ આશીર્વાદ દીધા. અને એ પછી ઘરમાંના સર્વ મનુષ્યો સાથે થયેલ ભુલચુક કે દોષ માટે ક્ષમાપના યાચી. અને પોતે

પણ આપી. એ રીતે શ્રી જૈનસિદ્ધાન્તનો અણમુલો આદેશ ‘ ખમીએ અને ખમાવીએ. ’ સંપૂર્ણ પણે પાળ્યો. આખી નિશા ધર્મ ધ્યાનમાં અને આત્મચિંત્વનમાં ગાળી. પ્રાતઃકાળમાં વહેલા ઉઠી પ્રતિક્રમણ કરી આ જીંદગી પર્યંતના સર્વ પાપોને ખરા મનથી આલોવ્યા. પછી ઉછળતા ભાવે એકાગ્ર મનથી પરમાત્માની પૂજા કરી અને આજે ખાસ ઉપવાસ કરેલો હોવાથી રાજસભામાં જવાનો સમય થતાં લક્ષ્મીવતીને બોલાવી નમ્ર શબ્દોમાં ગૃહભારની સૂચના કરી પ્રભુના સ્મરણ પૂર્વક વિદાય થયા ?

આ દશ્ય જોઇ લક્ષ્મીવતીનું હૃદય ભગ્ન થવા લાગ્યું, ભવિષ્યના વિધવા અવસ્થાના ભણકારાએ અને આવી પડવાના દુઃખોના વિચારે બિચારી તદ્દન હતાશ થઇ ગઇ અને એકદમ હાય, આ શું થયું ? એમ બૂમ પાડતી જમીન ઉપર ઢળી પડી. નોકર ચાકરો તથા પુત્રીઓ વિગેરે દોડી આવ્યાં અને મુર્છા વાળવાને પ્રયત્ન કરવા લાગી. શ્રીયક તો કેટલાક સમય પહેલાંજ પોતાની નોકરી ઉપર દાખલ થઇ ચૂકયો હતો,

સમયની ગતિ ન્યારીજ છે. એક એ પણ સમય હતો કે જ્યારે મંત્રીશ્વરનું આગમન થતું ત્યારે સર્વ દરબારીઓ તેમના તરફ માનની નજરે જોતાં. આજે તેજ દરબાર છે અને દરબારીઓ પણ તેજ છે; છતાં ગઇકાલે રાજાએ કરેલી અવગણનાથી આજે સર્વ કોઇ તેમના પ્રતિ સાશંકદ્રષ્ટિથી જોઈ રહ્યાં છે. કેટલાક

ચીરપરિચિત મનુષ્યોએ ઉપલક આવકાર આપ્યો અને કેટલાક ઉપકાર ભારથી રૂણી થયેલ વ્યક્તિઓએ પ્રણામ સુદ્ધાં કર્યાં, છતાં સર્વના મુખ ઉપર પથરાયલી શ્યામતા જ તેમના અંતરમાં રમી રહેલ દુર્લક્ષ્યતાની સાક્ષી પૂરી રહી હતી. મંત્રીશ્વર શકડાળ આ સર્વ વસ્તુસ્થીતિ સારી રીતે સમજી ચૂકયા હતા અને આ દરબારના કેટલાક અધિકારીઓ સ્વવૈરની તૃપ્તિ અર્થે રચેલ કુભાંડમાં તેમના કુટુંબને નાંખી ભસ્મ કરે તે પહેલાંજ તેમાંથી બચવાનો એક ઉમદા માર્ગ તેણે શોધી કહાડેલ હતો, જે વાત આપણે અગાઉ જાણી ચૂકયા છીએ. અલબત, તેમાં પોતાના પ્રાણ ગુમાવવા રૂપ મહાન્ જોખમ સમાયલું હતું છતાં પોતાના કુટુંબને માટે તો ઉજ્વળ ભવિષ્ય અને ઉત્કૃષ્ટ કીર્તિ કાયમની સ્થપાતી હોવાથી તે જોખમ આજે મંત્રીશ્વર આનંદ અને ઉલ્લાસપૂર્વક ખેડી રહ્યા હતા. અલ્પકાળમાં રાજાધિરાજના આગમન સૂચક પ્રતિહારોના ' ઘણી ખમા મહારાજાધિરાજ નંદરાજને, ઘણી ખમા મહારાજા શ્રી મગધરાજને ' પોકારો સંભળાયા. છડીદારે નેકી પોકારી અને સભાજનોએ ઉઠી નમન કરી માન આપ્યું. નંદરાજ પણ દરેકની સલામ ઝીલતો ઝીલતો પોતાના સિંહાસન સુધી જઈ પહોંચ્યો; છતાં કાલની માફક આજે પણ મંત્રીશ્વરની સલામ વખતે તેમણે મુખ ફેરવ્યું. બસ ! એ જોતાં જ તેમની પાછળ ચાલતા સંરક્ષક ટુકડીના સરદાર શ્રીયકે પોતાની નાગી તલવાર તરતજ મંત્રીશ્વરના ગળા ઉપર મૂકી દીધી અને અલ્પ સમયમાંજ રાજા

અને સભાજનો પોતાની નજર સમક્ષ મંત્રીના ધડ અને શીરને જુદા પડેલા જોવા લાગ્યા. આહ! આ શું થયું ? અરે આ શું કર્યું ? પકડો, મારો એ હરામખોરને! ઇત્યાદિ ભય અને ભીષણતા સૂચક અવાજો થઇ રહ્યા. રાજા જે અત્યાર સુધી વિષણ્ણ દ્રષ્ટિથી નિહાળી રહ્યો હતો તે એકદમ શ્રીયકપ્રતિ વળી બોલી ઉઠયો. આવું કરપીણ કામ શા માટે કર્યું ? શ્રીયક પણ ગંભીર મુદ્રા કરી વીરતા સૂચક સ્વરે બોલ્યો— મહારાજાધિરાજ શ્રી નંદરાજ મગધેશ્વરની જેના પ્રતિ ઇતરાજી થઇ, પછી ચાહે તો પૂજનીય પિતા હોય, વડીલ બંધુ હોય કે અન્ય પ્રકારનો સંબંધી કે મિત્ર હોય તેની દરકાર કર્યા સિવાય તેને પરલોક પહોંચાડી દઇ મહારાજને નિશ્ચિંત કરવા, તેમનું ખાધેલું લુણ હલાલ કરવું એ આ સેવકની ફરજ છે અને મેં મારી એ ફરજ અદા કરી છે તેમાં વિશેષ કંઇજ કર્યું નથી. આ કાર્ય ન્યાય પુરસ્સર છે કે અન્યાયની રીતે છે તે વિચારવાનું કામ મારૂં નથી. મારે માટે તો એકજ કાર્ય છે અને તે એજ કે જેના તરફ આપશ્રીની સાશંક દ્રષ્ટિ અગરતો ખફગી થઇ તેના ઉપર આ મારૂં ખડ્ગ ફરી વળવાનું અને તેને યમસદનનો અતિથિ બનાવી આપનો માર્ગ નિષ્કંટક કરવાનું છે. મારે મન આપનો શત્રુ એ મારો પણ શત્રુજ છે. આપ બબ્બે દિવસથી મંત્રીશ્વરની સલામ ન ઝીલતાં તેમના મુખ સામે પુંઠ કરો એ શું સૂચવે છે ? એટલું પણ હું ન સમજી શકું તો ખરેખર આપની સેવાને લાયકજ ન ગણાઉં !

આપ જે વાત મ્હોઢે ન કહી શકયા પણ આપશ્રીની ચેષ્ટાથી એ વાત સમજાઇ જતાં મેં તેનો ઉપાય શોધવામાં લેશપણ વિલંબ નથી કર્યો.

આ પ્રમાણે શ્રીયકના વીરતાભર્યા શબ્દો સાંભળી નંદ રાજા તથા અન્ય સર્વ સભાજનો જ્ઞાનરહિત યંત્રવત્ સ્થિર થઇ ગયા. તેનો જરા માત્ર પ્રતિકાર કરવાની કોઇની પણ હિમ્મત ચાલી નહીં. સૌ કોઇ મનમાં સમજવા લાગ્યા કે મંત્રીશ્વરના મૃત્યુનું કારણ રાજા પોતેજ છે. જે વાત શ્રીયકે પોતાના શબ્દો દ્વારા ચતુરાઇથી સભા સમક્ષ કહી છે. બધાને લાગ્યું કે આજનું કાર્ય ઘણુંજ માઠું થયું. ખફગીના કારણને શોધી તેનું નિરાકરણ કરવાની જરૂર હતી. તેમાં કરવામાં આવેલી ઢીલનું આવું ભયંકર અને ગંભીર પરિણામ આવ્યું. મંત્રી તો શૂરો બચ્ચો હતો. તે કાંઇ આ અપમાન પલ માત્ર ખમી શકે ! છતાં એક દિવસની રાહ જોઇ એ તેની ધીરજ ! ખરેખર રાજ્યનો એક મુખ્ય સ્થંભ ગયો ! ભવિષ્ય બહુ વિપરીત જણાય છે. પ્રભુ ! પ્રભુ ! છેલ્લા શબ્દો જરા મોટેથી બોલતાં રાજાજીએ સભા બરખાસ્ત કરી સારા નગરમાં હડતાલ પડાવી અને સર્વ જનો શોકનો પોષાક ધારણ કરી મંત્રીશ્વરના શબને અગ્નિસંસ્કાર કરવા લઈ ગયા. આ વખતે રાજાની ચક્ષુઓમાંથી શ્રાવણભાદરવો વરસી રહ્યો હતો. પણ હવે તે શા કામનો ! આભ તુટે થીગડું કયાં મરાય !

# પ્રકરણ ૨૧ મું.

## પશ્ચાત્તાપ અને મંત્રીપદ.

આજે મગધદેશના પ્રતાપી રાજા નંદના હૃદયની વિચક્ષણ સ્થિતિ છે. હવેજ તેને મંત્રીશ્વર શકડાળની ગેરહાજરી સાલી રહી છે. સર્વત્ર શૂન્યકાર ભાસે છે. મંત્રીશ્વરના દેહને અગ્નિદાહ કરી આવ્યા બાદ તેણે મુખમાં એક કવળ સરખો પણ લીધો નથી. રાત્રિએ નિદ્રા પણ આવી નહોતી. અત્યારે પ્રાતઃકાળ થયાને દોઢ કલાક થવા આવ્યો છે; છતાં હજી દંતધાવનની ક્રિયા થઇ નથી ત્યાં પાણીનું ટીપું સરખું પણ મુખમાં કયાંથી પડે ! હવે તેના હૃદયમાં વારંવાર રાજ્યની ચિંતા થવા લાગી. વિચારમાંને વિચારમાં એકાએક હજુરીઆને બૂમ મારી શ્રીયકને બોલાવી લાવવાનું કહ્યું. પ્રથમ તો એ નિર્ણય કરવાનો હતો કે પ્રધાનપદપર નિમણુક કોની કરવી ? અધિકારી વર્ગના એકાદ-બે જણ સિવાય દરેકનો મત શ્રીયક માટેજ હતો. મહારાજાનો અંગત અભિપ્રાય મનની વ્યથાને લઈ નક્કી ન હતો, છતાં તેનું દિલ શ્રીયકની વફાદારી પ્રતિ એટલું બધું દોરવાયું હતું કે શ્રીયક જે કાંઇ કહે તે કરવાને અથવા તો તે જે પ્રકારે સુખી થાય તેમ કરવાને ખડે પગે તૈયાર હતા. ખરેખર અત્યારે :મંત્રીશ્વરે લીધેલા પગલામાં રહેલી બુદ્ધિની સૂક્ષ્મતા હરકોઇને ચકિત બનાવે છે. આવા પ્રસંગે

કેટલાયે મુત્સદ્દીઓ કુટુંબ કબિલા સહિત ખેદાનમેદાન થયેલાની ઇતિહાસ સાક્ષી પૂરે છે. અને તેથીજ ભૂપાળના કોપને અગ્નિવર્ષણની ઉપમા આપી છે. અસ્તુ. એટલામાં શ્રીયક આવી પહોંચ્યો અને પ્રણામ કરી ઉભો રહ્યો.

શ્રીયક ! મારો વિચાર મંત્રીશ્વરની મુદ્રા હવે ત્હને આપવાનો છે. માત્ર ત્હારી સંમતિનીજ ઢીલ છે. માટે ત્હારો શું વિચાર છે ?

રાજાધિરાજ ! મારે માથે મારા વડીલબંધુ સ્થુલીભદ્ર છે. તે હાલ કોશ્યાના નિવાસમાં વસે છે. મંત્રીમુદ્રા ઉપર તેમનોજ હક્ક છે અને યોગ્ય પણ તેજ છે.

તરતજ સ્થુલીભદ્રને બોલાવવાને માટે માણસ દોડાવવામાં આવ્યો અને અલ્પકાળમાં જ યોવનકાળરૂપી સમ્રાટે જેના સર્વાંગ ઉપર પોતાનું સામ્રાજ્ય પાથરી દીધું છે એવો સ્થુલીભદ્ર, નૃપતિ સન્મુખ હાજર થઈ પ્રણામ કરી ઉભો રહ્યો.

નંદરાજે મંત્રીશ્વરના અકસ્માતિક અવસાનની કરૂણહૃદયે સમજણ પાડી, તેમની મુદ્રા સ્વીકારવા સૂચના કરી.

સ્થુલીભદ્ર અચાનક સ્વપિતાનું મૃત્યુ સાંભળી ખિન્ન બની ગયો. તેનું હૃદય વિહ્વળ બની ગયું; છતાં હિંમત રાખી તેણે માત્ર એટલો જવાબ દીધો કે—મહારાજ ! હું વિચાર કરી જવાબ આપીશ. એમ કહી મહારાજની આજ્ઞા લઇ તે દરબારગઢની બહાર આવેલી અશોકવાટીકામાં શોકપૂર્ણ હૃદયે અશોક વૃક્ષ નીચે જઇ બેઠો.

પ્રથમ તો પિતાના મૃત્યુના સમાચારે તેના અંતરમાં એવો તો આઘાત પહોંચાડયો કે કેટલીક ઘટિકા પર્યંત તે સ્તબ્ધ બેસીજ રહ્યો. ત્યાર પછી કંઇક સ્મૃતિ જાગૃત થતાં તે વિચાર કરવા લાગ્યો કે આ અશોક–શોકરહિત વૃક્ષના આશ્રયીને શોક સંભવેજ શી રીતે? એવો ખ્યાલ ઉપજતાં મન સ્તબ્ધતા છોડી વિચાર વમળમાં તણાવા લાગ્યું. પિતાશ્રીના ગુણો એક પછી એક સ્મરણપથમાં આવવા લાગ્યા. પોતાનો વિવાહ કરવા માટેનો આગ્રહ, સમેતશિખરજી યાત્રાર્થે આવવાની છેલ્લી સૂચના એ બધા બનાવો પોતાની ચક્ષુ સમીપ તરવા લાગ્યા. ચોતરફ તેમના અભાવે શૂન્યતા ભાસવા લાગી. સંસારની અસારતા નિરખી તે ઉપર તિરસ્કાર છૂટયો. જેનું જીવન માત્ર રાજ્યની ઉન્નતિ અર્થે જ વ્યતીત થયું હતું તેવા પોતાના પિતાને રાજાના વહેમનો ભોગ થઇ અકાળે મરણ સ્વીકારવું પડયું એ જોઈ મંત્રીપદ અકારૂં લાગ્યું. કેટલીક ગડમથલ પછી તેની વિચારશ્રેણી નિર્ગ્રંથજીવન પ્રતિ વળી. માત્ર શ્રમણપણું જ તેને આદરણીય અને નિર્ભય લાગ્યું તેમાંજ તેને સર્વ આનંદની પરાકાષ્ટા ભાસવા લાગી. અને મુખમાંથી આ પ્રમાણે ઉદ્‌ગાર નિસરવા લાગ્યા:—

**धैर्यं यस्य पिता क्षमा च जननी शान्तिश्चिरं गेहिनी,**
**सत्यं सुनुरयं दया च भगिनी भ्राता मनः संयमः;**
**शय्या भूमितलं दिशोऽपि वसनं ज्ञानामृतं भोजनं,**
**एते यस्य कुटुंबिनो वद सखे! कस्माद्भयं योगिनः ॥ १ ॥**

**चारित्ररत्नान्न परं हि रत्नं, चारित्रलाभान्न परो हि लाभः**
**चारित्रवित्तान्न परं हि वित्तं, चारित्रयोगान्न परो हि योगः ॥**
**न च राजभयं न च चौरभयं इहलोकसुखं परलोकहितम् ।**
**नर देव नतं वर कीर्तिकरं श्रमणत्वमिदं रमणीयतरम् ॥**

બસ, શ્રમણપણું એજ મારી મુદ્રા છે. કામ વિકારમાં કુટુંબિ જનનો સ્નેહ પણ વિસારી દીધો અને પિતાની અંતકાળે સેવા કરવાને બદલે—તેમની ચાકરી કરવાને બદલે, છેવટે તેમના મૃત્યુના સમાચાર સાંભળવા પડયા? અને ત્યાંસુધી કામવિકારમાં જ રચ્યો પચ્યો રહ્યો એ આત્માનો ઉદ્ધાર શ્રમણત્વ વિના હવે શી રીતે થાય? મંત્રીપદ મારા માટે નરકની દૂતી વિના બીજી શી ગરજ સારે? થયું તે તો થયું; છતાં હે આત્મન્! હવે તો ચેતી લે. માત્ર સાધુ મુદ્રાનેજ ધારણ કર કે જેથી કાંઇક ઉદ્ધાર થાય. એ રીતે આત્માને શિક્ષા આપી રહેલ સ્થુલીભદ્રે પોતાના મસ્તકના કેશનો લોચ કરી સાધુવેશ ધારણ કરી રાજાની સભામાં દાખલ થઈ એટલું જ કહ્યું. મહારાજ! મે લાંબા સમયના વિચારને અંતે આ મુદ્રા સ્વીકારવાનું જ પસંદ કર્યું છે. મારે હવે આપની મંત્રીમુદ્રાથી સર્યું, એમ કહી ત્યાંથી બહાર નિકળી સ્થુલીભદ્રમુનિ ઉપાશ્રય પ્રતિ ગમન કરી ગયા.

આખરે શ્રીયકને જ મંત્રીમુદ્રા આપવામાં આવી. અને સર્વેએ તેને મંત્રીશ્વર તરિકે વધાવી લીધો.

# પ્રકરણ ૨૨ મું.

## પતિપત્નિનો ગૃહસંસાર.

**शशिना च निशा निशया च शशी ।**
**शनिना निशया च विभाति नभः ॥**
**पयसा कमलं कमलेन पयः ।**
**पयसा कमलेन विभाति सरः ॥**

પધારો નાથ ! અરે ભુલી પાટલીપુત્રાધિપતિના જમણા હાથ અને અખિલ મગધદેશના પ્રજાજનના વિશ્રામસ્થાન ? આ પામર બાળા આપશ્રીનું સ્વાગત કરે છે, તેની સ્ખલના પ્રતિ લક્ષ્ય ન આપતાં માત્ર લાગણી તરફ જ દ્રષ્ટિપાત કરશો.

ઓહો, આતે મારા કયા પુન્યનો ઉદય ? અરે ! કયા સદ્ભાગ્યનો સમય કે તમારા સરખી નવયૌવના મારા ધારવા મુજબ ગુસ્સે થઈ રિસાઇ બેઠી હશે તેને બદલે વિનયશીલ બની સ્વાગત કરતી દ્રષ્ટિગોચર થાય એ કરતાં બીજું શું આશ્ચર્ય ! ભલે, વડીલબંધુ સ્થુલીભદ્રને મંત્રીમુદ્રામાં કંઇ સત્વ ન જડયું હોય પણ મને તો જરૂર તેમાં કંઈને કંઈ ચમત્કૃતિ લાગે છે. નહિં તો આજે મારે કલાકોના કલાકો સમજાવતાં પણ આ હૃદયની અધિષ્ઠાત્રીને તેની રીસમાંથી હું મારા પ્રતિ વાળી શકત કે નહી એ શંકાસ્પદજ હતું.

પ્રિયંવદા આ સાંભળીને મનમાં સમજી ગઈ કે મશ્કરી કરવા ગઈ છતાં તેમાં પોતેજ બંધાઇ ગઇ. એમ છતાં તે પણ કાંઇ તેનાથી ઉતરે તેવી નહોતી. તરતજ પ્રત્યુત્તર આપતી કહેવા લાગી કે તમે ગમે તેમ કહો છતાં અમારે તો એક વિશાળ રાજ્યના મંત્રીથી જરૂર બીવું તો જોઈએ જ. હા અંતરમાં વિરહવ્યથાના ભડકા બળી રહ્યા હોય, હૃદય વલોવાઇ જતું હોય; મન વારંવાર સ્મરણ કરતું હોય અને ચક્ષુઓ તેના માર્ગની પ્રતિક્ષા કરી રહ્યાં હોય; એવી સ્થિતિ જરૂર પ્રાણવલ્લભ કંથને તો કરૂણા ઉપજાવે–તેમના હૃદયને આર્દ્ર કરે. તે પોતાની અર્ધાંગનાને આમ જળવિહુણી માછલી માફક તરફડવા ન જ દે; પણ તમારી એ સ્થિતિ કયાં છે! તમે કંથ કરતાં પણ અધિકારમાં એક ડગલું આગળ વધ્યા છો. હવે કાંઈ તમારા ઉપર મારો દાવો વધુ અસરકારક રીતે થોડો જ ચાલવાનો છે? રાજા અત્યારે બોલાવે તો મને ટળવળતી મૂકીને, આંસુ સારતી છોડીને પણ તમે ચાલ્યા જાવ, તે વેળાએ મારા કાલાવાલાની પણ તમે શા માટે દરકાર કરો? અને વધારે લવરી કરતી જુઓ તો ઘડીના છઠ્ઠા ભાગમાં કદાચ કારાગૃહમાં પણ હડસેલી મૂકવાનો સમય આવે. કેમ ખરૂં કહું છુ કે નહીં?

વાચક સારી રીતે સમજી ગયા હશે કે આ સંવાદ પતિપત્નિ વચ્ચે ચાલી રહ્યો હતો. અને તેઓ અન્ય કોઇ નહીં પણ આપણા ચીરપરિચિત શ્રીયક અને પ્રિયવંદા

વચ્ચેનો જ હતો. મંત્રીશ્વર શકડાળના આવાસમાં ત્રીજા માળ ઉપર આવેલા એક વિશાળ સુસજ્જિત ઓરડામાં એક રજતના પલંગ ઉપર બેસી ઉપર મુજબ વાર્તા એ નવદંપતિ કરી રહ્યાં હતાં. પલંગ પર આચ્છાદિત કરેલી શ્વેતવર્ણી સુકોમળ તળાઈઓ અને તે ઉપરની સફેદ દૂધ જેવી ચાદરો તેમજ તેના ઉપર કિરણો ફેંકતા હાંડીમાંના દિપકો અને દિવાલ પર ચોતરફ ટાંગવામાં આવેલા તકતાઓ એ ઓરડાની કાંતિમાં કંઈ અનેરો વધારો કરતાં હતાં. તકતાઓ માત્ર મુખાદિના પ્રતિબિંબનેજ સુચવનારા હતા એમ નહીં, પણ કેટલાક તો પૂર્વકાળમાં થઇ ગયેલા રસિક પુરૂષોના લલનાઓ સહના વિહાર, વાર્તાલાપ અને નૈસર્ગિક શ્રૃંગારિક ભાવોના તાદૃશ ચિતાર ખડા કરતાં હતાં.

શ્રીયક ચોતરફ નજર ફેલાવતો સહાસ્ય વદને બોલ્યો—વ્હાલી ! આવી ખોટી મશ્કરી કરી મને ન શરમાવ ! શું મને પ્રધાનપદ મળ્યું તેની તને ઇર્ષા આવે છે ? જો એમજ હોય તો તે પદનું હું તમનેજ દાન દઉં છું. રાજાના પ્રધાન એટલે ગૃહિણીના પણ પ્રધાન કંઇ થોડાજ થવાય છે !

હૃદયમણિ ! તમારી ભૂલ થાય છે. જેને આખી પ્રજા પ્રધાન તરીકે સન્માને તેને ગૃહપત્ની કેમ ન માને ? શું તે પ્રજાની બહાર છે ? વળી જ્યાં તમેજ તે પદ બીજાના વરદ હસ્તથી મેળવ્યું છે ત્યાં તેનું દાન કરવાનો તમને અધિ

કાર જ કયાં છે ? બાકી જ્યારથી એ તમારા ગળામાં આવી પડયું ત્યારથી તે ઉપર એક અર્ધાંગના તરીકે મારો પણ થોડો ઘણો હક્ક લાગુ થઈ ચુકયો છે. તમો મંત્રી તો હું મંત્રીપત્ની થઇજ ચૂકી.

મને નથી સમજાતું કે—આજે તું કોઈ સુંદર સાહિત્ય કે વિનોદવાર્તાનો અથવા તો કોઇ હાસ્યરસનો કે ધર્મચર્ચાનો વિષય ન લેતાં આ રાજકીય બાબતને કેમ ચર્ચી રહી છે ? એવી ખટપટી બાબતમાં શો રસ ભર્યો છે ? શું યૌવન વયમાં વિચરતાં સ્નેહભીનાં દંપતીજીવનની નિશા એમાંજ વ્યતિત કરવાનું ઉચિત છે ? શ્રીયકે પિતાના આત્મભોગે મળેલ મંત્રી-પદથી કંટાળો ખાતાં કહ્યું.

કાન્ત ! ભાવિમાં જે નિર્માણ થયું હોય તે કદી મિથ્યા થઇ શકતું નથી. માટે હવે કંટાળવું શા કામનું ! કેમકે પ્રધાનપદમાં જોખમ અને જવાબદારી ઓછી નથી. તેમાં સામાન્ય બુદ્ધિશાળીનું ટક્કુ ન નભે. વધારે પ્રજ્ઞાવંત પુરૂષોજ તે પદ નભાવી શકે છે. જુઓને સસરાજીનો જ દાખલો ! તેઓશ્રી અહોરાત્ર રાજ્યની જ ચિંતા રાખતા અને હસ્તિકર્ણ સમાન અથવા ભારંડ પક્ષી તુલ્ય સાવધાન રહેતા. મારૂં પણ આજે તે વિષયને ઉકેલી તમને એ દિશામાં પ્રોત્સાહન આપવાનું લક્ષ્યબિન્દુ છે. શું એ મારી ફરજ નથી ? નીતિકારોએ “ કાર્યેષુ મંત્રી ” એવાકયથી પ્રથમજ અમારી જાતને સંબોધી છે. વળી

તમારૂં પ્રાથમિક કાર્ય તો એજ હોવું જોઇએ કે-જે શત્રુએ આપણા કુટુંબને છત્ર વિનાનું કર્યું તેનો નાશ કરવો. એ દુધ પાઈને પોષેલા સર્પ જેવો છે એટલે તેનું ઝેર કેટલું હાનિકર્તા નિવડશે તે હજુ પણ ન કહી શકાય. માટેજ ડાહ્યા પુરૂષોએ કહ્યું છે કે—'થતો વ્યાધિ અને ઉગતો શત્રુ' તરતજ ડામવો કે જેથી તે આગળ વધે નહીં. વળી પ્રાણેશ! મારા સરખી સામાન્ય સ્ત્રીએ રાજ્યની અટપટી ખટપટમાં પડવું એ વાત જોકે ખરી છે. પણ જો અમે એ વિષયમાં સામાન્ય જ્ઞાન પણ ન ધરાવીએ તો પછી અમારી કુક્ષે થનારા સંતાનોમાં તમને વીરો, શૂરવીરો કે મહાવીરો મળશે જ ક્યાંથી? જો અમારા-માંજ એ જ્ઞાનનો લેશ નહિ હોય તો અમારાથી ઉત્પન્ન થતી પ્રજામાં તેવા સંસ્કાર શી રીતે પડશે? 'માતા સો શિક્ષકની ગરજ સારે છે' એ નીતિસૂત્ર કેમ ભૂલી જાઓ છો? મારા સરખી સ્ત્રી જાતિને માત્ર હાસ્યરસ કે એકલા કરૂણરસનું પાન કરાવી બેસી રાખવા જેટલી ધૃષ્ટતા આપ નજ કરશો. અમને પણ વીરરસના જ્ઞાનની પૂર્ણ અને પ્રથમ આવશ્યકતા છે. વીરમાતા થવાનો ઉત્કૃષ્ટ દોહદ કોને ન થાય! હું તો તમારી સાથે સમરાંગણમાં પણ આવવાની અભિલાષી છું. સુસંસ્કારના બળથીજ પ્રતિભાશાળી સંતાનોનો પ્રાદુર્ભાવ થાય છે, માત્ર ક્ષત્રિયોજ વીર હોઇ શકે એમ કાંઇ જ નથી. દરેક કોમમાં ઓછું-વધતુ શૂરાતન હોવુંજ જોઇએ. તોજ તે સ્વાશ્રયી રહી શકે. માટે મને રાજકાજના અહેવાલથી વંચિત

નજ રાખશો એવી મારા પ્રાર્થના છે. આ વિષય તમને લુખો લાગવાથી આટલેથી આજ તો બંધ કરવો ઉચિત ધારી પુનઃ એકવાર એ વાતનું સૂચન કરૂં છું કે હું વીરમાતા થવાની અભિલાષી છું. એ યાદ રાખજો.

પ્રીયંવદાની ઉપરોકત રાજકાર્યમાં કુશળતા અને વીર-માતા થવાની મહત્વાકાંક્ષા સાંભળી શ્રીયકના હૃદયમાં તેના માટે સન્માન ઉત્પન્ન થયું. છેવટે કેટલીક શ્રૃંગારિક વાતોમાં રાત્રિ ઘણી વ્યતિત થવા પછી તેઓ બન્ને જણ શયનાધિન થઇ ગયા.

---


## શ્રી સ્તવન સંગ્રહ

અને

# નિત્યસ્મરણ માળા.

કે જેમાં ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ, સઝાય, નવસ્મરણ, સ્તોત્રો, રાસ, છંદ વીગેરે નિત્યના ઉપયોગી દરેક વિષયો ઉપરાંત વૈરાગ્યનાં પદોનો એવો સંગ્રહ કરવામાં આવ્યો છે કે આ એકજ પુસ્તક તમને બધી સામગ્રી પુરી પાડશે. કિં. ૦-૮-૦ સો નકલના રૂા ૪૫)

લખોઃ—જૈન સસ્તીવાંચનમાળા.

રાધનપુરી બજાર—ભાવનગર.

# પ્રકરણ ૨૩ મું.

## વિરહવ્યથા.

અહા કાળ ! ત્હારી કેવી વિષમ ગતિ છે ? તને જાણુવાને જ્ઞાની સિવાય કોણ સમર્થ છે ? તને હસાવતાં અને રડાવતાં જરા પણ વિલંબ નથી થતો ! જે પળ પહેલાં અવનવી આશાઓ, સુંદર સ્વપ્નાંઓ અગર તો નવીન સુખાભાસો તું દ્રષ્ટિગોચર કરાવે છે, તે સર્વ બીજી પળેજ ઉડાવી દે છે. અથવા તો તેનો એવી રીતે વિનાશ કરી નાંખે છે કે એના ઉદ્ભવનું કાંઇ પણ સ્મરણ માત્ર રહેતું નથી. તેથીજ યોગ્ય રીતે કહેવાયું છે કે;—

> સમય સમય બળવાન છે, નહીં પુરૂષ બળવાન;
> કાબે અર્જુન લુંટીયો, એહિ ધનુષ એહિ બાણ.

જે પુષ્પ પ્રાતઃકાલીન સુંદર વાતાવરણમાં ખીલીને ચોતરફ સુવાસ ફેલાવી રહેલ હોય છે, તેની દશા મધ્યાહ્ન કાળે કેવી દેખાય છે ! તેની પ્રથમની સુવાસિતતા ક્યાં પલાયન થઇ ગઈ હોય છે ? માત્ર નિસ્તેજ અને રજથી આવૃત થઇ ચીમળાઈ ગયેલું દ્રષ્ટિગોચર થાય છે. કાળનો આ અચળ કાયદો માત્ર વૃક્ષો, પુષ્પો કે નિર્જીવ એવા પદાર્થો ઉપરજ ચાલે છે એમ નથી, પણ તેની સત્તા સર્વદેશી હોવાથી તેના અટળ કાનુનનો ભંગ મોટા મોટા રાજ રાજેશ્વરોથી, સમરાં-

ગણુમાં યુદ્ધ ખેલતા મહારથીઓથી કે વૈભવની ટોચે પહોં-ચેલા ભોગી જનોથી અથવા તો લક્ષ્મીને વરેલા શ્રીમાનોથી પણ નથી કરી શકાતો.

એક સમયની ચિત્રશાળા કે જ્યાં દીપકોની શ્રેણિનો પ્રકાશ પડતાં ચોતરફ જીવંત દશાનો સાક્ષાત્કાર કરાવતી, જ્યાંની એકેએક ચીજમાં મદનરાજનો અજબ પ્રભાવ દેખાઇ આવતો, જ્યાં અસ્વસ્થતા કે અસ્વચ્છતા પળવાર પણ ટકી શકતા નહી અને એ બધામાં યૌવન વયમાં વિચરતા રસિક એવા દંપતીનું આગમન કંઇ ઓરજ આનંદને ઉપજાવતું, ત્યાં આજે નથી તો દીપકોનું તેજ કે નથી તો દિવાલ પર શ્રૃં-ગાર સમયનું એક પણ ચિત્ર ! પલંગ, ગાદી, ગલીચા આદિ ઉપભોગના સાધનો છે છતાં તેના ભોગવનારને અભાવે તેની કંઇજ શોભા નથી. આ સિવાયના સંખ્યાબંધ ભોગ્ય પદાર્થો જેમ નિત્યશ: પૂર્વે દેખાતાં હતાં તે આજે પણ જણાય છે, છતાં આત્મા વિનાના દેહની શોભા, ફળ વિનાના વૃક્ષની શોભા અથવા તો કમળ વિનાના સરોવરની શોભા, જેમ હૃદયને આ-લ્હાદ નથી આપતી. તેવી આ સર્વ વસ્તુઓની સ્થિતિ હતી.

એક સમયની યૌવન મદશાલિની, પુલકિત તનુધારિણી, ઉન્નત સ્તનભાર ભારિત, પ્રસન્ન વદના કોશ્યાનું મુખારવિંદ આજે આમ નિસ્તેજ કેમ દેખાય છે ? પૂર્વનો હાસ્યપૂર્ણ ચહેરો આજે આમ વિષણ્ણ કેમ લાગે છે ? કેમ જાણે

ચીરકાળ પિડિત વ્યાધિના ભોગે ગાત્રો ગળી ગયાં ન હોય ! અને દેહમાંનુ રકત ઉડી ગયું ન હોય એવો ભાસ શા કારણથી થાય છે ? પ્રથમની માફક નથી તો તે સહાસ્ય વદને વાત કરતી કે નથી તો મંજુલ સ્વરથી ગાતી. માત્ર શરીર સંકોચી ગાલપર હાથ ટેકવી ગાદી ઉપર પડી રહે છે અને વારંવાર નયનોમાંથી અશ્રુ સાયા કરે છે. આટલી બધી ગમગીની શાથી વ્યાપી ગઇ છે ? જ્યાં રોજ વિવિધ પ્રકારના વાજીંત્રો મધુર સ્વરે નિનાદિત થતાં ત્યાં આજે શૂન્યતાનોજ ભાસ થાય છે તેનું કારણ શું ? ખરેખર એ બધાનું કારણ માત્ર એકજ છે અને તે એ કે–સ્થૂલિભદ્રની ગેરહાજરી. તેથીજ અત્યારે પંખી વિનાના માળા સદૃશ આ કોશ્યાની અને તેના પ્રાસાદની દશા થઈ રહી છે. આજે કેટલાક દિવસોથી સ્થુલીભદ્રના દર્શન દુર્લભ થઇ ગયાં છે. જેના પ્રેમપાસમાં મુગ્ધ બની તીર્થયાત્રાનો અમૂલ્ય લાભ જેણે જતો કર્યો અને જેને એક પળમાત્રનો વિરહ અસહ્ય હોવાથી પોતાનું રહેઠાણુજ કોશ્યાને ત્યાં કરેલું તે પ્રેમી પુરૂષ ‘ માત્ર અલ્પ સમયમાંજ પાછો આવું છું ’ એમ કહી ગયાને આજે પંદર દિવસો વહી ગયા છતાં ન તો તેમનાં દર્શન કે ન તો કંઇ સમાચાર ! ‘ માત્ર રાજાને મળી આવું છું ’ તેમાં આટલો બધો સમય ? આ વિચારજ દિનરાત કોશ્યાને વલોવી નાંખતો હતો. તેનાથી વિરહની વ્યથા કેમે કરી ભુલી જવાતી ન હતી. નીર વિહુણી માછલી અને ચાતક વિહુણી ચાતકી સદૃશ તેની દશા થઇ રહી હતી. કામ તાપથી તપ્ત

થયેલી તેની દેહલતા કરમાઇ ગઇ હતી. એવી દશામાં તેણીને અન્ન ઉપર પણ રૂચી ન સંભવે તેમાં કંઈ પણ નવિનતા ન હતી. આશામાં ને આશામાં આટલા દિવસો વ્યતિત થયાં હતાં છતાં આશાદેવીએ સાથ નહીં છોડયો હોવાથી હજુ પણ તેણી આશારૂપી હિંડોળા ઉપર હિંચ્યા કરતી હતી; પણ આજે અચાનક તે હિંડોળો તુટી પડયો અને ત્યારથીજ તેણીની આંખોમાંથી શ્રાવણ–ભાદરવો વર્ષી રહ્યો છે. તેણીનું આશારૂપી વૃક્ષ જડમૂળથી ઉખડી ગયું છે. કોઇ યોગી પુરૂષે ગાયું છે કે ‘ આશા દાસીકે જે જાયા, તે જન જગકે દાસા ’ એ યથાર્થ જ છે.

આજે સવારમાંજ કોશ્યાએ પોતાની વિશ્વાસુ દાસીને સ્થુલીભદ્ર માટે તપાસ કરવા મોકલી હતી. તેણીએ આવીને કહ્યું કે સ્થુલીભદ્રે તો અહીંથી ગયા તેજ દિવસે રાજાને મળીને ચારિત્ર અંગીકાર કર્યું છે. વળી તેમના પિતાશ્રી મૃત્યુ પામ્યા છે અને પ્રધાન પદવી શ્રીયકને મળી છે. સ્થુલીભદ્રની દિક્ષાના સમાચારથી કોશ્યાનો આશારૂપી કોટ ધરાશયી થઇ ચુકયો અને તેણી વજ્રાહત થઇ ધરણીપર ઢળી પડી. દાસીઓ પંખાથી પવન નાખવા લાગી. જયારે કોઇ તો ચંદન ઘસી લાવી કપોળ પ્રદેશપર લેપ કરવા લાગી. કેટલીક વારે તેણી શુદ્ધિમાં આવી ત્યારે આંખ ઉઘાડી ચોતરફ જોવા લાગી. વળી આંખ મીચી દીધી. વારે ઘડીયે તેણીના મુખમાંથી ‘ હે નાથ, આત્મ

તરછોડી તમે ક્યાં ગયા ? એકવાર તો આ દીન દાસીની દશા નિહાળો ' એવા અસ્ફુટ ઉદ્‌ગારો બહાર આવવા લાગ્યા.

વૃદ્ધા પોતાની જ્યેષ્ટ પુત્રીની આવી દશા જોઇ હૃદયમાં દુઃખ પામી. તેણીએ વિચાર્યું કે જો પુત્રીનો કલ્પાંત આ રીતે ચાલુ રહેશે તો દુઃખાતિરેકથી શરીર ક્ષીણુ થઇ જતાં ભયંકર માંદગી લાગુ પડશે. માટે કોઇ પણ ઉપાયવડે તેને આશ્વાસન આપી તેના મનનું દુઃખ ઓછું કરવું જોઈએ. એમ નિશ્ચય કરી તે બોલી:—

" વત્સ ! આટલું બધું હૃદયમાં શા માટે દુઃખ ધરે છે ? આવા વિશાળ નગરમાં શું સ્થુલીભદ્ર એકજ સ્વરૂપવાન અને સર્વગુણસંપન્ન છે કે જેના જવાથી તું આટલો બધો કલ્પાંત કરી શરીરનો નિષ્કારણ નાશ કરી રહી છે ? તેનાથી પણ રૂપ રંગમાં અને વૈભવમાં ચઢી જાય તેવા એક નહીં પણ એક-સો લાવી ત્હારી સન્મુખ ખડા કરૂં અને તે પણ ત્હારા ચરણમાં શીર ઝુકાવે તેવા ! ગાંડી, આપણો વેશ્યાનો ધંધો રહ્યો તેમાં આવી રીતે પ્રીતિના પાશથી બંધાઇ વિરહવેદનાથી સદૈવ બળ્યા કરવાનું પરવડે ખરૂં ? એ તો ક્ષત્રિયાણી અને કુળકામિનીઓનો ધર્મ રહ્યો. માટે તું આજથી વિષાદને ત્યજી દઇ સ્નાન આદિ કરી સુંદર વસ્ત્રો પરિધાન કર અને રૂચિ પ્રમાણે ભોજન પણ કરી લે. દરમિયાન હું યૌવનમદ ઝરતા કેટલાક નવયુવકોને લાવી ત્હારી સેવામાં હાજર કરૂં."

માતુશ્રીના આ વચનો કોશ્યાના અંતરને વીંધી નાંખવા લાગ્યા. અત્યાર સુધી ધુંધવાઇ રહેલો અગ્નિ એકદમ ગુસ્સારૂપે બહાર નિકળ્યો. સ્થુલીભદ્ર માટે એના હૃદયમાં એટલું તો સજ્જડ સ્થાન હતું કે કોઇ પણ તેના માટે અનુચિત શબ્દ બોલે તો તે જરા પણ સહન કરી શકતી નહીં, તેથી તેણીએ સરોષ વદને કહ્યું—" માતા, મારે ત્હારા સો અને હજાર અથવા તો રૂપવાન્ કે ધનવાન પુરૂષોમાંના એકનું પણ કામ નથી, શા માટે મારા પૂછ્યા વિના એવી વાત મારા આગળ કરે છે ? હું કાંઇ વેશ્યાના ઘરમાં જન્મી એટલે તેજ ધંધો કરવાને બંધાયલી નથી. વાણીઆ, બ્રાહ્મણ કે ક્ષત્રિય કોમમાં જેને પતિ માન્યો તેની પ્રત્યે આ જન્મ વફાદાર રહી શકાય છે તો મારાથી શા માટે ન રહી શકાય ? શું માત્ર તેઓજ મનુષ્યો છે અને હું ઢોર છું.

માતા ! ફરીથી મારી સમક્ષ આ સંબંધી એક પણ શબ્દ ઉચ્ચારીશ નહીં. પ્રીતિની રીતિ તો ન્યારીજ છે અને તેને સમજનાર પણ પ્રેમીયુગલો કોઇ દેવાંશીજ હોય છે. ખાખરાની ખીસકોલી સાકરનો સ્વાદ શી રીતે જાણે ? પ્રીતિ કરવી તો સ્હેલ છે પણ નિભાવવી એજ મુશ્કેલ છે. આતો શું દુઃખ છે પણ મરણાંત કષ્ટ પ્રાપ્ત કેમ નથી થતું ! તેની મને લેશ માત્ર પણ પરવા નથી. જેણે એકવાર સ્થુલીભદ્રને પતિ તરીકે સ્વીકાર્યો તે આ જીંદગી બીજાને તો નજ ઇચ્છે. કુળવાન પ્રમદાની એક એજ ગતિ છે. "

વૃદ્ધા આ નિશ્ચય સાંભળી દિગ્મુઢ થઇ ગઈ અને હળવે રહી ત્યાંથી પલાયન થઇ ગઇ. અને પુત્રી પ્રત્યેના સ્નેહને લઇ તેનું દુઃખ ટાળવા અન્ય કોઇ પ્રતિકાર ન જડવાથી પોતાની દાસીદ્વારા ખાનગી રીતે શ્રીયકને કોશ્યાની સ્થિતિનું વૃત્તાન્ત કહેવરાવ્યું અને એકવાર મળી જવા જણાવ્યું. આની શી અસર શ્રીયક ઉપર થઈ તે તો હવે પછી જણાશે; છતાં પાંચ સાત દિવસ પછી એકવાર શ્રીયક આવી કોશ્યાને શાંત્વન આપી ચાલ્યો ગયો અને કંઇક ખાનગી વાતચીત પણ કરી ગયો કે જેથી દિનપ્રતિદિન કોશ્યાની ગમગીની ઓછી થતી ગઇ અને પૂર્વની પ્રફુલ્લતા પાછી આવવા લાગી.

---


## લાયબ્રેરીઓ તેમજ મંડળો માટે.

કોઇ પણ જાતનાં જૈન ધર્મનાં પુસ્તકો સસ્તી કિંમતે અને વ્યાજબી ભાવે ગમે ત્યારે આપને મળી શકશે. મંગાવી ખાત્રી કરો.

લખો—જૈન સસ્તી વાંચનમાળા
રાધનપુરી બજાર-ભાવનગર.

# પ્રકરણ ૨૪ મું.

## સિદ્ધાંત વિનોદ.

આજે કેટલાક સમય પછી ફરી એકવાર મંત્રીશ્વરના ઘર તરફ નજર કરીએ. જો કે મંત્રીશ્વર શકડાળના મૃત્યુ પછી ત્યાં અગાઉના જેવા મનોહર દ્રશ્યો નથી દેખાતાં; છતાં 'દુઃખનું ઓસડ દહાડા' એ ન્યાયે આજે તે વાતને કેટલોક સમય વ્યતીત થઇ ગયો હોવાથી તેમજ લક્ષ્મીબાઇ જાતે ધર્મપરાયણ અને સંસ્કારી હોવાથી આધુનિક સ્ત્રી સમાજમાં જેમ મરણ પછવાડે લાંબા સમય સુધી રો-કકળ અને કલ્પાંત ચાલે છે કે જેમાં નવાં પાપબંધનનું કે આચાર-વ્યવહારનું પણ ભાન રહેતું નથી. એવી પ્રણાલીકાથી તે દૂરજ રહી હતી. 'ભાવી કદી પણ મિથ્યા થતું નથી' એમ માની પોતાના બાકીના દિવસો આત્મિક ઉન્નતિ સાધવામાં ગાળતી હતી. જો કે તેના હ્રદયમાં સ્વામીનાથના અવસાનથી કારી જખમ પડયો હતો. કે જેને લઇને તેની કાયા દિન-પ્રતિદિન ગળતી જતી હતી; છતાં તે આત્મિક ઉન્નતિમાં ચુસ્ત રહી પોતાનું જીવન નિષ્પાપ બનાવવાને બનતો પ્રયત્ન કરવા કદીપણ ચુકતી નહોતી.

આજે શ્રી વીર પરમાત્માની જયંતિ હોવાથી અર્થાત્ જન્મકલ્યાણકનો દિવસ હોવાથી સૌએ યથાશકિત વ્રત કરેલાં હતાં. પ્રાતઃકાળે શ્રીજીનાલયમાં ઘણા આડંબર પૂર્વક સૌએ

જિન પૂજન કરવા પછી મધ્યાહ્નકાળે લક્ષ્મીબાઈના દિવાનખાનામાં સૌ એકઠા મળ્યાં હતાં. આ પ્રસંગે કામદિન્ના તેમજ અન્ય કેટલીકએક સ્નેહી સ્ત્રીવર્ગની હાજરી આ સ્થાનમાં માલુમ પડતી હતી. યક્ષાના પ્રસ્તાવથી શરૂઆત થઇ કે આજે પ્રભુશ્રી મહાવીરદેવના જન્મદિવસ હોવાથી તેમના જીવન ઉપર અને તેઓશ્રીએ પ્રવર્તાવેલા જૈનધર્મ ઉપર વિચાર ચલાવીએ તો તેથી ઘણું જાણવાનું મળશે. સૌથી અલ્પવયસ્કા બોલી ઉઠી કે મ્હોટી બેન ! તમારી વાત જો કે યથાર્થ છે છતાં શરૂઆતમાં મંગલાચરણ તરિકે કંઇક સંગીત થાય તો ઠીક. એ વાતને લક્ષ્મીબાઇએ ટેકો આપતાં જણાવ્યું કે—સંગીત મધુર સ્વરથી ગવાતું હોય તે જેટલું અસરકારક થાય છે તેટલું ગમે તેમ બોલી જવાથી થતું નથી. માટે જેનો કંઠ મધુર હોય અને જેના અંતરમાં ઉમળકા આવતા હોય તેઓ જ તેની શરૂઆત કરી દે કે જેથી સાંભળનારાઓના અંતરમાં પણ આનંદ અને ભાવનાની ઉર્મિઓ ઉછળે.

લક્ષ્મીદેવીની આ સલાહને માન આપી તુર્તજ વેણા કામદિન્ના અને પ્રિયવંદાએ સાથે બેસી એક સુંદર ગીતની શરૂઆત કરી જેનો ભાવાર્થ નિમ્નલિખિત ગીત સાથે આબેહુબ મળતો હોવાથી તે અત્રે આપવામાં આવે છે.

પ્રભુવીરતણા સહુ પુત્ર અમે, જીન શાસનના તારના સૂત્ર અમે,
પ્રભુવીરની વાણી તણા રસીયા, અણુધર્મ દયાના દિલે વસીયા.

અજ્ઞાન નિશાપટ ધ્વંસ કરી, દીધું જ્ઞાન ક્ષીતિજ ઉષાને ધરી.
શિખવ્યું પ્રભુ આદિના પૌત્ર થઇ, કુળગર્વથી;કર્મકથા શી ભઇ.
વળી કર્મ નિકાચિત શું છે રહ્યું, સીસું રેડી શય્યાપાળે શીખવ્યું.
પ્રતિપાળ સુજ્ઞાનના જ્ઞાતા રહ્યા, શુભ દર્શન ચારિત્રે ત્રાતા થયા.
સુસાધુ ગ્રહસ્થ બનીને રહ્યા, સુણી શબ્દ જે બાંધવે પ્રેમે કહ્યાં.
મુનિનંદન થઇ શુભ કર્મ કર્યાં, તીર્થંકર થઇ પ્રભુ જગ્ત તર્યાં.
બળ બાળ છતાંએ અથાગ હતું, ગિરિમેરૂ અંગુઠે કંપાવ્યું હતું.
ચંડકોશી અનળમુખ જે ઝરતો, પ્રભુબોધથી નાગ જગે તરતો.
નહિં વ્રત શ્રેણિક ભૂપાળ કરે, સુણી વીરની વાણી ક્ષમા ઉચરે.
અસ્વસ્થ હાલતે બાકુળ ગ્રહી, કર્યો ચંદનબાલા ઉદ્ધાર સહી,
નંદિષેણ ગુણિકા આસક્ત હતા, પ્રભુબોધથી એ સહુ જ્ઞાની થતા.
મોહજાળ, શ્રી ગોતમ સ્વામી તણી, કરી દૂર થયા પ્રભ મોક્ષધણી.
શાસનરસી સવિ જીવ કરૂં, એ દયાનું કથન પ્રભુનું ખરૂં.
જીનવાણી સુધારસ જાણી કરી, બહુ પીશને પાઇશ પ્યાલા ભરી.

આ પ્રમાણે મધુર સ્વરે ગીતની પૂર્ણાહૂતિ થતાં સૌ કોઇ હર્ષિત થઇ ગયા. આ પ્રસંગે એટલું કહી દેવાની અગત્ય છે કે કામદિન્નાએ આજના આ વિષયમાં ખુદ લક્ષ્મીવતી પાસેથી એ વાતનો ખુલાસો જાણી લેવાનો ઇરાદો રાખ્યો હતો કે—નારિજાત કુમારી અવસ્થામાં રહી શકે કે કેમ ? ત્યારે પ્રિયવંદાના મનમાં કંઇ જુદાજ પ્રકારનો આશય વર્તી રહ્યો હતો અને તે એજ કે આ પોતાની નણંદાના સંસાર

પ્રવેશ વિષયમાં જે વિચારો પૂર્વે પોતાના કર્ણપટ પર આવેલા છે તે હજુ પણ ટકી રહ્યા છે કે કેમ તેનો નિર્ણય કરી લેવો અને તે વિચારો પોતાની સાસુની જાણમાં પણ લાવવા. આ રીતે ગાનાર વ્યક્તિમાંની બેનો આશય ધર્મકથા પ્રતિ વધારે આકર્ષીત હોવાથી તુરતજ કામદિન્નાએ લક્ષ્મી-વતીને પ્રાર્થના કરી કે—પ્રભુ શ્રી મહાવીરના જીવનમાંથી સારભૂત રહસ્ય તેઓ શ્રી આજે સમજાવે અને ત્યારપછી જૈન ધર્મ વિષે કંઇક કહે.

લક્ષ્મીવતીએ પ્રારંભ કરતાં જણાવ્યું કે—' બાળાઓ અને બ્હેનો ! આજથી કેટલાક વર્ષો ઉપર આજના આ પવિત્ર દિવસે શ્રી ક્ષત્રીકુંડ નગરમાં શ્રી ત્રિશલાદેવીએ એક કુંવરને જન્મ આપ્યો. જેમનો સ્નાત્ર મહોત્સવ મેરૂગિરિ ઉપર લઇ જઇ ચોસઠ ઇંદ્રોએ કર્યો અને તેમના માતાપિતાએ તે પુત્રનું નામ વર્ધમાન રાખ્યું. દરેક તીર્થંકર પ્રભુ દુન્યવી મનુષ્યો કરતાં રૂપ, લાવણ્ય, સૌભાગ્ય આદિમાં ગુણાતીત હોય છે એટલુંજ નહીં પણ જન્મતાંજ ત્રણ જ્ઞાન અને ચાર અતિશયયુક્ત હોય છે. તેમને જેમ કોઇ વસ્તુ ઉપયોગ મુકે તો નવિન નથી ભાસતી તેમ નવિન અભ્યાસ કરવાપણું પણ નથી હોતું; છતાં પ્રભુ માતાપિતાની ભક્તિને લઇ એ વાતનો સ્ફોટ કદાપિ તેમની સમક્ષ નથી કરતાં અને ઉચિત વિનય સાચવે છે. પ્રભુ યૌવન વય પામ્યા ત્યારે યશોદા રાજકુંવરી

સાથે પાણિગ્રહણ કર્યું અને સંસારસુખ ભોગવવા લાગ્યા. તેમને એક પ્રિયદર્શના નામે પુત્રી થઇ જેનો વિવાહસંબંધ જમાલિ સાથે જોડવામાં આવ્યો હતો. એવામાં એક તરફ પ્રભુશ્રીના માતાપિતાનું સ્વર્ગગમન થયું અને બીજી તરફ તેમનું ભોગાવળી કર્મ પણ ક્ષીણ થયું. એટલે વડીલ બંધુ નંદીવર્ધન પાસે તેમણે પ્રવ્રજ્યાની અનુમતિ માગી. પરતું માતાપિતાનો શોક તાજોજ હોવાથી બંધુ નંદિવર્ધને તેમને બે વર્ષ થોભી જવાનું કહેતાં તેમની આજ્ઞા માન્ય રાખી નિર્દોષ ગૃહસ્થજીવન વિતાવતા એ બે વર્ષ પણ પૂર્ણ કર્યાં. આખરે સમય પરિપાક થતાં વર્ષીદાનપૂર્વક સંયમ ગ્રહણ કરી પ્રખર તપશ્ચર્યા દ્વારા આત્મબળને વિકસાવતા મહાન્ વિકટ ઉપસર્ગો પણ સહન કર્યા. એ રીતે સર્વ કર્મનો ક્ષય કરી અંતે કૈવલ્યને પામ્યા. ત્યારબાદ દેવ-રચિત સમવસરણમાં બિરાજી નિરંતર ઉપદેશ આપી ભવ્ય જીવોને પ્રતિબોધવા લાગ્યા. એ રીતે ૭૨ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી પાવાપુરીમાં કાળધર્મ પામી શાશ્વત સુખના ભોક્તા થયા. આ પ્રમાણે તદ્દન સામાન્ય પ્રકારે પ્રભુશ્રીના જીવનની રેખા દોરી અને હવે તેમાં રહેલા રહસ્ય પ્રતિ તમારા સૌનું લક્ષ્ય દોરૂં છું.

આત્માની સત્તા જોતાં દરેક ભવ્યાત્મા પણ તીર્થંકર થઇ શકે છે, પણ તેણે પોતાએ એ દશામાં મુકાવા માટે સતત

ઉદ્યમશીળ રહેવું જોઇએ. પ્રભુ શ્રી વીરનું જીવન જ આવા અવનવા પ્રસંગોથી ઉભરાઇ જાય છે. તેમાં બહારના ભભકા વિના આંતરીક ચમત્કૃતિ એટલી બધી છે કે તે જાણવાથી, સમજવાથી અને સારાસારને ગ્રહણ કરવાથી અતિ ઉત્કૃષ્ટ લાભની પ્રાપ્તિ થાય. વળી કર્મના કાયદાનું પણ એવું સ્પષ્ટ ભાન થાય છે કે તેની સત્તા રાજાથી રંક પર્યંત દરેક જીવો ઉપર એક સરખી રીતે થાય છે. તીર્થંકરોના જીવન ઉપરથી આપણે નીચેની બાબતો તારવી લઇ આપણા વર્તનમાં ઉતારીએ તો જરૂર થોડા કાળમાં આપણે તેમની માફક શીવ-સુખના ભોકતા બનીએ.

૧ સામાન્ય કોટીનો મનુષ્ય પણ ધારે તો ખુદ પરમાત્મા અર્થાત્ સિદ્ધ થઈ શકે છે, ફક્ત ઉદ્યમશીલ રહેવું જોઇએ અને દ્રઢતા ધરવી જોઈએ.

૨ અલ્પ પ્રમાણમાં પણ રાખેલો નિયમ અને નાનું સરખું પણ નમસ્કાર જેવું સ્મરણ દેવતા અને મનુષ્ય ગતિના ઉત્તમ સુખને આપનાર થાય છે.

૩ સાધુપણું એકવાર લઇ ન પાળવાથી જેટલું દૂષણ પાપ છે, તેથી વધુ–પાપ તેમાં દાંભિકતાથી વર્તવામાં છે. મરિચિના ભવમાં ત્રિદંડીનો વેશ કલ્પી તે મુજબ વર્તન રાખવાથી પ્રભુ મહાવીરે કંઇ તીવ્ર કર્મ ઉપાર્જ્યું ન હોતું પણ 'ત્યાં પણ ધર્મ છે અને અહીં પણ ધર્મ છે,' એવું ખોટું વચન કહેવાથી જ સંસારની વૃદ્ધિ થઇ હતી.

૪ ગર્વ કે મદ સર્વ કાળે ખોટો છે. કર્મે કરી કોઇની દશા હીનતાને પામી હોય અને પુણ્યે કરી આપણી દશા ઉત્તમતાને પામી હોય છતાં ગર્વ જરાપણ ન કરવો ઘટે. મરિચિએ પોતાના ભવમાં કીધેલો કુલમદ તીર્થંકરના ભવમાં પણ ઉદય આવ્યો હતો.

૫ જે વસ્તુ ઉપર મમત્વ વિશેષ હોય છે તેજ ચીજનું ભવોભવ મળવાપણું થાય છે. અર્થાત્ તીવ્ર વાસના રહેવાથી ઉદયમાં તેજ વિશેષ આવે છે. જેમકે પ્રભુને ત્રિદંડીપણું.

૬ તપ કર્યા સિવાય તીવ્ર કર્મો કદી પણ નિર્જરતા નથી. માટે ઉગ્ર તપની જરૂરીઆત છે અને સાથે એ પણ સમજી લેવાનું છે કે નિકાચિત કર્મોનો ક્ષય તો ભોગવીને જ કરી શકાય છે. માટે ભોગવતી વખતે હાયવોય કરવા કરતાં બાંધતી વેળાએજ વિચાર કરવો ઘટે છે. તેથી જ કહ્યું છે કે ' હસતાં બાંધ્યાં કર્મ રડતાં છુટે નહીં. '

૭ પ્રભુએ વાસુદેવના ભવમાં ક્રોધમાં કરેલી શીક્ષા અર્થાત્ ગરમ સીસું રેડવારૂપ કાર્ય ખુદ તીર્થંકરના ભવમાં કાનમાં ખીલા નાખવારૂપ ઉદય આવ્યું. એટલે એ રીતે એ નિકાચિત કર્મ ભોગવ્યું ત્યારેજ નાશ પામ્યું. તેમાં પ્રભુ-પણાનો અધિકાર જરાપણ કામ ન આવ્યો. કર્મનો કાયદો અટળ અને અગમ્ય છે.

૮ નંદનના ભવમાં ઉગ્ર તપશ્ચર્યા કરી મોટા ભાગના

કર્મોને ખેરવી નાંખી તીર્થંકર નામકર્મ બાંધ્યું એટલે કે કેટલીયે વાર નર્કોમાં જનારા અને વાસુદેવાદિના ભવમાં તીવ્ર કર્મોના કરનારા એવા પ્રભુના જીવને પણ તપથી અને સતત્ ઉદ્યમથી તીર્થંકર પદ મેળવતાં વાર ન લાગી.

૯ પિતા–માતા પ્રત્યેની ભક્તિ કદાપિ પણ ભુલવી ન જોઇએ.

૧૦ ચાહે તીર્થંકર પદવી હો કે ચાહે સમ્રાટ પદવી હો છતાં માતાપિતાદિ વડીલો પ્રત્યેનો વિનય તો સાચવવોજ જોઇએ.

૧૧ મોટા પુરૂષો સ્વમુખે કદિપણ પોતાની મહત્તા પ્રકાશે નહીં.

૧૨ કર્મજનિન ભોગો ભોગવતાં છતાં તેમનું મન જળપંકથી ન્યારા એવા કમળવત્ રહે છે. અર્થાત્ તેઓ તેમાં રક્ત થઇને નહીં પણ ઉદાસીન ભાવે ભોગવે છે.

૧૩ સમય પ્રાપ્ત થતાં તેઓ સ્ત્રી–પુત્રના સ્નેહથી કે રાજવૈભવના મોહથી જરાપણ ન રોકાતાં સંસારને છોડી દઇ અણગાર બની જાય છે.

૧૪ જ્યાં સુધી કેવળજ્ઞાન થતું નથી ત્યાં સુધી ઉપદેશ આપવાનું કાર્ય તેઓ નથી કરતાં. કેમકે છદ્મસ્થનાં જ્ઞાનમાં આઘું–પાછું કથન સંભવી શકે છે.

૧૫ ગમે તેવા પ્રાણાંત ઉપસર્ગોને પણ તેઓ સમભાવ

અને શાંતિપૂર્વક સહન કરે છે. નથી તો તેમાં બીજાની સ્હાય લેતાં કે નથી તો અનંતબળી છતાં સામા થતાં.

૧૬ જ્યાં જ્યાં અધર્મ પ્રવર્તતો હોય ત્યાં ગમે તેવા સંકટના સદ્ભાવે પણ દોડી જઇ ખુલ્લા શબ્દોમાં તે વસ્તુ ઉઘાડી પાડે છે અને સત્ય દેખાડે છે.

૧૭ સંસારનાં સર્વ જીવોને પોતાના શાસનના અર્થાત્ સત્યના પંથે ચઢાવવાની ઉદાર ભાવનાવાળા તેઓના અંતઃ-કરણ હોય છે.

૧૮ જાતે સમજી મહાપુરૂષોનું અનુકરણ કરો તોજ મહાન્ થઇ શકશો. માત્ર વાતો કર્યાથી નહીં થઇ શકો, તેમ કોઇ કોઇને મોક્ષ નહીં અપાવી શકે પ્રભુ મહાવીરાદિ સર્વ જીનેશ્વરોના ઉપદેશનું મુખ્ય અને અચળ રહસ્ય એજ છે.

૧૯ જ્ઞાન-દર્શન અને ચારિત્ર એજ મોક્ષનો ઉપાય છે અર્થાત્ જ્ઞાન મેળવીને અને ક્રિયામાં તેને ઉતારીને જ મોક્ષ મેળવાય છે.

૨૦ બીજા શું કરે છે એ જોવાનું વિસરી જઇને મેં શું કર્યું અગર મારા આત્મામાં શું કરી શકવાની શક્તિ છે. એમ આત્મવિચારણા કરતો જીવ આગળ વધી શકે છે.

આ સિવાય તો ઘણી બાબતો છે કે જે ઉપર શાંતતાથી વિચાર કરીએ તો ઘણું ઘણું જાણવાનું મળે. ઉપર મુજબનું એટલું પણ રીતસર વિચારીએ તો તે આપણા માટે ઓછું તો નજ કહી શકાય.

માતુશ્રી ! પ્રભુ તેજ ભવે મોક્ષ જવાના છે એવું પોતે જાણુતા હોવા છતાં શા માટે પરણ્યા હશે ? વળી શા માટે સ્વસુતાનું જમાલિ સાથે પાણિગ્રહણ કરાવ્યું હશે ? તેમાં દોષને તો સ્થાન છે અને એ ઉપરથી શું એમ નથી સાબીત થતું કે નારીજાત કુંવારી ન રહી શકે ? કામદિન્નાએ પ્રશ્ન કર્યો.

કામદિન્ના ! ત્હારી સમજ ફેર છે. પ્રભુએ ભોગાવળી કર્મ અવશેષ રહેલાં જોઇ તે ખાતરજ લગ્ન કીધા હતા, તેમજ પ્રિયદર્શનાને પણુ ભોગાવળી કર્મનો ઉદય જોઇ તેણીનો સંબંધ જમાલી સાથે બાંધ્યો. જોવાનું તો એ છે કે જ્યાં એ કર્મ ભોગવાઇ રહ્યું કે તરતજ તેને છોડી દેતા યાને તે ઉપરથી મમતા દૂર કરતાં જરા પણ વાર લાગી ખરી ? વળી તેથી કાંઇ એમ સિદ્ધ નથી થતું કે કુંવારા નજ રહી શકાય ! છતાં સાથે એ પણ ખસુસ યાદ રાખવાનું કે બાળ બ્રહ્મચારીની સંખ્યા હમેશાં થોડીજ હોય છે અને તેમાં પણ સ્ત્રી વર્ગમાં તો અલ્પ જ કહી શકાય. દાખલા તરીકે બ્રાહ્મી, સુંદરી, રાજેમતી અને ચંદનબાળા વિગેરે; પરંતુ એમના જેવું અખંડ શીયળ પાળવા માટે ગાર્હસ્થ્ય ધર્મમાં રહેવા કરતાં ચારિત્રધર્મ વધારે અનુકુળ ગણાય.

લક્ષ્મીવતીની આ મુદ્દાસરની દલીલ સાંભળી કામદિન્ના તો અવાક્ બની ગઇ. તેણીને પ્રત્યુત્તર કરવાનું હવે કંઇ રહ્યુંજ નહીં. પણ પ્રિયવંદા કાંઈ એકદમ મૌનતા રાખી શકે તેમ નહોતું. આજે કોઇપણ પ્રકારે નણંદોના વિવાહની વાતનો

સ્ફોટ કરવાની ભાવના હોવાથી તે વિનયપૂર્વક બોલી-પૂજ્ય સાસુજી ! સ્ત્રીઓ પણ પોતાના પતિની ભક્તિ સાચવીને ઘણો લાભ મેળવી શકે છે અને તે દ્વારા પણ સ્વકલ્યાણ સાધી શકે છે. એમ આપણાજ ચરિતાનુયોગના ગ્રંથોમાં ડગલે ને પગલે વાંચીએ છીએ. તો શા માટે એવા સુગમ પંથે પ્રયાણ કરવાનું ચૂકી આગળ કહી ગયા તેવો વિષમ પંથ સ્વીકારવો ? સંસારના દરેક રસનો આસ્વાદ લીધા વિના જેઓ ચારિત્ર અંગીકાર કરે છે તેઓ કારણવશાત્ પતિત થઇ જતાં હોય અને તેને ઉદ્દેશી ડાહ્યા પુરૂષોએ સંસારરસનો ઉપભોગ કરી ત્યાગ કરનારને વધુ મહત્વ આપ્યું હોય એમ મારી સમજ મુજબ લાગે છે.

પુત્રી ! ત્હારી દલીલ અવાસ્તવિક નથી. જૈનધર્મ કોઇ વાત એકાંતે પ્રરૂપતોજ નથી; તેથી તે સ્યાદ્વાદધર્મ કહેવાય છે. કોઇ વિરલ સ્ત્રીપુરૂષોજ પ્રથમ માર્ગે જાય છે. બાકીનો મોટો ભાગ તો પાછળના રસ્તાનુંજ અનુકરણ કરે છે. આત્મોન્નતિ કરવાના રસ્તા ઘણા પ્રકારના છે, તેમાંથી પોતાની અનુકુળતા જોઈ પસંદ કરી લેવો એ સુજ્ઞોનું કામ છે.

માતુશ્રી આ બન્ને ભાભીઓએ આ વાતને આટલી બધી લંબાવી તેનું કારણ હું જ છું. અગરતો મને ઉદ્દેશીને તેમ કર્યું છે. કારણ કે મેં અગાઉ એકવાર તેમની સમક્ષ આજન્મ બ્રહ્મચર્યવ્રત પાળવાનો મારો વિચાર કહેલો અને આજે તમારા વચનથી મારી વાતને પુષ્ટિ મળે છે. દૃઢ મનના માનવીઓ માટે કંઇ પણ અસંભવિત જેવું નથી. યક્ષાએ વચમાળાની ચર્ચાથી કંટાળી જઇ વાતનો સ્ફોટ કર્યો કરી નાંખ્યો.

એટલે શું તારો વિચાર દિક્ષા લેવાનો છે કે સંસારી-પણામાં રહી શીયળ પાળવાનો છે ? લક્ષ્મીવતીએ પૂછયું.

માતાજી ! સંસારીપણામાં રહીને નહિ, પણ દિક્ષા લઇનેજ તેમ કરવા ધારૂં છું. ધારણા સાનુકુળ હોય તોજ નિર્વિઘ્ન રીતે શીયળ પાળી શકાય છે. બાકી સંસારીપણામાં રહી આજન્મ શીયળ પાળવાનું કામ, અને તેમાં પણ યૌવન-વયની લલના માટે અતિ મુશ્કેલીભર્યું છે; કેમકે પુરૂષ જાતિમાં બધાં કાંઈ ઉત્તમ પ્રકારના નથી હોતા તેથી તેમના તરફથી પણ બાધા ઉત્પન્ન થવાનો સંભવ રહે છે. એવે સમયે મજબૂત મનની પ્રમદાઓને ઘણી મુશ્કેલીમાં ઉતરવું પડે છે, અને બીજું તો એ પણ છે કે સંસારમાં પ્રલોભનના સાધનો એટલા બધા પ્રમાણમાં ચોતરફ પથરાયા હોય છે કે ક્યારે મનના પરિણામ ચળ-વિચળ થશે તે કહી શકાય નહીં. માટેજ જેને એ માર્ગે જવું હોય તેઓએ પ્રથમથી જ પ્રવ્રજ્યા સ્વી-કારી પોતાનો રસ્તો સાનુકુળ કરી લેવો કે જેથી અહર્નિશ તેનું મન ધર્મધ્યાનમાં જ લીન રહે.

વડીપુત્રી ! ત્હારી વાતથી હું પ્રસન્ન થઇ છું. મારો તમાં ટેકો છે. એવા અમારા અહોભાગ્ય ક્યાંથી કે ત્હારા જેવી સુકન્યા આવું ઉગ્રવ્રત સ્વીકારી અમારી કીર્તિ વિસ્તારે. ત્હેં પૂછયું નહોતું, બાકી ધર્મના અને આત્મકલ્યાણના આવા સર્વોત્તમ માર્ગમાં મારી તરફથી પ્રતિકૂળતા સંભવે જ નહીં. હું તો ત્હને એકલીને તો શું ? પણ જો તમો સાતે ભગિનીઓ

એ પવિત્ર માર્ગે ગમન કરવા અભિલાષી હો તો હું સંમતિ આપતાં જરાપણ અચકાઉં તેમ નથી. મને સ્થૂલીભદ્રે સ્વીકારેલા વ્રતથી શેર શેર લોહી ચઢે છે. ખરેખર ત્હેણે પંચમહાવ્રત સ્વીકારી મારી કુખને દિપાવી છે. શૂરવીરો જેમ કર્મ કરવામાં શૂરા હોય છે તેમ ધર્મ કરવામાં અથવા તો કર્મ તોડવામાં પણ શૂરા જ હોય છે.

લક્ષ્મીવતીની અનુમતિસૂચક વાણી સાંભળી બાકીની છએ બ્હેનો એકસાથે બોલી ઉઠી કે માતુશ્રી ! તમારી વાણી ફળો. અમારો પણ જયેષ્ટ ભગિની યક્ષાના પગલે અનુસરવાનો પ્રથમથીજ નિશ્ચય થયેલો છે. તમારી અનુજ્ઞાનીજ વાર હતી. આજે તે આમ અચાનક પ્રાપ્ત થવાથી આજના આનંદમાં સવિશેષ ઉમેરો થયો છે. આ સર્વના નિમિત્તભૂત એવી અમારી આ ઉભય ભાભીઓનો અમારા ઉપર સૌથી વિશેષ ઉપકાર થયો છે; નહિ તો તેમના વિના આ વાત તમારા મુખે અમે કયારે લાવી શક્ત તે કહી શકાય નહી ?

પુત્રીઓ ! ખોટું કામ આચરતાં ડરવુ એટલુંજ નહીં પણ મુખેથી તેનો ઉચ્ચાર સરખો પણ ન કરવો. પણ સત્કાર્ય કરતાં અગર તે માટે આદેશ માગતાં જરાપણ સંકોચ ન ધરવો. આજપછી એટલી નિર્બળતા અગર તો એ હદ બહારની લજ્જા ધારણ કરવાનું જરાપણ કારણ નથી.

# પ્રકરણ ૨૫ મું.

## ખોદે તે પડે.

પાછલા પ્રકરણમાં આપણે વાંચી ગયા છીએ કે દ્વિજ-વરરૂચીએ ષડયંત્ર રચી પ્રધાન શકડાળનો નાશ કરવા પછી તે નિરંતર નવીન શ્લોકોના બ્હાને પ્રાચીન શ્લોકોથી રાજાની સ્તુતિ કરી દ્રવ્ય પેદા કરવા લાગ્યો હતો. આ વાત શ્રીયકના જાણવા છતાં તે, સમયના પરિપાકની રાહ જોઈ રહ્યો હતો. કારણ કે રાજાઓ પ્રાય: કાનના કાચા હોય છે. અને એ વાતનો પ્રત્યક્ષ અનુભવ પોતાના પિતાના આત્મભોગથી સ્પષ્ટ થઇ ચૂકયો હતો. આ તરફ ધન અને પ્રતિષ્ઠાના ગર્વમાં ફૂલાઇ ગયેલો દ્વિજવરરૂચિ અત્યારે મળેલ દ્રવ્યનો યથેચ્છ પ્રકારે ભોગોપભોગ કરવામાંજ મશગુલ બન્યો હતો અને કૃત્યાકૃત્યનું ભાન પણ વિસરી ગયો હતો.

દ્વિજવરરૂચિની કાપટ્ય જાળમાં મંત્રીશ્વરના દેહનું બલીદાન થવા પછી તેને પોતાની શક્તિ ઉપર અતિશય ગર્વ આવ્યો હતો. તેમાં રાજ તરફથી ધન અને માન મળવા લાગ્યું એટલે અભિમાનમાં વૃદ્ધિ થતી ગઇ. પરિણામે તેનું મન મળેલ સંપત્તિનો યથેચ્છ પ્રકારે ભોગવિલાસ કરવા તરફ વળ્યું. પોતે બ્રાહ્મણપુત્ર છે એ વાતનું પૂર્ણપણે વિસ્મરણ

થતાં તે કોશ્યા વેશ્યા પાસે જવાને ઉત્કંઠિત થયો. તેના સાંભળવામાં આવ્યું હતું કે સ્થૂલીભદ્રના વિરહથી બિચારી કોશ્યા નિરંતર ઝુર્યા કરે છે. એટલે એક રાત્રિના સુંદર પોશાક ધારણ કરી તેના આવાસે જઈ પહોંચ્યો. કોશ્યાની માતા વૃદ્ધાએ માનપૂર્વક તેને એક આસન ઉપર બેસાડ્યો. થોડીવાર આમતેમની વાતો કર્યા પછી જ્યારે કોશ્યા સાથે વાર્ત્તાલાપ કરવાની દ્વિજવરરૂચિએ માગણી કરી તો તેના પ્રત્યુત્તરમાં અનુચર દ્વારા તેણીએ સખ્ત ભાષામાં કહેવડાવી દીધું કે—' પાપાત્મા ! ત્હારૂં મુખ જોવાની પણ મારી ઇચ્છા નથી, મારા કાન્તના પિતાનો નિરર્થક વધ કરાવનાર ચંડાળ ! શું મોઢું લઇ તું અત્રે આવ્યો છે ? એકદમ ઘર છોડીને ચાલ્યો જા અને પુનઃ આ સ્થાનમાં કદી પણ પગ મુકતો નહીં ' આ સાંભળી તે તો સ્તબ્ધજ બની ગયો. તેનો આશારૂપી કિલ્લો ધરાશાયી થઇ ગયો. ભોગવિલાસ માટે કલ્પી રાખેલી તેની બધી ઇમારતો આમ એકાએક તુટી પડી. તેણે સ્વપ્નમાં પણ આવું શ્રવણ કરવાની ધારણા રાખેલી નહીં. તેના હૃદયમાં ક્રોધાગ્નિ ભભૂકી ઉઠ્યો. મનમાં એમ લાગવા માંડયું કે રાજમાન્ય ભૂદેવનો આ નીચ નારી તરફથી આટલી હદનો તિરસ્કાર ! એકદમ ગરમ થઇ બોલી ઉઠ્યો કે વૃદ્ધા ! હું તારી પુત્રીના આ વર્તન માટે સખ્ત રીતે ખબર લઉં તો વરરૂચી ખરો. એમ કહી જેવો ગૃહ બહાર પગ મુકવા તત્પર થયો કે આ વૃદ્ધાએ ગભરાઈ જઇ તેના પ્રત્યે

હાથ જોડી પ્રાર્થના કરી કે ' મહારાજ, આમ એકાએક ગુસ્સે ન થાવ, મારી પુત્રી અત્યારે ઉંડા શોકમાં ડુબેલી હોવાથી ગમે તેમ બોલી છતાં તમારે તે મન પર ન ધરવું ઘટે. હાલ તો તમે જાવ પણ હું સમજાવી તેને ઠેકાણે લાવીશ. તમે થોડા દિન પછી પુન: આવજો એટલે જરૂર તમારી ધારણા ફળીભુત થશે. તે દરમીઆન હું મહેનત કરી તેનું મન વાળી લઇશ.' વૃદ્ધાના સ્નેહ અને આશાભર્યા વચનથી ભૂદેવ શાંત પડ્યા અને તે વખતે તો ત્યાંથી રવાના થઇ ગયા.

લગભગ આઠેક દિવસ વહી ગયા છે. આજે પર્વના દિવસ હોવાથી સંખ્યાબંધ સ્ત્રી–પુરૂષો વિવિધ શણગાર સજી ગંગાકિનારે આનંદ લુંટવા નિકળી પડયા છે. એવા સમયે સુંદરી કોશ્યા પોતાના ગોખમાંથી ગંગાપ્રતિ અનિમેષ દૃષ્ટિએ જોઇ રહી છે. અચાનક તેણીને બારવર્ષ ઉપરની વાતનું સ્મરણ થઇ આવ્યું. તે સમયનો આખો પ્રસંગ ચક્ષુ સમીપ ખડો થતાં વિચારવા લાગી કે–તે સમયે સ્થુલીભદ્રનો એકાએક મેળાપ થતાં આશા સફળ થઇ હતી; પણ આજે શું શ્રમણ થયેલા સ્થુલીભદ્ર પુન: મળશે ? જ્યાં એક સામાન્ય પ્રકારના સન્યાસીનું આગમન પણ ન સંભવી શકે, જે કામદેવનું મંદિર ગણાય. એવા ગણિકાવાસમાં એક સર્વોતમ ધર્મના આચારમાં સદૈવ મશગુલ રહેનાર અને કંચન કમિનાના ત્યાગી એવા મુનિપુંગવનું આગમન શું કદિપણ સંભવી શકે ? તો પણ પ્રેમીજનોના વિયોગનું પરિણામ છેવટ તો સંયોગ-

મોજ આવે છે, એવા દ્રષ્ટાંત ઘણીવાર નજરે પડે છે. તો મારી બાબતમાં પણ શું તેમ નહીં બને ? આ રીતે વિચારમાં તલ્લીન બની ગયેલી કોશ્યાને પોતાની પાછળ આવીને ઉભી રહેલી પોતાની માતુશ્રીની પણ ખબર ન રહી.

પુત્રી, જો તું મારા પ્રતિ ગુસ્સો ન કરે તો એક વાત કહેવાની મારી ઇચ્છા છે. વૃદ્ધાએ ધીમેથી કહ્યું.

માતુશ્રી ! તમારી વાર્તા સાંભળવા હું તૈયાર છું, માટે સુખેથી કહો. કોશ્યાએ પણ તેવોજ જવાબ આપ્યો.

જો બ્હેન ! આપણો ગણિકાનો ધંધો રહ્યો. એટલે આપણે ત્યાં સદૈવ મોઝમઝા અને આનંદના જ ધ્વનિ હોવા જોઇએ. વળી પ્રીતિવડે એકનીજ પાછળ ગાંડાઘેલા બની જવું આપણને પરવડે પણ નહીં. આપણો પ્રાણનાથ પૈસો, એટલે જે તે આપી શકે તેની સાથે આપણે ભોગવિલાસ કરી શકીએ. પૈસામાં બધું સુખ સમાયું છે. તેના વિના દુનિયામાં કોઈપણ જાતનો આનંદ ભોગવી શકાતો નથી. વળી ' આ ભવ મીઠા તો પરભવ કેણે દીઠા ? એ કંઇ ખોટું નથી. રાંડ એ પ્રીતિ તે શી વસ્તુ છે ? જો, તે ડાકિનીએ આ ત્હારા દેહની કેવી દશા કરી નાંખી છે ? ત્હારૂં પ્રથમનું સૌંદર્ય અને લાવણ્ય આજે કેવું નિસ્તેજ બની ગયું છે. વળી તું ગમગીનીમાં રહેતી હોવાથી ઉપકોશા પણ ગ્લાનીમાં રહે છે, એટલે ગૃહમાં આનંદ-ધ્વનિ તો સંભવેજ ક્યાંથી ? વળી જે ત્યાગી થઇ સ્ત્રીના મુખ

સામું પણ જોવામાં દોષ માને છે; એવા નિગ્રંથોનો ધર્મ સ્વીકારનાર સ્થુલીભદ્ર શું ફરીથી પાછો આવનાર છે ? ખરી પ્રીતિ કરનાર હોય તો આમ મુકીને ચાલ્યો જાય ખરો કે ? એવા ચંચળવૃત્તિ ધારક માટે આટલી વિડંબના શી ? તેના કરતાં પણ રૂપમાં ચઢી જાય તેવો અને સાક્ષાત્ કામદેવનો અવતાર પેલો દ્વિજ વરરૂચી ત્હારા પગે પડે છે તો તું શા માટે નથી માનતી ? બ્હેન ! ત્હારી સમજ બધી કયાં ચાલી ગઇ ? આમ ફોગટ શું કરવા રકતશોષ કરે છે ? શું હું કાંઇ ત્હારી દુશ્મન છું ? જો તું હા પાડે તો અત્યારેજ બોલાવી મંગાવું અને પછી જોઇ લે કે ત્હારી સ્થિતિ કેવી પલટાઇ જાય છે ! તેનું રાજ્યમાં માન કંઈ જેવું તેવું નથી. તે દહાડે તેને ધુતકારવામાં ત્હેં બહુજ ભુલ કરી છે. ગમે તેવો પણ તે રાજ્યમાનિત પંડિત છે. માટે મારૂં કહ્યું માન. વળી જો તે દિવસે કહી ગયા પછી ફરીથી શ્રીયકે મુખ પણ બતાવ્યું છે ?' આખરે વણિકને ?

માતુશ્રી ! ત્હારી સર્વ વાત મેં શાંતિપૂર્વક સાંભળી છે. વધારે સાંભળવાની હવે મારીઇચ્છા નથી. તેમ ત્હારી સાથે દલીલમાં ઉતરવાની કામના પણ નથી. તારી લાંબી કથનીનો સાર એ દેખાય છે કે કોઇ પણ રસ્તે મારે વરરૂચી સાથે પ્રીતિ જોડવી પણ તેના પ્રત્યુત્તરમાં મારે કહી દેવું જોઇએ કે તેમ આ ભવમાં કદાપિ બનનાર નથી. કદાચ ત્હારા આ પૈસા

છોડીને રસ્તે રખડતા બની ભીખ માગવી પડે તો પણ તે મને ગમશે; પણ હવે અન્યની સાથે પ્રેમ, અને તે પણ મંત્રીશ્વર શકડાળના ઘાતક સાથે? કદી પણ ન બને ? જો તું મારી માતા ન હોત તો આ સમયે ત્હારૂં મ્હોઢું જ મેં તોડી નાખ્યું હતે ? મારા સુખનું સત્યાનાશ વાળનાર તે પાપી દુરાત્માજ છે. જો શકડાળ મંત્રી જીવતા હોત તો શા માટે મારા નાથને રાજાના આદેશથી જવા વખત આવત ? અને આમ શ્રવણ કરવું પડત ? મને શકડાળ મંત્રીશ્વરના અમારા ઉભય પ્રત્યેના સ્નેહની ખબર છે. લોકો ગમે તેમ વાતો કરે પણ તેઓ તો અમને પુત્ર અને પુત્રવધુ તરીકેજ ગણતા અને તેથીજ કદાચ શ્રીયક તૈયાર નહીં થાય તો હું મારા સસરાનું વૈર લઈશ. પણ તે બ્રાહ્મણને નહિજ છોડું. તેની રાજપ્રતિષ્ઠાની મને લેશ માત્ર પરવા નથી. એવા કાપુરૂષની તુલના કદાપિ સ્થુલીભદ્ર સાથે કરી શકાય ખરી ! ક્યાં સિંહ અને ક્યાં શિઆળ ! અથવા તો જેટલું અંતર સૂર્યને ખદ્યોતમાં છે તેટલુંજ તેમાં છે. માતુશ્રી ! તમને માત્ર પૈસાનું જ જ્ઞાન છે. બીજી કંઇ સમજ તમારામાં નથી. આટલા બધા દ્રવ્યને અમારા બે વિના વાપરનાર કોણ છે ?'હવે શા માટે તમે પૈસા મેળવવા વલખા મારી રાતદિવસ ચિંતા કરો છો ? પૂર્વભવની કરણીથી તો આ વેશ્યા અવતાર આવ્યો છે તો કંઇ સુકૃત કરી તેને સુધારી લો તો કેવું સારૂં ? સ્થુલીભદ્રનો તો આપણે ઉપકાર માનવો જોઈએ કે જેણે મારો અવતાર સુધાર્યો અને

સત્યનું ભાન કરાવ્યું. ધન્ય છે તે કુલાંગનાઓને કે જેઓ પતિની ગેરહાજરીમાં અખંડ શીયળવ્રત પાળે છે! તેમની કાયા ભલે કરમાઇ જતી હોય છતાં તેમનો આત્મા તો બળવત્તરજ હોય છે. તેમનાજ ચરણો વંદનીય બને છે અને તેમની કુખેજ રત્નો પાકે છે. માતુશ્રી! એ પવિત્ર જીવનમાં દોરનાર વીરપુરૂષ સ્થુલીભદ્રને માટે હવે પછીથી એક અપશબ્દ પણ મારા મૃત્યુનો જન્મદાતા થશે એમ ખચિત માનજો. આ ભવમાં તેમના વિના મારો હવે બીજો કોઇ નાથ છે પણ નહી અને થશે પણ નહીં ફરીથી ભુલેચુકે પણ તે દુષ્ટ દ્વિજનું નામ મારા મુખ પાસે લાવશો નહીં. મને તો હજી પણ આશા છે કે મારા કાન્ત ભલે સાધુ થયા પણ જરૂર એકવાર અહીં આવશે અને એજ આશા વડે હું શેષ જીવન ગાળી રહી છું."

પુણ્યવતી ભગિની! સુશીલા ભાભી! તમારી વાણી જરૂર ફળશે. તમે ગુણિકાના અવતારમાં એક દેવાંશી નારી છો, કેટલાક સમયથી દૂર ઉભા રહી માતાપુત્રીનો સંવાદ સાંભળી રહેલા મંત્રી શ્રીયક અને ઉપકોશાના મુખમાંથી એકી સાથે ઉદ્ગાર નિકળ્યા.

આ એકાએક થયેલી ઉદ્ઘોષણાથી માતા–પુત્રી બન્ને જણ આશ્ચર્યાન્વિત થતાં સર્વે ગાલીચા પર બેઠા અને ત્યારપછી વૃદ્ધા અને સુંદરી કોશ્યા વચ્ચે થયેલા આ લાંબા સંવાદનું મૂળ કારણ દ્વિજવરરૂચી હોવાથી તેનો શી રીતે ઘાટ

ઘડવો તેની વિચારણા કરવા લાગ્યા. આખરે એવું ઠરાવવામાં આવ્યું કે ઉપકોશાએ પોતાની મોહજાળમાં તેને સપડાવી ખૂબ મદ્યપાન પણ કરાવવું અને એ વાતનો સ્ફોટ રાજાને કરવાનું શ્રીયકે ઉપાડી લેવું. આ યોજનાથી એકંદરે દરેકની આશા થોડા ઘણા અંશે પણ ફળીભૂત થતી હતી. વૃદ્ધાને ધનપ્રાપ્તિ સાથે વરરૂચીનો કોપ દૂર થવાનો લાભ હતો. ઉપકોશા એ કાર્ય દ્વારા પોતાની જ્યેષ્ટ ભગિનીનું મન પ્રફુલ્લિત રાખવાને સમર્થ બની હતી. જ્યારે શ્રીયક તથા કોશ્યાનો એક કંટક દૂર થતો હતો. ઉપકોશાએ તે કાર્યની શરૂઆતનો પ્રારંભ એક-બે દિનમાંજ કરવાની ખાત્રી આપવા પછી સૌ પોતપોતાના કામની તૈયારી કરવા લાગ્યા.


હરેક જૈન બંધુએ મંગાવી લેવાની જરૂર છે.

## શ્રીપાળ મહારાજનો રાસ.

પૃષ્ટ ૪૬૦ લગભગ ૨૦ ચિત્રો.

મોટા ટાઇપ, સુંદર છપાઇ છતાં પાકા રેશમી

પુંઠાની.... .... .... .... કિં. રૂા ૨-૪-૦

પાકા પુંઠાના .... .... .... રૂા ૧-૧૨-૦

લખો—જૈન સસ્તી વાંચનમાળા

રાધનપુરી બજાર-ભાવનગર.

# પ્રકરણ ૨૬ મું.

## દેશત્યાગ.

કહેવત છે કે ભવિતવ્યતાને મિથ્યા કરવા કોઇ શકિત-માન નથી અને તે: વાત ખરી છે, કેમકે ઉપલી વાતને બીજે જ દિવસે દ્વિજ વરરૂચીએ એકાએક કોશ્યાને ત્યાં વૃદ્ધા પાસે આવી પહોંચ્યો. તેણીએ તેને આવકાર આપી આસનપર બેસાડયો. ત્યારબાદ કેટલીક વાતચિત કરીને ઉપકોશાના ઓરડામાં લઇ જવાનું દાસીને ફરમાવ્યું. એ ઓરડામાં પ્રવેશ કરતાં જ સૌંદર્યશાલિની, પુલકિત ગાત્રવાળી અને જેના મુખારવિંદ પર હાસ્ય રમી રહ્યું છે એવી યૌવનના બગીચામાં રમણ કરતી રમણીને જોઇ તે કિંકર્તવ્યમૂઢ બની ગયો અને દ્વાર આગળ સ્થંભી ગયો. ઉપકોશાએ તેને માનપૂર્વક બોલાવી ગાદી ઉપર પોતાની નજીકમાં બેસવાની સુચના કરી. પશ્ચાત્ વાર્તાલાપ, તાંબુલ ભક્ષણ અને હાસ્યવિનોદ ચીર સમય સુધી ચાલ્યો, દરબારમાં જવાનો સમય થવાથી ભૂદેવ ઉઠયો અને રાત્રિના આવવાનું કહી ચાલ્યો ગયો, એ પછી નિરંતર તેનું ગમનાગમન થવા લાગ્યું અને અલ્પ કાળમાં તે ઉભય વચ્ચે એવી તો સ્નેહની સજજડ ગાંઠ બંધાઇ કે જેથી ભૂદેવને ત સ્થાનમાંથી જરા પણ બહાર જવાનું મન ન થતું; છતાં દરબારમાં ન છુટકે સોનામહોરના લોભે જવું પડતું. પણ પાછળથી સ્નેહની સાંકળનો બંધ એવો તો આકરો થઇ પડયો

કે તેમાં પણ સ્ખલના થવા લાગી. અને કોઇ કોઇવાર અઠવાડીયા સુધી પણ દરબારગમન દુર્લભ થઇ જતું. તે ઉભય વચ્ચેનો પ્રેમ ખરો હતો કે બનાવટી હતો તે કહેવાની અત્રે લેશ પણ આવશ્યકતા નથી.

મધ્યાહ્નકાળ પછીનો સમય છે. દરબારમાં સૌ કોઇ પોત પોતાના આસને ગોઠવાઈ ગયા છે અને મહારાજાધિરાજની આવવાની રાહ જોઇ રહ્યા છે. એટલામાં રાજેશ્વર નંદરાજની નેકી પોકારવામાં આવી અને મહારાજાધિરાજ પધારતાં સર્વેએ ઉભા થઇ સન્માન આપ્યું. પ્રારંભમાં કર્ણપ્રિય કંઠથી નાયિકાઓએ હાવભાવ પૂર્વક સુંદર ગીત ગાઇને સર્વના દિલને આનંદ ઉપજાવ્યો. એકાએક મહારાજાએ દ્વિજ વરરૂચીની ગેરહાજરી જોઇ મંત્રીને પૂછયું કે—મંત્રીશ્વર! પેલો દ્વિજ વરરૂચી હાલ કેમ દેખાતો નથી ?

" મહારાજ! તેને વર્ષાસન આપવાનું ચાલુ જ છે. છતાં હાલ તે નિયમસર રાજસભામાં હાજરી આપતા નથી. કદાચ કોઇ મહત્ત્વના કાર્યમાં રોકાયા પણ હોય ! "

તરતજ પ્રતિહારીને જયાં હોય ત્યાંથી બોલાવી લાવવાનો હુકમ કરવામાં આવ્યો. તે પણ ભૂદેવના ચાલુ વર્તનથી પૂર્ણ માહિતગાર હોવાથી સીધો વેશ્યાના નિવાસ તરફ પહોંચી ગયો. ત્યાં તેને માલુમ પડયું કે ભટ્ટ મહારાજ તો મદિરાનું સેવન કરી ઉપકોશાના શયનગૃહમાં નિરાંતથી નિદ્રાનો ઉપભોગ કરી રહ્યા છે. તુરતજ મહારાજાની આજ્ઞા સંભળાવવામાં આવી. એટલે તરતજ બેબાકળા બની વસ્ત્રો શોધવા

લાગ્યા. વિવિધ શંકાઓએ હૃદયમાં સ્થાન લીધું કે–આજે અત્યારે મારૂં શું કામ પડયું હશે ? ઘડીભર વિચાર થઇ આવ્યો કે કંઇક બ્હાનું કરી અત્યારે ન જવું પણ પ્રતિહારીના દેખતાં તેમ બની શકે એવું પણ નહોતું. આખરે નિરૂપાયે તૈયાર થઇ પ્રતિહારીની સાથે દબારગઢ તરફ રવાના થયા. માર્ગમાં પ્રતિહારીને પૂછયું કે–આ સ્થળ ત્હને દેખાડયું કોણે ? અત્યારે શું ત્હેવું જરૂરી કામ છે ? પ્રતિહારી પણ તેના પ્રત્યે પૂર્ણ ઇર્ષાળુ બનેલો હોવાથી નેપાળાનો રેચ આપતાં બોલ્યો કે મહારાજ ! હું તો શું પણ ઘણા ખરા અધિકારીઓ તમે ઉપકેશાને ઘેર જાવ છો એ વાત જાણે છે અને રાજાને પણ એ વાતની ખબર પડી ગઇ છે. આ વાત સાંભળતા ભૂદેવના ટાંટીયા ઢીલાઢફ થઈ ગયા. એટલામાં દરબાર ગઢ પણ આવી પહોંચ્યો. દ્વિજ વરરૂચિએ રાજસભામાં જઇ મહારાજાને થરથર હૃદયે પ્રણામ કર્યા. મહારાજા તેમના વાણીભંગથી સર્વ પરિસ્થિતિ કળી ગયા. એટલે કટાક્ષ કરતાં પૂછયું કે 'મહારાજ ! કેમ હાલમાં કંઇ તબીયત નાદુરસ્ત રહે છે કે જેથી રાજસભામાં નિયમસર તમારા દર્શન નથી થતા ?'

ભૂદેવને પ્રતિહારીનો રેચ એવો તો આકરો લાગ્યો હતો કે તે સિવાય તેના મનમાં અન્ય વાત કે વિચાર પણ નહોતા આવતા. એટલે તેણે રાજાના આ સવાલ બરાબર સાંભળ્યા વિના ઉત્તર આપ્યો. 'મહારાજ ! હું કાંઇ રોજ નથી જતો પણ કોઈ કોઇવાર જઉં છું.' આવો અસંબદ્ધ જવાબ સાંભળી સૌ કોઇ વિસ્મિત થઇ ગયા.

ભૂદેવજી તમારૂં મસ્તિષ્ક આજે ઠેકાણે નથી લાગતું. શું ભાંગબાંગ લીધી છે? કોઇ કોઇ દિવસ ક્યાં જાવ છો? રાજાએ પુનઃ પ્રશ્ન કર્યો.

મહારાજાધિરાજ! એતો સ્હેજ મદિરા લઉં છું. અરે ભૂલ્યો! ભાંગ લઉં છું, અને ઉપકોશાના મંદિરે જઉં છું. દ્વિજરાજે નશાના ઘેનમાં અસંબદ્ધ ઉત્તર આપ્યો.

મગધેશ્વર આ વચનો સાંભળી વિસ્મય પામતા વિચારવા લાગ્યા કે એક દ્વિજ સુસંસ્કારિત, વિદ્વાન અને શાસ્ત્રનો પારંગત ગણાતો અને મારા તરફથી સન્માનિત, તેનું શું આવું વર્તન? આટલો બધો અધઃપાત! વેશ્યાગમન તો તેનાથી કરાય જ કેમ? આ તેની કેટલી બધી પતિત દશા? તેમાં વળી મદિરા પણ પીએ! આથી મહારાજાનાં નેત્રો લાલચોળ થઇ ગયાં અને પૂછ્યું કે શું મદિરા પીએ છે? બ્રાહ્મણ થરથરી ઉઠ્યો અને સહસા બોલી ઉઠ્યો 'ના મહારાજ!'

ભૂદેવજી! વેશ્યા સંગ અને મદિરાપાન રૂપી બે ગુન્હા કર્યા છે; છતાં આમ મૃષા બોલી ત્રીજો ગુન્હો ન કરો. તમે આજે ચંદ્રહાસ મદિરા પીધી જ ન હોય તો તમારા ઢંગ આવા હોય જ નહી. શ્રીયકે ઠંડા કલેજે સત્ય વાતને ઉઘાડી પાડી દેતાં કહ્યું.

દ્વિજ વરરૂચીને શ્રીયકના આ વચનો હાડોહાડ વ્યાપી ગયાં, એટલે ગુસ્સાના આવેશમાં અને મદિરાના ઘેનમાં ઝટ બોલી ઉઠ્યો કે–યાદ રાખજો મંત્રીજી, તમારી પણ તમારા

પિતાજી જેવી દશા ન થાય ? શું શકડાલના અવસાનને તમે આટલી વારમાં સત્વર ભૂલી ગયા ? ભૂદેવના ઉપર મદિરાપાનનું કલંક ?

એ કલંક નથી પણ સત્ય ઘટના છે ? અને તેનો નિશ્ચય હમણાંજ કરી આપું છું, એમ કહી પ્રતિહારીને બુમ મારી.

પ્રતિહારી ! આ પુષ્પ લઇ જઇ તેમના નાક આગળ ધરો એટલે અલ્પ સમયમાંજ મારા કથનની પ્રતીતિ થશે. જય તો સત્યનો જ છે. તમોએ એક વખત કપટજાળ રચી રાજાજીના કાન ભંભેરી મંત્રીશ્વરનો ઘાત કરાવ્યો; પણ વારંવાર એવું ન બને ?

મંત્રીશ્વરના હુકમથી તરતજ ભૂદેવના નાક આગળ અનુચરે પુષ્પ ધર્યું એટલે થોડાજ સમયમાં તેને ઉલટી થઇ અને તેમાં ચંદ્રહાસ મદિરાનું વમન થયું. વળી ઉપકોશાની જુબાનીથી સંપૂર્ણ ખાત્રી થતાં નંદરાજાનો ક્રોધ કાબુમાં ન રહ્યો. એક તો બ્રાહ્મણ અને તેમાં વળી રાજમાન્ય હોઇ આવા અધમ કામ કરે તો પછી પ્રજામાં વિકાર પેસતાં શી વાર લાગે !

મંત્રીશ્વર શકડાળની બાબતમાં ઉંધુ ચત્તું સમજાવી નિષ્કારણ તેનો ઘાત કરાવનાર એજ વરરૂચિ છે. એવી જ્યારે રાજાની ખાત્રી થઇ ત્યારે તો તેના ક્રોધ રૂપી અગ્નિમાં ઘૃતની આહુતી અપાઇ અને ગર્જના કરતાં કહ્યું. નીચ ચંડાળ ! ત્હારામાં અત્યારે બ્રાહ્મણત્વનું એક પણ લક્ષણ કયાં છે કે તું

મંત્રી શ્રીયકના સામે આટલું ઘમંડ કરે છે અને ધમકી બતાવે છે? શું મારા વર્ષાસનનો આવો દુરૂપયોગ! અને મારા જમણા હાથ સદૃશ મંત્રીશ્વર શકડાળના મૃત્યુમાં પણ ત્હારી જ પ્રપંચજાળ! એ કાવત્રાખોર ભૂદેવ! ત્હારા જેવા ઉચ્ચ ગણાતા બ્રાહ્મણો જ્યારે નીચ કાર્યોમાં પ્રવૃત્ત થાય તો પછી પ્રજામાં ત્હારો ચેપ વિસ્તાર પામે તેમાં નવાઇ શી છે? માટેજ ત્હારા જેવા નીચ–અધમ વૃત્તિના મનુષ્યોને સખતમાં સખ્ત શીક્ષા કરી અધમવૃત્તિનો નાશ કરવો જોઇએ. અત્યારે મને ગતમંત્રીનું વચન સ્મૃતિમાં આવે છે કે ફોગટ સોના મહોરોનો વ્યય આ પાત્રમાં ન કરો! અસ્તુ. બ્રાહ્મણ જાણી દેહાંત દંડની શિક્ષા ન કરતાં હુકમ કરૂં છું કે મારો દેશ છોડી ગમે ત્યાં ચાલ્યો જા. અને જો આ હુકમનો ભંગ કરતાં પકડાશે તો યાદ રાખજે કે ત્હારે મરણને શરણ થવું પડશે. પ્રતિહારી! જાવ, આને લઇ જઇ તેના આખા શરીરે મસીનો લેપ કરી ગધેડા ઉપર બેસાડી સમસ્ત નગરમાં ફેરવો અને તેનાં કરેલાં કરપીણ કામો જગત આગળ રજુ કરી, નગર બહાર લઇ જઇ ઘણે દૂર સુધી મૂકી આવો. કોઇના મુખમાંથી રાજેશ્વરના કથન સામે એક હરફ સરખો પણ ન નિકળ્યો. તરતજ તેમના હુકમથી સભા વિસર્જન કરવામાં આવી. આ રીતે જાતે ખોદેલા ખાડામાં વરરૂચીદ્વિજ પોતેજ પડયો અને મંત્રીશ્વરના કુટુંબનું અકલ્યાણ કરવા જતાં પોતાનું અશ્રેય પોતેજ સાધી લીધું.

# પ્રકરણ ૨૭ મું.

## ચાતુર્માસ નિર્ણય.

અશાડ શુકલ પંચમીનો દિવસ છે. પ્રાતઃકાળનો સમય થયો છે; આજે મગધદેશની રાજધાનીના મુખ્ય શહેર પાટલીપુત્રનો દેખાવ હંમેશ કરતાં કંઇ જુદો જ ભાસમાન થાય છે. પ્રાતઃકાળના સમયે દેવમંદિરમાં ઘંટનાદ, ધાર્મિક જનોના ઘરોમાં પ્રભુભક્તિના સ્તોત્રો ને હરિભજનોના મનોહર નાદ થઇ રહ્યા છે. રાજમાર્ગ જુવો કે ગંગાઘાટ તરફ દ્રષ્ટિ કરો, બજાર વિલોકો કે નગરશેઠની પોળ નિહાળો; પરંતુ સર્વત્ર પ્રવૃત્તિની શરૂઆત થઇ ચુકેલી નયનપથમાં આવતી હતી. ધીમે ધીમે પ્રાતઃકાળના કાર્યોથી પરવારી સુંદર વસ્ત્રાભૂષણો સજી સર્વ કોઇ બડા બજાર કે દરબારગઢ તરફ જતાં દેખાતાં હતાં. બડા બજારની દરેક દુકાનોએ વિવિધ રંગી તોરણો અને ધ્વજા પતાકા શોભી રહ્યાં હતાં. જ્યાં ત્યાં માર્ગમાં કુંકુમના સાથીઆ પૂરાયા હતા. કોઇ જગ્યાએ જરી કસબોની, તો કોઇ સ્થાને કાશ્મીરીશાળોની; કોઇ સ્થળે રેશમી પોતની તો કોઈ સ્થળે સુંદર સાડીઓની ને કોઇ સ્થળે પીત્તળના વાસણોની અપૂર્વ શોભા કરી હતી, જેથી બડા બજારની શોભા અતિ આલ્હાદજનક લાગતી હતી; આજે જૈન ધર્મના મહાન્ ધર્મગુરૂ આચાર્યશ્રી સંભૂતિવિજયજીનું આગમન થવાનું હોવાથી રાજાજ્ઞા મુજબ ઉપર પ્રમાણે શહેરમાં અવર્ણનીય

શોભા બનાવવામાં આવી હતી. ચોમાસાના ચાર માસ અત્રે-જ રહેવાનો નિશ્ચય હોવાથી લોકોની અને ખાસ કરી જૈન ધર્મીઓની લાગણી વર્ષાઋતુમાં ઉભરાતા સરિતાના પૂરની માફક ઉભરાઇ રહી હતી. વિશેષમાં મગધપતિના મનમાં છેલ્લો બનાવ દ્વિજ વરરૂચીના પ્રપંચના સ્ફોટને લગતો બનવાથી મંત્રીશ્વર શકડાળ માટે જે કંઇ સંશય રહેલો હતો તે નિર્મૂળ થઈ જવાથી નિષ્કારણ જેનું મૃત્યુ થયું છે અને જેમાં પોતે કારણભૂત પણ બનેલ છે તેના પશ્ચાત્તાપ અર્થે એનાજ પુત્રનું મુનિરૂપે આગમન સાંભળી અતિ હર્ષપૂર્વક તે ઉત્સવને વધાવી લઈ જનસમૂહના હૃદયપટ ઉપરથી એ પડેલ ડાઘને ભૂંસી નાંખવાનો પણ હતો. આમ ઉભય સબળ કારણથી આજની આ ગોઠવણ દબદબાભરી રીતે થઈ હતી. 'ખુદ મહારાજ પોતે પણ સામૈયામાં પધારવાના છે' એ પ્રમાણે નગરના મોટા મોટા માર્ગે લોકો વાતો કરી રહ્યા હતા. ચોતરફ નરનારીઓની ભીડ વધતી જતી હતી. એવામાં દરબારગઢથી સ્વારી નિકળી અને વાજાના ગડગડાટ અને પિપુડીના કર્ણપ્રિય નિનાદ સહિત સીધી નગરની બહાર આવેલા ઉદ્યાન તરફ પસાર થઇ, જેમાં રાજાધિરાજ, મંત્રીશ્રીયક અને એ સિવાય સંખ્યાબંધ અધિકારીઓ, તેમજ નગરના આગેવાનો અને જૈન સમાજના મોભાદાર પુરૂષો હતા. સર્વે ઉદ્યાનમાં દાખલ થતાં ત્યાં એક આસોપાલવના વૃક્ષ નીચે બિરાજેલા સૂરીશ્વર સમક્ષ પંચાંગ પ્રણામ પૂર્વક નમન કરી શાંતચિત્તે બેસી ગયા. સૂરીશ્વરે પણ સ્વસમુદાયમાં નગર પ્રવેશ માટે

તૈયાર થવાની આજ્ઞા ફરમાવી. આગંતુકોને ધર્મલાભરૂપ આશીર્વાદ દઇ રાજા સાથે પ્રાસંગિક વાર્તાલાપ શરૂ કર્યો.

અલ્પકાળમાંજ સૌ સાધુ પાત્રાદિને પોત–પોતાની પીઠ પર ધારણ કરી તૈયાર થઇ ગયા એટલે તુરતજ ઢોલ નિશાન ગડગડવા લાગ્યા, શરણાઇના મધુર સરોદોનો પ્રારંભ થયો. સૂરીશ્વરજીની અનુમતિ મળતાં રાજાના ઇશારાથી સ્વારી નગરના મુખ્ય માર્ગ તરફ વળી. રસ્તામાં સૂરીશ્વરજીને નરનારીઓના વૃંદો હસ્તદ્વય જોડી નમસ્કાર કરવા લાગ્યા અને તેઓશ્રી પણ ધર્મલાભરૂપ અણમુલો આશિર્વાદ તેમને આપવા લાગ્યા. સર્વત્ર ‘ આચાર્ય મહારાજશ્રી સંભૂતિવિજયજીની જય ’ ‘ જૈન શાસનની જય ’ ‘ શ્રી મહાવીર દેવની જય ’ આદિ જયજયકારની ગંભીર ગર્જના થવા લાગી. એ પ્રમાણે નિયત કરેલ માર્ગો ઉપર થઇ સૂરીશ્વરજી, મગધપતિ નંદરાજા અને નગરના પ્રતિષ્ટિત ગૃહસ્થોથી શોભતા અને નારીવૃંદથી ગવાતા ઉપાશ્રયના દ્વાર નજીક આવી પહોંચ્યા. જે વખતે મંત્રીશ્વર શ્રીયકની પત્નિ પ્રિયંવદાએ સ્વનણંદ સહિત પાટલા ઉપર ગુંહલી કહાડી સૂરીશ્વરજીને અક્ષતોથી વધાવ્યા, ત્યારબાદ આનંદપૂર્વક તેઓશ્રીએ ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો અને ગોઠવેલા આસન ઉપર વિરાજી શ્રોતાજન સમક્ષ ટુંકો પણ સચોટ ઉપદેશ દેવો શરૂ કર્યો. આ વખતે તેમની વાણીના પ્રભાવથી કહો કે તેમાં રહેલ દિવ્ય બોધથી કહો અથવા તો શ્રોતૃગણમાં ઉપદેશ સાંભળવાની તીવ્ર લાલસાથી કહો પણ એવી તો નિરવ શાન્તિ પ્રસરી રહી કે કોઇ બહારનો મનુષ્ય

નજરે જોયા વગર આ સ્થાનમાં આટલી સંખ્યા મનુષ્યોની હશે એમ ભાગ્યેજ માની શકે ! અર્થાત્ દુરમાં દુર બેઠેલી વ્યક્તિ પણ સ્પષ્ટ શબ્દોમાં સૂરીશ્વરજીનું કથન સાંભળી શકે તેમ હતું.

આચાર્યશ્રીએ પ્રારંભમાં જણાવ્યું કે:—

**असारमेव संसार—स्वरूपमिति चेतसि**
**विभाव्य शिवदे धर्मे यत्नं कुरुत हे जनाः ।**
**गृहं सुहृत्पुत्रकलत्रवर्गो, धान्यं धनं मे व्यवसाय लाभः**
**कुर्वाणामित्थं नहि वेत्ति मूढो, विमुच्य सर्वं व्रजतीह जंतु।**
**संसारमावन्न परस्स अट्ठा, साहारणं जं च करेइ कम्मं**
**कम्मस्संते तस्स मुवेय काले, न बंधवा बंधवयं मुवंति ॥**

"હે ભવ્યાત્માઓ ! આ સંસાર સાર વિનાનો છે એમ જાણીને તમે મોક્ષ પ્રાપ્ત કરાવનાર એવા પ્રભુશ્રી વર્ધમાનના કહેલા માર્ગે ગમન કરો એટલે કે તેમણે બતાવેલા ધર્મનું સેવન કરો. આ સંસાર અસાર કેમ છે ? એ પ્રશ્ન કદાચ સંભવે તો તેના પ્રત્યુત્તરમાં કહેવાનું કે મહાનુભાવો ! જે સ્થાનમાં પ્રિયજનના મેલાપથી સંભવતું સુખ અલ્પકાળમાં જ્યારે વિયોગ થવાનો સમય આવે છે ત્યારે એટલું બધું દુઃખકર્તા નિવડે છે કે જે અનુભવનારજ સમજી શકે. વળી જેને આપણે ખરૂં માની વળગી રહીએ છીએ તે આપણને ઘડીના છઠ્ઠા ભાગમાં છોડીને ચાલ્યું જતું નજરે જોઈ રહ્યા છીએ. આ બધી પરિસ્થિતિ સૂર્યના ઉદયાસ્ત માફક ચોકખું દર્શાવે છે કે સંસારમાં સાર કંઇજ નથી. જો આ મનુષ્ય

જીંદગી પામ્યાનું કાંઈપણ સાર્થક હોય તો તે માત્ર આ માયા પાસ ત્યાગી, આત્માના ગુણોને પ્રકટ કરી શાશ્વત સ્થાનના પ્રાપ્તિ કરવી તેજ છે. તેમજ જ્ઞાની પુરૂષોએ કહ્યું છે કે, ઘર, મિત્ર, પુત્ર, સ્ત્રી, સ્વજન, ધાન્ય, ધન આદિ ભોગોપભોગ સામગ્રી અને વેપારાદિ તેમજ લાભાલાભ આદિમાં આખું જીવન ખરબાદ કરી નાંખનારા, તેને લગતીજ વાતમાં રચ્યા પચ્યા રહેનારા મૂઢાત્માઓ નથી જાણતાં કે એ સર્વને અહીં મુકીને એકલાનેજ એકદિન જવાનું છે. કયારે જવાનું છે તે નથી જાણતો છતાં જવાનું છે એ તો ચોક્કસ છે. સંસારમાં આવી જીવ કુટુંબીજન આદિ પરિવાર માટે અનેક પ્રકારના પાપયુક્ત વ્યાપારો કરે છે પણ તે પામર એટલું નથી સમજતો કે જયારે તે કરેલ કર્મોનો ઉદય થશે અને ભોગવવાનો સમય આવશે ત્યારે જે ભાઇ બ્હેન અને કુટુંબ કબીલા વાસ્તે તેવાં પાપકર્મો કર્યાં હતાં તે ભોગવવાં નહીં આવે પણ પોતે એકલાએજ ભોગવવા પડશે. માટે હે ભવ્યાત્માઓ! તમો પણ સુકૃત એવી પરભવની મુસાફરી માટે ભાતુ તૈયાર કરતા રહો. આખી જીંદગી સુધી સંસારિક ભાંજગડમાં ન પચ્યા રહેતાં સમય મેળવી આત્મસાધન માટે થોડો સમય ગાળતા રહો. સર્વનું કલ્યાણ થાઓ અને જીનશાસન જયવંતુ રહો." એ પ્રમાણે ઉપદેશની પૂર્ણાહૂતિ થયા પછી જનસમૂહ વિખરાવા લાગ્યો.

આ સમયે આચાર્યશ્રીના ટુંક પરિચયથી પાઠક વર્ગને અજ્ઞાન રાખવો ઉચિત નથી. શ્રીમહાવીરસ્વામી પછી

સુધર્માસ્વામી, જંબુસ્વામી, પ્રભવસ્વામી, શય્યંભવસૂરિ અને તેમની પાટે શ્રી યશોભદ્રસૂરિ થયા. તેમના શ્રી સંભૂતિવિજય અને ભદ્રબાહુ સ્વામી એ બે મુખ્ય શિષ્ય હતા. શ્રી સંભૂતિવિજય તે પટધર અને ભદ્રબાહુ સ્વામી તે ગચ્છની સાર સંભાળ કરનાર તરીકે જાણવા, શ્રી સંભુતિવિજયે બેંતાળીશ વર્ષ ગૃહસ્થાશ્રમમાં રહી પછી દીક્ષા લીધી. ચાળીશ વર્ષ શિષ્ય પણે સેવા કીધી અને આઠ વર્ષ યુગપ્રધાનપદ ભોગવી પૃથ્વીતળ પર વિચરતાં અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ્યા. એટલે આજે તેમની વય લગભગ નેવું સુધી પહોંચી હતી. તેઓશ્રીની મુખાકૃતિ પ્રભાવશાળી અને વિદ્વત્તાભરી ચમત્કૃતિથી પૂર્ણ હોઇ સૌ કોઇનું મસ્તક તેમના પ્રતિ અવનત થતું. તેમનું ચાતુર્માસ આ વખતે મગધની રાજધાની પાટલીપુત્રમાં નિયત થયું હતું. એ વાત આપણે રાજા અને આચાર્યશ્રી વચ્ચેના વાર્તાલાપ ઉપરથી જાણી ગયા છીએ અને નંદરાજે તો એટલે સુધી પ્રાર્થના કરી હતી કે-" હવે આપશ્રીની વૃદ્ધાવસ્થા થયેલી હોવાથી જીવનનો અવશેષ સમય આ સ્થાનમાંજ વ્યતીત કરવો. " પણ ગુરૂ મહારાજે સિદ્ધાંતાનુસાર ' વર્તમાન યોગ ' સિવાય અન્ય પ્રત્યુત્તર આપ્યો નથી.

પાટલીપુત્રમાં આવ્યાને થોડા દિવસ વ્યતિત થયા બાદ એટલે ચાતુમાસ શરૂ થવા પહેલાં એકદા આહાર પાણીથી નિવૃત્ત થઇ ગુરૂ-શિષ્યો વચ્ચે ચાતુર્માસ નિર્ણય કરવા માટે આ પ્રમાણે સંવાદ શરૂ થયો.

ગુરૂવર્ય ! આપશ્રીની આજ્ઞા હોય તો આ વેળા મારો

વિચાર સર્પના રાફડા આગળ ચાર માસ વ્યતીત કરવાનો છે. કેમકે કાયાને સખ્ત રીતે દમ્યા સિવાય તીવ્ર કર્મની નિર્જરા સંભવતી નથી. એક પ્રૌઢ અવસ્થાવાળા સાધુએ કહ્યું.

મહારાજા સાહેબ ! મારો પણ આ વખતે અત્રે નહીં વસતાં આહારાદિનો ત્યાગ કરી સિંહની ગુફામાં ચાર માસ ગાળવાનો ઇરાદો છે. એક બીજા સાધુએ કહ્યું જ્યારે ત્રીજાએ કુવાના ઉપર રહેલા વચલા લાકડા ઉપર સ્થિત રહી ચાતુર્માસ કરવાની સ્વઈચ્છા પ્રદર્શિત કરી.

સૂરિજીએ જણાવ્યું:–મહાનુભાવો ! તમો એટલું તો જાણતાજ હશો કે પરિશ્રમો સહન કરવા એ સહેલું કાર્ય નથી અને તેમાં પણ સાધુપણાની અવસ્થા એટલે જરા પણ શ્રમણ-ધર્મને બાધ લગાડયા વિના ઉપસર્ગ સહવા એ ઘણુંજ મુશ્કેલ છે. તેમ છતાં તમારામાં આંતરિક તીવ્ર અભિલાષા વર્તતી જોઇ હું આજ્ઞા આપવા લલચાઉં છું. મહાનુભાવો ! દેહદમન કરી આત્મિક શકિત ફોરવો એમ હું ઇચ્છું છું. ત્યારબાદ સ્થુલીભદ્ર પ્રતિ દૃષ્ટિ કરી પૂછયું, કેમ તમારો શો વિચાર છે ?

પ્રભો ! મ્હારો વિચાર કોશ્યાને ત્યાં ચાતુર્માસ ગુજાર-વાનો છે; પરન્તુ તેમ કરવામાં શું આપશ્રી તરફથી અનુમતિ મળી શકશે ખરી ?

મુનિધર્મથી આવી તદ્દન વિપરિત અને વિચિત્ર વાત સાંભળી સાધુગણમાં સર્વત્ર અજાયબી ફેલાઇ ગઇ અને કેટલાક મુખ ફેરવી ગુપ્ત હાસ્ય કરવા પણ લાગ્યા અને ગુરૂશ્રી શું જવાબ દે છે તે સાંભળવાને ઉત્સુક થઇ રહ્યા. સૂરીશ્વરજીએ

સ્થૂલીભદ્રને દિક્ષા આપી ત્યારથીજ તેઓ તેનામાં રહેલા દૈવી ગુણો અને વિશાળ ભાલ પ્રદેશ જોઇ સમજી શકયા હતા કે આ કોઇ અવિરલ પુરૂષ છે અને શાસનને દિપાવશે એટલે આજનો આ પ્રશ્ન સાંભળી તેમને આશ્ચર્ય ન ઉદ્ભવતાં સહજ વિચાર કરી જ્ઞાનોપયોગ મૂકી લાભ થવાનું ધારી પ્રસન્નવદને કહ્યું–' સુખેથી તમો ત્યાં નિવાસ કરજો; અને અંજનાગારમાંથી કાજળનો જરા પણ ડાઘ લગાડયા વિના ચોમાસું પૂર્ણ થયે પાછા ફરજો. '

પ્રભુશ્રી ! આપની વાણી જયવંતી વર્તો. સ્થુલીભદ્રે ગુરૂ આજ્ઞા મસ્તકે ચડાવતાં કહ્યું.

સૂરીશ્વરજીનો આ પ્રત્યુત્તર સાંભળી મુનિમંડળમાંના ઘણાંને વિસ્મયતા ભાસી. કેટલાક ઉગ્ર વિચારકોને આ પગલું ભુલ ભરેલું લાગ્યું જ્યારે કેટલાક રૂઢી પોષકોને મન–ગુરૂ મહારાજે આજ્ઞા આપવામાં ગંભીર ભુલ કરી છે, શું વેશ્યાને ત્યાં તે ચોમાસુ સંભવે ? ચોમાસા જેવા કાળમાં તપશ્ચર્યા કરી કર્મો ખપાવવાને બદલ વેશ્યાને ત્યાં ખટરસ ભોજન ખાવાના મળે એટલે એમાં પતિત બનવાનો સંભવ છે કે આગળ ચઢવાનો ? ગુરૂ મહારાજ આવી ભૂલ કેમ કરે છે ? આવી શંકાના વમળો ઉછળવા લાગ્યા; છતાં ગુરૂના પ્રભાવશાળી મુખ આગળ કંઇ પણ કહેવાની કોઇની હિમ્મત ચાલી નહીં. છેવટે સ્વાધ્યાયનો સમય થતાં સૌ કોઇ સ્વસ્થાને જઇ પોતપોતાના કાર્યમાં ગુંથાયા અને આચાર્યશ્રીની અનુજ્ઞા પ્રાપ્ત કરેલા ચારે શિષ્યો વર્ષાકાળનો સમય થતાં પોતપોતાને સ્થાને ચાતુર્માસ ગાળવા માટે પ્રયાણ કરી ગયા.

# પ્રકરણ ૨૮ મું.

## મોહમંદિરમાં સાધુ.

આજે અષાડ માસની શુકલ ત્રયોદશીનો દિવસ છે.. મધ્યાહ્નકાળનો સમય વીતિ ચૂકયો છે. સહસ્રરશ્મિ ભગવાનની સ્વારી અસ્તાચળ તરફ પ્રયાણ કરી રહી છે. આકાશમાં ચડી આવતાં વાદળનાં પૂરથી કવચિત સૂર્ય મહારાજની સ્વારી આચ્છાદિત થઇ જતાં ભૂમંડળ ઉપર થોડીવાર માટે અંધકારની છાયા ફેલાઈ જાય છે, જનસમૂહમાં વર્ષારૂતુના આગમનથી શિથિલતા આવી છે, વણુજવ્યાપારમાં પણ થોડે ઘણે અંશે મંદતાનો ભાસ થાય છે, વનરાજી પવનના સપાટાથી ડોલી રહી થોડા સમયમાં જ પ્રાપ્ત થનારા જળમાં કલ્લોલ કરવાનું મળશે, એવા હર્ષથી જાણે નાચી રહી ન હોય તેમ જણાય છે. સરિતા પણ ઉલ્લસિત થઇ રહી છે; કેમકે ગ્રીષ્મ-કાળે સ્વસ્વભાવાનુસારે કરી નાખેલા તેના શોષણને હવે જ પુષ્ટિ મળવાની છે એમ તેનો નિશ્ચય થયો છે. પક્ષીગણ પણ મેઘરાજના આગમનની માર્ગપ્રતીક્ષા કરી રહ્યો હોય તેમ ભાસ થાય છે. ગગન સ્થળમાં વિહરતાં મહાન્ પર્વત જેવા શ્યામ વાદળાં મેઘરાજની સ્વારીનું આગમન સુચવી રહ્યા છે. એટલુંજ નહીં પણ ગ્રીષ્મઋતુના તાપથી તપ્ત થયેલ હૃદયને શીતળતા પણ અર્પણ કરી રહ્યાં છે. આવી રીતે સૌ કોઇને નવિનતા અર્પતો વર્ષાકાળ સ્ત્રી–પુરૂષના વૃંદને સુખનું

કારણ થાય એમાં કંઇજ નવાઇ નથી. પણ વિરહાગ્નિથી બળતા હૃદયને તો તે દાઝયાપર ડામની ગરજ સારે છે. આજે આપણે પોતાના શયનાગારમાં લમણે હાથ દઇ ગવાક્ષ આગળ બેઠેલી સુંદરી કોશ્યાને જોઇએ છીએ. તેણી કુદરતના બનાવો કહો કે સરિતાના પ્રવાહને કહો ચપળ દૃષ્ટિથી જોઇ રહી છે.. વળી વચમાં નિશાસા નાંખતી પણ લાગે છે. જો કે વિરહવ્યથાથી તેણીના અંગની પૂર્વની કાંતિ ઘણેક અંશે ક્ષીણતાને પામી છે છતાં હજુ પણ તેણીનું રૂપ લાવણ્ય છેક નિસ્તેજતાને તો નથીજ પામ્યું, વચમાં દિયર શ્રીયકના ગમનાગમનથી તેમજ દ્વિજ વરરૂચીને કરવા ધારેલી શિક્ષાથી તેણીના અંતરમાં સ્થુલીભદ્રનું સ્થાન થોડા સમય માટે રક્ષાચ્છાદિત અગ્નિ માફક ઝાંખુ પડી ગયું હતું; પણ હવે તો ભૂદેવ વરરૂચી મગધદેશના સીમાડાને ક્યારનોયે વટાવી ગયો હતો અને શ્રીયક પણ ઇપ્સિત કાર્ય પૂર્ણ થવાથી ઝાઝો આવતો નહોતો એટલે એકાએક પૂર્વના સમયનું સ્મરણ થવા લાગ્યું અને આજે તો તે વૃદ્ધિની ટોચે પહોંચ્યું હતું.

પ્રેમી હૃદયની આ દશા થાય તેમાં કંઈ નવાઇ જેવું નથી. ખરેખર પ્રેમ કોઇ જૂદીજ વસ્તુ છે. જો કે ઘણા વખતે એકપક્ષી સ્નેહને અગર તો કામના આવેશને પ્રેમ તરિકે વર્ણવી દેવામાં આવે છે, પણ તે કાંઈ ખરો પ્રેમ નથી; પરંતુ એ પ્રેમ વાસનાજનિત હોય છે. જેથી પરિણામે તેમાં કલેશનો વધુ સંભવ હોય છે. જ્યારે વાસ્તવિક શુદ્ધ પ્રેમને તકરારનો

પ્રસંગ જ ઉદ્‌ભવતો નથી. અરસ્પરસ હૃદયજ એવાં મળી ગયેલાં હોય છે કે તેઓ નિરંતર એક બીજામાં રહેલા ગુણોને જ દેખે છે. શુદ્ધપ્રેમી કામવૃત્તિની ઉત્તેજનામાં આવી જઇ રભસા કોઇ કાર્ય કરી નાંખતા નથી, પણ મર્યાદા અને ધર્મનીતિના ફરમાનને શિરસાવંદ્ય ગણે છે. કારણવશાત્ ગાંધર્વ વિવાહથી પણ જોડાય છે; છતાં પશુવૃત્તિનું સેવન તો કદી પણ નથી જ કરતાં; તેમજ માત્ર બાહ્ય ચેષ્ટાઓમાં પણ રચ્યાપચ્યા નથી રહેતા ! શુદ્ધ પ્રેમ માત્ર ઇંદ્રિયસુખમાં નથી સમાઇ જતો. ખરૂં રહસ્ય તો તેમાં એ સમાયેલું છે કે એક પ્રેમી પોતાના જીવનના ભોગે પણ અન્ય પ્રેમીને સુખી કરવા મથે છે. કેટલાક ઉદાહરણમાં ઉભય સુખી બને છે, જીવન સુખમાં ગાળે છે. અને અંતે શાશ્વત સુખના ભોક્તા પણ બની જાય છે. જ્યારે કેટલાક અરસપરસના વિયોગે કાંતો એકબીજાની શોધમાં ઝુરી ઝુરીને જીવન વિતાડે છે અથવા તો જીવનનો અંત પણ આણે છે. એટલું તો નિશ્ચત છે કે જ્યાં ખરો પ્રેમ હોય છે, ત્યાં એકના અભાવે બીજાનું જીવન સંસારમાંથી વિરક્ત બની જાય છે. પછી જો તે સમજુ હોય તો પોતાના જીવનનો ઉદ્ધાર કરે છે અને એટલું જ્ઞાન ન ધરાવતો હોય તો જીવન આખું દુ:ખી દશામાં ગાળે છે અગર તો તુરતજ તેનો અંત લાવે છે.

આ વસ્તુસ્થિતિ સમજવા માટે આપણને ઉદાહરણો

શોધવા જવા પડે તેમ નથી. પરમાત્મા શ્રી નેમીનાથ અને રાજેમતીનો પ્રેમ તે દિવ્યકોટિનો હતો. પૂર્વના આઠ ભવોથી ચાલુ હતો. નવમા ભવમાં પણ એ ચાલુ રહ્યો. જો કે સાંસારિક સુખનો ઉભયમાંથી કોઇએ પણ સ્પર્શ નહોતો કર્યો; છતાં બંનેએ શાશ્વત સુખ સાધ્યું. પ્રભુ શ્રી નેમે પરણવાના નિમિત્તે જઇ સ્વસંસારત્યાગ વિષયિક સંદેશ સમજાંવ્યો; જાતે દિક્ષા લીધી અને કૈવલ્ય મેળવ્યું. તેમજ રાજેમતીએ પણ એ સમાચાર સાંભળી તુરતજ પ્રભુ સમક્ષ આવી સંયમ ગ્રહ્યો, વર્ષા યોગે એકાન્ત સ્થાનમાં પ્રાપ્ત થયેલા રહનેમિ સાથે સંવાદ કરી તેની સંસાર વાસનાનો નાશ કરી પ્રતિબોધ પમાડ્યો અને છેવટે કૈવલ્ય મેળવ્યું. અને ભગવાન અરિષ્ટનેમી કરતાં પણ પહેલાં શીવપુરમાં વાસ કર્યો.

શ્રી શ્રીપાળનૃપ મયણાસુંદરી પ્રમુખ ઘણી રાણીઓ સહ, પ્રેમી જીવન ગાળતાં. શ્રી રામને ચાર વલ્લભાઓ હતી. શ્રી જંબુકુમારે નવ કન્યાઓ સાથે પાણીગ્રહણ કર્યું હતું અને સંસારના મિથ્યા સુખથી નવેને વિરક્ત બનાવી આત્મિક સુખ મેળવવાના રસ્તા ઉપર લઇ ગયા હતા. આવા તો સંખ્યાબંધ દાખલાઓ પ્રાચીન કાળના ઇતિહાસમાં મળી આવે છે.

ચાલુ પ્રસંગમાં પણ કહેવાનું એટલું જ છે કે નાયકાપુત્રી કોશ્યા પણ તેવા પ્રકારના શુદ્ધ સ્નેહથી વાસિત હૃદયા હોવાથી સ્થૂલીભદ્રના વિરહમાં તેણીએ સ્વકાયાને શોષવી નાંખી હતી. વૃદ્ધાએ વારંવાર તેના જેવો અન્ય રસિક મેળવી

આપવાની પ્રાર્થનાઓ કરેલી છતાં તેમાં તેણીને તિરસ્કાર વિના અન્ય લાભ થયો નહોતો. આખરે વૃદ્ધાએ એ પ્રયત્નને જતો કર્યો હતો. જો કે વૃદ્ધાને તો પાકી ખાતરી હતી કે સાધુ બની ગયેલ સ્થુલીભદ્ર પુનઃ પાછો નહીંજ ફરે; છતાં તે અત્યારે ક્યાં વિચરે છે; ક્યારે અહીં પધારનાર છે એ બાબતોની તપાસ રખાવતી. તેણીને જ્યારે ખબર મળી કે શ્રી સંભૂતિવિજયનું આગમન પાટલીપુત્રમાં થયું છે કે તરતજ તેણીએ એક અનુચરને પાકી તપાસ કરવા મોકલ્યો કે સાથે સ્થૂલીભદ્ર છે કે નહીં ? જે તપાસ કરીને થોડી વારે પાછો ફર્યો અને આવી જણાવ્યું કે સ્થુલીભદ્ર છે. એટલુંજ નહીં પણ ગુરૂશ્રી પાસે તેમણે અત્રે આવવાની માગણી કરીને રજા પણ મેળવી લીધી છે. આ વાત સાંભળી વૃદ્ધાને શેર લોહી ચઢયું. લાગલીજ તેણીએ ઉપર જઇ કોશ્યાને તે વાતની ખબર આપી. આ વાતથી અત્યાર સુધી ચકડોળે ચડેલા તેણીના વ્યથિત હૃદયને આશ્વાસન તો મળ્યું; છતાં તેણીનું મન તો એજ ઝંખી રહ્યું હતું કે જરૂર તેમનો મેળાપ આજેજ થવો જોઇએ અને તેથીજ તેણી આ સમાચાર સાંભળીને પણ ગવાક્ષ આગળ બેસી માર્ગપ્રતીક્ષા કરી રહી હતી.

આખરે આશા ફળી. આટલા દિવસનું રાહ જોવાપણું લેખે લાગ્યું. દૂરથી મુનિવેશમાં શોભતા સ્થુલીભદ્રને આવતાં જોઈ તેણીના હૃદયમાં કંઇક ક્ષોભ અને કંઈક આનંદ પણ થયો. એકદમ ઉઠી શરીરના વસ્ત્રાદિને બરાબર વ્યવસ્થિત કરી

હૃદયના માલેકને ભેટવાને ગૃહાંગણુમાં સજ્જ થઈ ઉભી. આજે તેણીના અંતરમાં જે આનંદની છોળો ઉડી રહી હતી તેનું વર્ણન ભાગ્યેજ કરી શકાય તેમ છે. તેણીના મુખારવિંદમાંથી સ્થુલીભદ્રનો પગ આંગણામાં પડતાંજ એકાએક 'પધારો સ્વામીનાથ' શબ્દોચ્ચાર થઇ ગયો અને તેણી એકદમ તેમને ભેટવા માટે આગળ વધી.

સ્થૂલીભદ્રે તરતજ હસ્તના ઇશારાથી દૂર ઉભા રહેવાનું સમજાવી ધર્મલાભરૂપ અમુલ્ય આશીર્વાદ આપી વૃદ્ધાને ઉદ્દેશીને કહ્યું કે—"જો તમારી આજ્ઞા હોય તો આ ચાતુર્માસનો સમય એટલે કે આ વર્ષાકાળના ચાર મહિના હું તમારી ચિત્રશાળામાં વ્યતીત કરવા ઇચ્છું છું." વૃદ્ધાએ તો 'ભાવતું હતું અને વૈદે કહ્યું' એ ઉક્તિ મુજબ તરતજ હા પાડી અને તરતજ કોશ્યાને આજ્ઞા કરી કે--પુત્રી, તેઓશ્રીને સત્વર તું ચિત્રશાળામાં લઇ જા, અને જોઇતી સામગ્રી પૂરી પાડી તેમની ઘટતી આગતા સ્વાગતા કર.

સુંદરી કોશ્યા કે જે મુનિશ્રી સ્થૂલીભદ્રના દૂર ઉભી રહેવાના આદેશને સાંભળી ચિત્રવત્ સ્થંભી ગઇ હતી, તે પોતાની માતાના આશ્વાસન ભર્યા શબ્દો સાંભળીને આવેલ અતિથીને–બાહ્યમાં દેખાતા સાધુને અને અંતરમાં રમતા જુના કાન્તને કોઇપણ રીતે પોતાની નજરથી પુનઃ ખસી ન જાય એ ઇરાદાથી સત્વર પોતાની ચિત્રશાળામાં તેડી જઇ માગ્યા પ્રમાણે જગ્યાની ગોઠવણ કરી આપી. મુનિશ્રીએ

ચિત્રશાળામાં પગ મુકતાં જ ચોતરફ દ્રષ્ટિ ફેરવી જોઇ લીધું કે અત્યારે પ્રથમના જેવી તે ચિત્રશાળાની દશા નથી રહી ! પંખી વગરના માળા જેવી અત્યારે ચિત્રશાળાની દશા દેખાતી હતી. છતાં તે તરફ કંઇપણ હર્ષ-શોક પ્રગટ ન કરતાં એક સમયની પોતાની રંગભૂમિ-શયનગૃહના એક ભાગમાં પોતાનું આસન બિછાવી સન્મુખ સ્થાપનાચાર્યજીને સ્થાપન કરી ઇર્યાવહી પ્રતિક્રમવા શરૂ કરી દીધા.

વેશ્યાના આવાસમાં આવી રીતે સાધુનો પ્રવેશ જોઇને જ હરકોઇના હૃદયમાં અચરિજ ઉત્પન્ન થાય તો પછી આતો ખાસ તેણીનું શયનગૃહ અને સામેજ તેણીની સુંદરાકૃત નિરખી કોને અચંબો ન પેદા થાય ? ઘરના દાસ દાસીઓ પણ અંદર અંદર કાનાકુસી કરવા લાગ્યાં કે—સ્થૂલીભદ્રજીના આ ઢોંગ સોંગ માત્ર અલ્પ સમયમાંજ હવામાં ઉડી જવાના અને કોશ્યા બ્હેનના ક્રીડા વિલાસમાં તેમનું મુનિપણું કયાંયે નાશી જવાનું. નગરના શ્રાવક સમુદાયમાં પણ સ્થૂલીભદ્રની કોશ્યાગૃહે ચોમાસું રહેવાની વાતથી કંઈ ઓછી અજાયબી નહોતી જન્મી. પણ સૂરીશ્વરજીના પ્રતાપ સમક્ષ કોઇથી પ્રત્યક્ષ રીતે બોલાતું નહીં. ગમે તેમ પણ આજે તો કોશ્યાના અંતરમાં કોઈ દૈવી આનંદની રેલમછેલ થઇ રહી હતી.

# પ્રકરણ ૨૯ મું.

## સુખમય રાત્રિ.

વર્ષાકાળનો સમય છે. શુકલ પૂર્ણિમાની રાત્રિ હોવાથી અંધકારને ફરજીઆત રીતે છુપાઇ જવું પડયું છે. ચોતરફ શ્વેતવર્ણી સાડી પરિધાન કરી સૃષ્ટિ સુંદરીએ અપૂર્વ શોભા ધારણ કરી છે. થોડીજ વાર ઉપર વરસાદ વરસી ગયેલો હોવાથી પૃથ્વી તળ ઉપર ઇતસ્તત: જળનો છંટકાવ નજરે પડે છે અને કેટલાક સ્થળે ખાબોચીઆના પાણીમાં ચંદ્ર કે તારાના પ્રતિબિંબ પડવાથી તેની મનોહરતામાં કંઇ જુદોજ ભાવ દ્રશ્યમાન થતો અનુભવાય છે. આવી મનમોહક રાત્રિએ મગધ દેશના રાજ્યતંત્રની લગામ જેના હાથમાં છે એવો મંત્રી શ્રીયક સ્વ અર્ધાંગના સહ પોતાના શયનગૃહમાંના સુંદર પલંગ ઉપર બેસી વાર્તાલાપમાં મશગુલ બની ગયો છે. આજે તો નથી તેના ચહેરા ઉપર રાજકાજને અંગેની ચિંતાનો ભાર જણાતો કે નથી તો કોઇપ્રકારની કૌટુંબિક ફિકરનો લેશમાત્ર ભાવ દેખાતો. માત્ર પ્રફુલ્લિત અને હસતું મુખ છુટથી વાતો કરતું દ્રષ્ટિગોચર થઇ રહ્યું છે.

'કાન્ત ! આજે તો મારે તમારી પાસેથી આટલા બધા દિવસોનો પૂરેપુરો બદલો લેવો છે. પછી ભલેને તેમાં આખી નિશા ચાલી જાય તેની મને લેશ માત્ર ચિંતા નથી.'

પ્રિયંવદા કે જેણીયે અત્યારે સોળ શણુગાર સજીને ખુદ રંભાનો અવતાર ધારણ કર્યો હતો અને જેની મનોહર દેહલતા ઉપર લાવણ્ય નાચી રહ્યું હતું અને તેથી જેનું આખું શરીર પ્રફુલ્લિત પદ્મસમ શોભાને ધારણ કરતું હતું તેણી ઉપરના વાકયો પોતાના સ્વામીનાથની નજીકમાં બેસતાં બોલી.

વલ્લભે ! ભલે, આજે જો તમારી મરજી તેવી હોય તો મારી કંઇ ના નથી; છતાં તમારી આ કાયાને આખી રાત્રિનો ઉજાગરો હાનિકર્તા થઇ પડશે તેનીજ મને ફિકર થાય છે. શ્રીયકે તેણીના હિતનો વિચાર કરતાં કહ્યું.

ના, નાથ ! આજે તમારો એ ઉપદેશ મને જરાપણ રૂચવાનો નથી. મારી કાયાની ફિકર હું કરી લઇશ, પણ મોંઘા મૂલે મળેલ આજનો આપણો કીંમતી સમય વૃથા જવા દેવાની મારી જરાપણ ઇચ્છા નથી. આજે તો હું ભોળી નહીં જ થાઉં ! તમારે માથે કયાં ચિંતા ઓછી છે ? એક દિન રાજ્યની, તો અન્ય દિને રાજાની, વળી કોઇદિન દેશમાં બનતા બનાવોની, તો કોઈ સમય લડાઇ વિગેરેની. આ ચાલુ ચિંતાઓમાં દ્વિજ વરરૂચી આદિનો તો સમાવેશ હું કરતીજ નથી. કહો, પરણ્યા પછી એ બધા પ્રપંચોમાંથી નિવૃત્તિ મેળવી એક ઘડીભર પણ તમે શાંતચિત્તે આ દાસી સાથે બેઠા છો ?

પ્રિયે, આમ કહેવામાં તમારી ભૂલ થાય છે. તમો પરણ્યા

એટલે આખું જગત પરણી ચુકયું, પણ જરા પરણિત અવસ્થા પહેલાંનો સમય યાદ કરો અને તે વખતની તમારી ચેષ્ટાઓ સ્મૃતિપથમાં તાજી કરો તો જરૂર તમને સમજાઇ જશે કે યૌવનકાળમાં રમતી બાળાઓને સંસારરૂપ ઉપવનમાં વિહાર કરતી વેળાયે જીવનસાથીની અવશ્ય જરૂર જણાય છે અને તે સાથી શોધી આપવામાં વડીલ તરફથી જેટલો વિલંબ થાય છે તેટલુંજ તે પ્રાપ્ત યૌવનાને વિહ્વળતાનું કારણ બને છે. તેવે સમયે કુલીનબાળા તેને મુંગીમુંગી સહન કર્યે જાય છે જ્યારે તમારા સરખી સ્વચ્છંદી કન્યા જાતેજ સાથી શોધવા નીકળી પડે છે. આજે મારા શિરે પણ તેવા પ્રકારની ફરજ આવી પડેલી છે જેને તમે આજે તમારા સુખોપભોગમાં સર્વથા વિસ્મરણ કરી ગયા લાગો છો? શ્રીયકે મશ્કરી કરવાના રૂપમાં ટકોર કરતાં લંબાણુથી વિવેચન કર્યું.

કાન્ત, મશ્કરી કરવાનો આપણને ઉભયને હક્ક છે; છતાં નારી જાતિથી પુરૂષની માફક હદ ઓળંગીને તેમ કરવાનું નજ બની શકે. કેમકે તેણીને મર્યાદાના બંધન નડે છે. ગમે તેમ તોપણ પતિ એ તેણીને પરમેશ્વર તુલ્ય હોવાથી તે પૂજનીકજ છે. વિનોદના સમયે પણ તે દ્રષ્ટિએ વિવેક તો સાચવવો રહ્યો અને તેમાંજ નારી જાતિનું ભૂષણ છે. હું જાણું છું કે અન્ય દર્શનની માફક જૈન દર્શન અમ નારીવર્ગને દાસી તરિકે માનતું નથાજ. કેમકે તેના વિશિષ્ટ જ્ઞાનમાં સ્ત્રી–પુરૂષ એ ઉભયમાં સરખોજ આત્મા રહેલો છે. માત્ર તેમનાં કાર્યો

ભિન્ન ભિન્ન પ્રકારના છે. જેમકે એકને ગૃહબહારનું અને બીજાને ગૃહઅંદરનું અને તે વહેંચણી પણ કુદરતી રીતે શરીર બંધારણ, વાણીના ગુણ અને પહેરવેશ આદિ તરફ જોતાં વાસ્તવિક હોવાથી એક બીજાને સાથી તરીકે સ્વીકાર્યા છે એટલે તેઓ જીવનસખા કહેવાય છે. એ ઉભયે સંપીને અરસપરસની સ્હાયથી જીવનસૂત્ર નિભાવવાનું છે. વળી ધર્મ પુરૂષપ્રધાન હોવાથી પતિને શ્રેષ્ઠત્વ પ્રાપ્ત થાય છે અને તેથીજ સ્રીને માટે તે સૌભાગ્યનો હેતુ મનાય છે, તેથી તે પૂજનીક પણ છે; ત્યારે બહારના કાર્યોથી સંતપ્ત અને શ્રમિત થઇ આવેલા સ્વામીને પત્નીએ હર્ષિતવદને વાર્તાવિનોદ અને સેવા દ્વારા આનંદ પમાડી તેનો શ્રમ દૂર કરવાનો છે. આવી ઉમદા વહેંચણી કરતાં વધારે સારી કઇ અન્ય ગોઠવણ હોઇ શકે ? વળી આપે પરણ્યા પહેલાની જીંદગીનું વૃત્તાન્ત વર્ણવી નાખ્યું તે કેમ જાણે મને એકલીનેજ પ્રેમનું ભૂત વળગ્યું હોય અને તમોએ તો માત્ર દયા લાવી તેના પાશમાંથી મને મુક્ત કરી હોય એવો જ ભાસ થાય છે ! શું આમ કહેવાથી મારા પ્રત્યે તમારા હૃદયમાં પ્રેમના અભાવે શુષ્કતાએ વાસ કર્યો હતો એમ નથી સ્પષ્ટ થતું ? આવી રીતે કૃત્રિમ પ્રેમ કરી એક ભોળી બાળાને શા માટે ફસાવી ? અસ્તુ! પણ એ તો કહો કે આપના શીર ઉપર એવી તે શી ફરજ આવી પડી છે કે મનમાં ને મનમાંજ સમજી રહ્યા છો ?

પ્રીયે ! શું તમે જાણતાં નથી કે તમારી નણંદો હવે

ઉમ્મર લાયક થતાં તેમનાં વિવાહની ગોઠવણુ કરવાની હવે બહુ તાકીદે જરૂર છે? એજ ચિંતાએ મારા હૃદયમાં પ્રવેશ કર્યો છે.

સ્વામિન એ વિષે ચિંતા કરવાનું જરા પણુ કારણુ ન થી. તમારી ભગિનીઓ અને મારી નણંદો આ ભવમાં તો સંસાર માંડવાની જ નથી. તેમના વિચારો સંસારના વિષયસુખો કરતાં પણુ કોઈ ઉન્નત પ્રકારના સુખો મેળવવા માટે ઉદ્યમશીળ થયેલા છે. થોડા વખત ઉપર મને આ વાતનો ભાસ થયેલો પણુ મને તે અધ્યવસાય સ્થાયી રહેશે કે કેમ એ બાબતની શંકા રહેતી. આજે મારે કબૂલ કરવું જોઇએ કે તે વિચારો માત્ર કાયમ રહ્યા છે એટલુંજ નહીં પણુ તેના તો મૂળીયાં ઉંડા ગયા છે અને તે રીતે એક સુંદર વૃક્ષ ઉગવાની આગાહી થઇ રહી છે, તેમના -વિવાહ માટે તમારે લેશ પણુ ચિંતા કરવાની નથી. સાતે બ્હેનોના વિચાર પ્રવ્રજ્યા પ્રતિ દૃઢ છે. માત્ર માતુશ્રીની અનુમતિની આવશ્યક્તા હતી જે ગત વીર પ્રભુની જયંતિ સમયે મળી ગઈ છે.

શું તું આ સાચું કહે છે? શું મારી બ્હેનો ચારિત્ર ધારણુ કરશે? જો એમ બને તો તો અમારા કુટુંબનો ક્રમ કંઈ ભિન્નજ કહી શકાય. વડીલ બંધુએ પ્રવ્રજ્યા ગ્રહી, બ્હેનો પણુ એજ માર્ગનું અનુકરણુ કરે ત્યારે બાકીમાં તો હું જ રહ્યો ને?

હૃદયમણી, આટલી વિહ્વળતા ધરવાનું જરાપણુ કારણુ

નથી. સમય આવે તમો પણ તે માર્ગનું અવલંબન કરી શકશો. બાકી અત્યારે જે અવસ્થામાં રહ્યા છો તેના ધર્મો બજાવવા એ તમારી ફરજ છે. અને તે સાથે આત્મિક શક્તિ કેળવતા જાવ અને મુનિપણાના નિયમનું પણ પાલન કરતાં જાઓ. તમારાથી એક ઉપવાસ સરખો પણ નથી થતો, ત્યાં ચારિત્ર કેમ પાળી શકશો તેનો કંઈ ખ્યાલ કર્યો ખરો ? બાકી મને પણ ચારિત્ર લેવાના સ્વપ્નાં કંઇ ઓછાં નથી આવતાં !

એ તો મને પક્કી ખબરજ છે કે તમને તો તે માર્ગ લેતાં વારજ નથી, આ તો જાણે મારે માટેજ ન રોકાયા હો ! કહો મારે તમારો કેટલો ઉપકાર માનવાનો છે ?

પ્રાણાધાર ! આ રંક અબળાની આટલી બધી મજાક ન કરો. સમય પ્રાપ્ત થયે હું પણ દિક્ષા સ્વીકારી મારા શબ્દની પ્રતીતિ કરી બતાવીશ. કદાચ મારા પતિઘેલા વર્તનથી આપ એમ માનવા લલચાતા હશો કે જે સ્ત્રી સંસારસુખમાં આટલી હદે રક્ત છે, જેને પ્રતિદિન પ્રેમ પાઠો પઢવાના પ્રસંગો જોઇએ છીએ અને જે મારા પ્રતિ આટલી હદે આસક્ત છે તે શું ચારિત્ર ગ્રહણ કરશે ? મારે કહેવું જોઇએ કે તેમ માનવામાં આપશ્રીની ભુલ થાય છે. તીર્થંકર પ્રભુની સંપદામાં સાધુની સંખ્યા કરતાં સાધ્વીઓની સંખ્યા વિશેષ હોય છે; તે કેમ ભૂલી જાઓ છો ? શું અમ નારી જાતિની શક્તિ પુરવાર કરવા પુરતી એ સંખ્યા બસ નથી ? યદ્યપિ પુરૂષ જાતિ કરતાં

સ્ત્રીજાતિમાં વાસનાની પ્રબળતા વિશેષ હોય છે; છતાં પણ સમય પરત્વે જીંદગી પર્યંત વૈધવ્યધર્મનું પાલન દ્રઢતા ને પવિત્રતાથી કરીએ છીએ. સ્વામીના વિદેશ ગમનાદિકના કારણ પરત્વે વિરહ વેદનાના તીવ્ર દુ:ખો પણ અમે જ સહન કરીએ છીએ. આ રીતે સાંસારિક સંબંધના ગાઢ બંધનોમાં રહેવા છતાં અમારી પ્રવૃત્તિ વૈરાગ્યપોષક ધાર્મિક ભાવના તરફ જ વધારે હોય છે. અને તેથી–ધાર્મિક ભાવનાની સહાયથી વૈરાગ્યભાવના પુષ્ટ થતાં સંસારને લાત મારી વિરકત બનવામાં પણ અમે સમર્થ નિવડીયે છીએ. એક વખતની અબળાને સમય આવ્યે પ્રબળા થતાં વાર નથીજ લાગતી.

વ્હાલી ! ત્હારામાં આટલી બધી શક્તિઓનો વાસ હશે તેનો પ્રત્યક્ષ ખ્યાલ તો મને આજેજ થયો. ખરેખર ત્હારી જેવા રત્નોથી હું પોતાને ધન્ય માનું છું અને હું ઇચ્છું છું કે અનુકુળ સમય પ્રાપ્ત થતાં આજે ઉચ્ચારાયેલાં પવિત્ર વચનોને સત્ય કરી બતાવીશ અને મને પણ સંસાર વિરક્ત બનવામાં યોગ્ય મદદ કરીશ.

આ રીતે વાર્તાલાપ પૂર્ણ થતાં રાત્રિના ત્રણના ટકોરા થયા એટલે બન્ને જણ થોડીવાર શાંતિ લેવાને નિદ્રાધિન થયા.

# પ્રકરણ ૩૦ મું.

## વિજયી સાધુ સ્થૂલીભદ્ર.

આગળ જોઇ ગયા તે પ્રમાણે મુનિ સ્થુલીભદ્રના આગમનથી સુંદરી કોશ્યાને કાળજે ટાઢક વળી હતી. અને એ રીતે આખા આવાસમાં એકવાર વધુ આનંદનું સામ્રાજ્ય વ્યાપી ગયું હતું. કોશ્યાના મનમાં એટલી તો ખાત્રી હતી કે સ્થુલીભદ્રને પુનઃ મોહમાં લપટાવવા એ કંઇ જેવું તેવું કાર્ય નથી અને તેથી તેમાં અતિશય ઉતાવળ કરવી કામની પણ નથી. તેણી માનતી હતી કે કોઇપણ કાર્યમાં બળ કરતાં કળની વધારે જરૂર હોય છે. અને તેથીજ તેણીએ બીજા દિવસથી જાતે મહેનત લઇ કેટલાંક કાર્યો ઘણી કાળજીપૂર્વક કરવાં શરૂ કરી દીધાં હતાં. પ્રથમ તો તેણીએ ચિત્રશાળાને પુનઃ એકવાર શોભનિક ચિત્રોથી શણગારી મૂકી હતી કે જેમાંના મોટા ભાગનાં ચિત્રો કામોદ્દિપક અને ભાવપૂર્ણ હોઈ મોહક હતાં, બીજો ફેરફાર તેણીએ એ કર્યો હતો કે રસોઇના તમામ સાધનો ઉપરના એક ખંડમાં મંગાવી તેણી જાતેજ ષટરસ યુકત રસવતી બનાવતી ને તેમાં તેણી એવા એવા પદાર્થો મેળવીને રસવતી તૈયાર કરતી કે જેના માત્ર એક વખતના સેવનથી ઇંદ્રિયો ઉત્તેજિત થઇ જતી અને ચંચળ અશ્વોની માફક દોડવા લાગતી. ત્રીજો ફેરફાર તેણીએ

પોતાના વસ્ત્ર પરિધાનમાં કર્યો હતો. નિશદિન બારિક સુશોભિત વસ્ત્રોથી પોતાના દેહને શણુગારવામાં સજ્જીત રહેતી એટલું જ નહીં પણુ વારંવાર અંગચેષ્ટા કરી સ્થુલીભદ્રજીને ચળાવવાને વિવિધ પ્રયત્નો કરતી. ઉપરાંત કંઠની મધુરતા સાથે વિવિધ પ્રકારના વાજીંત્રોનો સહયોગ મેળવી રાગ-રાગિણીથી કંઇ જુદો જ રંગ જમાવતી; ટુંકમાં પોતાના પતિને પુનઃ સંસારમાં ઘસડી લાવવાને જેટલા પ્રયત્નો કરવા જોઈએ તેટલા પ્રયત્નો કરવાને તેણી પોતાની દિનચર્યામાં, રહેણી કરણીમાં, શણુગાર સજવામાં, પાકકળામાં, અને કામોદ્દીપક અભિનયમાં એટલી બધી કુશળ અને નિમગ્ન બની ગઇ હતી કે તે સ્થાને મુનિ શ્રી સ્થુલીભદ્રને બદલે અન્ય કોઈ મુનિ હોત તો જરૂર તે તેણીના આવા સાનુકૂળ વર્ત્તનથી મોહિત થઈ ગયા હોત; એટલું જ નહીં પણુ તેણીના દાસાનુદાસ બની ગયા હોત. જેણીએ વિષયસુખના સ્વાદ ચાખેલા છે, પૂર્ણ યૌવનકાળમાં જેણી વિચરી રહી છે અને જેણીના માત્ર ગાત્રમાં જ નહીં પણુ રોમેરોમે કામદેવ વ્યાપ્ત થઇ રહેલ છે, જેણી રૂપલાવણ્યમાં શક્રની અપ્સરા-રંભાને પણુ જીતી જાય તેવી છે અને અનંગક્રીડામાં જેણીના સમક્ષ રતિ પણુ કંઇ ગણુત્રીમાં નથી અને એ બધામાં કેમ જાણે કંઈ ઓછાશ રહેતી હોય તેમ વેશ્યાગૃહે જન્મ લઇ રસ જમાવટની એકેએક કળાની સ્વામિની બની બેઠેલ છે એવી નવયૌવનાના જાદુભર્યા કટાક્ષ બાણુમાંથી બચવું એ કેટલું મુશ્કેલ છે એ વાંચકવર્ગની ધ્યાન બહાર તો નહિજ હોય !

ઉપર મુજબ નિષ્ણાત સુંદરી કોશ્યાની સ્થિતિ વિચારી ગયા પછી હવે આપણી દ્રષ્ટિ સ્થૂલીભદ્ર પ્રતિ વાળીએ. પહેલો પ્રશ્નજ એ ઉદ્દ્ભવશે કે ' આ શું ? ' જેનું વર્ણન વંચાઇ ગયું છે એવી ચિત્રશાળાના ગવાક્ષ નજદિકના ભાગ ઉપર સામાન્ય પ્રકારના વસ્ત્રનું આસન બિછાવી, નજર સમક્ષ સ્થાપનાજી મૂકી, સાધુપણાના પૂર્ણ લેબાસમાં એટલે માત્ર દેહઢાંકણુ અર્થે અતિ અલ્પ અને નહિં જેવા મૂલ્યના વસ્ત્ર-ધારી, પુસ્તક વાંચનમાં અથવા તો સાધુ ઉચિત ક્રિયા કરવામાં નિરંતર મગ્ન રહેતી એક વ્યક્તિ રૂપે કયાં એક સમયના કુમાર સ્થૂલીભદ્ર અને કયાં આજના મુનિ સ્થૂલીભદ્ર ! પ્રેક્ષકને શંકા થાય તો તેમાં નવાઇ નથીજ ! આજે પણુ તેમના મુખ-કમળ પર અગાઉના જેવીજ રૂપની રેખાઓ નૃત્ય કરી રહી છે, આજે પણુ તેમના દેહની કાંતિ અને ગૌરતા જરા પણુ ન્યૂન નથી થઇ. આજે પણુ તેજ કવાયતી અને અલમસ્ત ગાત્રોયુક્ત શરીર દેખાય છે; તેમજ આજે કંઇ તેમની વાણીમાંનો રસ-પ્રવાહ સૂકાઇ નથી ગયો ! નથી તો કંઇ વ્યાધિ કે નથી તો કંઇ ઉપાધિ કે જેથી તેમની રસલાલિત્ય કળાને અવરાઇ જવાનું બને ! છતાં આ શું ? એ પ્રશ્ન સહજ ઉપસ્થિત થાય છે; કેમકે જે યુવતિના રૂપદર્શને પ્રેમ થયો હતો, જેનાથી આકર્ષાઈ અંતરના મિત્રને છોડી, દુનિયાના ભયને ત્યાગી લોકલજ્જાની વાતને નેવે મૂકી, એક ભવ્ય–સુંદર આવાસમાં દાખલ થઇ જેના સમાગમ સુખનો અમૂલ્ય લાભ મેળવવામાં

બની શકે તેટલી તીવ્રતા કરી હતી અને એ પ્રાપ્ત કર્યાં પછી જેમાં નિરંતર રક્ત રહી, લીન બની, આસક્ત થઇ જેણે દુનિયાદારીના કાર્યને પણ સ્મૃતિપટમાંથી ભૂસી નાંખ્યા હતા, અરે ! કૌટુંબિક સ્નેહને પણ તિલાંજલી દઈ પોતાના ગૃહ તરફ જવાની કે માતૃવત્સલ પુત્ર હોવા છતાં સ્વમાતુશ્રીના ચરણકમળના દર્શન કરવાની પણ જેને પિપાસા જન્મી ન હતી; અરે ! જેને પિતાના અવસાન સમાચારની પણ ખબર પહોંચાડવી પડી હતી; અને તે મળી ત્યારે જે કામદેવના આંગણામાં અદ્ભૂત અભિનય અવલોકનમાં તલ્લીન બની રહ્યા હતા; તેઓની દશામાં આ એકાએક આટલી હદે ફેરફાર શાથી થયો ? આટલું બધું પરિવર્તન કેમ થયું ?

ટુંકમાં કહીએ તો દરેક પ્રકારની સાનુકુળ સ્થિતિ હોવા છતાં નથી તો ઉભયના હૃદયનું મિલન થતું કે નથી તો તેમની ગોષ્ઠિમાં હાસ્ય, શ્રંગારાદિ રસના ફુવારા છુટતાં. મને કે કમને પણ સુંદરી કોશ્યાને મુનિ સ્થૂલીભદ્રની 'સાડા ત્રણ હાથ દૂર રહી જે કરવું હોય તે કરવું' એવી આજ્ઞાનું અક્ષરશઃ પાલન કરવું પડે છે. તેણીનું હૃદય વિરહાગ્નિથી બળી જતું હશે અને વલોવાઇ જતું હશે; છતાં પણ હજુ પર્યંત તો તેણીએ એ 'દૂર રહેવા' રૂપ હુકમનો જરા પણ અનાદર કર્યો નથી તેમજ તેણીની સુરત જોતાં સદંતર નિરાશ પણ જણાતી નથી. તેણી તો હજુ પણ એમજ માને છે કે સ્થૂલીભદ્ર પાંચ દસ દિવસ મોડું કે વહેલું આ ચારિત્ર જરૂર મુકી

દેશે અને પ્રથમની માફક સ્નેહનો તાર સાંધી છાતી સરસી ચાંપશે. આજે દશ દિવસ થઇ ગયા છે અને અગીયારમાંનો મધ્યાહ્નકાળ છે છતાં તેણીની એ આશા પૂર્ણ થયાનું જરા પણ ચિન્હ જણાતું નથી. આજે તેણીના મનમાં પણ નિરાશાનો પદસંચાર થયો. ધીરજની હદ આવી. વારંવાર એ વિચાર થવા લાગ્યો કે સુસ્વાદુ અને મધુર શીત જળથી પૂર્ણ સરોવર નજરે જોવા છતાં અને તૃષાથી ગળું સુકાઈ જઇ બેભાન થવાની સ્થિતિ પ્રાપ્ત થયા છતાં એ સરોવરનું જળ લઇ પીવાનો યત્ન ન કરવો એ મુર્ખાઇ નહીં તો બીજું શું કહેવાય ? જરૂર યત્ન તો કરી જોવો કે એ જળથી તૃષા છીપે છે યા નહીં ? વળી મનમાં શંકા થતી કે હિમ્મત કરીને એક વાર પ્રયત્ન કરૂં, પણ તેમ કરતાં 'તે ક્રોધે ભરાઇ આ આવાસજ છોડી જાય તો ?' આખું લેવા જતાં આ અર્ધું સુખ પણ ગુમાવવાનો સમય આવે. અત્યારે તેમનું મુખ જોઇ આંખડી તો ઠરે છે. કામીજનોચિત વાર્તાલાપ નથી થતો છતાં ધર્મનીતિને લગતી સુંદર આખ્યાયિકાનું તો શ્રવણ કરાવે છે. વળી તરંગોની શ્રેણી બદલાતી એટલે મનમાં એમ પણ થઇ આવતું કે ત્યારે આમ આશામાં ને આશામાં કેટલા દિવસ ગાળવા અને આવી રીતે ક્યાં સુધી ઝુર્યા કરવું ? એ તો સાધુ ! ચોમાસું પુરૂં થતાં ઝટ રજોહરણ લઇને ચાલવા માંડશે પછી મારી શી દશા ! શું મારામાં પૂર્વની જરા માત્ર કળા નથી રહી કે જેનાથી મારા આ જૂના પ્રેમી અને

સાથીને મારા પ્રતિ પુનઃ ન વાળી શકું ! જે એક સમય ભલભલા ગર્વીના ગર્વનું દલન કરી નાખતી અને ગમે તેવા ટેકીના ટેકને ઉતારતી તે કોશ્યાની આ દશા ? ક્યાં ગઇ ત્હારી એ શકિત ? હિંમત રાખ અને હજુ પણ ધૈર્ય ધરી એક છેલ્લો પાસો ફેંક. વિચાર કરી જો કે જે નારી જાતિના સૌંદર્યમાં–મોહપાશમાં રથનેમી અને આર્દ્રકુમાર જેવા મુનિપુંગવો ફસાઇ ગયા અને શીવ–બ્રહ્મા જેવા કઇકો ભાન ભૂલી ગયા તેજ જાતિની તું છે. તો પછી તેના આગળ આ સ્થુલીભદ્ર જેવાના શા ભાર છે ?

યૌવનના પૂરબ્હારમાં વિહરતી કુસુમકલિકા સમાન નાયિકા કોશ્યા સુંદર વસ્ત્રાભૂષણોથી સુસજ્જિત થઇ સોળે શણગાર સજી જ્યાં સ્થુલિભદ્ર પોતાના ધ્યાનમાં મસ્ત બની બેઠા હતા ત્યાં આગળ આવીને ઉભી રહી. આ વખતે તેણીના રૂપ લાવણ્યમાં કંઇ જૂદીજ પ્રભા ચમકી રહી હતી. ઝીણાં ઝીણાં ટપકાવાળી આસમાની રંગની સાડીમાં શોભી રહેલું તેણીનું વદન આકાશમાં રહેલા ચંદ્રની સાથે પ્રતિસ્પર્દ્ધા કરી રહ્યું હતું. સર્પની ભ્રાંતિ ઉપજાવતો કેશકલાપ કામીજનોનાં મનને શીથીલ કરી નાંખતો હોય નહી તેવો ભાસ થતો હતો. ભાલ પ્રદેશની વિશાળતા, સુંદર ગૌરવર્ણી ગાલ પ્રદેશ, શુકનાસિકા જેવી સુંદર નાસિકા, મ્હોટાં મ્હોટાં ધ્યાનીઓના ચિત્તને પણ કંપાવી નાંખે તેવાં નયનબાણ, દાડીમના બીજ સમાન લાલ દંતપંકિત અને પૃથ્વીરૂપી ત્રાંજવાંને સ્થિર રાખવાને સરજાયેલાં વિંધ્યાદ્રિ અને સિંહ્યાદ્રિ સમાન તેણીના

ઉન્નત અને પુષ્ટ સ્તનપ્રદેશ વિગેરે અવયવો બ્રહ્મા જેવાનું ભાન ભૂલાવવાને પણ સમર્થ હતા; તો આ સ્થુલીભદ્ર જેવા શા વિસાતમાં !

સ્થુલીભદ્રની સામે ઉભા ઉભા કેટલોક ટાઇમ વ્યતિત થઇ ગયો, પણ મેરૂસમ નિષ્પ્રકંપ તેમના હ્રદયને અલ્પમાત્ર પણ અસર થઇ નહીં. કારણકે પોતાની પાસે કોણ ઉભું છે તેનું તેને લેશમાત્ર પણ જ્ઞાન નહોતું, તે તો પોતાના ધ્યાનમાં એવા મસ્ત હતા કે વાજિત્રો કે ઘંટાઓના ભીષણ સ્વરો પણ તેમના હ્રદયને સ્પર્શિ શકે તેમ નહોતું. પણ કોશ્યાને આ વાતનું જ્ઞાન કયાંથી હોય? તે તો સ્થુલીભદ્રને ચળાવવાનાં નિશ્ચયમાં હજુ પણ દ્રઢ હતી. જ્યારે સ્થુલીભદ્રે પોતાના અનુપમ રૂપ સામે નજર સરખી પણ કરી નહીં ત્યારે તેણીએ ધીમેથી બાજુમાં પડેલી સારંગી ઉપાડી અને પોતાનાં સુમધુર કોકીલ કંઠ સાથે તેનો સૂર સાંધ્યો. એટલુંજ નહીં પણ નુપૂરના ઝણઝણાટે તેમાં સાથ પૂર્યો. કામદેવને ડોલાવી નાંખે તેવી વિવિધ રાગરાગણીઓથી અને વિવિધ પ્રકારના અંગવિભ્રમના અભિનય સાથે અનેક ગાયનો લલકાર્યાં, પણ કલ્પાંત કાળના પવનના સપાટાથી જેમ મેરૂ શીખર ચલાયમાન ન થાય તેમ મુનિપુંગવ સ્થુલીભદ્રનું એક રૂવાડું સરખું પણ ફરકયું નહીં.

છેવટે જ્યારે સ્થુલીભદ્ર ધ્યાનમુકત થયા અને પોતાનીજ સમીપમાં કોશ્યાની આ વિવિધ નાટ્ય પ્રવૃત્તિ જોઈ ત્યારે તેમના મુખ ઉપર શુષ્ક હાસ્ય સ્ફૂર્યું અને કોશ્યાની દયા ચંતવતાં તમના મુખમાંથી નિચેના શબ્દો નિકળ્યા.

"કોશ્યા ! આજે આ તું શું આચરી રહી છો ? મારી આજ્ઞાનું શું આજ રીતે પાલન કરવા ઇચ્છે છે ? ખરે-ખર ! આજનું ત્હારૂં વર્તન અને ચેષ્ટા એક કુલાંગનાને કોઇ પણ રીતે ઉચિત ન જ ગણી શકાય. યાદ રાખ ! કે ત્હારાં ગમે તેવાં અભિનયો મારા હૃદયનો જરા પણ સ્પર્શ કરી શકશે નહિં. આત્મધ્યાનમાંજ આનંદ અનુભવનાર મનુષ્યો કદી પણ વાસનાધિન થતા નથી. માટે વિચાર કર ! તું કોણ છે ? ત્હારૂં સ્થાન ક્યાં છે ? અને અત્યારે ત્હારૂં વર્તન તને કઇ દિશા તરફ ઘસડી જાય છે ? તેનો એકાંતે વિચાર કર ! મનુષ્ય જીવનની સાર્થકતા શરીરના ભોગ–વિલાસોમાં નથી પણ આત્માના વિકાસમાં છે, માટે હજુ પણ વિચાર કર ! ! !

અમૃતસમા શાંત મૃદુતાભર્યાં વચનો સાંભળી કોશ્યાનું હૃદય કંઇક પીગળ્યું તો ખરૂં; છતાં ચારે કોરથી થોડી ઘણી હિંમ્મત એકઠી કરી બોલી—

પ્રાણનાથ ! 'માત્ર રાજા બોલાવે છે' એવા તમારા કથનથી અને થોડાજ સમયમાં તમે પાછા ફરશો એવી તમારી પ્રતિજ્ઞામાં વિશ્વાસ રાખીને બેઠેલી આ દાસીને અત્યાર સુધી તમારાં દર્શનના અભાવે કેટલું વિરહનું દુઃખ વેઠવું પડયું હશે તેનો ખ્યાલ આપને શી રીતે આવી શકે ? જળ વિહુણી માછલી માફકજ આજસુધી જીવન વીતાવ્યું છે અને જો અકસ્માત્ અહીં પધારવા રૂપે આપનો યોગ ન થયો હોત તો આ જીવન ટકત કે કેમ એ પણ શંકાસ્પદ હતું. વળી આવ્યા છતાં આટલા દિવસમાં પૂર્વની માફક એકવાર હસીને નથી

તો બોલાવી કે નથી સપ્રેમ નયને સામુ પણ જોયું. જ્યાં મુખના આવકારનું એક પણ ચિન્હ દૃષ્ટિગોચર થતું નથી ત્યાં વિરહ તાપની શાંતિ માટે શી આશા રાખવી ! શું આ સર્વ વર્તન એક પ્રણયમાર્ગના પ્રવીણ અભ્યાસીને–પ્રેમ-શાસ્ત્રના પરમ પાઠકને અથવા તો મદનરાજના મહાવીર મહારથીને છાજે છે ? શું એવી રીતે એક વિશ્વાસુ અબળાને પીડા ઉપજાવવામાં આપને આનંદ થાય છે ? આશામાં ને આશામાં આટલા દિવસો સુધી એક હરફ પણ ઉચ્ચાર્યા સિવાય મુંગે મોઢે એકે એક આજ્ઞા શીરોધાર્ય કરી તેમ તેમ આપશ્રી તો આ પ્રીયાથી વધારે પરાંગમુખ બન્યા. નાથ ! આજે એ બધા દિવસોનો બદલો આપે આપવોજ પડશે. આ વિરહ વેદના હવે મારાથી નથી સહી જાતી. આ તો યૌવનકાળ છે એમાં આવો ત્યાગવેશ નજ શોભે ?

સુંદરી ! આવું બોલવું તને ન ઘટે, તેમજ એ કારમા વિલાસોને યાદ કરવાથી પણ લાભ શો ? એક સમય તે હતો અને તે કાળે આપણુ ઉભય તાત્વિક જ્ઞાનથી વિહુણા હતાં, એટલે માત્ર ઐહિક સુખમાં તલ્લીન થઇ જીવન પસાર કરી રહ્યા હતાં. પાછા આવવાનું વચન આપેલ હોવાથી તો પુનઃ આવી ત્હારા નેત્ર સમક્ષ ઉપસ્થિત થયો છું; પરન્તુ હવે સુખના કે વિલાસના સંભારણા કરવાનો આ વખત નથી, પણ કંઇક જીવનનું સાર્થક્ય કરવાને પ્રાપ્ત થયેલ આ પ્રસંગ છે. મને જ્ઞાની ગુરૂએ આ ચારિત્રરૂપ સર્વોત્તમ માર્ગ દર્શાવ્યો છે. જે દ્વારા આ નૃજન્મની સાફલ્યતા અવશ્ય સાધી શકાશે.

ત્હારી સહ ચીરકાળનો પ્રેમ હોવાથી તને પણ તે તરફ વાળવા અર્થેજ મારૂં આગમન થયું છે. માટે ભગિની ! હવે એ દારૂણ વિષયો ને કારમા ભોગોની સ્મૃતિ તથા કલેશદાયક હાસ્યવિલાસો છોડી દઈને આત્મરમણમાં તત્પર થા.

નાથ, આ શું વદો છો ? એવા કયા ધૂતારાએ આપશ્રીને આવી રીતે ભરમાવ્યા ! મહા પ્રયાસે અને કેટલાએ શ્રમે પ્રાપ્ત થનારા આવા ભોગવિલાસરૂપ દેવતાઇ સુખો કે જે મેળવવા અર્થે કેટલાયે મનુષ્યો આખી જીંદગી જોખમ ખેડયા કરે છે છતાં નિર્ભાગી હોય તો તેથી વંચિતજ રહે છે. વળી કેટલાકને મળ્યા ન મળ્યા જેવું થાય છે અને બહુ થોડાનેજ યોગ્ય સામગ્રી સાથનો સુયોગ મળી આવે છે; તેવા સુખોને ઠોકરે મારવાની ગંભીર ભૂલ તમારા સિવાય ભાગ્યેજ કોઇ કરે ! રાજાધિરાજ જેવાને પણ આ કોશ્યાની પ્રીતિ મેળવવી દુર્લભ છે ત્યાં તેણી જાતે તમારા ચરણમાં આળોટે છે; છતાં તમારૂં મન કયાંઇ જૂદેજ ભમે છે એ પણ આશ્ચર્ય નહિ તો બીજું શું ?

સુંદરી ! ખરેખર ત્હારા અંગમાં કામદેવે પક્કા પાયે આસન જમાવ્યું છે. નહિંતો તું આ બકવાદ કરેજ નહીં ! ત્હારી બુદ્ધિમત્તા, ત્હારી ચતુરાઇ અને ત્હારામાં કુદરતી રીતે બક્ષાયેલી વિચક્ષણતાનો આટલી હદે દુરૂપયોગ નહીં તો સંભવેજ શી રીતે ? ખરેખર कंदर्पदर्पदलने विरला मनुष्याः એ જ્ઞાની પુરૂષોનું વચન અક્ષરશઃ ખરૂં છે. માટે બ્હેન !

જરા તો વિચાર કર ! પ્રિયા, કાન્તા, લલના, વ્હાલી ઇત્યાદિ આલાપોમાં, વિવેકી મનુષ્યોને જરા પણ છાજે નહી તેવી હાડ, માંસ, રૂધિર અને ચામડાની બનેલી આ કાયાની ચેષ્ટાઓમાં અને મુખ દ્વારા બિભત્સ શબ્દોના ઉચ્ચારમાં એવું તે કયું સુખ સમાયલું છે કે જેમાં ત્હારા જેવી નિપુણ યૌવના રક્ત થાય ! એટલુંજ નહીં પણ મારા સરખા પુણ્યયોગે ગુરૂના નિસ્વાર્થ બોધથી પરાંગમુખ થયેલાને પુનઃ સંસારમાં હડસેલવા તત્પર થાય ? જરા ચિત્તને ઠેકાણે રાખી વિચાર કરવામાં આવે તો ખરૂં સુખ ક્યાં છે તેનો સ્પષ્ટ ભાસ થઇ જાય તેમ છે; છતાં તેમ નહિં કરતાં પોતાની અજ્ઞાનતાની ભૂલોને ખરી માની પોષ્યા કરવી–તેમાં જ લીન થયા કરવું અને તેમ છતાં અન્ય જે સત્ય સમજ્યા હોય તને ઉપાલંભ દેવા જવું–તેમને મૂર્ખ કહેવા તત્પર થવું એતો મૂર્ખપણાની અધમતા અને ઉચ્છૃંખળવૃત્તિની પરાકાષ્ટા વિના બીજુ કંઇજ નથી દેખાડી આપતું. મુગ્ધા ! વિચાર કર ! આ ત્હારી જુવાન દેખાતી દેહલતા અલ્પ કાળમાંજ કરમાઇ જશે અને જ્યાં ત્હારી પાછળ જરા અવસ્થા લાગી કે ત્હારા રૂપનિધાન અને લાવણ્ય પૂર્ણ ગૌરવર્ણીય શરીરની આખી દશાજ પલટાઇ જશે. આંખો ઉંડી જશે, કાને ઓછું સંભળાશે, નાક ગળ્યા જ કરશે, દાંત પડી જશે, ડાચાં બેસી જશે અને કેશકલાપ પણ શ્વેતવર્ણી બની જશે. ઓ માનુની ! એવા સમયમાં ત્હારાં ખાસ આત્મીયજનોને પણ ત્હારૂં કદરૂપું અંગ નિરખી ઘૃણા પેદા થશે ત્યાં અન્યની શી વાત કરવી ! શાણી !

હજુ પણ સમજ કે જીવનનું ધ્યેય નિરંતરને માટે ભોગ વિલાસમાં રચ્યા પચ્યા રહેવું તે નથીજ. ધનમાં, જીવિતમાં આહારમાં, ભોગમાં અને કર્મ કરવામાં કોઇપણ પ્રાણી તૃપ્તિ પામતો જ નથી. માટે હે મુગ્ધે ! આત્મકલ્યાણનો માર્ગ બાહ્યદ્રષ્ટિએ વિકટ હોવા છતાં આંતદ્રષ્ટિએ તીર્થંકર ભગવાન પ્રણિત અને અનુભવસિદ્ધ હોવાથી તેજ આદરણીય અને સરલ છે. સંસારવૃદ્ધિના હેતુભૂત એવા કષાયો અને વિષયોને જેમ બને તેમ તપ સંયમાદિ સાધનોદ્વારા ઓછાં કરવા અને જ્ઞાન દર્શન ચારિત્રદ્વારા આત્માનો મૂળસ્વભાવ જે કર્મોના આવરણોથી ઢંકાઇ ગયો છે તેને પુનઃ પ્રકાશમાં લાવવો એટલે તુરતજ આ માનવભવનું લક્ષ્યબિંદુ સ્પષ્ટ થઈ જશે. સાત્વિક અને શુદ્ધ પ્રેમ પણ તેમાંજ સમાયો છે. નહિ કે માત્ર ક્ષણ સુખદાયી એવા ભોગ-વિલાસોમાં કે બાળોચિત ચેષ્ટાઓમાં ? હવે તો સમજવાની જરૂર છે; નહિ તો આટલા કાળ સુધીના આચરણો ક્યાં ઘસડી જશે. અને તેના કેવા દારૂણ અને કટુ વિપાકો ભોગવવા પડશે તેનો વિચાર જ ભયંકર છે !

કોશ્યા, જે લાંબે વખતે એક સમયના સ્વપતિની વાણી સાંભળવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરી શકી હતી તે એ બધું એક ચિત્તથી સાંભળી રહી હતી. આ લાંબા પણ અસરકારક ઉપદેશની તેણીના મનમાં સજ્જડ અસર થઇ. કામનો જુસ્સો તદ્દન શાંત થઇ ગયો. જીવનનો કોઈ અન્ય હેતુ દૃષ્ટિ સમીપ તરવા લાગ્યો, ભોગી જીંદગીના સાથીનો આ નવીન બોધ અમૃતથી પણ મીઠો લાગ્યો અને તેમાં પૂર્ણ શ્રદ્ધા ઉત્પન્ન

થઇ; પણ જેમ બુઝાતો દીપક એકવાર જોરથી પ્રકાશે તેમ તેણીના હૃદયમાંથી નાશ પામવાને અણી ઉપર આવેલી વાસના એક વાર પુનઃ જાગ્રત થઇ અને તેથી તે અતિ નમ્ર સ્વરે એક વાર સંસારસુખનો ઉપભોગ કરવાને પ્રાર્થના કરતી બોલી:–

પ્રાણવલ્લભ, આપનું કથન સત્ય છે, હું પણ તેજ માર્ગની પ્રવાસણ બનવા તત્પર છું; છતાં મારા હૃદયની એક માત્ર આશા આપ દયાનિધાન જરૂર પૂર્ણ કરશો એવી આ દાસીની આપ પ્રત્યે પ્રાર્થના છે. તે આશા એટલીજ કે આ સંગ્રહિત કરેલી સામગ્રીઓનો માત્ર એકજ વખત યથેચ્છ રીતે ઉપભોગ કરી લ્યો અને પછી હંમેશને માટે તેનો આપણે ત્યાગ કરી દઈશું.

મુગ્ધા! આટલું આટલું સમજાવ્યા છતાં ત્હારા અંતરમાં હજુ આ અધમવૃત્તિ અસ્તિત્વ ધરાવી રહી છે એ જોઇ હું અજાયબ થાઉં છું! જે અગ્નિને ઘૃત, કાષ્ઠ આદિથી પ્રદીપ્ત કરવામાં આવે તે કદાપિ બુઝાઇ શકે ખરો? જાણી જોઇ એક વેળા ઉંડા ગર્તામાં ભુસ્કો મારવો અને પછી નીકળવા યત્ન કરવો એ અવિચાર્યું કામ નહિં તો બીજું શું કહેવાય? જો આટલા લાંબા વર્ષોના વિલાસોથી એ આશા અપૂર્ણ રહી તો એક વારના પ્રયાસથી તે નહીંજ પૂરાય. બાકી જો મનમાંથી તે વિષેની વિચારણાને તિલાંજલી દેવામાં આવે તો આપોઆપ નામશેષ થઇ જશે. માત્ર દૃષ્ટિબિન્દુ ફેરવવાની અગત્ય છે. સુંદરી, હું કાંઇ આ વેષ ધરીને તેનું ખંડન કરવા કે ત્હારી સાથે નહિં જેવા વિષયકીચમાં લેપાવા

નથી આવ્યો, પણ તને નર્કની અધિકારિણી બનતી જોઇ એક શુદ્ધ પ્રેમી તરીકે તેમાંથી ત્હારો ઉદ્ધાર કરવાનેજ અત્રે મારૂં આગમન થયું છે. મારી ફરજ બજાવતાં મેં પ્રભુમાર્ગનો ઉપદેશ દઇ ખરો રસ્તો દેખાડ્યો છે. હવે કાં તો તે ગ્રહણ કરી પણ્યાંગનામાંથી વીરાંગના બની જઇ શીવસુંદરીની સહચરી બન અથવા તો તેનો અસ્વીકાર કરી પણ્યાંગનામાંથી વ્યભિચારિણી બની નર્કની વાટ પકડ. પસંદગી ત્હારા હાથમાં છે. આજેજ બુદ્ધિની કિંમત અંકાવાની છે. બાકી યાદ રાખજે કે ત્હારાં ગમે તેવાં ચેષ્ટિતો કે ત્હારી મર્યાદા બહારની અંગચેષ્ટાઓથી આ સ્થુલીભદ્ર જરા પણ ચળિત થશે નહીં. એક વખત જે કર્મ આચરવામાં શુરવીર હતો તે આજે સદ્‌ગુરૂના સમાગમથી ધર્મ કરવામાં પણ શૂરવીર બન્યો છે. પથ્થર હતો છતાં કાંચન બન્યો છે. કાચ હતો છતાં રત્ન બન્યો છે. તે બધો પ્રતાપ ગુરૂવર્યનોજ છે. સિંહના વંશમાં જન્મેલ તે સિંહજ નિવડશે. અહીં આવતાં પહેલાં ત્હારા હાવભાવ અને અંગવિકારોનો વિચાર પ્રથમથીજ કરી લીધો છે અને એ બધા સામે ટકવાની શકિત વિચારી, તેમાંથી ક્ષેમકુશળ પાર થવાની સત્તા નિરખી અને તેમ કરવામાં પ્રબળ અવલંબનભૂત એવી ગુરૂઆજ્ઞા મેળવી અહીં આવવા હામ ભીડી છે. એકજ હેતુ કે જેમ અટલ પ્રેમી શ્રી નેમીશ્વરે શ્રીમતી રાજેમતીને પરણુવાના નિમિત્તે જઇ સત્યપંથની ઝાંખી કરાવી ખરા પ્રેમી તરિકેની ફરજ અદા કરી હતી તેમ મેં પણ કર્યું છે. એટલું કહી મુનિ મૌન રહ્યા.

જો કે કોશ્યાનું અંતર પીગળ્યું છે એ આપણે ઉપર જોઇ ગયા છીએ તો પણ આ છેલ્લા વાકયોથી તેણીના હૃદયમાં ભારે અસર થઈ. પોતાની સર્વ અઘટિત ચેષ્ટાઓ માટે પશ્ચાત્તાપ કરતી તેણી હસ્તદ્વય જોડી માફી માંગતી કહેવા લાગી! 'પ્રભુ! આપજ ખરેખર મારા તારણહાર છો. પૂર્વે આપેજ એક વેશ્યાના અધમ જીવનમાંથી પવિત્ર પત્ની બનાવી હતી ને આજે ફરીથી ધર્મરૂપ અમૃતનું પાન કરાવી નર્કની અધિકારીણી બનતાં મારો ઉદ્ધાર કર્યો છે. માટે આપજ માત્ર મારા એક ખરા ઉદ્ધારક છો. પ્રભુ! મારા સર્વ અપરાધો ક્ષમા કરી હવે મને શુદ્ધ શ્રાવિકા બનાવો! એવી મારી નમ્ર પ્રાર્થના છે.' આખરે કામના ગૃહમાં રહી વીરતાપૂર્વક તેની સાથે યુદ્ધ કરી સ્થુલીભદ્રે વિજય મેળવ્યો.


# તૈયાર છે સસ્તી અને સારી.

**પંચ પ્રતિક્રમણ સૂત્ર**—મોટા અક્ષર, સુંદર શુદ્ધ છપાઇ, સારા કાગળ અને પાકું પુંઠું છતાં કિ. રૂા ૦–૮–૦ સો નકલના રૂા ૪૦–૦–૦

**દેવસી-રાઈ પ્રતિક્રમણ**—મોટા અક્ષર, શુદ્ધ છપાઇ, સારા કાગળ, સુંદર બાઈડીંગ, શબ્દાર્થ સાથે, પાઠશાળાઓ માટે ખાસ ઉપયોગી. કિ. ૦–૩–૦ સો નકલના રૂા ૧૫–૦–૦

**સ્તવન સંગ્રહ-પોકેટ સાઇઝ**—પ્રાચીન અર્વાચીન સ્તવનોનો સુંદર સંગ્રહ, ચૈત્યવંદનો, સ્તુતિઓ, થોયો, છંદો, રાસ વિગેરે ઘણી ઉપયોગી બાબતોનો સંગ્રહ, પાકું રેશમી પુંઠું છતાં કિં. ૦–૮–૦ સો નકલના રૂા ૪૫–૦–૦ લખો—**જૈન સસ્તી વાંચનમાળા.**

રાધનપુરી બજાર—ભાવનગર.

# પ્રકરણ ૩૧ મું.

## સમયની બલીહારી.

સમય સમયનું કામ કર્યે જાય છે. તેના અસ્ખલિત પ્રવાહમાંથી કોઇપણ માનવ–દેવ મુક્ત રહી શકતો નથી. એક વખતના પાટલીપુત્રના નંદરાજાના જમણા હાથરૂપ મંત્રીશ્વર શકડાળનો તથા તેમના કુટુંબ પરિવારનો ગૃહ વૈભવ આપણે જાણી ચૂકયા છીએ. તે પણ એક સમયની બલીહારી હતી. તે પછી દ્વિજ વરરૂચિના ષડયંત્રનો ભોગ થતાં મહારાજા નંદની ખફગી અને તેને પરિણામે આખા કુટુંબ ઉપર આવી પડેલી વિપત્તિ, એ વિપત્તિમાંથી પોતાના પ્રાણના ભોગે પણ કુટુંબ-રક્ષા આદિ બનાવો પણ સમયની બલીહારીનેજ આભારી છે.

સમયના પ્રભાવે મંત્રીશ્વરના ગૃહકુટુંબની પરિસ્થિતિએ પાછો પલટો ખાધો અને એજ મહારાજા નંદના ચારેહાથ મંત્રીશ્વરના પુત્ર શ્રીયક કુમારના મસ્તક ઉપર આશિર્વાદના પૂર વરસાવી રહ્યા છે, જે ગૃહ એક વખત શોક વ્યાપ્ત હતું, જ્યાં ચોમેર ઉદાસિનતા છવાઇ રહી હતી, ત્યાં આજે પુનઃ આનંદધ્વની ઉડવા લાગ્યો અને ઉદાસિનતા નષ્ટ થતાં સર્વત્ર વિવિધ વાદ્યોનાં મધુર સ્વરો કર્ણને પ્રીતિ ઉપજાવવા લાગ્યાં. ગૃહને ચારે તરફથી આમ્રપત્રનાં અને અને વિવિધ પુષ્પોનાં તોરણોથી અલંકૃત કરવામાં આવ્યું. ગૃહાંગણમાં સુંદર વસ્ત્રા-ભૂષણોથી અલંકૃત થઇ યૌવનવયમાં પ્રવેશ કરતી લલનાઓનો

સમૂહ ઉભરાવા લાગ્યો. દાસદાસીઓ આમતેમ દોડી રહ્યાં હતાં અને વખતે વખતે હર્ષાવેશમાં એક બીજાં સામ સામે અથડાઇ પડતાં પ્રેક્ષક વર્ગના મુખ ઉપર હાસ્ય ફરકી રહેતું. ખરેખર, આજનો સુંદર દેખાવ એક સ્વર્ગની અનુપમ શોભાની ઝાંખી કરાવી રહ્યો હતો. પણ આટલા બધા ઉત્સાહ આનંદનું કારણ શું હશે ? શા માટે આ બધી ધમાલ થઇ રહી છે ? એ જાણુવાને વાંચક વર્ગ આતુર થઈ રહ્યો હશે. પરન્તુ થોડાજ સમયમાં તેમની આતુરતા નષ્ટ થતાં વાર નહીં લાગે.

મહારાજા નંદની જમણી ભૂજા સ્વરૂપ મંત્રીશ્વર શ્રીયકને ત્યાં આજે પુત્રનો જન્મ થતાં મંત્રીશ્વરના ગૃહમાં અને આંગણામાં અસંખ્ય નરનારીઓ પુત્ર જન્મની વધામણી અર્પવાને નિમિત્તે ઉભરાઇ રહ્યાં હતાં. અને એ સર્વનો યથોચિત સત્કાર કરવાને અનેક દાસ–દાસીઓ આમતેમ દોડાદોડ કરી રહ્યાં હતાં.

વૃદ્ધમાતા લક્ષ્મીદેવીના હર્ષનો તો આજે પાર નહોતો. આખરી ઉમ્મરે પ્રપૌત્રનાં મુખદર્શનથી પોતાની ચક્ષુમાં શીતળતાનો અનુભવ કર્યો. કંઠ ગદ્ગદ્ થયો અને હૃદયમાં પરમ શાંતિએ વાસ કર્યો. જાણે મસ્તક ઉપરથી બોજો ઉતરી જતાં દેહ–કાયા હળવી થઈ ગઇ હોય તેમ લક્ષ્મીદેવી જાતે સૌને સત્કારવાને ગૃહમાં આમતેમ ફરી રહ્યાં હતાં.

× × ×

દેશની પરિસ્થિતિમાં ઝાઝો ફેર જો કે નહોતો પડયો

તોપણુ ચોતરફ મગધની યશ–કીર્તિમાં દિન પ્રતિદિન ન્યૂનતા થતી જતી હતી. મંત્રીશ્વર શકડાળનું અકસ્માતિક અવસાન એ રાજેશ્વર નંદના રાજ્યકાળ માટે એક કલંકરૂપ ગણુાવા લાગ્યું. દેશ પ્રદેશમાં આ વાત પહોંચી ગઇ હતી. તેથી સૌ કોઇ નંદરાજની રાજ્યકળામાં ખામી માનવા લાગ્યા હતા. મંત્રીશ્વર શકડાળમાં જે બુદ્ધિનો વૈભવ, જે કાર્યદક્ષતા, સામા મનુષ્યને। મનોભાવ પારખવાની શક્તિ અને જે અગમ બુદ્ધિ હતાં તેની ઝાંખી કરાવનાર તેના પુત્ર શ્રીયક સિવાય બીજું કોઇ ન હતું, પરન્તુ મંત્રીશ્વરના અવસાનથી મગધદેશની ચઢતી કળા અટકી પડી હતી. જો કે વારસામાં મળેલા ગુણો-વડે મંત્રીપુત્ર શ્રીયકે પોતાના અસ્તિત્વ કાળ સુધી તેને ટકાવી રાખી હતી. છતાં નંદરાજના ઉતરતા કાળથીજ તેનો સૂક્ષ્મ ઓટ થવાનો પ્રારંભ થઈ ચુકયો હતો. પરદેશીઓના હુમલા દિવસાનુદિવસ વધતા જતા હતા. ભૂપતિ નંદ પણુ પાછલી અવસ્થામાં પ્રવેશ કરી ચુકેલ હોવાથી તેનાથી હવે પૂર્વવત્ કામકાજ થઇ શકતું ન હતું. તેમાં તેનામાં અગાઉના જેવો જુસ્સો પણુ નહોતો રહ્યો તેથી અત્યારે તેની સાથે ઉભો રહી તેની થતી ભૂલ સુધરાવે તેવો અને સમય આવે જમણે પડખે ઉભો રહી તેનામાં નવિન જોમ પ્રેરે તેવો કોઇ સમય-સૂચક પણુ નહોતો રહ્યો. હવે તેને વારંવાર મંત્રીશ્વર શકડાળ યાદ આવવા લાગ્યો. પોતાના સાહસ માટે પશ્ચાત્તાપ થવા લાગ્યો પણુ “બુંદથી ગઇ તે હોજથી કયાંથી સુધરે!” કેટલીક વાર એકાંતમાં એનું અંતર મંત્રીશ્વર માટે દ્રવતું. હતું. ટુંકમાં

કહેવાનું એ કે તેનામાં પણ ઉત્સાહનો પ્રવાહ સૂકાઇ જવા લાગ્યો હતો. આ રીતે મગધનો પાયો હચમચી રહ્યો હતો. એ પણ સમયની બલીહારી !

× × ×

દ્વિજ વરરૂચીને મગધદેશની સીમા બહાર કાઢી મૂકવામાં આવ્યો એટલું આપણે વાંચી ગયા છીએ. તે ભૂદેવ આજે તદ્દન કંગાળ હાલતમાં પંજાબના માર્ગે જતો દૃષ્ટિગોચર થાય છે. દૂરથી જોનારને તે એક તદ્દન શુષ્ક અંગવાળો ભિક્ષાચર લાગે પણ સમીપમાં જઇ જોતાં; તેનું કપાળજ કહી આપે છે કે તેનામાં કાપટય કળાનો ભંડાર ભર્યો છે. એટલુંજ નહિં પણ તે એક કિન્નાખોર આદમી છે. તેના સ્વગત ઉચ્ચારો આ રહ્યા: જે એ વાતની સાક્ષી પૂરે છે.–" મંત્રીડા શકડાળ ! તને તો મેં સમજાવી દીધો, તારો તો ઘડોલાડવો કરી નાંખ્યો, હવે વારો આવ્યો ત્હારા પુત્રનો. પણ તેમાં થોડા વધુ બળની જરૂર છે. તેનો જડ મૂળથી નાશ કરવા અર્થે મારે પ્રથમ નંદરાજનેજ વિનષ્ટ કરવો જોઇએ. ભરસભામાં તેણે મારા જેવા દ્વિજનું કાંઈ ઓછું અપમાન કર્યું નથી. મારા સરખા પરશુરામના કુળમાં ઉત્પન્ન થયેલા બ્રાહ્મણનું અપમાન? જેણે બળવડે સાતવાર પૃથ્વીને ક્ષત્રિ રહિત બનાવી દીધી તેના વંશજોને આ વસુંધરા ઉપરથી માત્ર એક સામાન્ય પ્રકારના ક્ષત્રિયરાજને વિનષ્ટ કરવો એમાં તે શું ભારે કામ ? એક ભૂદેવને ગુસ્સે કરવાથી કેવા પરિણામો ભોગવવાં પડે છે તેનો પૂરેપૂરો ભાસ ન કરાવું તો મારૂં નામ વરરૂચિ નહીં. બસ

વેર, વેર અને વેર." એમ બબડતો તે દ્વિજ માર્ગ કાપતો આગળ વધતો હતો. તે ક્યાં ગયો અને કેવા કેવા પ્રયત્નો કરે છે તે વાચક આગળ ઉપર જોઇ શકશે.

× × ×

કાળ ત્હારી અજબ ગતિ છે ? તને ન તો હર્ષ ઉપજાવતાં વાર ! ન તો તને રડાવતાં વાર ! તું આ અખિલ વિશ્વના હરેક પ્રાણીને, મદારી જેમ વાનરને નાચ નચાવે છે તેમ નિરંતર નાચ કરાવી રહ્યો છે. ત્હારી ગતિનું માપ ગરમી માપક યંત્રથી નથી લઈ શકાતું તેમ ત્હારી કળાનું માપ મનુષ્યોની ચર્મચક્ષુઓરૂપ તુલાએ નથી તોળી શકાતું. ત્હારા વિકાળ જડબામાં ત્હેં કોને નથી દબાવ્યા ? આજે એ ગદાધારી ભીમ, પ્રખ્યાત બાણાવળી અર્જુન, સાક્ષાત્ બળનુ મૂર્તિમંત સ્વરૂપ બાહુબળિ, મહા પરાક્રમી દશાનન, આખાયે યુરોપને ધ્રૂજાવનાર સમ્રાટ નેપોલીઅન, પ્રખ્યાત સીઝર અને મહાપ્રતાપી રાણો પ્રતાપ કે હિંદુ મુસ્લીમ ઐક્યનો અવતાર અકબર અથવા તો શૂરવીર શિવાજી કે ક્રૂરાત્મા ઔરંગઝેબ એ બધા ક્યાં છે ! ઓ કાળ ? ઓ દારૂણમુખા સર્વભક્ષી ! ત્હારા વિના તે સર્વનો અને તેવા સહસ્રાવધિઓનો ગ્રાસ કરનાર અન્ય તે કઈ વ્યક્તિ હોય ?

કહ્યું છે કે " જીન્હકા ઘર ઝુલતે હાથી, હજારો લાખ થે સાથી; ઈન્હીકો ખાગયા માટી, તું ખુશકર નિંદ ક્યોં સોયા !" અર્થાત્ આ ચરાચર જગતમાં કાળના પંજામાંથી કોઈ બચ્યું નથી. માત્ર બચી ગયા હોય તો સિદ્ધશિલાવાસી સિદ્ધા-

ત્માઓ કે જેમના ઉપર કાળની સત્તા જરા [illegible] અસ્તુ ! આજે એજ મહાકાળે મંત્રીશ્વરના ઘરપર આક્રમણ કરી, લક્ષ્મીદેવીનો કોળીયો કરવા ધાર્યું છે. શ્રીયકના પુત્ર-જન્મ સમયે ગૃહમાં જે આનંદોત્સવ વર્તાઇ રહ્યો હતો તેનાથી આજની દશા સાવ વિપરીત છે. આજે પણ સંખ્યાબંધ નરનારીઓની આવ-જા થઇ રહી છે; છતાં દરેકના ચ્હેરા ઉપર શોકની કાલિમા પથરાઇ ગઇ છે. કારણકે વૃદ્ધમાતા લક્ષ્મીદેવીના હવે છેલ્લા શ્વાસોશ્વાસ ગણાઇ રહ્યા હોય તેમ તેમની અંતિમ ચેષ્ટા ઉપરથી ભાસ થાય છે. દરેકના મુખ વિષણ્ણ બની ગયાં છે. મંત્રીશ્વર શ્રીયક અવનત મસ્તકે માતુશ્રીના બિછાના નજદિક બેસી દવા પાવાનો યત્ન કરી રહ્યો છે. સામેજ તેની વડીલ ભગિની યક્ષા દવા તૈયાર કરી આપી રહી છે. અન્ય ભગિનીઓ તેમજ પ્રિયંવદા પોતાની કેડ ઉપર અલ્પ વયસ્ક બાળકને લઇ શય્યાની એક બાજુ ગ્લાનવદને ઉભાં છે. આ ઉપરાંત અન્ય સ્નેહી વર્ગની હાજરી પણ ત્યાં દ્રષ્ટિગોચર થાય છે. વૈદ્યરાજે ખાનગીમાં શ્રીયકને લક્ષ્મીદેવીની ગંભીર હાલતના ખબર આપી દીધા હોવાથી સૌ કોઇ અત્યંત ગમગીન જણાતાં હતાં. છતાં લક્ષ્મીદેવીનું મુખ જાણે હસી રહ્યું હોય તેમ ભાસ થતો. ફકત અશકિતના કારણે તેણી પૂર્વવત્ વારંવાર બોલી શકતી નહિ. તેણી પોતે પણ આજ કેટલાક દિવસથી જાણતી હતી કે હવે જીવનનો કિનારો આવી પહોંચ્યો છે; છતાં તેણીએ પ્રાપ્ત કરેલાં તાત્વિક જ્ઞાનને લઇને

આ સંસારના બંધનો સ્વતઃ અલગાં કરી દીધાં હતાં અને ચિત્તને અરિહંતના ધ્યાનમાં જોડી દીધું હતું.

લક્ષ્મીદેવીને જ્યારે પક્કી ખાત્રી થઇ કે હવે હું આ સંસારમાં થોડા કલાકની મ્હેમાન છું ત્યારે તેણીએ શ્રીયકને ઉદ્દેશી ક્ષિણ થતા અવાજે જણાવ્યું કે—" પુત્ર શ્રીયક ! પુનઃ એકવાર મારે ત્હારા બાલશિશુનું મુખ જોવું છે; પ્રિયંવદાને બોલાવ જોઉં " માત્ર એટલું જ કહી તે અટકી ગઇ.

બાળશિશુને લઇ પ્રિયંવદા તરતજ સાસુની શય્યા આગળ આવી ઉભી રહી. લક્ષ્મીદેવી મૃદુ હાસ્ય કરતા બાળ શિશુને જોઇ પ્રીયંવદાને કહેવા લાગી–પુત્રી પ્રિયંવદા ! શા માટે તું રૂદન કરે છે ? એક ગૃહનો વાસ છોડી અન્ય ગૃહનો વાસ કરવો એમાં રડવાનું હોય પણ શાનું ?' ગાંડી ! જા, આ બાળકને હવે સુવાડી દે. તેનું નામ ' શ્રીધર ' રખાવજે અને મારી માફક આ ઘરની ચિંતામાં તત્પર રહેજે. તને વધારે કહેવું પડે તેમ નથી. કોઇવાર પણ અનુચર વર્ગને સંતાપ ઉપજે તેવું કરતી નહિ. વળી આ સાતે બ્હેનોને સંસારમાં નાંખવાનો મોહ રાખીશ નહીં, તેઓને સુખેથી દિક્ષા લેવાની રજા આપજે.' પછી યક્ષા આદિને ઉદ્દેશી બોલી–પુત્રીઓ ! આ વિના તમારી અન્ય કંઇપણ ઇચ્છા હોય તો કહો; બાકી મને એતો ખાતરી છે કે મારી કુક્ષિએ અવતરી, આટલી હદ સુધીની જ્ઞાનક્રિયામાં કુશળતા પ્રાપ્ત કરી સંસારની અનિત્યતા સમજવા પછી મારા માટે વૃથા શોક કરી કર્મબંધનું કારણ તો નહીંજ બનો !

યક્ષા નમ્રતાથી બોલી—માતુશ્રી ! અમો શા માટે

શોક કરીએ ? પણ તું આટલી બધી નિરાશ ન થા ! અને વૈદ્યરાજના કહેવા મુજબ આ દવા તો લે. અમારી પોતાની જરાપણ ચિંતા કરીશ નહીં.

"હવે તમે કોઇ દવાનું નામ ન લેશો. જીવન આશાનું કિરણ તમને ભલે દેખાતું હોય; પણ મને તો પૂર્ણ પ્રતીતિ છે કે હું હવે થોડા કલાકનીજ મહેમાન છું. હવે આ કૃત્રિમ ઔષધથી મારો રોગ નહિંજ સુધરે. મારી દવા તો હવે પ્રભુના દર્શન ! એજ ખરો વૈદ્ય છે. તેઓશ્રીની દવા યથાર્થ રીતે લેવામાં આવે તો આ જન્મ મરણના ફેરા કાયમને માટે ટળી જાય." લક્ષ્મીવતીએ પ્રભુભક્તિમાં ચિત્ત પરોવતાં કહ્યું.

તરતજ રેણા, ઉપર જઇ પ્રભુની મૂર્તિ લઈ આવી. લક્ષ્મીદેવીએ તેમની સમક્ષ મહોર મૂકી ભાવપૂર્વક વંદન કર્યું. ધીરે ધીરે શક્તિ ક્ષીણ થતી હોવાથી પથારીમાં સૂતાં સૂતાં અસ્ફુટ સ્વરે પ્રભુનામ સ્મરવા લાગી. તેણીએ માત્ર એકજ ઇચ્છા વ્યકત કરી અને તે એજ કે બને તો સ્થુલીભદ્રના એકવાર દર્શન થાય તો ઠીક. તરતજ માનભદ્ર ઉપાશ્રય પ્રતિ દોડી ગયો. અને અલ્પ સમયમાંજ મુનિ સ્થુલીભદ્ર સહ ત્યાં ઉપસ્થિત થયો. મુનિશ્રીએ વૈરાગ્યવાસિત બોધ દઇ સંસારની અનિત્યતા સમજાવી. છેવટે ચોરાશી લક્ષ જીવાયોનિ સાથે ખમતખામણા કરાવી મુનિશ્રી સ્વસ્થાને ગયા.

ત્યારપછી અલ્પ કાળમાંજ લક્ષ્મીદેવીનો અમર આત્મા અર્હંતના નામ સ્મરણ પૂર્વક આ લોકનો ત્યાગ કરી પરલોકમાં જઇ વસ્યો. આ રીતે લક્ષ્મીદેવીનો જીવનદીપક સમાધિ

પૂર્વક બુઝાઇ ગયો. સૌ કોઇના અંતર શોકાઘાતથી છવાયા છતાં આધુનિક સમયના જેવી મૂર્ખતાભરેલી રોકકળ કે કુટાકુટ તે સમયે કરવામાં આવી નહોતી. સંસારનું સ્વરૂપ અને દેહ–આત્માનો સંબંધ વિચારતાં સૌ કોઇ અંત્યેષ્ટિ ક્રિયા કરી પોત પોતાના આવાસે ગયા. કેટલાક દિવસ વિત્યા-બાદ જાણે કંઇ બન્યુંજ નથી તેમ ' દુઃખનું ઓસડ દહાડા ' એ ન્યાયે વાત વિસરવા લાગ્યા.

" બંધુ ! હવે અમારે આ દુઃખદ સંસારમાં પડી રહે-વાનું લેશમાત્ર કારણ નથી રહ્યું. માતુશ્રી ગયાં, ત્હારા પુત્રનું ' શ્રીધર ' નામ પાડવારૂપ કાર્ય પણ પૂર્ણ થઇ ગયું માટે હવે અમને પરભવના માર્ગે જવા માટે ભાતું તૈયાર કરવાની આજ્ઞા મળવી જોઇએ. " એક શાંત નિશાએ ઉપર મુજબ કથન સર્વ બ્હેનોની વતી વડી બ્હેન યક્ષાએ શ્રીયક પ્રતિ કર્યું.

" ભગિની ! હજુ કંઇ વખત વહી ગયો નથી. શામાટે ઉતાવળ કરો છો ? હજુપણ વિચાર કરો, સંયમ પથ આકરો છે અને વ્રતપાલન એ તો ખાંડાની ધારપર નાચવા જેવું છે."

" ભ્રાતા ! હવે તેવાં નબળાઇનાં વચન અમને ન કહો, આ જીવન માટે અમારો એજ નિર્ધાર થઇ ચૂકયો છે. માટે આવતી કાલેજ દીક્ષાગ્રહણની ગોઠવણ કરાવશો. અમારા માટે વિલંબ હવે અસહ્ય છે. આવો અમૂલ્ય માનવભવ વ્યર્થ ગાળ-વાની કોણ ઇચ્છા કરે ? આજની તમારી ભગિનીઓને આવતી કાલે સાધ્વી જીવનમાં પ્રવેશી ચુકેલ ભિક્ષુકાઓના સ્વરૂપમાં તમે જોશો. એજ જીવનનો લ્હાવો છે.

# પ્રકરણ ૩૨ મું.

## આ તે પણ્યાંગના કે વીરાંગના ?

ગુરૂની આજ્ઞાથી સિંહની ગુફાપાસે, સર્પના રાફડા પાસે અને કુવાના મધ્યભાગ ઉપર કાયોત્સર્ગ ધ્યાને રહેલા મુનિઓ ચાતુર્માસ પૂર્ણ થતાંજ પુનઃ ઉપાશ્રયમાં આવી જાણે કોઇ બહદુરીનું મહાન્ કાર્ય કરી આવ્યા હોય તેમ પ્રફુલ્લ-વદને ગુરૂમહારાજને ભક્તિપૂર્વક વંદન કર્યું. આચાર્યશ્રી પણ તેમની આંતરભાવના સમજી જઇ તેમને 'દુષ્કરકારક' ના સંબોધન પૂર્વક પ્રશંસા કરી તેમના ઉત્સાહમાં વધારો કર્યો. છેવટે સ્થુલીભદ્ર મુનિ પણ કોશ્યાના આવાસેથી આવી પહોંચ્યા. તેમણે વિનય પૂર્વક વંદન કર્યું એટલે ગુરૂએ તેમને 'દુષ્કર દુષ્કરકારક' એમ કહી પ્રશંસા કરી. એ સાંભળીને સિંહ ગુફા-વાસી મુનિના હૃદયમાં ઇર્ષ્યાભાવ ઉત્પન્ન થયો. તેણે વિચાર્યું કે-સિંહની ગુફાપાસે એટલે મરણના મુખમાં ઉભા રહી ચાર ચાર માસ સુધી ભૂખ, તરસ અને શીતાદિ અસહ્ય ઉપસર્ગો સહન કરનારને ગુરૂએ માત્ર 'દુષ્કર કારક' કહીને પ્રશંસા કરી, જ્યારે સ્થુલીભદ્રે એક વેશ્યાના ઘરમાં વિવિધ પ્રકારનાં ખાનપાનાદિ અને સંગીતાદિના આનંદનો ઉપભોગ કરતાં છતાં પણ ગુરૂશ્રીએ તેમને 'દુષ્કર દુષ્કર કારક' કહી અમારી અવમાનના કરી છે. શું આ યોગ્ય પરીક્ષા કે ઉચિત ન્યાય કહેવાય ? ખરેખર સ્થુલીભદ્ર મંત્રીપુત્ર હોઇને ગુરૂશ્રીનો તેમના

તરફ ચોકખો પક્ષપાત થયો જણાય છે. અન્યથા એવા વિવિધ પ્રકારના આનંદનો ઉપભોગ કરવા છતાં પણ ' દુષ્કર દુષ્કર કારક ' કહીને તેમની મિથ્યા પ્રશંસા કરવાને લલચાયજ કેમ ? એવા સહેજે સરલ કાર્યને પણ જો દુષ્કર ઠરાવવામાં આવે તો જે વાસ્તવિક કિલષ્ટ કાર્યો છે તેને કેવાં સમજવાં ? માટે આગામી સાલે હું પણ વેશ્યાવાસે જઇ વિવિધ પ્રકારના આનંદનો ઉપભોગ કરી ' દુષ્કર દુષ્કર કારક ' બિરૂદ ધારણ કરવાને પ્રયત્ન કરીશ.

× × ×

પુન: વર્ષારૂતુનો કાળ આવી ચુકયો છે. આકાશ નિશદિન વાદળાંઓથી પરિવૃત થઈ જતાં. કોઇ કોઇવાર ઝરમર ઝરમર વર્ષા થાય છે ચોમેર હરીયાળી છવાઇ ગઇ છે. પક્ષીવૃંદ મનોહર સ્વરથી કલરવ કરી આનંદ-કલ્લોલ કરતાં દેખાય છે. મયુરો કેકારવ કરે છે. અને વનરાજીના વૃક્ષો, ડાળો અને પર્ણો વારંવાર ઉંચા નીચા થઇ આગમન કરતા એવા વર્ષાકાળનું સ્વાગત કરે છે. આચાર્ય શ્રી સંભૂતિવિજયજીના સંઘાડામાંના મુનિમંડળમાં સ્પર્ધાએ ગયા ચોમાસાની પૂર્ણાહુતિ પછીથીજ પ્રવેશ કર્યો છે. સિંહગુફાવાસી મુનિએ આચાર્ય શ્રી સંભૂતિવિજયજી ગુરૂની પાસે કોશ્યાના આવાસમાં ચાર માસ ગાળવાની રજા માગી, આચાર્યશ્રીએ લાભાલાભનો વિચાર કરી નિષેધ કરતાં કહ્યું કે—વત્સ ! કોશ્યા વેશ્યાને ત્યાં ચાતુર્માસ કરવાનું સાહસ કરવું ઉચિત નથી, પણ સ્પર્ધાએ ચઢેલ મુનિ તો હઠ કરી ગુરૂઆજ્ઞાની અવમાનના કરી વિદાય થઇ ગયા.

ગત ચાતુર્માસ પૂર્ણ થયા પછી સ્થુલીભદ્રના ગયા બાદ સુંદરી કોશ્યા દિવસાનુદિવસ શુદ્ધ શ્રાવિકા બનતી જાય છે. ચોમાસામાં જ તેણીએ તેમના ઉપદેશથી અમુક પ્રકારના વ્રત-નિયમ આચરવા માંડયા છે અને તેમની પાસેથી જૈન ધર્મનું ઘણું ખરૂં જ્ઞાન પ્રાપ્ત કરી લીધું છે. જ્યારથી મુનિવરે અંતિમ ઉપદેશ આપી તેણીનું મન વિષય વિકાર પરથી વિમુખ કરી જીવનના સાધ્યમાર્ગ પ્રતિ દોરવ્યું, ત્યારથી જ તેણીના મનમાં આત્મકલ્યાણની તીવ્ર ભાવના જાગ્રત થઈ હતી. અને તેથી દરરોજ તેણી રસવતી આદિના કાર્યથી પરવારી સદૈવ સ્થુલીભદ્ર મુનિ પાસે જઈ થોડે દૂર બેસી તેમની પાસેથી વિવિધ પ્રકારનું જ્ઞાન મેળવવાને યત્ન કરતી હતી. યદ્યપિ સ્થુલીભદ્ર તરફ તેણીનો પ્રેમપ્રવાહ વધતો જતો હતો પરન્તુ તે પૂર્વની માફક વાસનાયુકત હોવાને બદલે નિષ્પાપ વૃત્તિમાં ફેરવાઇ ગયો હતો. અને તેથી સ્થુલીભદ્રને જ તેણી જીવનસર્વસ્વ માનતી હતી અને તેથી જ આટલા અલ્પકાળમાં તેણીનામાં આટલી હદે પરાવર્તન થતાં તે ખરેખર ધર્મપરાયણ બની હતી. એટલું જ નહીં પણ તેણીના અંતરમાં ધર્મવાસનાનું પ્રાબલ્ય એટલી હદ સુધી વર્તતું હતું કે ભલભલા વિલાસી નરો પણ તેની સમક્ષ ઠંડાગાર બની જતા હતા. તેણીની દ્રઢતાનો પ્રત્યક્ષ દાખલો નિરખવાનો પ્રસંગ તરતમાંજ આવતો હોવાથી અતિ વિસ્તારથી સર્યું !

સિંહગુફાવાસી મુનિ તો હરખાતા હરખાતા સુંદરી

કોશ્યાના આવાસમાં આવી પહોંચ્યા છે; તેમજ ધર્મવતી કોશ્યાએ પણ તેમને સ્થાન અર્પણ કર્યું છે. જેઓના જીવનનો મોટો ભાગ ત્યાગ દશામાં, તપ તપી કાયાને દમવામાં અને નિરસ આહારમાં વ્યતીત થયો છે તેવા એક સાધુને અહીં તો નિત્યશ: ષટ્રસ ભોજનનો આહાર મળવા લાગ્યો, રોજ રોજ ઉપકોશાના હાવભાવપૂર્ણ મંજુલ સંગીતોના નાદ સુણવાના મળ્યા અને ભલભલા ભડવીરનાં પણ ભાન ભુલાવે તેવી ચિત્રશાળામાં વસવાનું મળ્યું. આટલી ચીજો જ ગમે તેવા મુનિનું ધર્મધ્યાન ભૂલાવવા બસ હતી. તેમાં સુંદરી કોશ્યાનું અનુપમ રૂપસૌંદર્ય નિરખવાનું મળ્યું એટલે તો અવધિજ આવી રહી. દરેક સ્થાને કંઇ સ્થુલીભદ્ર જેવા સંયમી નથી હોતા. આ મુનિ, સ્પર્ધા કરી આવ્યા તો દોડતા પણ આ સ્થાનની વિલાસતા અને સુંદરીનું રૂપસૌંદર્ય જોઇને થોડાજ સમયમાં પોતાનું સ્વરૂપ ભુલવા લાગ્યા; ક્રિયાકલાપમાં શિથિલ થયા અને ધર્મધ્યાન સદંતર ભૂલી જતાં એકદા પ્રસંગ મેળવીને એકાંત સમયે કોશ્યાને વિષયસુખ ભોગવવા પ્રાર્થના કરવાને પણ ચુકયા નહીં, આટલા સારૂ જ જ્ઞાની પુરૂષો સ્થળે સ્થળે ઉપદેશે છે કે–ત્યાગી પુરૂષોએ સ્ત્રીના સંસર્ગથી વેગળા જ રહેવું; અરે તેણીના મુખનું દર્શન પણ ન કરવું તો પછી પરિચય તો કયાંથી હોય! તેમના માટે વામા એ વિષની વેલડી જ છે. સંસારીઓએ પણ સ્વદારા સંતોષી રહેવું જ જોઇએ. પરદારા પ્રત્યેની કુદષ્ટિ જ સંસારભ્રમણ વધારે છે, તો પછી સંગ કરવાથી નર્કના દ્વાર ઉઘડે તેમાં

આશ્ચર્ય જ શું છે. સમજુ વર્ગે તો પરસ્ત્રીને પોતાની માતા વા ભગિની જેવી ગણી, પરદારા પ્રત્યેનું વર્તન વિશુદ્ધ રાખવું જોઇએ. વિચક્ષણ કોશ્યા મુનિના ભાવ કળી ગઇ. તેણીના મનમાં ‘ દુષ્કર દુષ્કરકારક ’ બિરૂદ ધારણ કરવાની ઇચ્છાવાળા આ મુનિ કયાં સુધી પતિત થાય છે તેની ખાતરી કરવાની જીજ્ઞાસા થઇ અને સદંતર ભ્રષ્ટ થતા મુનિને અટકાવવા તત્પર બની.

મુનિની વાસનાયુકત પ્રાર્થના શ્રવણગોચર થતાં કોશ્યાએ પણ મનના વિચાર જરાપણ કળી ન શકાય એ રીતે અંગોપાંગના હાવભાવપૂર્વક મુનિ તરફ દ્રષ્ટિ કરી મિષ્ટ સ્વરે કહ્યું કે—“ મહારાજ ! વિષય વિલાસ માટે તો અમારો જન્મ થયો છે અને આ મંદિરમાંનો અધિષ્ઠાયક દેવ પણ અનંગ છે; છતાં દ્રવ્ય વિના કંઇ બની શકે નહીં. તમો તો અલખ નંદન ગિરધારી જેવા છો. તો એ તમારી અભિલાષા કેમ પૂર્ણ થાય ? ધન વિના વિવિધ પ્રકારની ક્રીડાઓ શી રીતે સંભવે ? હા તમારામાં રૂપ, કળા કે કુલીનતાની ઉણપ હોય તો તે ચલાવી લેવાય પણ અર્થ તો જોઇએજ. એ તો અમારો સ્વામી, અરે ! જીવિત સર્વસ્વ: માટે **येन केन प्रकारेण** અર્થ લઇને આવો તો ઇષ્ટકામના સિદ્ધ થાય. અત્રે તો ‘ **सर्वेगुणाः काञ्चनमाश्रयन्ति** ’ ના નિયમનુંજ પરિપાલન થાય છે.

હે લાવણ્યની ક્રીડાગૃહ સમાન ! કામદેવના મનોહર આવાસતુલ્ય, યૌવનકાળની ખીલતી મનોરમ વાટિકા સદૃશ, મૃત્યુલોકની અપ્સરા, રંભા સમી સુંદરી કોશ્યા ! મારા જેવા

મુનિને તું પૈસા લાવવા કહે છે; પણ જેનું જીવન માત્ર શુષ્ક ત્યાગની બાબતમાંજ, તેનાજ ચિંતવનમાં અને નિરસ એવા ન્યાય અને વ્યાકરણના નિયમો રટવામાંજ વ્યતિત થયું છે, તેવા આ નિષ્કંચન મુનિને લક્ષ્મીદેવી કયાં વસે છે તેનો ખ્યાલ પણ કયાંથી હોય !

" મહારાજ ! ન હોય તો હું બતાવું, પણ એટલું તો યાદ રાખજો કે દામ વિના અહીં જરાપણ કામ થઇ શકશે નહીં. જુઓ: નેપાળ દેશનો રાજા દરેક ભિક્ષુ–યતિને એકએક રત્નકંબળ આપે છે. માટે ત્યાં જઇ તમો એકાદ રત્નકંબળ લઇ આવો તો આશા પૂર્ણ થાય. વિલંબ કે વિમર્શન કર્યા સિવાય મારી સલાહ માની તમારી અભિલાષા જલ્દી તૃપ્ત કરો.

સિંહ ગુફાવાસી મહારાજ તો **कामातुराणां न भयं न लज्जा** એ ઉકિત પ્રમાણે કોશ્યાના વચન અનુસાર ચાલી નિકળ્યા. તેમને એટલું પણ યાદ ન રહ્યું કે આતો વર્ષાકાળ, જીવાકુળ ભૂમિ. તેમાં મારા જેવાથી વિહાર કેમ કરી શકાય ? પણ જયાં અંગમાં મદનદેવે ઘેરો ઘાલ્યો ત્યાં એ બિચારા ક્ષુદ્ર મુનિ ભાન ભૂલે તેમાં કાંઇજ આશ્ચર્ય નથી. કર્મે ભલભલાને ગોથાં ખવડાવ્યા છે. તેમાં આતો મોહનીય કર્મ. કર્મોમાં રાજાધિરાજ ! અને પ્રતિપક્ષી તો માત્ર એક રાંક સાધુ. જ્ઞાની પુરૂષોએ ઘણી બાબતો અનેકાંત કહી છે, પણ બ્રહ્મચર્ય જેવી બાબતો એકાંત કહી તેનું રહસ્ય પણ આજ હોવું જોઇએ. અસ્તુ. મહારાજના મનમાં તો એકજ વાત રમતી હતી કે ક્યારે રત્નકંબળ લાવું અને કોશ્યાને રાજી કરી અભિલાષા તૃપ્ત કરૂં !

એ વિચારમાંને વિચારમાં તેમણે રસ્તાના કષ્ટો, ચાલવાનો થાક, અને પડતી અગવડો આદિની જરાપણ દરકાર ન કરતાં થોડા સમયમાં ત્યાં પહોંચી ગયા; અને નેપાળરાજની સભામાં પ્રવેશ કરી **कल्याणमस्तु** રૂપ આશીર્વાદ દઇ ઉભા રહ્યા. ભૂપતિએ તો બાહ્ય દેખાવથી એક સાધુ જાણી તરતજ અનુચરને રત્નકંબળ આપવાની આજ્ઞા કરી. વેશમાં રહેલા મહત્ત્વની અત્રે પ્રતીતિ થાય છે. વિશ્વનો મોટો ભાગ અંતર જોવાને શકિતમંત નથી હોઇ શકતો. માટેજ સિદ્ધાંતકારોએ વ્યવહારને અતિ મહત્વ આપી 'વ્યવહાર પૂર્વક નિશ્ચયનું પાલન' કહેલું છે. વિરલ કોટિના જ્ઞાનીઓજ અંતર પારખવામાં દક્ષ હોય છે, તેથીજ તેઓને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવાનુસારે અમુક પ્રકારની આજ્ઞાઓ કરવાની છૂટ છે. અસ્તુ, મહારાજ તો ખુશી ખુશી થતા રત્નકંબળને ખભા ઉપર નાંખી પાછા ફર્યા અને દ્રુતગતિથી માર્ગ કાપવા લાગ્યા, પણ નશિબ ચાર ડગલાં આગળનું આગળ. માર્ગમાંજ ચોરો મળ્યા અને સ્કંધ ઉપર શોભતું રત્નકંબળ ખુંચવી ગયા. મુનિ હતા એવા નિષ્કંચન બની ગયા. એમનો આશારૂપ દીપક હોલવાઈ ગયો અને કામવાસના કડડડભૂસ કરતી ભૂમિશાયી થઇ ગઈ. વળી વિચાર આવ્યો કે ફરીથી સાહસ કરી પાછો જઈ આ સર્વ વૃત્તાંત નિવેદન કરી પુનઃ એકવાર યાચના કરૂં. જરૂર રાજેશ્વર કૃપા કરશે. એમ ધારી તુરતજ દિશા ફેર કરી અને એકવાર પુનઃ નેપાળના રાજદરબારમાં ખડા થઇ ગયા. દાતારે પણ પુનઃ ઉદારતા દાખવી. મુનિએ પણ આપેલા રત્નકંબળને છુપાવવા એક વાંસની પોલી

ખોલી કરાવી તેમાં તેને દાખલ કરી અને પુન: પાટલીપુત્રના પંથે વળ્યા. મનમાં આનંદની ઉર્મિઓ ઉછળવા લાગી અને અભિલાષ પૂર્ણ થવાના સ્વપ્નાં નિહાળવા લાગ્યા. જો કે તેમને કોઇ કોઇ વાર લાગતું કે સમય ઘણો વ્યતિત થઇ ગયો છે, છતાં મનવાળતાં કે કંઇ નહીં. ચિરકાળની અભિલાષા તૃપ્ત થવાનો દિવસ નજીક આવતો જાય છે. આ વેળા તો તેમણે નિર્વિઘ્ને રત્નકંબળ સહિત કોશ્યાના દ્વારમાં પ્રવેશ કર્યો અને હરખાતાં હરખાતાં દોડી જઇ તે રત્નકંબળ તેણીના અંકમાં મૂકી દીધી. કોશ્યા પણ સત્વર ઉભી થઇ ગઈ અને તે રત્નકંબળને હાથમાં લઇ, પોતાના પગે ઘસી, મુનિના દેખતાં જ ખાળમાં ફેંકી દીધી.

આ જોઇ મુનિશ્રી એકદમ કોપાન્વિત ચહેરે તાડુકી ઉઠયા—" ઓ ભોળી ભામા, અરે ઓ મુગ્ધા ! તું આ શી મુર્ખાઇ કરી રહી છે ? ત્હને એટલું પણ ભાન નથી કે બબ્બે-વારના મહા પ્રયાસ પછી આ રત્નકંબળ પ્રાપ્ત થઇ છે. એટલું જ નહીં પણ જીવના રક્ષણ જેટલી દરકાર કરીને હું અહીં સુધી લાવ્યો છું. આવી કિંમતી રત્નકંબળને માત્ર પગ લુંછવાના હલકા કાર્યમાં વાપરી ખાળ–ગટર જેવા અપવિત્ર સ્થાનમાં નાંખી દેવારૂપ અવિચારી કાર્ય ત્હારા વિના અન્ય કોણ કરે ? "

ઓ સમજશકિત ધરાવવાનો ઇજારો રાખનાર મુનિવર ! અરે ઓ સંસારના કટુક વિપાકોથી ત્રસ્ત થઇ, સદાને માટે

તેનો ત્યાગ કરી અહર્નિશ જ્ઞાન ધ્યાનમાં તલ્લીન રહેનાર મુનિરાજ ! જો તમો આ નાચીજ કામળીના બગડવા માટે આટલા બધા દુઃખિત થાવ છો; તો જરા વિચાર તો કરો કે, મહા પુણ્યયોગે પ્રાપ્ત કરેલ આ માનવ ભવ અને તેમાં અતિ દુર્લભ એવું શ્રમણપણું તેને, માત્ર જેના બારે દ્વારો સદૈવ મલીન રીતે પ્રવાહિત થઈ રહ્યા છે એવી નારી સહના તુચ્છ વિષય સુખ માટે એળે ગુમાવવા; પ્રભુ આજ્ઞાનો ભંગ કરી નર્કના અધિકારી થવા અને એ રીતે આવી સર્વોત્તમ કોટિમાંથી પતિત થઇ ક્ષણમાત્રમાં પતિતદશાની અધમ ખાઇમાં ગબડી પડવા તત્પર બન્યા છો એ કેવું ડહાપણ ? કયાં ઉત્કૃષ્ટ એવો ચારિત્ર ધર્મ અને કયાં આ અસાર ઝાંઝવાના જળ સમાન વિષયસુખો ! કયાં શીવમંદિરની પંકિત તુલ્ય સાધુપણું ને ક્યાં રત્નકંબળ માટેની તૃષ્ણા ? જેટલું અંતર સૂર્ય અને ખદ્યોત વચ્ચે, અશ્વ અને ગર્દભ વચ્ચે, મેરૂ અને સરસવ વચ્ચે, અથવા તો ક્ષીરભોજન અને કુશકા વચ્ચે છે, તેટલું જ બલકે તેથી પણ અધિક અંતર તમારી અધમ પ્રવૃત્તિ અને ચારિત્ર વચ્ચે છે. આપજ વિચારી જુઓને કે મૂર્ખ કિંવા મૂર્ખશિરોમણી કોણ ? માત્ર અમુક સમય પર્યંત શોભાને ધરતી છતાં જડ એવી આ રત્નકંબળને ખાળમાં નાંખનાર હું કે અતિશય પુણ્ય સંચયે મેળવેલ એવા આ શ્રમણત્વને રોળી નાંખનાર તમે ? એ તો ઉપકાર માનો મુનિપુંગવ શ્રી સ્થુલીભદ્રનો કે જેના ચરણમાં વારંવાર પડવા છતાં જેઓ પોતાના વ્રતથી લેશ માંત્ર પણ ડગ્યા નહિં, એટલું જ નહિ પણ મારા સરખી

કામ દશાથી વિહ્વળ બની ગયેલ સારાસારનું ભાન ભુલેલ યુવતિને તેમણે સતધર્મરૂપ તત્ત્વજ્ઞાનનો અમૃતરસ પાઇ ઠેકાણે આણી–જીવન એળે વહી જતું અટકાવી ઠેકાણે આણ્યું કે જેથી આજે તેણીના દ્વારા તમારા જેવા માર્ગભ્રષ્ટ થતા સાધુનો બચાવ થઇ રહ્યો છે.

વળી થોડી વાર શાંત રહી તેણી પુનઃ બોલવા લાગી. મુનિરાજ ! રત્નકંબળ મંગાવવા રૂપ અને પગલુંછી ખાળમાં ફેંકી દેવા રૂપ મારૂં ચેષ્ટિત માત્ર તમોને તમારી સ્થિતિનું ભાન કરાવી, કાળક્ષેપ કરાવી, કામવાસના ભુલાવી દઇ તમોને મુળ રસ્તાપર આણવા અર્થેજ થયું છે. તેમાં જે કંઇ દોષ લાગ્યો હોય તેની ક્ષમા આપશો અને હવે ચાતુર્માસ વ્યતિત થઇ ગયેલ હોવાથી સત્વર ગુરૂ સમીપ જઇ દોષની આલોચના લઇ ધર્મપથ પર સ્થિર થઇ જશો. જીવનનું સાધ્ય તો ઉત્કૃષ્ટ ચારિત્ર અને એ દ્વારા આત્મસ્વરૂપની પિછાનજ છે. એક વખતે એવાજ વિષયસુખમાં નિમગ્ન થયેલી હું પ્રભુ સ્થૂલીભદ્રના પ્રતિબોધથી હવે શ્રાવિકા ધર્મને પામી છું તે આ ભવમાં તો તેમાંથી પાછી પડનાર નથીજ. જો સિંહણનું દૂધ અને સર્પનો મણિ લેવો સ્હેલ હોય તોજ આ કોશ્યાને ચળાવવી સ્હેલ હોય !

સિંહ ગુફાવાસી મુનિ તો સુંદરી કોશ્યાનું આવું છટા-પૂર્ણ અને મર્મભેદક વિવેચન સાંભળી આશ્ચર્યચકિત બની ગયા. ધીમે ધીમે તેમની ચક્ષુ સમીપ પોતાનું સાધુજીવન, સિંહ ગુફામાં ચોમાસું, સ્થૂલીભદ્રની પ્રશંસા સાંભળી પોતાને

થયેલી ઇર્ષા અને તેમની સ્પર્ધા માટે પોતાનું અત્રે થયેલ આગમન, સાધુપણાની મર્યાદા ઉલ્લંઘી ચોમાસામાં નેપાળ જવું અને કંબળી ગ્રહણ કરવી ઇત્યાદિ બનાવો નૃત્ય કરવા લાગ્યા. પોતે કેટલી હદે પતિત થયા છે તેનું ભાન થયું. આખરે કોશ્યાના મર્મભેદક વચનોથી મોહનો નિશો ઉતરી જતાં કામવિહ્વળ દશામાંથી મુક્ત થઇ ગયા અને જતાં જતાં પણ નિચેનાં વાકયો તેમના મુખમાંથી નિકળ્યા વિના રહ્યાં નહીં.

" ઓ પરમ શ્રાવિકા ! આ સ્થાને ત્હારા સિવાય કોઇ અન્ય લલના હોત તો આજે હું જરૂર પતિત થઇ નર્કગતિનો પ્રવાસી બની ચૂકયો હોત, પણ ત્હેં મને તેમ થતાં બચાવી લીધો છે. ત્હારો જેટલો પણ ઉપકાર માનું તેટલો ઓછો છે. તું મારી ધર્મદાત્રી છે. ધન્ય છે સ્થુલિભદ્રને ! તેમની પ્રશંસા ગુરૂશ્રીએ યથાર્થ કરી હતી. કયાં કુંદન સમા તે અને કયાં એક તણુખલા સમો હું ! ભલે બાહ્યાચાર વેશમાં સમાનતા હોય; છતાં બન્નેના આત્મામાં જમીન આસ્માન જેટલો ફેર છે. કંઇ નહિ, હજી પણ રસ્તે છું. ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણીશ. માતુશ્રી ! થયેલ દોષો માટે ક્ષમા ચાહું છું.

મુનિના પશ્ચાત્તાપપૂર્ણ વચનોનો કોશ્યા કંઇ પણ જવાબ દેવા તત્પર થાય તે અગાઉ તો મુનિશ્રી સર્વ ઉપકરણને ગ્રહણ કરી સ્વસ્થાન–ઉપાશ્રય તરફ રવાના થઇ ગયા.

અને થોડીજ વારમાં તેઓ ગુરૂ સન્મુખ આવી ઉભા રહ્યા. ગુરૂઆજ્ઞાનો તિરસ્કાર કરવાથી ઉદ્‌ભવેલ પશ્ચાત્તાપપૂર્ણ હૃદયે ગુરૂ મહારાજને તથા મુનિપુંગવ શ્રી સ્થુલિભદ્રને વંદના કરી પોતાના થયેલ અપરાધની ક્ષમા માગી સ્થૂલીભદ્રની આ પ્રમાણે પ્રશંસા કરવા લાગ્યા.

જેઓશ્રી માટે કોશ્યા જેવી રૂપવતી વેશ્યા સદા અનુકુળ વર્તનારી હતી. ખટરસયુક્ત ભોજનનો આહાર નિત્યશ: મળતો હતો, સુંદર મહેલ અને ચિત્રશાળા જેવું સ્થાન, મનોહર શરીર, યુવાવસ્થા અને વર્ષાઋતુ જેવો કામોદ્દીપક સમય અર્થાત્ આ બધી સામગ્રીનો યોગ છતાં પણ જેમણે આદરથી કામને જીત્યો છે, એવા અને યુવતિ જનને પ્રતિબોધ દેવામાં કુશળ સ્થુલિભદ્ર મુનિને મારા વારંવાર નમસ્કાર હો.

હે કામદેવ! રૂપવતી સુંદર યુવતી ત્હારૂં મુખ્ય અસ્ત્ર છે, વસંત ઋતુ, કોકિલા પક્ષી, પંચમ સ્વર અને ચંદ્ર વિગેરે ત્હારા સુભટો છે અને બ્રહ્મા–વિષ્ણુ મહેશ્વરાદિ તારા સેવકો છે; છતાં અફસોસની વાત છે કે હે ભગ્નાશ! તું એક મુનિથી કેવી રીતે હણાયો? બહુ દીર્ઘદ્રષ્ટિથી વિચાર કરતાં એક પ્રાચિન કવિના કહેવા મુજબ નેમિનાથ કરતાં પણ અમે તો સ્થુલિભદ્રને જ એક મહાન યોદ્ધો ગણીએ છીએ. કેમકે નેમીનાથે તો ગિરનાર દુર્ગનો આશ્રય કરી મોહને જીત્યો છે, પણ ઇંદ્રિયને વશ રાખનાર આ સ્થુલિભદ્રે તો મોહના ઘરમાંજ પ્રવેશ કરીને તેને જીતી લીધો છે. આ પૃથ્વી ઉપર મદોન્મત્ત ગજે-

ન્દ્રના કુંભસ્થળને દળી નાંખવામાં શક્તિવાન અને શૂરવીર એવા મનુષ્યો પણ હોય, તેમજ પ્રચંડ કેસરીસિંહનો વધ કરવામાં કુશળ એવા મનુષ્યો પણ હોય છે; પરંતુ એ બળવાનોની આગળ હું આગ્રહ પૂર્વક કહું છું કે કામદેવના દર્પનું દલન કરવામાં શૂરવીર પુરૂષ માત્ર સ્થુલિભદ્ર મુનિ જેવા વીરલજ હોય છે. અને તેથીજ તેઓ સ્તુતિને પાત્ર છે. પર્વતમાં, ગુફામાં, એકાંતમાં અને વનની અંદર નિવાસ કરી ઇંદ્રિયોને વશ રાખનારા હજારો હોય છે, પણ અતિરમ્ય હવેલીમાં અને સ્ત્રી જનની સમીપમાં રહીને ઇંદ્રિયોને વશ રાખનાર તો માત્ર શકડાળ મંત્રીના પુત્ર એકજ છે કે જે અગ્નિમાં પ્રવેશ કર્યા છતાં બળ્યા નથી, ખડ્ગધારા ઉપર ગતિ કર્યા છતાં છેદાયા નથી, સર્પના દર ઉપર વાસ કરવા છતાં ડંસાયા નથી અને અંજનની કોટડીમાં રહ્યા છતાં જેને ડાઘ લાગ્યો નથી. ધન્ય છે તેમને.

સૂરીશ્વરજીએ સંબોધેલ દુષ્કર દુષ્કરકારક વચન યથાર્થ જ છે. જેને જોતાંજ મારા જેવા ભાન ભુલી ગયા અને જેણીનો જન્મથીજ વ્યવસાય વેશ્યાનો હોવા છતાં તેની સાથે પ્રીતિ કરી તેણીને કુલીન કાન્તાની કક્ષામાં મૂકી, એટલુંજ નહિ પણ તેણીનો સ્નેહ છોડી દઇ-તેણીના મોહ તિમિરનો નાશ કરી ચુસ્ત શ્રાવિકા બનાવી એવા મુનિપુંગવ સ્થુલિભદ્રજીને કોટિશઃ વંદન હો.

# પ્રકરણ ૩૩ મું.

## જૈન ધર્મના સાહિત્યપર સંકટ.

આપણે સંભૂતિવિજય સૂરીશ્વરજીને છેલ્લા પાટલીપુત્રમાં જોયાને આજે ઘણો કાળ વ્યતિત થઇ ગયો છે. તે દરમીઆન મગધ દેશમાં અને તેની નિકટના સર્વ દેશોમાં ભયંકર દુષ્કાળ પડી ગયેલો હોવાથી; તેમજ સૂરિજીનું સ્વર્ગગમન થવાથી સાધુસમુદાયમાં ભૂતકાળની સ્મૃતિનો લોપ થતો જતો હતો. અને ચૌદ પૂર્વો પૈકી કેટલાક પૂર્વનું જ્ઞાન પણ વિસ્મરણ થવા લાગ્યું હતું. સંઘના વિચક્ષણ નેતાઓથી આ બાબત ચીરકાળ અજ્ઞાતન રહી. એક દિવસે સમગ્ર સંઘ એકત્ર મળી આ ભુલાઇ જતા પવિત્ર જ્ઞાનને કેવી રીતે જાળવા રાખવું તેમજ ઝાઝા મુનિઓ એ જ્ઞાન કેવી રીતે કંઠાગ્ર રાખી શકે ? તે માટે શા શા પ્રબંધ કરવા ? એની વિચારણા કરવા લાગ્યો ઘણો વિચાર કરવા પછી શ્રી ભદ્રબાહુ સ્વામીને ત્યાં બોલાવી તેમની સલાહ મુજબ વર્તવાના નિશ્ચય ઉપર આવ્યા. એટલે તુરતજ હલકારાને નેપાળ તરફના પ્રદેશમાં જ્યાં ભદ્રબાહુ સ્વામી હતા તે તરફ રવાના કરવામાં આવ્યો. તે પણ દરમજલ કરતો તેમની સમીપ આવી ખડો થઇ ગયો અને વિનય પૂર્વક પાટલીપુત્રના સંઘની વિજ્ઞપ્તિ નિવેદન કરી હસ્તદ્વય જોડી ઉભો રહ્યો. ગુરૂવર્યે વિશાળ એવા ધ્યાનના કાર્યમાંથી નિવૃત્તિ લઇ માત્ર એટલોજ જવાબ વાળ્યો કે “ શ્રી સંઘને ધર્મલાભ

પૂર્વક કહેજો કે—હાલમાં હું આવી શકું તેમ નથી. ” હલકારો પ્રત્યુત્તર લઇ દ્રુતગતિએ પાછો ફર્યો. આ તરફ શ્રી સંઘ ચાતકનયને માર્ગપ્રતીક્ષા કરી રહેલ હતો. એવામાં દૂતે આવીને ઉક્ત સંદેશ સંભળાવ્યો. જે સાંભળીને સૌ કોઇ ઠંડાગાર બની ગયા. પુનઃ સંઘ એકત્ર થવાની ટેલ ફરી અને અલ્પ કાળમાં ઉપાશ્રયનો વિસ્તૃત હોલ ખીચોખીચ ભરાઇ ગયો. ગુરૂશ્રીના ઉત્તર ઉપર ઘણી જ નિપુણતા પૂર્વક વાટાઘાટ ચાલી. આવા અણીના સમયે સ્વામીજી પધારે નહિં અને આગમજ્ઞાનનું રક્ષણ કરે નહીં તો પછી તેમની વિદ્વત્તાનો-પદ્વીનો ઉપયોગ પણ શો ? એકેક પળ પણ લાખેણી જતી હતી ત્યાં થોડા સમયની રાહ પણ કેમ જોવાય ! આખરે એકમતે એવો નિશ્ચય થયો કે એક વાર પુનઃ દૂત મોકલવો. અને સ્પષ્ટ શબ્દોમાં અહીંની સ્થિતિનો ખ્યાલ આપવો; તેઓશ્રી માને તો ઠીક નહિં તો તેમનાજ મુખ દ્વારા સંઘની આજ્ઞા ઉલંઘન કરનાર માટેનું પ્રાયશ્ચિત જાણી લઈ તેને પાત્ર તેમને બનાવવા આ પ્રમાણે નિશ્ચય કરી એક બુદ્ધિમાન દૂતને પુનઃ મોકલવામાં આવ્યો. જે અલ્પ દિવસોમાં સૂરિજી સમક્ષ ઉપસ્થિત થઇ ગયો. અને વંદના કરી પુનઃ પાટલીપુત્ર પધારવા વિનંતી કરી, વસ્તુસ્થિતિ ચોકખા શબ્દોમાં જણાવી છતાં સ્વામીજીને તો પોતે આરંભેલ મહાધ્યાનમાંજ રોકાવું ઇષ્ટ લાગવાથી જવાની ઇચ્છા ન જ થઇ. સંદેહવાહકે છેલ્લે પૂછયું કે—ભગવાન્ જે કોઇ શ્રી સંઘની આજ્ઞા ન માને તેને શો દંડ દેવો ? સ્વામીએ કહ્યું કે—શ્રી સંઘની આજ્ઞાનું ઉલ્લંઘન

કરનારને 'સંઘ બહાર ' કરવો ઘટે. તરતજ સંદેશાધારકે સંઘના નામથી તે આજ્ઞા તેમને લાગુ પાડી. આ સાંભળતાંજ ભગવાન ભદ્રબાહુ સ્વામીના એકપક્ષી વિચાર બદલાયા અને નમ્ર અવાજે બોલ્યા કે—મહાનુભાવ મારી વતી શ્રી સંઘને જણાવજો કે—મારા પ્રત્યે તે તેમ ન કરે. હું અત્રે પણ શાસનનુંજ કાર્ય કરી રહેલો છું. જે મારા ત્યાં આવવાથી વણસી જવા સંભવ છે. હવે મને થોડો સમયજ તેમાં બાકી છે; છતાં સંઘની આજ્ઞા શિરોધાર્ય કરી અત્રે આવનાર દરેક મુનિને મારો સમય બચાવીને પણ હું વાચના આપી જ્ઞાન શિખવીશ. માટે અભ્યાસ કરી સકે તેવા સાધુગણને અત્રે મોકલી આપે. આ રીતે તેમનું કાર્ય અને આ કાર્ય ઉભય સચવાશે.

શ્રી સંઘને ગુરૂશ્રીનો આ વેળાનો જવાબ યથાર્થ લાગ્યો. તરતજ તણે પાટલીપુત્રમાં વસતા તેમજ સમીપવર્તી પ્રદેશમાં વસતા વિદ્યાના અર્થી સાધુઓને એકત્ર કરીને થોડાજ સમયમાં પાંચસો સાધુના સમુદાયને સ્વામીજી તરફ મોકલી આપ્યો. તેમના આગમનના બીજેજ દિવસથી સ્વામીજીએ સ્વવચન અનુસાર તે સર્વને પોતાના મહા પ્રણિધાનમાંથી સમય બચાવી દિવસમાં સાત વાચના આપવી શરૂ કરી હતી. પ્રારંભમાં તો શિષ્ય પણ ઉત્સાહપૂરિત હોવાથી અભ્યાસમાં ઠીક ઠીક આગળ વધવા લાગ્યો; પણ સમયના જતાં તેમાં મંદતા જન્મી મુખ્યતયા તો જ્ઞાનના ક્ષયોપશમના અભાવને લઇને કહો કે તે દેશના હવા–પાણીથી કહો કે પછી પુરતા સમયના અભાવે કહો પણ માત્ર સ્થુલીભદ્ર સિવાયના બધાયે

સાધુઓ જ્ઞાનાર્જનથી કંટાળી પાછા પડયા. પૂર્વનું જ્ઞાન કંઈ સહેલ તો નજી હોઇ શકે? એમાં બુદ્ધિમાન વિના અન્યનોગજ ન વાગી શકે. સ્વામીજી તો પોતાની સંપૂર્ણ કાળજીથી વાચના આપ્યે જતા હતા અને પ્રજ્ઞાશાળી સ્થુલીભદ્રજી પણ દિવસાનુ દિવસ તેનું પાલન કરી યથાર્થ રીતે સ્વહ્રદયમાં સ્થાપન કર્યે જતા હતા. દરમિયાન સ્વામીજીનું કાર્ય પણ પૂર્ણ થયું એટલે તેઓશ્રી વિહાર કરીને પાટલીપુત્ર પધાર્યા.

એક વેળા એવું બન્યું કે શ્રી સ્થુલીભદ્રજીની બ્હેનો કે જેઓ સાધ્વીપણામાં વિચરી રહી હતી, તેઓ સ્વભ્રાતા સ્થુલીભદ્ર મુનિને વંદન કરવા અર્થે સ્વામીજીના સ્થાન આગળ આવી, તેઓશ્રીને વંદન કર્યા બાદ પૂછયું કે—પ્રભો! સ્થુલીભદ્ર મુનિ ક્યાં છે? સ્વામીજીએ તો ઉદ્યાનના પાછલા ભાગમાં નિત્ય સ્થુલીભદ્ર બેસતા હતા તે સ્થાન તેમને દેખાડયું; એટલે યક્ષાદિ સાધ્વીઓ તે તરફ ગઇ. આ તરફ મુનિ સ્થુલીભદ્રે દૂરથી તેમને આવતી જોઇ અધ્યયન કરેલ વિદ્યાનો કંઇ ચમત્કાર દેખાડવા સિંહનું રૂપ કર્યું સાધ્વીગણ તો નજીક આવતાં સિંહ જોઈ એકાએક ભયગ્રસ્ત થયો અને એકદમ પાછો ફરી સૂરિજી પાસે જઇ નિવેદન કર્યું–ભગવન! ત્યાં તો એક સિંહ બેઠેલો છે. ખરેખર તે સ્થુલીભદ્રજીને ખાઈ ગયો લાગે છે. સ્વામીજીએ જ્ઞાનનો ઉપયોગ મૂકતાં સ્થુલીભદ્રજીનું કાર્ય જાણ્યું; એટલે પુનઃ શાંત ચિત્તે કહ્યું કે હવે જાવ. તમારા ભાઇ સ્થુલીભદ્ર જ બેઠેલા જોશો. તરતજ સાધ્વીજીઓ પાછી

આવીને જુએ છે તો સ્થુલીભદ્રજીને અધ્યયન કરતાં જોયા. વંદના કરી સુખશાતા પૂછી તેઓ સર્વે ટુંક સમયમાં સ્વસ્થાને ગઇ, આ તરફ મુનિ સ્થુલીભદ્ર સમય થતાં વાચના લેવા સ્વામીજી પાસે આવ્યા એટલે તેઓશ્રીએ ગંભીર સ્વરે જણાવ્યું કે—હવેથી વાચના નહીં મળે, કેમકે તે માટે હવે તમે અયોગ્ય ઠર્યા છો. જેથી સાધ્વીઓ સન્મુખ વિદ્યાનો દુરૂપયોગ કરવાને તમે લલચાયા. શિષ્યે બહુયે વિનવણી કરી પણ તે સર્વ નિષ્ફળ નિવડી, આથી તેમને ઘણોયે પશ્ચાત્તાપ થયો પણ હવે તે શા કામનો ! પોતાનો ગંભીર અપરાધ એટલે એમાં સ્વામીનો પણ શો વાંક! આ વાતની સકળ સંઘને જાણ થતાં તે પણ દિલગીર થયો. એક વેળા કેટલાક ડાહ્યા જનોએ આવા સ્વામીજીને મુનિ સ્થુલીભદ્રનો અપરાધ ક્ષંતવ્ય કરવા સમજાવ્યા અને પુન: પૂર્વની વાચના ચાલુ કરવા વિનંતિ કરી આગ્રહપૂર્વક કહ્યું કે—પાંચસો સાધુઓ પૈકી માત્ર સ્થુલીભદ્રજ યોગ્ય નિવડયા અને તે પણ અધુરા રહે તો આપના પછી શાસનને કોણ દિપાવશે સ્વામીજીએ કહ્યું કે-મહાનુભાવો! શાસન દીપો યા નહીં તે વાત બાજુ પર રહો બાકી અપાત્રમાં વિદ્યાનું દાન ન જ કરવું એવું જ્ઞાનીઓનું કથન છે. ઉલટું કરવા જતાં શાસ્ત્ર શસ્ત્રરૂપે પરિણમવાનો સંભવ છે. ભવિતવ્યતા એવીજ હશે. તેમ છતાં તમારા આગ્રહથી બાકી રહેલ ચાર પૂર્વ માત્ર સૂત્રરૂપે શીખવીશ, અર્થથી નહીંજ. અને તે પણ એવી સરતે કે હવે પછીથી મુનિ સ્થુલીભદ્રે પણ તે ચાર પુર્વો સૂત્રરૂપે પણ અન્યને ન શીખવવા.

ત્યારપછી આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામીએ સ્થુલીભદ્રને બાકી રહેલા ચાર પૂર્વો માત્ર સૂત્રરૂપે શીખવ્યા. અને પોતાની પાટ ઉપર તેને સ્થાપન કર્યા. મુનિ સ્થુલીભદ્રજીએ પણ ગુરૂ આજ્ઞાનું યથાર્થ પાલન કરી જૈન ધર્મનો વિજયવાવટો ભરતખંડ ઉપર ફરકાવ્યો. તેમને આર્ય મહાગિરિ અને આર્યસુહસ્તિ આદિ ધુરંધર શિષ્યો થયા હતા. માનભદ્ર અને રથકારે પણ તેમના પાસે દીક્ષા લઇ આત્મકલ્યાણ સાધ્યું હતું.


# ખાસ શાળાઓ માટે—

દેવસીરાઇ પ્રતિક્રમણ સૂત્ર—સંક્ષિપ્ત ભાવાર્થ સાથે, સારા કાગળ, મોટા અક્ષર. ૦—૩—૦ સો નકલના રૂા ૧૫)

પંચપ્રતિક્રમણ સૂત્ર—સંક્ષિપ્ત ભાવાર્થ સાથે, મોટા અક્ષર, શુદ્ધ, અને સારા કાગળ, પાકું બાઇંડીંગ છતાં કિં. ૦—૮—૦ સો નકલના રૂા ૪૫)

લખો—જૈન સસ્તી વાંચનમાળા.
રાધનપુરી બજાર—ભાવનગર.

# ઉપસંહાર.

મંત્રીશ્વર શ્રીયક પણ હવે પાછલી વયમાં પ્રવેશ કરી ચુકેલ છે. પુત્ર શ્રીધર પુખ્ત ઉમરનો થયો છે. માતાપિતાના સુભ સંસ્કારથી જન્મથીજ તેની બુદ્ધિમતા અલૌકિક છે. વળી અભ્યાસથી તેમાં વૃદ્ધિ થતાં સોનું અને સુગંધ મળ્યા જેવું થયું છે. મંત્રીના મનમાં વડીલ બંધુનું અથવા તો પ્રિય ભગનિઓનું અનુકરણ કરવાનો વિચાર ઉદ્દભવે છે. તેમાં આહારઅર્થે પધારેલાં સાધ્વીશ્રી યક્ષાની પુષ્ટિજનક પ્રેરણા મળતાં દંપતીવર્ગે શ્રીધર કુમારના શીરે ગૃહભાર આરોપી આ અનિત્ય સંસાર જાળમાંથી મુકત થઇ જવાનો નિર્ણય કરી લીધો છે.

પાટલીપુત્રના રાજમાર્ગે થઇ ગંગાના કિનારા તરફ એક મનુષ્ય હદ બહાર હરખાતો હરખાતો અને કંઇક ગણગણતો ચાલ્યો જાય છે. તે કોઇ મહાન્ કાર્યની સાધના અર્થે નિકળ્યો હોય તેમ તેની ચેષ્ટા ઉપરથી જણાય છે. વાચક! ચાલો, આપણે પણ તેની પાછળ ગુપ્ત રહી સાંભળીયે કે તે શું બકે છે? 'આજે તો કોશ્યાની ખબર લઇ નાંખું છું. નારીજાતિ! અને તેમાં પણ વેશ્યા પુત્રી! તેની તે આટલી બધી પ્રશંસા હોયજ શી રીતે? અને તે પણ આ ડાહી માના દીકરા ગણાતા વણિક વર્ગના મુખે? ખરેખર આતો નેવાના પાણી મોભે ચડે છે? નહિંતો મારા જેવા રથકારને આટલી જહેમત

ઉઠાવવાનું પ્રયોજન પણ શું હોય! કંઇ ફિકર નહિં મહેનત તો પડી પણ બેડો પાર થયો. રાજાજી મારી ચાતુરી જોઇ પ્રસન્ન થયા એજ મ્હારા અહોભાગ્ય ! આ આખું કાર્ય પાર પડે તો માતા ભવાનીને જરૂર સારૂં નૈવેદ્ય ચડાવીશ. ચાલ જીવડા ! કામે લાગ. રાજાની પ્રસન્નતા મેળવી એટલે હવે ઓછી જ તેનાથી ના કહેવાય તેમ છે ? રાજાનો પગાર ખાનારી તે રાજાના જ મોકલેલા મનુષ્યનું અપમાન કરવાની હામ ભીડે ખરી ? પણ આ બધા તરંગો શા માટે ? મારી કળાથીંજ તેણીને રીઝવી, તેનું મન પીગળાવી દઉં તો જ હું ખરો ? " આમ તરંગમાળામાં વિહાર કરતો તે રથકાર કોશ્યાના આવાસ સમીપ આવી પહોંચ્યો. ઈંગિતાકારથી કોશ્યા પણ સમજી ચુકી છે તે રાજેશ્વરનો પ્રીતિપાત્ર બનીને આવેલ છે એટલે ઘટતી આગતા–સ્વાગતા સાચવી તેને ગાદી પર સ્થાન આપ્યું રથકારનું મન તો ઝટપટ સ્વકળા દર્શાવી તેણીને અનુરકત બનાવી લેવાના વિચારમાં રમણ કરી રહ્યું હતું. એટલે તરત જ તેણે પોતાના ભાથામાંથી બાણ કહાડી, સામે રહેલા આમ્રવૃક્ષની એક સારી રીતે પલ્લવિત થયેલી ડાળી પર ફેંકયું જે તેમાં દ્રઢતાથી ચોંટી ગયું. ત્યારબાદ ક્રમશઃ તે બાણને છેડે બીજું અને બીજામાં ત્રીજું એમ બાણોની શ્રેણી રચી ગવાક્ષ આગળ બેઠા બેઠા તે આમ્રફળની લુંબ લીધી અને સુંદરી કોશ્યાના મુખ આગળ ધરી. કોશ્યા પણ કળાનો ઉત્તર કળાથી વાળવામાં બદ્ધ પરિકર થઇ બેઠી હતી. તરતજ દાસીદ્વારા ચિત્રશાળાના મધ્ય પ્રદેશમાં સરસ-

વનો ઢગલો કરાવ્યો. તેના ઉપર વચમાં સોય ખોસી, તેમાં પુષ્પ ભરાવ્યું અને તે ઉપર અદ્ધર રહી નાચ કરવા લાગી, તેણીએ એવું તો દક્ષતાપૂર્વક નૃત્ય કર્યું કે નીચે રહેલી એક પણ ચીજ સ્થાનભ્રષ્ટ થઇ નહીં અને નૃત્યકળામાં જરાપણ ક્ષતિ પહોંચી નહિં. રથકાર તો આ જોઇ અવાક બની ગયો. પોતાની કળા આગળ કોશ્યાની કળા ઘણે દરજ્જે ચડીઆતી લાગી અને જ્યારે કોશ્યાના મોહક મુખારવિંદમાંથી નીચેની પંક્તિઓ બહાર આવી ત્યારે તો તે આશ્ચર્યની ટોચે પહોંચી ગયો—

'નથી દુષ્કર આમ્રલુંબનું તોડવું,
નથી દુષ્કર સરસવ પર નાચવું;
દુષ્કર દુષ્કર કાર્ય એક છે એહવું,
મંત્રી પુત્ર સ્થુલીભદ્રે જે આચર્યું;

બસ, માત્ર એકજ ગાથા અને તે ઉપરથી પોતાની જીવનશ્રેણીનો ટુંક ઇતિહાસ સમજાવતાં રથકારના આશ્ચર્યનો પાર રહ્યો નહીં. તેના માયા–તૃષ્ણારૂપી પડળો દૂર થતાં–પોતે કલ્પેલી ધારણા અસત્ય ઠરતાં તે ઝંખવાણો પડી ગયો. અને શરમિંદો થઇ ક્ષમા યાચી તુર્ત પાછો ફર્યો, અને વિચાર કરવા લાગ્યો કે આ તે પૈસાની પિપાસુ ભામિની કે વીર કામિની ?

ખરેખર! આ કોશ્યાનો માતૃ વેપાર વેશ્યાનો છતાં ખરેખર તેમાંથી આ વીરાંગના અથવા તો વીર રમણી પાકી છે. સતિ ધારિણીને યાદ કરાવે તેવી છે. ખરેખર પત્નિ તો સ્થુ-

લીભદ્રની એટલે તેણીમાં આ વિના બીજા ગુણો ઘટેજ કયાંથી સ્થુલીભદ્રની પ્રજ્ઞાને પણ ધન્ય છે કે જેણે પંકમાંથી રત્ન શોધી કહાડયું! બાકી રત્નાકરમાંથી રત્નો કાઢવાં એમાં વધુ આશ્ચર્ય શું છે? હવે તે મહાત્માનો જ પીછો પકડું કે જેથી આ ભવની ભ્રમણા ટળે. અહીં એ સ્પષ્ટ કરવાની જરૂર નથી કે માનભદ્રની સાથે જે રથકારે દીક્ષા લીધી હતી. તેજ આ મહાશય છે.

શ્રીયકે પ્રવ્રજ્યા સ્વીકારી તો ખરી; છતાં તેનાથી તપ થઈ શકતો નથી. સાધુ–જીવનમાં તપતો પગલે પગલે કરવો રહ્યો. વળી સંસાર તાપથી નિર્વેદ પામી કર્મ રિપુ ઉપર જય મેળવવા માટે તો મુનિ ઉચિત સ્વાંગ ધર્યો અર્થાત્ મોહ-રાજ સામા શસ્ત્રો સજી સમરક્ષેત્ર પર કદમ કર્યાં. હવે સુખશિ-લીઆ જીવનની સ્મૃતિ શા માટે? એક વેળા સાધ્વી યક્ષાએ મુનિ શ્રીયકનો ઉપવાસ કરાવ્યો મુનિ શ્રીયકનો પણ ધર્મક-થામાં દિવસ તો પૂર્ણ થઇ ગયો પણ નિશાએ અતિ પીડા થવા લાગી. તૃષા અતિ અસહ્ય થઇ પડી અને આયુષ્યનો અંત આવી રહેલ હોવાથી કાળધર્મને પામ્યા. પ્રાતઃકાળમાં એ વાત સાધ્વી યક્ષના જાણવામાં આવતાં તેમને ચોક્કસ લાગ્યું કે 'મેં અતિ આગ્રહથી ઉપવાસ કરાવ્યો તેથીજ આમ બન્યું; એટલે મને મુનિ હત્યાનું પાપ લાગ્યું' એ વિચારથી તે આકુળ વ્યાકુળ બની ગયાં. આહારાદિ વિષયમાં કે સ્વક્રિયા કલાપમાં તેમને જરા પણ રતી ન થઇ. ગુરૂશ્રીએ બહુ બહુ શાંત્વન આપ્યું છતાં કેમે કરી આત્મ હૃદયને શાંતિ

ન મળી. આખરે શ્રીસકળ સંઘે કાયોત્સર્ગ કરી શાસનદેવીનું આરાધન કર્યું અને તેમની મારફતે સાધ્વીજી યક્ષા મહાવિદેહક્ષેત્રમાં જઈ શ્રીસીમંધર પ્રભુને સ્વમુખે મુનિ શ્રીયક વિષેની બાબત પૂછી આવ્યા. પ્રભુશ્રીએ તેમને નિર્દોષ જાહેર કર્યો ત્યારેજ તેમને શાતા વળી. ભ્રાતૃવત્સલ ને ભવભીરૂ હૃદય તે આનું નામ !

શ્રાવિકા કોશ્યા પણ ઉત્તમ પ્રકારે શ્રાવિકા ધર્મનું પાલન કરી, પતિવ્રત ધર્મ ઉમદા પ્રકારે પાળી, તપ જપનું સેવન કરી સુગતિનું ભાજન બની ? સ્થુલીભદ્ર સહના પરિચયથી તેણીને તો મહાન્ લાભ થયો. વેશ્યા જેવા અધમ કુળમાં જન્મ થવા છતાં સુખચેન સાથે આત્મહિતનો પણ સુયોગ મળ્યો. એમાં પૂર્વ પુણ્યનો ઉદયજ કહી શકાય તે વિના આવું બનેજ શી રીતે ? વળી તેના જીવનમાંથી એક એ પણ તત્ત્વ નિકળે છે કે કુળમાં પણ કર્મવશાત્ આવા પવિત્ર જીવો જઈ ચડે છે માટે કુળનો ગર્વ કદિ પણ નજ કરવો તેમ નીચ કુળમાં જન્મ માત્રથી તિરસ્કાર પણ ન કરવો.

**સમાપ્ત.**

જૈન સસ્તી ગ્રંથમાળા



ભાવનગર.